# આગમનું અમૃતપાન

: પ્રકાશક-સંપાદક :

શાહ સૌભાગ્યચંદ નગીનદાસ-છાણી

મૂલ્ય-૭ રુપિયા

॥ ॐ ह्रीं अर्हं नमः ॥

# આગમનું અમૃતપાન

: પ્રકાશક :

સૌભાગ્યચંદ નગીનદાસ શાહ

મુ. છાણી (જી. વડોદરા)

ગૃહસ્થો માટે

મૂલ્ય–રૂા. ૬=૦૦

પ્રાપ્તિસ્થાન :-
૧. સૌભાગ્યચંદ નગીનદાસ, છાણી (જી. વડોદરા)
૨. અમદાવાદ-પાલીતાણા વગેરેના પ્રસિદ્ધ જૈન બુકસેલરો.

પ્રત-૧૦૦૦
વિ. સં. ૨૦૩૨

મુદ્રક :
જસવંત પ્રિન્ટીંગ પ્રેસ
ઠે. દોશીવાડાની પોળ, અમદાવાદ-૧
પાનાં ૧ થી ૪, પાનાં ૧ થી ૧૬,
પાનાં ૧ થી ૬૪ તથા પાનાં ૧ થી ૯૦

રોયલ પ્રિન્ટીંગ પ્રેસ
ઠે. કપાસિયા બજાર, અમદાવાદ-૨
છેલ્લો વિભાગ-પાનાં ૧ થી ૧૪૪

શ્રીસંઘસ્થવિર, દીર્ઘતપસ્વી, શમમૂર્તિ,
સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્



વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ

# પ્રકાશકના બે બોલ

જણાવતાં હર્ષ થાય છે કે-મારાં માતુશ્રી સ્વ. સાધ્વીજી શ્રી દેવશ્રીજી મ.ના અતુલ ઉપકારોને યાદ કરીને અને તેઓના વિશાળ શિષ્યા-પ્રશિષ્યાદિ પરિવારની પ્રેરણા પામીને, તેઓની સ્મૃતિ અને ભક્તિ નિમિત્તે એક સ્વાધ્યાયરૂપે આત્મહિતકર બને તેવું પુસ્તક પ્રગટ કરવાની ભાવના પ્રગટી. અને તેના પરિણામે આ પુસ્તક પ્રગટ કર્યું. તેમાં ૧-સ્વ. ગુરુણી શ્રી દેવશ્રીજી મ.ની જીવનસ્મૃતિ, ૨-અનંત ઉપકારી શ્રી અરિહંતદેવની સ્તુતિરૂપે સંસારી જીવનું ભવભ્રમણ નિવેદન, ૩-ભવભ્રમણમાંથી મુક્ત કરનાર સંવેગગુણના પ્રરૂપક અને પ્રેરક શ્રી સંવેગરંગશાળા ગ્રન્થનો પરિચય અને હાર્દ, તથા ૪-આત્મધર્મના પાયારૂપ માર્ગાનુસારિતાના પાંત્રીશ ગુણો પૈકી પ્રાથમિક બે ગુણોનું ચિંતન, એમ ચાર ગ્રન્થોનો સંગ્રહ કરીને ગ્રન્થનું નામ "આગમનું અમૃતપાન" રાખ્યું છે. લેખકો તે તે પૂજ્ય ગુરુભગવંતો છે. તેઓ પ્રત્યે કૃતજ્ઞ બની થોડું શુદ્ધિપત્રક આપ્યું છે, તેનો ઉપયોગ કરવાપૂર્વક ભવ્ય જીવો મારા પ્રયાસને સ્વાધ્યાયાદિ કરવાપૂર્વક સફળ કરે, એ પ્રાર્થનાપૂર્વક જ્ઞાત-અજ્ઞાત ક્ષતિઓનો મિચ્છામિ દુક્કડં દઈ વિરમું છું.

—પ્રકાશક.

# શુદ્ધિપત્રક

## ૧-સંવેગરંગશાળાનો પરિચય અને હાર્દ

| પૃષ્ઠ-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨૦-૩ | ઘર્મ્મ૦ | ઘમ્મ૦ |
| ૨૬-૬ | ભાવમાં | ભવમાં |
| ૨૭-૨ | જિજ્ઞાના૦ | જિનાજ્ઞા૦ |
| ૪૦-૧ | સંવેગરંગશાળા | સંસારરંગશાળા |
| ૫૧-૧૪ | સંગેગ૦ | સંવેગ૦ |
| ૬૨-૭ | एसा | एसो |

## ૨-ભવભ્રમણ નિવેદન

| પૃષ્ઠ-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૬-૧૫ | મિય્યાત્વ | મિથ્યાત્વ |
| ૧૩-૨૧ | મારે | મારી |
| ૨૧-૧૦ | અવઅવોથી | અવયવોથી |
| ૬૯-૧૮ | ધર્મભાવના | ધર્મપ્રભાવના |
| ૭૪-૯ | ક્રોચં | ક્રૌંચ |
| ૭૫-૧૩ | શાસ્ત્રો | શસ્ત્રો |
| ૭૭-૨૩ | ૦વિરતમ | ૦વિરમણ |
| ૭૮-૪ | અન્યન્ય | અન્યાન્ય |
| ૭૮-૧૬ | વ્યસ્થા | વ્યવસ્થા |

## ૩-માર્ગાનુસારિતાના ૩૫ ગુણોનું ચિંતન

| પૃષ્ઠ-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૧-૧૦ | શિક્ષકોને | શેઠને |
| ૨-૧ | દેશાચારીનું | દેશાચારોનું |
| ૨-૧૯ | ધુત્પરતા | તત્પરતા |
| ૮-૧૦ | માટે તું | માટે |
| ૨૪-૧ | ઉત્તજીત | ઉત્તેજીત |

(શુદ્ધિપત્રકનું અનુસંધાન ૯૦મા પાને.)

श्री अर्हं नमः

# આગમનું અમૃતપાન

પ્રકાશક :
શા. સૌભાગ્યચંદ નગીનદાસ
મુ. છાણી

પ્રત : ૧૦૦૦ વિ. સં. ૨૦૩૨

મૂલ્ય ગૃહસ્થને માટે : ૫-૦૦

# દ્રવ્ય સહાયકોની નામાવલી

૧૦૦૧) પૂ. સાધ્વીજી મ. શ્રી કલ્યાણશ્રીજીની પ્રેરણાથી ખેનરપાળની પોળના બાઈઓના ઉપાશ્રયના જ્ઞાનદ્રવ્યમાંથી

૧૦૦૧) મુનિરાજશ્રી અભયવિજયજીની પ્રેરણાથી ચિત્રદુર્ગ (કર્ણાટક) સંઘના જ્ઞાનદ્રવ્યમાંથી

૫૦૧) ઈન્દોર શાન્તિકોલોની જૈન બેનોના જ્ઞાનદ્રવ્યમાંથી

૫૦૧) દશાપોરવાડ જૈન સંઘ જ્ઞાનદ્રવ્યમાંથી

૫૦૧) છાણી જૈન સંઘના જ્ઞાનદ્રવ્યમાંથી

૫૦૧) શા. બાબુલાલ છોટાલાલ ધીવાળા તરફથી તેમની સકુટુંબ દીક્ષા પ્રસંગે ગુરુભક્તિ નિમિત્તે

૫૦૧) સારંગપુર તળીયાની પોળ (અમદાવાદ)ના પદ્મજૈન મંડળ જ્ઞાનદ્રવ્યમાંથી

૩૦૧) વાગરા (જી. ભરૂચ) જૈન સંઘ જ્ઞાનદ્રવ્યમાંથી

૨૫૧) દહેજ ,, ,, ,,

૨૫૧) બલારી વીશા ઓશવાળ જૈન સંઘ (જામનગર)ના જ્ઞાન-દ્રવ્યમાંથી

૨૦૧) મુનિ અશોક વિ. ની પ્રેરણાથી ચિત્રદુર્ગ જૈન બહેનોના જ્ઞાન દ્રવ્યમાંથી

૨૫૧) નવરંગપુરા (અમદાવાદ) જૈન બહેનોના

૨૫૧) રૂપાસુરચંદની પોળ (અમદાવાદ) જૈન બેનોના જ્ઞાનદ્રવ્યમાંથી

॥ नमः श्री प्रवचनाय ॥

॥ ॐ श्री शंखेश्वर पार्श्वनाथाय नम: ॥

# પૂજ્ય સ્વ. ગુરુણીજી મહારાજશ્રી દેવશ્રીજી મ.ના સ્વલ્પ સંભારણાં

પૂ. સ્વ. ગુરૂણીજી દેવશ્રીજી મ. નો જન્મ સં. ૧૯૭૫ શ્રા. વ; ૧૨ ના મહામંગલકારી પર્યુષણપર્વના પ્રથમ દિવસે પૂજ્યશ્રીના મોસાળમાં આણંદ ગામની નજીકમાં આવેલા વડતાલ ગામમાં થયો હતો. પૂજ્યશ્રીનું વતન (છાયાપુરી) છાણી મુકામે કાઠીયાવાડમાં હતું. હાલમાં પણ પૂજ્યશ્રીનાં કુટુંબીઓ ત્યાં જ વસે છે પૂજ્યશ્રીનાં પિતાશ્રીનું નામ સાકળચંદભાઇ હતું અને માતાનું નામ ચંચળબેન હતું. પૂજ્યશ્રીના માતા-પિતા ધર્મપરાયણ અને પોતાના સંતાનોમાં સારા સંસ્કાર પડે એવી લાગણી રાખતા હતાં.

પૂજ્યશ્રીને જીવચંદભાઇ નામે એક ભાઈ હતા. અને રેવાબેન નામે એક બ્હેન હતાં. જે હાલમાં દીક્ષિત છે. તેમાં પૂ. ગુરુણીજી સૌથી મોટા હતા. પૂજ્યશ્રીનું નામ ડાહીબેન હતું. નાનપણથી જ નામ પ્રમાણે ડહાપણ ભરેલા હતાં. ધર્મના સંસ્કારો પણ સારા હતા. બાલ્ય-વયથી જ બાલક્રિડાને બદલે સામાયિક, પ્રતિક્રમણ, પૂજા

તથા ધાર્મિક અભ્યાસ કરવા, કરાવવામાં સારી રુચિ ધરાવતાં હતાં.

ડાહીબેનની ૧૩ વર્ષની ઉંમરે સૌના માતા-પિતાની જેમ પૂજ્યશ્રીનાં માતા-પિતાને પણ એમનાં લગ્નના લ્હાવા લેવાના મનોરથ થયા. પરંતુ ડાહીબેનનો આત્મા વૈરાગ્યનો ચાહક હતો. માટે પૂજ્યશ્રીનું મન સહજ રીતે લગ્નની દિશાથી વિમુખ હતું.

માતા-પિતા તથા કુટુંબીઓ તો સ્નેહરાગથી રંગાએલા હતા, પરંતુ ડાહીબેનને તો વૈરાગ્યની તાલાવેલી લાગી હતી. તે કાળે આર્યસંસ્કૃતિ જીવતી હતી. તેથી મર્યાદામાં રહેનાર સંતાનો માતા-પિતાનું વચન ઉત્થાપતાં નહિં.

વિનીત ડાહીબેને પણ અનિચ્છાયે માતા-પિતાની આજ્ઞાને શિરોધાર્ય કરી અને છાણીમાં જ બ્રાહ્મણ ફળીયામાં મોતીલાલ બેચરદાસના પુત્ર નગીનભાઈની સાથે તેઓશ્રીનાં લગ્ન થયાં. ભાવિભાવને કોણ મિથ્યા કરે?

પૂજ્યશ્રીએ લગ્ન તો કર્યું, પરંતુ અંતરનો વૈરાગ્ય અખંડ રહ્યો સાસરીયે જવું પડે એટલે જતાં પણ દરરોજની આવશ્યક ક્રિયા, તપ, સ્વાધ્યાયાદિ ધર્માનુષ્ઠાનો સતત ચાલુ રાખતાં. એ રીતે પતિની ઇચ્છાવશ સંસાર ભોગવતાં બે પુત્રોને જન્મ આપ્યો. જેઓનાં નામ સૌભાગ્યચંદ તથા રમણલાલ છે, બન્ને ભાઈઓ આજે વિદ્યમાન છે.

વૈરાગી આત્માને પોતાના પુત્રોનો ઉછેર કરવા મન પણ લાગતું ન હતું. તેથી તેઓની માતા ચંચળબ્હેન સંતાનોનો ઉછેર કરતાં.

દીક્ષાની ઉત્કટ ભાવના હોવાથી દીક્ષા ન લેવાય ત્યાં સુધી છ વિગઇઓનો ત્યાગ ૨૨ વર્ષની ઉંમરથી જ કર્યો હતો.

ગૃહસ્થ જીવનમાં રહીને પણ નાની ઉંમરમાં ત્રણ ઉપધાન, છ અટ્ઠાઈઓની આરાધના કરી. પ્રત્યેક પર્યુષણા-પર્વમાં પણ વધુ ઉપવાસ ન થાય તો અટ્ઠાઈતપ તો કરે જ. નવ ઉપવાસ, સોલ ઉપવાસ તથા બીજતિથી, પાંચમતિથી, આઠમ, અગીયારસ, ચૌદશ, વિગેરે દરેક તિથિઓની આરાધના ઉપવાસથી કરતાં, ઉપરાંત રોહિણી-તપ, બાવનજીનાલય તપ, કલ્યાણક તપ, ચત્તારિ અટ્ઠ તપ, નવપદની ઓળીઓ, વર્ધમાન તપની ઓળીઓ વિગેરે યથાશક્તિ તપ કર્યો કરતાં હતાં. હંમેશા બારતિથી લીલોતરીનો ત્યાગ તો ચાલુ જ હતો.

વિશેષ પ્રકારે ત્યાગમય જીવન જીવી હંમેશાં ભાવના ભાવતાં કે ક્યારે તક મલે ને આ બંધનોનો ત્યાગ કરૂં ? બાહ્યબંધનોથી ક્યારે વીતરાગના માર્ગે પ્રયાણ કરૂં ?

શૂરવીરો તથા સુભટો યુદ્ધની તક મલતાં ઘરમાં બેસી ન રહે, તેમ મોટા પુત્રનાં લગ્ન થયાં અને પુત્રવધુ મંગુબેન ઘરમાં આવ્યાં. એ જ રાતે અમદાવાદ જવા માટે ઘેરથી નીકળ્યાં, તેઓનાં ગુરુણીજી શ્રી સંઘસ્થવિર

પરમ તપસ્વી, પ્રાતઃ સ્મરણીય, તપોગચ્છાલંકાર, પરમ પૂજ્ય સ્વ. આચાર્ય ભગવંત ૧૦૦૮ શ્રીમદ્ વિજયસિદ્ધિ-સૂરીશ્વરજી (દાદા) મહારાજનાં આજ્ઞાવર્તી વિદુષી, સા. શ્રી ચંદનશ્રીજી મ. ના શિષ્યા પૂજ્ય શ્રી અશોકશ્રીજી મ. નાં શિષ્યા પૂજ્ય શ્રી હીરશ્રીજી મહારાજ તે સમયે અમદાવાદમાં હતાં. સાધ્વી વેષ ઘરમાં જ તૈયાર કરી રાખેલો હતો તે સાથે લીધો અને અજાણી પુત્રવધુ શી રીતે ઘર ચલાવશે? શું કરશે? ઈત્યાદિ કાંઇ પણ ચિંતા કરવા ન રહ્યાં. બાર વર્ષની ઉંમરના નાના પુત્રની પણ ચિંતા છોડી દીધી. સ્નેહનાં બંધન અતિ આકરાં હોય છે. તેને સત્ત્વશાળી આત્માઓ જ તોડી શકે છે. અને એ તોડવા માટે વિષમ માર્ગ પણ લેવો પડે છે. તેઓશ્રીએ જાણ્યું કે સમજાવટથી છૂટાય તેમ નથી. એટલે ગુપ્ત રીતે ઘેરથી નીકળી અમદાવાદ (રાજનગર) જઈ સીધા હઠીભાઈ શેઠની વાડીએ ગયા.

ત્યાં પ્રભુ દર્શન કરી સં. ૧૯૮૪ વૈ. સુદ ૧૧ના મંગલ પ્રભાતે ફતાસાની પોળે જઇ પ્રશાન્તમૂર્તિ, વાત્સલ્યવર્ષિણી, પૂજ્યશ્રી હીરશ્રીજી મ. સા. ના શરણે મસ્તક મૂકી જીવનભર પૂ ગુરુણીજીની શરણાગતિ સ્વીકારી ડાહીબેન મટીને તેમનાં શિષ્યા શ્રી દેવશ્રીજી નામે સાધ્વીજી થયાં.

પૂજ્યશ્રીએ દીક્ષા લીધી ત્યારથી જ વિનય, વૈયાવચ્ચ, *ગુર્વાજ્ઞાપાલનાદિ ગુણો એમનામાં અપૂર્વ હતાં. તેમ જ*

અભ્યાસમાં પણ સાધુક્રિયા દશવૈકાલિક, કર્મગ્રંથ, બૃહત્ સંગ્રહણી, પ્રકરણો, ક્ષેત્રસમાસ, કુલકો વિગેરે અર્થસહિત કર્યાં હતાં. ગુરુણીજી વિગેરે વડીલોનો વિનય, જ્ઞાનાભ્યાસ અને સાથે મ્હારાં અને ત્હારાંના ભેદ વિના નાના-મોટા સૌની એક દીલથી વૈયાવચ્ચ કરતાં હતાં. એ એમની અનુમોદનીય સાધના હતી. જેનાં ફળરૂપે તેઓશ્રી ચાર વીશી જેટલાં સાધ્વીઓનાં ગુરુણીજી બન્યાં.

સં. ૧૯૮૪નું ચાતુર્માસ અમદાવાદમાં થયું અને સં. ૧૯૮૫ માં માગશર વદ દશમના દિવસે વડીદીક્ષા થઈ. એજ વર્ષે એમના સંસારીપણામાં ખાસ સખીપણું ધરાવતાં છાણીગામનાં જ ચંદનબેન કે જે એમને ઘરનાં દરેક કામમાં સહાય આપતાં હતાં તે ચંદનબેને એકના એક લાડકવાયા પુત્રને ભાગ્યના તાબે કરીને અમદાવાદ જઈ દીક્ષા લીધી અને ચંદનબેન મટીને તેઓશ્રીના પ્રથમ શિષ્યા સાધ્વી ચરણશ્રીજી નામે થયાં.

તથા પૂજ્યશ્રીનાં સંસારીબેન રેવાબેનની પુત્રી વાસંતીબેન સં. ૧૯૮૯ ની સાલમાં તેઓશ્રીની નિશ્રામાં તદ્દન બાલવયે દીક્ષા લઈ બીજાં શિષ્યા સાધ્વી સુલોચના શ્રીજી નામે થયાં, ત્યાર બાદ રતલામ, મહિદપુર, ઉજ્જૈન, રાજગઢ વિગેરે મધ્યપ્રદેશમાં અને ગુજરાતમાં વિચર્યાં.

તેઓ ઉત્તરોત્તર સત્તર (૧૭) શિષ્યાઓ અને ૬૯ પ્રશિષ્યાઓનાં ગુરુણીજી બન્યાં. એમનું ઉજ્વળ સૌભાગ્ય એવું કે તેમનાં સંસારી રેવાબેનની બે પુત્રીઓ,

છોકરાઓની ત્રણ પુત્રીઓ, ભાઇની બે પુત્રીઓ અને દિયરની પુત્રીઓ, એમ કુટુમ્બમાંથી પણ અનેક આત્માઓ તેમની નિશ્રામાં સંયમી બન્યા.

બીજું મહત્વ તો એ છે કે પોતાનો વિશાળ પરિવાર છતાં શિષ્યાઓ ઉપર કદી મમતા કરી નથી. પોતાના ગુરૂદેવ પૂ. હીરશ્રીજી મ. સા. આજ્ઞા કરે કે ત્હારાં સાધ્વીઓને અમુક સાધ્વીની સેવામાં અગર અમુક સાધ્વીની સાથે બહારગામ મોકલવાનાં છે, તો તે આજ્ઞાનું પાલન કરતાં તુર્ત જ પોતાની શિષ્યાઓને આજ્ઞા કરતાં કે તમારે જવાનું છે, તો તેઓશ્રીનો પણ એવો પ્રબલ પુણ્યોદય હતો કે સૌ સાધ્વીઓ સહર્ષ આજ્ઞા સ્વીકારી લેતાં. રસનેન્દ્રિય પર તેઓએ સારો કાબૂ મેળવ્યો હતો. જીંદગીભર અમુક દ્રવ્યથી વધુ નહીં વાપરતાં, ૨૨ વર્ષ સુધી મૂળમાંથી દહીં વિગઇનો તથા કડાવિગઇનો ત્યાગ, લગભગ દરેક મીઠાઇઓનો પણ ત્યાગ, માંદગી સિવાયના વર્ષોમાં વધુ તપ ન બન્યો તો પણ બિયાસણાંનો તપ ચાલુ જ હતો.

દીક્ષા પછી તપમાં બે વર્ષીતપ, ૩૧ ઉપવાસ, ૨૨૯ છટ્ઠ, ૧૨ અટ્ઠમ, ૧૫ ઉપવાસ, ૧૦ ચોમાસીતપ, ૨ છમાસીતપ, ૪ મોટાસમવસરણ, ૧ સિંહાસન તપ, વર્ધમાનતપની ૪૦ ઓળીઓ, અને નવપદની ઓળી તો સં. ૨૦૨૫ની સાલ સુધી કાયમ ચાલુ રાખી હતી. પર્યુષણપર્વમાં પણ વધુ તપ ન થાય તો છટ્ઠ, અટ્ઠમ તો કરે જ.

૭૨ વર્ષની ઉંમર સુધી પાદવિહાર કર્યો, વૃદ્ધાવસ્થામાં જંઘાબળ ક્ષીણુ થયા પછી છેલ્લે ૧૧ વર્ષ છાણી ગામમાં સ્થિરવાસ કર્યો.

સં. ૨૦૨૨ની સાલથી પૂજ્યશ્રીને હ્રુદયરોગ, બ્લડ-પ્રેશર, ડાયાબિટીશ, વિગેરે રોગો શરૂ થવા છતાં અપૂર્વ શાન્તિ સમાધિ સાચવીને પર્વતિથિનાં ઉપવાસ તો ચાલુ જ રાખ્યાં હતાં. છેલ્લે સં. ૨૦૩૦ ના અષાડ સુદ ૧૪ ને। પણ ઉપવાસ કર્યો હતો.

પૂજ્યશ્રીનો એક સિદ્ધાન્ત હતો કે મનને જરાય નવરું ન પડવા દેવું, તેથી સાથે જે સાધ્વીઓ રહેલાં હોય તેમનો ટાઇમ હોય એટલો વખત શાસ્ત્રનું વાંચન કરાવતાં, સ્વસ્થ ચિત્તે સાંભળતાં અને ચિંતન, મનન કરતાં. સંભળાવનાર જો કામમાં હોય તો તેઓ નમસ્કાર મહામંત્રનો જાપ શરુ કરી જ દેતાં. સમયને નકામો જવા દેતાં નહીં.

છેલ્લે સં. ૨૦૩૦ ના અષાડ વદ સાતમના રાતે દોઢ વાગે પાટ ઉપરથી ઉંઘમાં જ ઉભાં થયાં. આમ તો કોઈ દિવસ છેલ્લા બે વર્ષથી દિવસે પણ બીજાને પાસે બોલાવ્યા વિના એકલાં ઉભા ન થતાં, પણ ભાવિભાવ તે રાતે એકાએક ઉભાં થયાં અને તુર્ત જ પડી ગયાં. તે જ વેળા સાધ્વી વિનોદશ્રીજી, ચિદાનંદશ્રીજી, દેવાંગનાશ્રીજી, મદનરેખાશ્રીજી જાગી ઉઠયાં. અને સ્વસ્થપણે સંથારામાં બેસાડયાં. પણ માર વાગેલો તેનો દુઃખાવો સખ્ત હતો.

પછી તુર્ત જ દેશી ઉપચારો શરૂ કર્યા. પણ દર્દ ઓછું ન થયું. પછી સેવાભાવી ડો. બાલુભાઈએ ઉપચાર કરવાથી દુઃખાવામાં તો આરામ થયો, પણ અષાડ વદ તેરસના સાંજે પેઢામાં દર્દ વધી ગયું, શુદ્ધિ જવા લાગી, સાધ્વીઓએ શ્રી નમસ્કાર મહામંત્રને સંભળાવવો શરુ કર્યો. બે-ત્રણ કલાક પછી શુદ્ધિમાં આવી ગયાં. અને નવકારમંત્ર સાંભળવામાં જ તલ્લીન થયાં. ખરેખર એમને તે સમયે અનુમોદનીય સમતા પ્રગટી. સ્વમુખે "મને અમુક દુઃખ થાય છે." વિગેરે કાંઈપણ કહેતાં નહીં.

સેવાભાવી છાણી ગામનો સંઘ પણ અષાડવદ તેરસથી માંડીને શ્રાવણ સુદ અગીઆરસ સુધી રોજ જ્યારે જ્યારે ભયંકર સ્થિતિ લાગે ત્યારે વાયુવેગે આવી સંગીત સાથે નવકારની ધૂન જગાવતો અને તે સમયે પૂજ્યશ્રી ખૂબ પ્રસન્નતાથી સંગીતમાં નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં. સાધ્વીઓ પૂછે કે સ્તવન-સજ્ઝાય સંભળાવીએ? તો તે સાંભળે, પણ નવકારમંત્ર સાંભળતાં અધિક પ્રસન્ન થતાં.

નમસ્કાર મહામંત્ર ઉપરાંત જ્યારે કંઈ સ્વસ્થતા વધુ લાગે ત્યારે **પાપપ્રતિઘાત ગુણબીજાધાન** સૂત્ર તથા **સંથારાપોરિસિની** ગાથાઓ, **સ્વકૃત દુષ્કૃત ગર્હનૂ** એ આરાધના પ્રકાશ, **ચઉસરણ, આઉરપચ્ચક્ખાણ** વિગેરે પયન્ના, વગેરે અર્થ સહિત સંભળાવતાં. આ રીતે પરમ ઉપકારી એ ગુરુણીનાં વિવિધ ઉપકારનાં

ઋણમાંથી મુક્ત થવા સર્વ સાધ્વીઓ તેમની અંતિમ આરાધનામાં સતત ઉજમાલ હતાં.

છેલ્લે શ્રાવણસુદ દશમની સાંજે પાંચ વાગે એકાએક નેત્રો તથા મુખાકૃતિ ઉપર દર્દની અસર પ્રગટી. સાથે જ હેડકી શરૂ થઇ અને તીવ્ર શ્વાસ ઉપડયો. અંતિમ સમય સમજી સતત નવકારમંત્ર સંભળાવવા માંડયા. ચાર શરણાં સ્વીકાર્યાં. અને તીવ્ર વેદનામાં પણ સમાધિની રક્ષા માટે જાગ્રત રહ્યાં. છેવટે શ્રાવણસુદ ૧૧ ના સવારે ક. ૭-૨૫ મિનીટે નવકારમંત્ર સાંભળતાં સાંભળતાં અમો સૌને નિરાધાર મૂકી વિનશ્વર દેહનો ત્યાગ કરી પરલોકમાં સીધાવ્યાં. સકલ સંઘમાં શોક વ્યાપી ગયો. સૌ કોઇ નાના-મોટા આબાલવૃદ્ધ તેઓશ્રીનાં દેહનાં અંતિમ દર્શન કરવા દોડી આવ્યા અને અંતિમ સંસ્કારની તૈયારી કરી.

તેઓનાં પૂ. ગુરુણીશ્રી હીરશ્રીજી મહારાજ વિ.સં. ૨૦૧૧ માં કાલધર્મ પામ્યાં ત્યાં સુધી પોતે તેમની આજ્ઞામાં રહ્યાં અને તે પછી પૂ. સા. શ્રી કલ્યાણશ્રીજી મહારાજ કે જે તેઓનાં ગુરુણીનાં ગુરુબેન હતાં, તેમની આજ્ઞામાં છેક સુધી રહ્યાં, તેમની સેવામાં પણ પોતાનાં સાધ્વીજી શ્રી દિવ્યપ્રભાશ્રીજી વિગેરેને રાખી તેમની અંતિમ અવસ્થા સુધી આરાધનામાં સહાય કરી.

## પૂ. કલ્યાણશ્રીજી મહારાજનો પરિચય :-

તેઓશ્રી જન્મે સુરતનાં વતની હતાં. જન્મ વિ. સં. ૧૯૪૪માં શ્રાવણસુદ પુનમના દિવસે થયો હતો. માતાનું નામ પરસનબેન હતું. તેઓશ્રીનું નામ કાળી-બેન હતું. તેઓશ્રીનાં લગ્ન સુરતનાં વતની જેચંદભાઇના સુપુત્ર ઠાકોરદાસની સાથે થયાં હતાં સંસારી અવસ્થામાં વેણીચંદ નામે એક પુત્ર હતો. પોતાના લાડકવાયા પુત્રને ૧૦ વર્ષની બાલવયમાં જ તજીને પોતે વિ. સં. ૧૯૭૧ માં ભરુચ મુકામે વૈશાખ સુદ ૬ ને દિવસે દીક્ષા લીધી. તેઓશ્રી પૂ. ચંદનશ્રીજી મહારાજનાં શિષ્યા શ્રી અશોકશ્રીજી મહારાના શિષ્યા સાધ્વી શ્રી કલ્યાણશ્રીજી નામે થયાં.

તેઓશ્રી જીવનભર પૂ. દાદા ગુરુદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજીની આજ્ઞામાં રહી સુંદર આરાધના કરતાં હતાં. સર્વ સાધ્વીઓ પ્રત્યે માતા જેવું વાત્સલ્ય, ક્રિયાશુદ્ધિ, ઉપશમભાવ, વિગેરે તેમનાં વિવિધગુણો કદી ન ભૂલાય તેવાં હતાં. તેઓશ્રી ૬૧ વર્ષનો દીર્ઘ ચારિત્ર પર્યાય પાળી વિ. સં. ૨૦૩૧, ભાદરવા સુદ ૯ની રાતે ખેતરપાળની પોળમાં અમદાવાદ મુકામે ખૂબ સમાધિ પૂર્વક કાલધર્મ પામ્યાં હતાં. સમાચાર મળતાંની સાથે જ તેઓશ્રીનાં પૌત્રો મહેશભાઈ, કિશોરભાઇ, દિલીપ-ભાઇ, અનીલભાઈ, કિરીટભાઇ, સતીશભાઈ તથા પૌત્રીઓ ગિરિબાળાબેન, રશ્મિબેન, ત્રિશૂલાબેન તથા પૌત્રવધૂઓ

શ્રીમતીબેન, ઈન્દુબેન, છાયાબેન, વિગેરે ઘણાં કુટુંબીઓ પણ આવ્યાં હતાં. તેઓશ્રીના પૌત્ર મહેશભાઈના હાથે અગ્નિસંસ્કાર થયો હતો. તેઓશ્રીની હાજરીમાં જ વિ. સં. ૨૦૩૧ ના વૈશાખ સુદમાં ખેતરપાળની પોળમાં તેમનાં સગાં-સંબંધીઓ તથા સંઘે મળીને તેમની નિર્મળ દીર્ઘ ચારિત્ર આરાધનાની અનુમોદના નિમિત્તે એક ભવ્ય અટ્ઠાઈ મહોત્સવ ઉજવ્યો હતો. તેઓશ્રીનાં વિરહથી અમારા સમુદાયમાં એક છત્રની અમને સર્વને ખોટ પડી છે. પણ સંયોગની સાથે વિયોગ સંકળાએલો હોવાથી અનિવાર્ય છે. પૂ. ગુરુણીનાં ગયા પછી તેઓ-શ્રીનો અમને આધાર હતો. તેઓ પણ પૂ. ગુરુણીજી પછી ૧૩ મહિના જેટલો અલ્પ આશ્રય આપી ચાલ્યાં ગયાં. આજે અમને સર્વને બન્ને પૂજ્યોની ખોટ પડી છે.

મોટી સંખ્યામાં જૈન, જૈનેતરો પૂ. ગુરુણીની સ્મશાન યાત્રામાં જોડાયા. વિજય મુહૂર્તે સ્મશાન યાત્રા નીકળી અને "જય જય નંદા," "જય જય ભદ્રા" ના નાદપૂર્વક બપોરે ત્રણ વાગતાં ચંદનચયમાં પધરાવી તેમના પુત્રોએ અગ્નિસંસ્કાર કર્યો.

પૂ. ગુરુણીની નિર્મળ આરાધનાની અનુમોદના નિમિત્તે શ્રી છાણી સંઘ તરફથી ચાતુર્માસમાં જ શાન્તિ-સ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો. અને ચાતુર્માસ પછી એમનાં સંસારી પુત્રો તરફથી બીજો મહોત્સવ ઉજવાયો. તે પ્રસંગે અન્ય-અન્ય ક્ષેત્રોમાં ચાતુર્માસ

રહેલાં સર્વ શિષ્યાઓ પણ છાણી ગામમાં પધાર્યા હતાં.

અંતે એ પરમ ઉપકારી ગુરુણીનાં ઉપકારોને સ્મરણ કરતાં અમે એ ઇચ્છીએ છીએ કે તેઓનો આત્મા ઉત્તરોત્તર પ્રભુશાસનને પામી સવિશેષ આરાધના કરતો અજરામર બને અને અમને સર્વેને પણ આરાધનામાં સહાય કરે. વંદન હો ! એ પરમ ઉપકારી ગુરુણી શ્રી દેવશ્રીજી મહારાજને !

લી. ચરણકિંકરી સાધ્વી સુલોચનાશ્રીજી વિગેરે
તેઓશ્રીની શિષ્યાઓ.

## સાધ્વી દેવશ્રીજીનાં શિષ્યાઓ-૧૭

(૧) ચરણુશ્રીજી (૨) સુલોચનાશ્રીજી (૩) રમણિકશ્રીજી
(૪) મનોજ્ઞાશ્રીજી (૫) સૂર્યયશાશ્રીજી (૬) વિજ્ઞાનશ્રીજી
(૭) ચન્દ્રકલાશ્રીજી (૮) વિનોદશ્રીજી (૯) ચારૂલતાશ્રીજી
(૧૦) કૈવલ્યશ્રીજી (૧૧) ચિદાનંદશ્રીજી (૧૨) દેવાંગનાશ્રીજી
(૧૩) દિવ્યપ્રભાશ્રીજી (૧૪) અનુપમાશ્રીજી (૧૫) રત્નશ્રીજી
(૧૬) હંસકીર્તિશ્રીજી (૧૭) દેવરત્નાશ્રીજી.

### ચરણુશ્રીજીના શિષ્યા-૪

(૧) ભદ્રંકરાશ્રીજી (૨) પ્રિયંકરાશ્રીજી
(૩) જયપ્રભાશ્રીજી (૪) રત્નરેખાશ્રીજી.

### (૧) ભદ્રંકરાશ્રીજીના શિષ્યા-૫

(૧) અરૂણોદયાશ્રીજી (૨) ગુણોદયાશ્રીજી (૩) સુનયનાશ્રીજી
(૪) સત્યાનનાશ્રીજી (૫) ભદ્રજ્યોતિશ્રીજી.

### (૩) જયપ્રભાશ્રીજીના શિષ્યા-૯

(૧) જયવંતાશ્રીજી (૨) વિધુત્પ્રભાશ્રીજી (૩) હર્ષકાન્તાશ્રીજી
(૪) હર્ષયશાશ્રીજી (૫) લક્ષગુણાશ્રીજી (૬) હેમચંદ્રાશ્રીજી
(૭) હેમરત્નાશ્રીજી (૮) શીલરત્નાશ્રીજી (૯) જયરત્નાશ્રીજી

### (૨) સુલોચનાશ્રીજીના શિષ્યા-૫

(૧) મલયપ્રભાશ્રીજી (૨) મેરૂપ્રભાશ્રીજી (૩) મિત્રપ્રભાશ્રીજી
(૪) જશપૂર્ણાશ્રીજી (૫) સૌમ્યરત્નાશ્રીજી.

### (૩) રમણિકશ્રીજીના શિષ્યા-૪

(૧) મદનરેખાશ્રીજી (૨) મહાકીર્તિશ્રીજી
(૩) સુનયજ્ઞાશ્રીજી (૪) ભદ્રજ્ઞાશ્રીજી.

### (૪) મનોજ્ઞાશ્રીજીના શિષ્યા-૨

(૧) ચંદ્રયશાશ્રીજી (૨) વિનીતાશ્રીજી.

સુર્યયશાશ્રીજીના શિષ્યા-૧
(૧) પુર્ણાનંદાશ્રીજી.

(૬) વિજ્ઞાનશ્રીજીના શિષ્યા-૯
(૧) પૂર્ણભદ્રાશ્રીજી (૨) સુરપ્રભાશ્રીજી (૩) વસંતપ્રભાજી
(૪) ઇન્દ્રપ્રભાશ્રીજી (૫) રમ્યકીર્તિશ્રીજી (૬) હેમપ્રજ્ઞાશ્રીજી
(૭) મહાપ્રજ્ઞાશ્રીજી (૮) વિમલજ્યોતિશ્રીજી
(૯) ભવ્યનંદાશ્રીજી.

(૭) ચંદ્રકલાશ્રીજીના શિષ્યા-૩
(૧) યશોભદ્રાશ્રીજી (૨) વિનયજ્ઞાશ્રીજી (૩) રાજરત્ના:શ્રીજી

(૮) વિનોદશ્રીજીના શિષ્યા-૧
(૧) ઇન્દિરાશ્રીજી

(૧૧) ચિદાનંદશ્રીજીના શિષ્યા-૩
(૧) દેવગુણાશ્રીજી (૨) ધર્મજ્યોતિશ્રીજી
(૩) મહાજ્યોતિશ્રીજી.

(૧૩) દિવ્યપ્રભાશ્રીજીના શિષ્યા-૧
(૧) હર્ષલત્તાશ્રીજી

(૧૪) અનુપમાશ્રીજીના શિષ્યા-૧
(૧) અનિલકીર્તિશ્રીજી

(૧૫) હંસકીર્તિશ્રીજીના શિષ્યા-૧૩
(૧) જશકીર્તિશ્રીજી (૨) જ્યોતિપૂર્ણાશ્રીજી
(૩) મૃગાવતીશ્રીજી (૪) પદ્મલત્તાશ્રીજી
(૫) મુક્તિપ્રજ્ઞાશ્રીજી (૬) જયણાશ્રીજી
(૭) વિગતમોહાશ્રીજી (૮) નિર્મોહાશ્રીજી (૯) પૂર્ણપ્રજ્ઞાશ્રીજી
(૧૦) પરમહંસાશ્રીજી (૧૧) અભયહંસાશ્રીજી
(૧૨) માનહંસાશ્રીજી (૧૩) પ્રીતિહંસાશ્રીજી

(૧૭) દેવરત્નાશ્રીજીના શિષ્યા-૧
(૧) ભવ્યરત્નાશ્રીજી.

પૂ. સ્વ. સાધ્વીજી શ્રી હીરશ્રીજી
મહારાજના શિષ્યા



પૂ. સ્વ. સાધ્વીજી શ્રી દેવશ્રીજી મહારાજ

# શ્રી સંવેગરંગશાળા

॥ ॐ अर्हं नमः ॥

# ગ્રન્થનો પરિચય અને હાર્દ

**[લે. શ્રી નમસ્કાર મહામંત્ર સમારાધક પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર તથા પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયકલાપૂર્ણસૂરિ મહારાજ]**

સર્વજ્ઞ-સર્વદર્શી શ્રી તીર્થંકર ભગવંતોએ સર્વ જીવોના હિત માટે જે ધર્મોપદેશ કર્યો છે, તે ધર્મના મુખ્ય બે પ્રકારો છે. ૧-શ્રુતધર્મ, ૨-ચારિત્રધર્મ.

(૧) શ્રુતધર્મ-જીવાદિ તત્ત્વોનો સમ્યગ્ બોધ કરાવી સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય-આત્મૌપમ્ય દૃષ્ટિ પ્રગટાવે છે.

(૨) ચારિત્રધર્મ-સર્વ જીવો પ્રત્યે ઔચિત્ય વ્યવહાર રૂપે અહિંસાદિ વ્રતોના પાલન દ્વારા જિનાજ્ઞાને આત્મસાત્ બનાવી સ્વભાવમાં તન્મયતા પ્રગટાવે છે.

આ બન્ને પ્રકારના ધર્મનું મૂળ 'સમ્યગ્દર્શન' છે, અથવા તે બન્ને ધર્મોના સતત સેવનથી નિશ્ચય સમકિત પ્રગટે છે.

**સમ્યક્ત્વનાં પાંચ લક્ષણો-**

૧-શમ, ૨-સંવેગ, ૩-નિર્વેદ, ૪-અનુકંપા અને ૫-આસ્તિક્ય. આ લક્ષણો દ્વારા સમ્યગ્દર્શનની સ્વાનુભૂતિ(સ્પર્શના)નું અનુમાન અવશ્ય થાય છે. તેમાં આસ્તિક્ય સમ્યક્ત્વનો પાયો છે, અનુકંપા, સંવેગ અને નિર્વેદ સમ્યક્ત્વનું સ્વરૂપ છે અને શમ તેનું ફળ છે.

પ્રસ્તુત ગ્રન્થમાં સંવેગાદિની પ્રાપ્તિ, રક્ષણ અને વિકાસના સુંદર, સરળ અને સચોટ ઉપાયો દર્શાવ્યા છે; તેથી તેનું 'સંવેગરંગશાળા' નામ સાર્થક છે.

**પાંચ લક્ષણોનું ટૂંકું સ્વરૂપ-**

**(૧) આસ્તિકતા-** જે જે પદાર્થનું જે સ્વરૂપે અસ્તિત્વ છે, તેનો તે જ સ્વરૂપે સ્વીકાર.

અસ્તિ સ્વભાવવાળા પદાર્થો સદા અસ્તિરૂપે જ રહેનારા છે, તે કદાપિ નાસ્તિરૂપે પરિણમતા નથી. અને નાસ્તિ સ્વભાવવાળા પદાર્થો સદા નાસ્તિરૂપે જ રહે છે,

---

१–इदमेव हि प्रथमो मोक्षोपाय उक्तं च-
यमप्रशमजीवातु-र्बीजं ज्ञानचरित्रयोः
हेतुस्तप श्रुतादीनां, सद्दर्शनमुदीरितम् ॥ (शास्त्रवार्तावृत्ति

તે કદાપિ અસ્તિપણે પરિણમતા નથી.

' આ એક સામાન્ય નિયમ છે. આત્મા પણ એક પદાર્થ છે અને તે સદા આત્મારૂપે જ પોતાનું અસ્તિત્વ ધરાવે છે.

વીતિ ચૂકેલા અનંતકાળમાં આત્મા હતો, વર્તમાનમાં પ્રત્યક્ષ છે જ અને આગામી અનંતકાળમાં પણ એ સદા સ્વસ્વરૂપે જ રહેવાનો. આવી દૃઢ શ્રદ્ધા તે આસ્તિકતા. આત્માનું શુદ્ધ સ્વરૂપ છે 'સચ્ચિદાનંદ.' તેની અને તેના આ સ્વરૂપની સ્વીકૃતિ એ જ આસ્તિકતા છે.

(૨) અનુકંપા–હું જીવ છું, સુખ મને પ્રિય છે અને દુઃખ લેશ પણ ગમતું નથી, એમ મારા જેવા બીજા અનંતા જીવો સંસારમાં છે. એ પણ જીવવા ઇચ્છે છે, સુખના અર્થી છે અને દુઃખ લેશ પણ તેઓને ગમતું નથી. તે બધા પણ મારી જેમ અનાદિ અનંત-કાળથી આ દુઃખમય સંસારમાં ભટકી રહ્યા છે. આવો વિચાર તેને પ્રગટે છે, કે જેને પોતાના દીર્ઘ સંસાર-પરિભ્રમણનો કંપ (દુઃખનો તીવ્ર બળાપો) પ્રગટ્યો હોય! આ કંપ પછી અનુકંપ થાય છે કે–જેમ હું દુઃખી છું, તેમ મારા જેવા બીજા સંસારી જીવો પણ દુઃખી જ છે. એ સર્વ પણ "દુઃખથી મુક્ત બનો અને પૂર્ણ સુખને પામો!" મારે એ બધાને સહાયક થવું જોઈએ. સર્વનું જીવત્વ સમાન છે, માટે તેઓમાં દુઃખો અને બીજા તે

હકીકતમાં મારું જ દુઃખ અને પીડા છે. માટે હું મારા આત્મા સાથે કરું છું તેવો જ વ્યવહાર મારે તે બધા સર્વની સાથે પણ કરવો જોઈએ. આવી સમવેદના—સહાનુભૂતિનો ભાવ તે અનુકંપા છે. આસ્તિક આત્મામાં તે અવશ્ય પ્રગટે છે અને તે યથાશક્ય બીજાનાં દુઃખોને દૂર કરવા માટે પ્રેરણા કરે છે.

(૩-૪) **નિર્વેદ અને સંવેગ**—હું આત્મા છું, નિત્ય છું, તો આજ સુધી હું ક્યાં રહ્યો? સંસારમાં! તો જ્યાં સુખનો લેશ નહિ, દુઃખનો પાર નહિ, કેવળ દુઃખ-પીડા અને પરાભવ જ છે, એવી નિગોદ, નરક, વગેરે દુર્ગત અવસ્થાઓમાં જ મારો અનંતકાળ ગયો; મનુષ્ય કે દેવનાં ભવોમાં થોડું બાહ્ય સુખ મળ્યું હશે, ત્યારે પણ તેમાં ગાઢ રાગ-દ્વેષ દ્વારા મેં ઘોર અશુભ કર્મો જ બાંધ્યાં હશે અને પુનઃ એ જ દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને જીવ્યો અને મર્યો હોઈશ.

જ્યાં આધિ, વ્યાધિ અને ઉપાધિ જ છે; જન્મ, જરા, મરણ, દુઃખ, દૌર્ભાગ્ય અને પરાભવના ત્રાસ સિવાય બીજું કાંઈ નથી, તે સંસારમાં હવે કેમ રહેવાય? મારું સ્વરૂપ તો પૂર્ણ જ્ઞાનમય અને આનંદમય છે, તો શા માટે આ દુઃખમય સંસારમાં રહેવું? આવો ભવનિર્વેદ અને મોક્ષની તીવ્ર ઝંખનારૂપ સંવેગ આત્મામાં આસ્તિક્ય પ્રગટ્યા પછી જ પ્રગટે છે.

આ ભવનિર્વેદ અને સંવેગ બન્ને ગુણો સહભાવી હોવાથી જ્યાં નિર્વેદ ત્યાં સંવેગ અને જ્યાં સંવેગ ત્યાં નિર્વેદ હોય જ છે.

આસ્તિક આત્માને સંસારમાં દીર્ઘકાળ સુધી દુઃખમાં પરિભ્રમણનું ભાન થયા પછી પોતાના સ્વરૂપનું જેમાં સંપૂર્ણ પ્રગટીકરણ છે, તે મોક્ષપદને પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના ન પ્રગટે, તે બને જ કેમ? આસ્તિકતાનો અને અનુકંપાનો પાયો મજબૂત થયા પછી આ નિર્વેદ અને સંવેગ બન્ને ગુણો પ્રગટ્યા વિના રહે જ નહિ.

(૫) શમ-અનુકંપાનું ફળ 'નિર્વેદ, સંવેગ' અને તે બેનું ફળ 'શમ' છે. રાગ-દ્વેષ અને સુખ-દુઃખના પ્રસંગોમાં મધ્યસ્થવૃત્તિ, સમતા, સમતુલા, એ શમનાં જ નામો છે. તે અનુકંપા, અહિંસા, મૈત્રી કે કરુણાભાવ વિના શક્ય નથી.

સ્વાર્થ એટલે પોતાના જ સુખ-દુઃખનો વિચાર. રાગ, દ્વેષ વગેરે વિભાવનો જેટલા અંશે વિગમ થાય, તેટલા અંશે બીજા સર્વ જીવો સાથે એકતાની બુદ્ધિ અને શ્રદ્ધા પ્રગટે છે અને ત્યારે જ વાસ્તવિક શમ-સમત્વનો અનુભવ થાય છે.

અહીં સુધી પાંચેય લક્ષણોનું સામાન્ય સ્વરૂપ જોયું. હવે ગ્રન્થમાં કહેલા સંવેગની મુખ્યતા અને વિશેષ સ્વરૂપ જોઈએ.

**સંવેગની વિશેષતા-**

ભવના અત્યન્ત ભયથી પ્રગટેલી મોક્ષની તીવ્ર અભિલાષા અર્થાત્ નિર્વેદની તીવ્રતા, તે સંવેગ છે. તે પ્રગટતાં જ જ્ઞાનાદિ ગુણો સમ્યગ્ બને છે. સંવેગ સહિત જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ સમ્યગ્ કહેવાય છે.

આ રીતે સંવેગ એ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગનું મૂળ છે, એમ સિદ્ધ થાય છે.

**આસ્તિક્યનું સ્વરૂપ-**

"अस्ति मूर्ति मतिः आस्तिक्यम्।" આત્મા છે એવી બુદ્ધિ તે આસ્તિકતા. અર્થાત્ શ્રી જિનેશ્વર પરમાત્માએ કહેલા જીવાદિ તત્ત્વો વિદ્યમાન છે-સત્ય છે, એવી શ્રદ્ધા તે આસ્તિક્ય છે.

**જીવનું અસ્તિત્વ બે પ્રકારે-**

૧. **સ્વરૂપ અસ્તિત્વ**-અસ્તિત્વ સદા અસ્તિત્વપણે જ પરિણમે છે.[૨] દ્રવ્યાર્થિક નયના મતે કોઈ પણ દ્રવ્યનો સર્વથા અભાવ થતો નથી, એથી જીવદ્રવ્યનો પણ અભાવ કોઈ કાળે થાય નહિ. આ છે જીવનું સ્વરૂપ અસ્તિત્વ.

---

૨-अत्थित्तं अत्थित्ते परिणमइ। (ભગવતીજી શતક ૧, ઉ ૧)

૨. સદ્દશ અસ્તિત્વ—પદાર્થ માત્ર અનંતધર્માત્મક હોય છે. (એમ પર્યાયાસ્તિકાય નયનો મત છે.) તેમાં પણ મુખ્ય ધર્મો ૧—સામાન્ય, ૨—વિશેષ, એ બે છે. જીવ પણ દ્રવ્ય હોવાથી તેમાં આ બન્ને ધર્મો છે જ.

જ્ઞેય પદાર્થનો ધર્મ બે પ્રકારે છે, તેથી જીવને તેનું જ્ઞાન પણ બે પ્રકારે થાય છે. પદાર્થના સામાન્યધર્મનું જ્ઞાન તે સામાન્ય જ્ઞાન અને વિશેષ ધર્મનું જ્ઞાન તે વિશેષ જ્ઞાન. આ બન્ને પ્રકારના જ્ઞાનથી પદાર્થનો પૂર્ણ બોધ થાય અને પૂર્ણ બોધ થવાથી જ તેની સચોટ શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનગુણ પ્રગટે.

"एगे आया" 'આત્મા એક છે.'

આ સૂત્રથી શ્રી ઠાણાંગસૂત્રમાં ચૈતન્યરૂપે જીવનો એક જ ભેદ કહ્યો છે. અર્થાત્ જીવ માત્રમાં સામાન્યથી જાતિરૂપે જીવત્વ એક જ સરખું છે.

વિશેષથી (વિકાસના તારતમ્યથી) જીવો અનેક પણ છે. જેમ કે—જીવના મુખ્ય બે ભેદ છે, સિદ્ધ અને સંસારી. તેમાં વળી સંસારીના બે ભેદથી લઈ યાવત્ પાંચસોત્રેસઠ ભેદો પણ કહ્યાં છે.

એમ શરીરાદિની ભિન્નતાથી જીવોની અનેકતા પણ છે અને ચૈતન્યરૂપે સર્વમાં એકતા પણ છે.

વસ્તુના વિશેષધર્મનો વિચાર ભેદદૃષ્ટિને અને સામાન્યધર્મનો વિચાર અભેદ દૃષ્ટિને પ્રગટાવે છે. એ

એમાં વૈરાગ્યની પ્રાપ્તિ અને પુષ્ટિ માટે જેમ ભેદદષ્ટિ ઉપકારી છે, તેમ મૈત્રીભાવ અને આત્મૌપમ્યભાવને પ્રગટાવવા અને વિકસાવવા માટે અભેદદષ્ટિ પણ એટલી જ ઉપકારી અને ઉપાદેય છે.

## તુલ્યદૃષ્ટિથી અનુકંપા–

હું જીવ છું, મને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે, જીવવું ગમે છે, મરણ ગમતું નથી, એમ જગતના [3]સર્વ જીવો પણ મારા જેવા હોવાથી તેઓને પણ જીવન અને સુખ પ્રિય છે. તેઓ મરણ અને દુઃખથી સદા ડરે છે અને ભયભીત બને છે, માટે મારે કોઈ પણ જીવની હિંસા કે તેને કોઈ પીડા-વ્યથા થાય, તેવો વ્યવહાર ન કરવો જોઈએ. આવી આત્મતુલ્ય દૃષ્ટિથી અનુકંપાની–પરપીડાપરિહારની વૃત્તિ પ્રગટે છે.

'શાસ્ત્રવાર્તાસમુચ્ચય' ગ્રન્થમાં કહ્યું છે કે-સ્વ આત્માની જેમ સર્વ પ્રાણિઓમાં પણ સુખપ્રિયતા અને દુઃખદ્વિષ્ટતા જોવાથી પરપીડાના પરિહારની જે ઝંખના પ્રગટે છે, તે 'અનુકંપા' છે.

શ્રી આવશ્યકનિર્યુક્તિ અને શ્રી અનુયોગદ્વારસૂત્રમાં પણ કહ્યું છે કે-જે ભૂત, ત્રસ અને સ્થાવર સર્વ જીવો

---

૩-सव्वे पाणा पिआउआ सुहसाया दुहपडिकूला०
(આચારાંગ અ૦ ૨, સૂત્ર ૯૩)

પ્રત્યે આત્મસમભાવથી ભાવિત (તુલ્ય વૃત્તિવાળો) હોય, તેને જ કેવલિકથિત સામાયિક હોય અને તે જ હિંસાદિ સર્વ પાપવ્યાપારોનો ત્યાગી બને.

અનુકંપા માહાત્મ્ય–

સામાયિકની પ્રાપ્તિ ચિત્તમાં અનુકંપા અંકુરિત થવાથી થાય છે, અનુકંપા ચિત્તના પરિણામોને શુભ બનાવે છે. આ દયા–અનુકંપાના મધુર પરિણામને જ્ઞાની-ભગવંતોએ "સામસામાયિક" પણ કહ્યું છે.

[૪]ભૂત, વર્તમાન અને ભાવિ–ત્રણેય કાળના સર્વ તીર્થંકરદેવોએ ઉપદેશ્યું છે કે–" સર્વ પ્રાણિઓ–ભૂતો–જીવો–સત્ત્વોને હણવા નહિ, કોઈ પણ જીવને મારવો નહિ, પરાધીન બનાવવો નહિ, પરિગ્રહરૂપે સંગ્રહ કરવો નહિ, પરિતાપ–પીડા ઉપજાવવી નહિ તથા એઓના પ્રાણોનો નાશ કરવો નહિ. આ જ શુદ્ધ ધર્મ છે અને તે નિત્ય ધ્રુવ તેમજ શાશ્વત છે."

ધર્મનું આવું શુદ્ધ સ્વરૂપ શ્રી જિનાગમ સિવાય અન્યત્ર નથી. સમગ્ર જીવરાશિ સાથે આપણા આત્માની જીવત્વરૂપે એકતા હોવાથી એક પણ જીવની કરેલી

---

૪–से बेमि जे अइया जेय पडुपन्ना०

(આચારાઙ્ગ અધ્ય૦ ૪, ઉદ્દેશો ૧)

પીડા કે હિંસા એ નિજ આત્માની પીડા કે હિંસા માનવી જોઈએ.

એ આચારાંગસૂત્રમાં જ પછી કહ્યું છે કે–" હે આત્મન્ ! તું જે જીવોને મારવા વગેરેનો વિચાર કરે છે, તે તું જ છે." અર્થાત્ પરના અહિતાદિનો વિચાર તે પોતાના જ અહિતાદિનો વિચાર છે: કારણ કે–તને થાય છે, તેમ કોઈ મારનાર વગેરેને જોઇને અન્ય જીવોને પણ દુઃખ–દ્વેષ પ્રગટે છે. આ રીતે પરપીડા–હિંસાદિ કરનારને ભયંકર પાપકર્મોનો બંધ થાય જ છે. અને પાપકર્મો કરનારને કર્મસત્તા ઓછામાં ઓછી દશગુણી અને ઉત્કૃષ્ટથી અનંતગુણી પણ દુઃખદ સજા ફટકારે છે.

એમ આત્મસમદર્શિત્વ ભાવથી ચિત્તમાં સર્વ જીવોની હિતચિંતારૂપ મૈત્રીભાવ અને સર્વનાં દુઃખોને દૂર કરવાની શુભ ભાવનારૂપ અનુકંપા પ્રગટ થાય છે.

એ જ રીતે ગુણી આત્માઓ પ્રત્યે પ્રમોદ, આદર, બહુમાન, એ પણ નિજગુણોનું જ બહુમાન છે. અવિનીત પ્રત્યે તેના દોષની ઉપેક્ષા પણ આપણામાં ક્ષમા–માધ્યસ્થ્યને ઉત્પન્ન કરે છે, તેથી જ અન્ય જીવો પ્રત્યે કરેલા અપરાધોની ક્ષમા માગવા–મેળવવાના આપણે અધિકારી બનીએ છીએ.

એમ સર્વ જીવો સાથે સદૃશતાના વિચારથી મૈત્રી, અનુકંપા વગેરે સહજ રીતે ઉત્પન્ન થવા લાગે છે.

૩. નિર્વેદ વ્યવહારદષ્ટિથી સ્વરૂપાસ્તિત્વનો વિચાર-વ્યવહારનયથી જિનવચન દ્વારા જ્યારે જીવને 'હું જીવ છું, આત્મદ્રવ્ય છું, અનાદિકાળથી કર્મબદ્ધ સંસારી છું.' એવું જ્ઞાન અને શ્રદ્ધાન થાય છે, ત્યારે જ તેને ભવનિર્વેદભાવ પ્રગટે છે. છ દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલ બે જ પરિણામી છે, તેથી જેમ સંસારી જીવોમાં કર્મપુદ્ગલોને ગ્રહણ કરવાનો સ્વભાવ (સહજમળ) છે, તેમ પુદ્ગલદ્રવ્યમાં પણ ગ્રાહ્ય સ્વભાવ છે, તેથી જીવ જ્યારે રાગ-દ્વેષાદિના પરિણામ કરે છે, ત્યારે કર્મપુદ્ગલો તેને ચોંટી જાય છે.

સુવર્ણ અને માટીની જેમ જીવનો અને કર્મનો સંયોગ અનાદિ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એના હેતુઓ (આશ્રવદ્વારો) છે. જીવ જ્યાં સુધી એ હેતુઓમાં પ્રવૃત્ત હોય છે, ત્યાં સુધી કર્મનો પ્રવાહ સતત તેનામાં પ્રવેશ કરે છે અને જીવના તે તે પ્રકારના પરિણામની વિચિત્રતાને કારણે તે મુખ્યતયા જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપે આઠ વિભાગમાં વહેંચાઈ જાય છે.

એ બંધાએલાં કર્મો ઉદયમાં આવીને વિવિધ શુભાશુભ ફળોને આપે છે અને તેના અનુભવથી જીવ ઈષ્ટાનિષ્ટ પ્રસંગોમાં રાગ-દ્વેષ કરે છે, તેથી પુનઃ કર્મ બંધાય છે, પુનઃ ઉદયમાં આવે છે. આ રીતે કર્મના પ્રભાવે જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિ

જન્ય વિવિધ કષ્ટો જીવ ભોગવે છે. સર્વ સંસારી જીવોની આવી જ દયાજનક દુઃખદ પરિસ્થિતિ છે.

અનાદિ નિગોદમાં, ચારેય ગતિમાં, છએ કાયમાં પ્રત્યેક અવસ્થામાં તેની આ કરુણ સ્થિતિ રહી છે.

પોતાના અસલી સ્વરૂપને ન જાણવાથી જીવો દેખાતા દેહને જ સ્વરૂપ માની તેના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે, અને દેહના સુખ માટે ઇન્દ્રિઓને તે તે વિષયોથી તૃપ્ત કરવા માટે હિંસાદિ પાપો કરે છે.

પોતાના સ્વરૂપનું અજ્ઞાન હોવાથી અન્ય જીવોના અસ્તિત્વની શ્રદ્ધા થતી નથી, તેથી અન્ય જીવોની હિંસાનો ભય થતો નથી કે પાપોની પ્રવૃત્તિ અટકતી નથી. એમ પાપપ્રવૃત્તિ ચાલુ રહેવાથી કર્મબંધ અને તેના ફળરૂપે અસહ્ય દુઃખોનો ભોગવટો પણ સતત ચાલુ રહે છે.

આવું ભવભ્રમણ કરતાં જ્યારે ભવપરિણતિનો પરિપાક થવાથી ચરમાવર્તમાં જીવ આવે છે, ત્યારે સદ્‌ગુરુના યોગે કે સહજભાવે જીવને આ દુઃખમય સંસારથી છૂટવાની તીવ્ર ઝંખના જાગે છે. તે ઝંખનાને "ભવનિર્વેદ' કહેવાય છે.

આ ભવનિર્વેદથી જીવ હિંસાદિ પાપપ્રવૃત્તિઓને છોડવા માટે પ્રયત્ન કરે છે અને તેની સાથે યથાશક્ય અહિંસાદિ વ્રતોનું કે મહાવ્રતોનું પાલન કરે છે. ઉપરાંત પરમાત્માની ભક્તિ, સદ્‌ગુરુની સેવા વગેરે કરતો સ્વ-જીવનને ધન્ય બનાવવા માટે ઉજમાળ બને છે.

(૪) સંવેગ અને નિશ્ચયદૃષ્ટિએ બન્ને અસ્તિત્વનો વિચાર–નિશ્ચયદૃષ્ટિથી બન્ને અસ્તિત્વના વિચારથી પ્રગટતી મોક્ષની (શુદ્ધ સ્વભાવની) રુચિને સંવેગ કહે છે. મોક્ષનું બીજ સંવેગ છે. મોક્ષની રુચિવાળો જીવ જ મોક્ષની સાધના કરી શકે.

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયી એ મોક્ષમાર્ગ છે અને તેના પ્રરૂપક શ્રી અરિહંતદેવો છે, તેથી તેઓ સંવેગને પ્રગટ થવામાં પ્રધાન–પુષ્ટ નિમિત્ત છે. તેઓની આદરપૂર્વક ભક્તિ, સેવા અને આજ્ઞાપાલન કરવાથી જ આત્માના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ થાય છે.

"શુદ્ધ નયથી મારું અને સંસારી સર્વ જીવોનું સ્વરૂપ સત્તાએ શુદ્ધ સિદ્ધપરમાત્મા તુલ્ય છે."–આવું જ્ઞાન અને શ્રદ્ધાન થાય છે, ત્યારે જીવને તે શુદ્ધ સ્વરૂપને પામેલા શ્રી સિદ્ધો પ્રત્યે અનુપમ ભક્તિ અને આદર-બહુમાન પ્રગટે છે અને પોતાના પણ તેવા સ્વરૂપને પ્રગટાવવા માટે ઝંખના પણ વેગવંતી બને છે તથા તેના પરમ ઉપાયભૂત આવશ્યકાદિ સદનુષ્ઠાનોરૂપ શુદ્ધ વ્યવહારમાર્ગ, તેની આરાધના અને ઉપાસનામાં અધિકાધિક ઉદ્યત બને છે. ઉપરાંત શુદ્ધ નયની ભાવનાથી પોતાને સદા ભાવિત પણ કરતો રહે છે. તે શુદ્ધાત્મભાવ અંગે કહ્યું છે કે–

"દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે।
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે ॥"
ચેતન જ્ઞાન અજવાળીએ (ઉપા.)

"હે ચેતન! આ શરીર, વાણી, મન, કર્મ અને સર્વ પુદ્‌ગલદ્રવ્યોથી ભિન્ન તારું સ્વરૂપ તો અક્ષય જ્ઞાન અને અકલંક આનંદમય છે."

**શુદ્ધાત્મભાવનો મહિમા–**

આ શુદ્ધ આત્મભાવથી જેમ અગ્નિથી કાષ્ટ ભસ્મીભૂત થઈ જાય, તેમ આત્મભાનને ભૂલાવનારા અહંકાર અને મમકારનો નાશ થાય છે. શુદ્ધાત્મભાવ એ સાધુની સંપત્તિ છે, મોક્ષમાર્ગની દીપિકા છે, સકલ દ્વાદશાડ્ગીનો સાર છે અને સર્વ દુ:ખનિવારણનો પરમ ઉપાય છે, એમ શ્રી ઓઘનિર્યુક્તિ આદિ શાસ્ત્રગ્રન્થોમાં ફરમાવ્યું છે. (ઉપા. યશોવિ. મ.કૃત સાડીત્રણસો ગાથા સ્તવન ઢાળ ૧૬)

૫. **પ્રશમ**–ચિત્તના સર્વ વિકલ્પો શાન્ત થઈ જવાથી એક માત્ર આત્માના શુદ્ધ સ્વરૂપના આલંબનવાળો જે જ્ઞાનનો શુદ્ધ પરિણામ પ્રગટે, તેને શમ કહે છે. (જ્ઞાનસાર શમાષ્ટક) શમનું આ લક્ષણ નિર્વિકલ્પદશાની મુખ્યતાએ કહ્યું છે.

યોગશાસ્ત્રોમાં આલંબનયોગ, ધ્યાનયોગ અને સિદ્ધિયોગના ફળરૂપે જે અનાલંબનયોગ કે સમતાયોગ પ્રગટે છે, તેને પણ 'શમ' કહ્યો છે: કારણ કે–નિશ્ચય-સમ્યક્ત્વ સાતમા ગુણસ્થાનકે પ્રગટે છે, તેની પૂર્વે ચોથા ગુણસ્થાનકે પણ વ્યવહારસમ્યક્ત્વ હોય છે. અને ત્યાં

પણ દર્શનમોહ અને અનંતાનુબંધીના ક્ષયોપશમાદિથી આ પાંચેય લક્ષણો પ્રગટે છે, તે જ ઉપર ઉપરના ગુણસ્થાનકોમાં અધિકાધિક નિર્મળ થતાં જાય છે. એ રીતે શુદ્ધ નયની ભાવનાથી ભાવિત બનતો આત્મા આ જન્મમાં જ પ્રશમસુખ–આત્મસમાધિને પ્રાપ્ત કરી શકે છે.

## ત્રિવિધ સામાયિક અને તેનો પાંચ લક્ષણો સાથે સમન્વય–

૧–સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવરૂપ શર્કરા જેવો મધુર પરિણામ, તે 'સામસામાયિક' છે.

૨–ઈષ્ટાનિષ્ટ સર્વ પ્રસંગોમાં ત્રાજવાતુલ્ય મધ્યસ્થભાવ, તે 'સમસામાયિક' છે.

૩–ખીર–સાકરની જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્રમય ઓતપ્રોત એકીભાવને પામેલો આત્મપરિણામ, તે 'સમ્મસામાયિક' છે.

આ ત્રણેય સામાયિકનો નિશ્ચયસમ્યક્ત્વનાં પાંચેય લક્ષણો સાથે આ રીતે સમન્વય થઈ શકે છે.

(૧) સદૃશ અસ્તિત્વ( તિર્યક્ સામાન્ય )થી સર્વ જીવોને પોતાના તુલ્ય સ્વરૂપવાળા જાણવાથી પ્રગટેલો પરપીડાપરિહારરૂપ જે અનુકંપાભાવ, તે મધુર પરિણામરૂપ હોવાથી સામસામાયિક છે.

(૨) સ્વરૂપ અસ્તિત્વ( ઉર્ધ્વતા સામાન્ય )થી જીવ સદા ચૈતન્યરૂપે નિત્ય છે. એવા જ્ઞાનથી ભવભ્રમણ કરાવનારા ભૌતિક વિષયો પ્રત્યે પ્રગટેલો નિર્વેદ અને

સર્વ જીવોનું સ્વરૂપ સત્તાથી શ્રી સિદ્ધપરમાત્મા તુલ્ય નિર્મળ છે. એવા જ્ઞાનથી પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવાની રૂચિરૂપ પ્રગટતો સંવેગ, તે બન્નેના બળે ઈષ્ટાનિષ્ટ સંયોગો અને માન-અપમાન વગેરેમાં જે રાગ-દ્વેષરહિત તુલ્ય પરિણામ, તે સમસામાયિક છે.

(૩) અનુકંપા, નિર્વેદ અને સંવેગના સતત અભ્યાસથી તેના ફળરૂપે પ્રાપ્ત થતો પ્રશમ, તે સમ્મસામાયિક છે.

જેમ નિશ્ચયસમ્યક્ત્વ જ્ઞાન અને ચારિત્રસ્વરૂપ છે,[૬] તેમ સમ્મસામાયિકમાં પણ એ ત્રણેયનો અંતર્ભાવ છે, માટે તે બન્નેની એકરૂપતા છે.

### પાંચ લક્ષણો અને ધ્યાનનો સંબંધ-

(૧) આસ્તિક્ય અને અનુકંપા વડે મૈત્રી તથા કરુણા પ્રગટ થવાથી કષાયોની ઉત્કટતારૂપ રૌદ્રધ્યાન નાશ પામી ધર્મધ્યાન પ્રગટે છે.

---

૬-सम्मन्ति पासहा मोणंति पासहा । मोणंति पासहा सम्मंति पासहा ॥
(આચારાંગસૂત્ર)

मन्यते यो जगत्तत्वं, स मुनिः परिकीर्तितः ।
सम्यक्त्वमेव तन्मौनं, मौनं सम्यक्त्वमेव च ॥ (જ્ઞાનસાર)

( ૨ ) નિર્વેદ અને સંવેગથી પ્રગટ થતાં માધ્યસ્થ્ય અને પ્રમોદ ભાવથી વૈષયિક સ્પૃહાની ઉત્કટતારૂપ આર્ત્ત-ધ્યાન નાશ પામી ધર્મધ્યાન વધે છે.

( ૩ ) પ્રશમ, એ શેષ ચારેય ગુણોનું ફળ હોવાથી નિશ્ચલ ધર્મધ્યાનસ્વરૂપ છે અને તે શુક્લધ્યાનના પ્રારંભમાં સહાયક બને છે.

વ્યવહારિક સમ્યક્ત્વનાં સંવેગાદિ લક્ષણોના પ્રતિબંધક દર્શનમોહ અને અનંતાનુબંધી કષાયો છે, તથા નિશ્ચય સમ્યક્ત્વના તે લક્ષણોના પ્રતિબંધક અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય કષાયો છે.

પ્રસ્તુત ગ્રન્થમાં એ પ્રતિબંધકોના વિગમ-વિનાશના અનેક સુંદર, સરળ અને સચોટ ઉપાયો દર્શાવ્યા છે. તેથી આ ગ્રન્થનું ‘ સંવેગરંગશાળા ’ નામ સાર્થક બને છે.

## ગ્રન્થનો પરિચય-

ગ્રન્થકાર સ્વયં પ્રથમ સંવેગનું સ્વરૂપ તથા ફળ જણાવે છે કે-

“ एसो पुण संवेगो संवेगपरायणेहिं परिकहिओ ।
परमं भवभीरुत्तं, अहवा मोक्खाभिकंखित्तं ।।५५।। ”

“ સંવેગરસના પરમ ભંડાર શ્રી તીર્થંકરો અને ગણધરભગવંતોએ ભવનો અત્યંત ભય અથવા મોક્ષની તીવ્ર અભિલાષાને સંવેગ કહ્યો છે. ”

વળી કહ્યું છે કે-કર્મવ્યાધિથી પીડાતા ભવ્ય જીવોના તે વ્યાધિને દૂર કરવાનો ઉપાય એક માત્ર સંવેગ જ છે, તેથી શ્રી જિનવચનને અનુસારે સંવેગની વૃદ્ધિ માટે આરાધના રૂપી રસાયણ આ ગ્રન્થમાં કહીશ, કે જેથી હું અને સકલ ભવ્ય જીવો ભાવ આરોગ્યને પામી અનુક્રમે અજરામર બને!

તે પછી ૧-પરિકર્મવિધિ, ૨-પરગણ સંક્રમણ, ૩-મમત્વ વિમોચન અને ૪-સમાધિલાભ, એ ચાર વિભાગમાં આરાધનાનું વિસ્તૃત વર્ણન કર્યું છે. તેમાં-

૧. **પરિકર્મવિધિ** દ્વારમાં-પૂર્વસેવા-પ્રારંભિક આરાધનાના અભ્યાસનો વિધિ વિવિધ વિભાગથી કહ્યો છે. પ્રથમ યોગ્યતા એટલે આ આરાધના કેવી યોગ્યતા-વાળો કરી શકે? તે જણાવ્યું છે, તે પછી તે તે ઉપયોગી વિષયો પંદર પેટાદ્વારોથી જણાવ્યાં છે; તે પૈકી થોડાક વિચાર અહીં કરીએ.

### (૧) આરાધનાની યોગ્યતામાં જરૂરી ગુણો આ પ્રમાણે કહ્યાં છે-

(૧) રાજ્યાદિ વિરુદ્ધ પ્રવૃત્તિનો ત્યાગ, (૨) રાજ્યના વિરોધીઓનો પણ સંસર્ગત્યાગ, (૩) સાધુ-પુરુષોનું બહુમાન કરવું, (૪) આરાધક આત્માઓ પ્રત્યે વાત્સલ્ય ધરવું, (૫) આરાધનાની દુર્લભતાનું ચિંતન, (૬) મૃત્યુ આદિ સર્વ ભયોના નિવારણ એક માત્ર આરાધનાથી જ થાય, એવી દૃઢ શ્રદ્ધા કરવી,

(૭) શ્રી પંચપરમેષ્ઠિઓના સદ્ભૂત ગુણોની શ્રેષ્ઠતાને વિચારી તેઓની પૂજા-ભક્તિ-સત્કાર વગેરેમાં તત્પરતા, (૮) શ્રી જિનશાસનની પ્રશંસા, (૯) ધર્મનિંદાનો સર્વથા ત્યાગ, (૧૦) પંચમહાવ્રતધારક સદ્ગુરુઓની ભક્તિ, (૧૧) સ્વદુષ્કૃત્યોની નિંદા, (૧૨) ગુણીજનના ગુણોનો પ્રમોદ, (૧૩) કુસંગત્યાગ, (૧૪) સજ્જનોનો સમાગમ, (૧૫) દુર્જનના દુર્ગુણોની ઉપેક્ષા, (૧૬) સમ્યગ્જ્ઞાનનું શ્રવણ-અધ્યયન-મનન, (૧૭) ક્રિયા જ્ઞાનપૂર્વક કરવી, (૧૮) જ્ઞાનાધિક પ્રત્યે બહુમાન અને જ્ઞાનદાનની તત્પરતા, (૧૯) કષાયોનો જય કરવો, અને (૨૦) ચિત્ત પ્રસન્ન રાખવું. ઈત્યાદિ.

સામાન્ય વિદ્યા-મંત્રો પણ યોગ્ય-અધિકારીને જ સિદ્ધ થાય છે, તેમ મહાગુણ પ્રશમની સિદ્ધિ પણ તેને યોગ્ય-અધિકારીને જ થાય છે. માટે યોગ્ય જીવોને આ ગ્રન્થના વાચન, શ્રવણ, મનન આદિથી તુર્ત આરાધનામાં વેગ અને સ્થિરતા પ્રગટ થાય છે, અપ્રાપ્તગુણોની પ્રાપ્તિ થાય તેવી તેમાં પદ્ધતિ અને વર્ણન છે.

૨. **વિનયદ્વારમાં**-વિનયનું મહત્ત્વ અને તે અંગે સુંદર વર્ણન છે. તેમાં મોક્ષનું મૂળ-ઉપાદાનકારણ રત્નત્રયીની આરાધના છે અને એ આરાધનાનું મૂળ વિનય છે. કૃતજ્ઞતા એક વિશિષ્ટ ગુણ છે. તેની ઓળખાણ વિનયથી થાય છે. કૃતજ્ઞ આત્મા જ ઉપકારીઓનો યથાર્થ વિનય કરી શકે છે. કહ્યું છે કે-

" विणओ सिरिण मूलं, विणओ मूलं समत्थसोक्खाणं ।
विणओ हु धर्म्ममूलं, विणओ कल्लाणमूलं ति ॥"

"લક્ષ્મીનું મૂળ, સર્વ સુખોનું મૂળ, ધર્મનું મૂળ અને કલ્યાણ-મંગળનું પણ મૂળ ધર્મ છે."

વધારે શું ? વિનીત આત્મા જ સર્વ સંપત્તિ અને ચારિત્રધર્મને પ્રાપ્ત કરી સ્વ-પર બાહ્ય-અભ્યંતર હિત સાધી શકે છે. તેના મુખ્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ઉપચાર-એ પાંચ પ્રકારો છે.[૭]

૧. જ્ઞાનવિનય-કાળ-વિનયાદિ શાસ્ત્રોક્ત આઠ આચારોના પાલનથી થાય છે.

૨. દર્શનવિનય-જિનોક્ત વચનમાં નિઃશંકતા આદિ આઠ પ્રકારે થાય છે.

૩. ચારિત્રવિનય-પ્રણિધાનપૂર્વક અષ્ટપ્રવચનમાતાના પાલનથી થાય છે.

૪. તપવિનય-તપની અને તપસ્વીઓની ભક્તિ-અનુમોદનાથી, તપ નહિ કરનારની પણ હિલના નહિ કરવાથી તથા યથાશક્ય તપ કરવાથી થાય છે.

૫. ઉપચારવિનય-પ્રત્યક્ષ કે પરોક્ષમાં ગુણી આત્માઓ પ્રત્યે કુશળ યોગોને, મન-વચન-કાયાને પ્રવર્તાવવાથી, અકુશળને રોકવાથી થાય છે. ઉપચારનો અર્થ અહીં સેવા, વંદન આદિ ક્રિયાઓ હોવાથી કાયિક,

---

૭. 'ज्ञान-दर्शन-चारित्रोपचाराः ।' (તત્ત્વાર્થસૂત્ર)

વાચિક અને માનસિક ક્રિયાને અહીં ઉપચારવિનય કહ્યો છે.

એ રીતે વિનયગુણ માટે પાંચેય આચારોનું યથાર્થ પાલન આવશ્યક છે. ઉપરાંત વિનયનું પાંચેય આચારોમાં સ્વતંત્ર સ્થાન હોવાથી તે પંચાચારસ્વરૂપ પણ છે. જેમ કે-જ્ઞાનાચારમાં વિનય અને બહુમાનરૂપે, દર્શનાચારના ૬૭ ભેદો પૈકી વિનયના દશ ભેદોરૂપે, ચારિત્રના સત્તર ભેદોમાં માર્દવરૂપે, તપના બાર ભેદોમાં અભ્યંતર તપરૂપે વિધાન છે અને વીર્યાચાર સંપૂર્ણ વિનયરૂપ છે.

આરાધનામાં વિનયનું એવું મહત્ત્વ છે કે-શ્રી દશવૈકાલિકનું નવમું અને શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનું પ્રથમ અધ્યયન સંપૂર્ણ વિનયપ્રરૂપક છે, એમ વિનયની બહુવિધ અનિવાર્યતા જણાવી છે.

વિનય વિના લૌકિક-લોકોત્તર કોઈ કાર્ય સિદ્ધ થતાં નથી; વિદ્યા, મંત્ર વગેરે પણ ગુરુવિનયપૂર્વક સિદ્ધ થએલા જ હિતકાર બને છે; અન્યથા વિડંબનારૂપ પણ બની જાય છે.

વિનય આઠેય કર્મોનું વિનયન-નાશ કરે છે, માટે જ તેનું વિનય નામ સાર્થક હોવા ઉપરાંત સર્વ અનુષ્ઠાન-ધર્મોનું મૂળ છે.

શ્રી મહામંત્ર નવકારનો જે અદ્ભૂત મહિમા અને તેની અસાધારણ પ્રભાવકતા કહી છે, તે પણ એ કારણે

કે-તેમાં પાંચેય પરમેષ્ઠિઓનો નમસ્કારદ્વારા વિનય સચવાય છે.

વિનય પાંચેય આચારોમાં અનુસ્યૂત-વ્યાપ્ત હોવાથી પાંચેય આચારોના પ્રતિપાદકો અને પાલકોના વિનયરૂપ પરમેષ્ઠિ નમસ્કાર પણ પાંચેય આચારોમાં અને તેના પ્રરૂપક સમગ્ર દ્વાદશાંગ-શ્રુતમાં વ્યાપ્ત છે. સમાધિની પ્રાપ્તિ પણ વિનયના આસેવનથી થાય છે.

**સમાધિદ્વારમાં**-ભાવસમાધિનું સ્વરૂપ અને તેની અત્યન્ત ઉપાદેયતા સિદ્ધ કરી છે. ગ્રન્થરચનામાં મુખ્ય ઉદ્દેશ સમાધિની પ્રાપ્તિ છે અને તે મનના વિજયથી જ થાય, માટે મનને શીખામણ આપવારૂપે તેને વશ કરવાની જે વિવિધ કળાઓ-યુક્તિઓ-ચાવીઓ બતાવી છે, તે મુમુક્ષુને અત્યંત ઉપકારી છે. સમાધિનો મુખ્ય ઉપાય '**ધ્યાન**' છે. તે માટે પોતાના મનને ભલામણરૂપે જણાવ્યું છે કે-

"હે મન! સદ્‌ગુરુએ કહેલા ઉપાયો વડે પ્રથમ સર્વવિઘ્નવિનાશક સાલંબન યોગરૂપ ધ્યાનનો અભ્યાસ કરીને બાહ્ય પદાર્થો અને સંયોગો સંબંધી ચિંતા-વિકલ્પોને સર્વથા શાન્ત કરી, જો નિરાલંબન ધ્યાનદ્વારા પરમ તત્ત્વમાં લીન બનીશ, તો ભવભ્રમણ અવશ્ય અટકી જશે. (ગા. ૧૯૨૭-૨૮)

બાકીનાં દ્વારોમાં પણ આરાધનામાં ઉપયોગી અનેક મહત્ત્વની બાબતો દર્શાવી છે. એકંદર આ પરિ-

કર્મદ્વારમાં ચતુર્વિધ શ્રીસંઘને ઉપયોગી આરાધનાની પુષ્કળ સામગ્રીનો સંગ્રહ છે. અને એ દ્વાર પૂર્ણ કર્યું છે.

(૨) **પરગણસંક્રમણ** અને (૩) **મમત્વવિમોચન** દ્વારમાં આચાર્ય વગેરે પદસ્થોને પણ આત્મ સમાધિ માટે પરગચ્છમાં જવાનો અને સ્વગચ્છની બાહ્ય જવાબદારીઓ અને મમતાથી મુક્ત થવાનો જે ઉત્તમ વિસ્તૃત વિધિ બતાવ્યો છે, તે તે કાળની અંતિમ આરાધનાની ભવ્યતાની ઝાંખી કરાવે છે તથા વર્તમાનમાં લુપ્તપ્રાયઃ થએલા આ વિધિને પુનઃ જીવંત બનાવવાની પ્રેરણા આપે છે.

(૪) **સમાધિલાભદ્વાર**–સર્વ મુમુક્ષુ આત્માઓનું ધ્યેય "પરમ સમાધિ" છે, તેને પ્રાપ્ત કરવાના વિવિધ ઉપાયો જણાવ્યા છે. તેમાં પહેલા અનુશાસ્તિદ્વારમાં સમાધિ માટે ખાસ જરૂરી બાબતોના હેય અને ઉપાદેય એમ બે ભાગમાં નિર્દેશ કર્યો છે. તેમાં ઉપાદેયવિભાગમાં નમસ્કાર, ચાર શરણ, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદના-એ ચાર પ્રધાન દ્વારો છે. તે અંગે થોડું વિચારીએ.

(૧) **નમસ્કારનું અદ્‌ભૂત માહાત્મ્ય**–મહામંત્રના અદ્‌ભૂત પ્રભાવ-પ્રતાપને વર્ણવતાં કહ્યું છે કે-નમસ્કાર મહામંત્ર ભવાટવીમાં શરણભૂત, અસંખ્ય દુઃખનો નાશક અને મોક્ષપદપ્રાપક છે, તેમજ સર્વ કલ્યાણરૂપ કલ્પવૃક્ષનું અવંધ્ય બીજ છે. ત્રણેય લોકમાં અતિ અદ્‌ભૂત એવી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રીને જે

કોઈ સામગ્રી જીવને મળે છે, તે સર્વ મહામંત્રના શરણુનો જ મહિમા છે. વધારે શું? તે નમસ્કાર ભવ્યાત્માઓને શાશ્વત સુખ અને તે દરમ્યાન સંસારમાં પણ વિવિધ અનુપમ સુખોની ભેટ કરે છે.

જેમ સેનાપતિ સૈન્યનો પતિ અને સાચો માર્ગદર્શક છે, તેમ ભાવનમસ્કાર પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપનો નાયક અને તે સર્વને યથાસ્થાન યોજક છે. સેનાપતિ વિના સેના વિજય ન મેળવે, તેમ ભાવનમસ્કાર વિના અનંત વાર દ્રવ્યલિંગ ધારણ કરવા છતાં મોહને જીતી શકાય નહિ.

**મહામંત્રની આરાધના**-મંદ પુણ્યવાળાને પ્રાપ્ત થતી નથી, માટે સુજ્ઞ ભવ્યાત્માઓએ અતિ પુણ્ય પ્રાપ્ત મહામંત્રની આરાધનામાં ચિત્તને સતત જોડવું જોઇએ.

જીવના પ્રત્યેક પ્રસંગોમાં મહામંત્રનું રટણ, સ્મરણ, શરણ અને વારંવાર તેની અર્થભાવના-અનુપ્રેક્ષા કરવી જોઇએ.

અંતિમ અવસ્થામાં અંતિમ આરાધના માટે તે સવિશેષ કરવું જોઈએ. તેમાં શારીરિક શક્તિ મંદ પડતાં જો મહામંત્રનું સંપૂર્ણ સ્મરણાદિ ન થઈ શકે, તો "અ-સિ-આ-ઉ-સા" મંત્ર ગણવો; તેટલું પણ શક્ય ન હોય તો માત્ર "ૐ"નું સ્મરણ; અને તે પણ ન બને તો પાસે રહેલા કલ્યાણમિત્ર નિર્યામકના મુખે પૂર્ણ નવકારને એકાગ્ર બની સાંભળવો.

**ભાવનમસ્કારની ભાવનાનો વિધિ-**

ચિત્તમાં એમ ભાવવું કે-ભાવપૂર્વકનો એક નમસ્કાર પણ મારા સકળ સુખનો સાધક અને સર્વ દુઃખનો નાશક છે

અહા! હું કેવો ભાગ્યશાળી છું, ધન્ય છું કે-મને આજે અચિંત્ય ચિંતામણી આ મહામંત્ર મળ્યો. હું આજે સર્વાંગે અમૃતરસથી સિંચાયો છું, મને કોઈએ પરમ સુખમય બનાવી દીધો છે.

આ મહામંત્ર એ જ પરમ સારભૂત સંપત્તિ છે, પરમ ઇષ્ટસંયોગ છે અને પરમ તત્ત્વ છે. તેની પ્રાપ્તિ મને પામરને થઈ, તેથી જણાય છે કે-હવે હું આ અગાધ ભવસાગરને તરી ગયો!

આ જ સાચો પિતા, માતા, પરમ બંધુ અને મંગળ છે; પરમ પુણ્ય અને પરમ ફળ છે. તે આત્માને મોક્ષમાં પહોંચાડે છે, માટે જ્ઞાનીઓએ તેને તપ-સંયમ-રૂપ રથનો સારથિ કહ્યો છે.

આવા અપૂર્વ ભાવોલ્લાસ સાથે ભાવના રસમાં ઝીલતાં એક પણ નવકારનું જો સ્મરણ થઈ જાય, તો એ વિપુલ પાપકર્મોનો ક્ષય કરી શકે છે, કારણ કે-તેના શ્રવણ અને ભાવના રસમાં જેટલું મન લીન બને તેટલી કર્મની નિબિડ-દઢ ગ્રંથીઓ છેદાતી જાય છે.

**નમસ્કારનું પ્રયોજન અને ફળ-**પ્રયોજન અર્થાત્ અનંતર કાર્ય, તે કર્મોનો ક્ષય અને મંગળનું

આવાગમન છે. કહ્યું પણ છે કે-મહામંત્રના એક અક્ષરના ઊચ્ચારણથી પણ અનંત કર્મોના રસસ્પર્દ્ધકો ક્ષય પામે છે અને મહર્ષિઓના પ્રણામથી મંગળ થાય છે. તેનું ફળ ઈહલૌકિક અને પારલૌકિક, એમ બે પ્રકારનું છે. તેમાં આ ભાવમાં ક્લેશ કે કપટ વિના જ અર્થ, કામ અને આરોગ્યની પ્રાપ્તિ થાય છેઃ અને તે ભવમાં મુક્તિ ન થાય તો તે થાય ત્યાં સુધી, ઉત્તમ દેવ અને મનુષ્યનો ભવ તથા ઉત્તમ કુળ વગેરેની સામગ્રી આપી અંતે મુક્તિપદને આપે છે.

એમ શ્રી નમસ્કારમંત્રનું અદ્ભૂત માહાત્મ્ય છે. જે કોઈ ભવ્યાત્મા તેનું શ્રવણ-મનન કરશે, તેને એ મહામંત્ર પ્રત્યે આદરભાવ અવશ્ય પ્રગટશે.

**મહામંત્રની આરાધનાનો સરળ માર્ગ**-૧. ચતુઃશરણગમન, ૨. દુષ્કૃત ગર્હા અને ૩-સુકૃત અનુમોદના. એ તેની ભાવ આરાધનાના સરળ ઉપાયો છે. શ્રી પંચસૂત્રમાં કહ્યું છે કે-દુઃખમય, દુઃખફલક અને દુઃખપરંપરક અનાદિ ભવપરંપરાનો વિચ્છેદ શુદ્ધ ધર્મની પ્રાપ્તિથી થાય, તે પ્રાપ્તિ પાપકર્મના વિગમથી થાય અને તે વિગમ તથાભવ્યત્વ(મોક્ષપ્રાપ્તિની યોગ્યતા)ના પરિપાકથી થાય છે. એ પરિપાકનાં સાધનો ચતુઃશરણગમન, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદના છે. એ ત્રણ ઉપાયોના પુનઃ પુનઃ સેવનથી સહજમલના હ્રાસપૂર્વક મોક્ષપ્રાપ્તિની યોગ્યતા વિકસે છે.

આ ત્રણેય તત્ત્વો જિજ્ઞાનાસ્વરૂપ હોવાથી, જિનોક્ત પ્રત્યેક અનુષ્ઠાનમાં તે વ્યાપીને રહેલાં છે. દુષ્કૃત ગર્હા હેયના હાનમાં, સુકૃતાનુમોદના ઉપાદેયના ઉપાદાનમાં અને સાચું શરણુ આજ્ઞાપાલનમાં પરિણમે છે. અર્થાત્ આજ્ઞાપાલનનો વિશુદ્ધ પરિણામ એ જ સાચું શરણુગમન છે.

શ્રી અરિહંતાદિના શરણુથી "પરપીડાદિ હેય છે અને અહિંસાદિ ઉપાદેય છે"–એવું જ્ઞાન અને તેથી સ્વદુષ્કૃત નિંદા અને સ્વ–પર સુકૃતની અનુમોદનાનું બળ પણુ મળે છે.

૧. **શરણુગમનથી**–ચિત્તની પવિત્રતા અને તેથી પ્રસન્નતા પ્રગટે છે. યોગ્યના શરણુથી યોગ્યતા વિકસે છે, ગુણીના શરણુથી ગુણોના વિકાસપૂર્વક રાગાદિ દોષો દુર્બળ બને છે અને તેથી જ સ્વદોષદર્શન અને ગર્હા તથા પરગુણુનું જ્ઞાન અને પરના ગુણુની અનુમોદના થાય છે.

જ્યારે રાગાદિની ઉત્કટતા હોય છે, ત્યારે પોતાના દોષો દેખાતાં નથી, તેમ શ્રી અરિહંત ભગવંતાદિમાં સાક્ષાત્ રહેલા પણુ તેઓના અનંતાનંત ગુણો દેખાતા નથી, તેની શ્રદ્ધા પણુ થતી નથી. આ કારણે જીવ સ્વદુષ્કૃત ગર્હા કે સુકૃત અનુમોદના કરી શકતો નથી: અને દુષ્કૃત ગર્હા વિના દોષોનો નાશ તથા ગુણાનુમોદના વિના ગુણોનો પ્રાદુર્ભાવ થતો નથી.

વળી શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીપ્રરૂ-

પ્રિત ધર્મ, એ ચારેયનું શરણુ તે પરમ ભક્તિયોગ છે અને ભક્તિ સર્વ યોગોનું બીજ છે.

શ્રી અરિહંતાદિ ચારેય મહા મંગલસ્વરૂપ અને લોકોત્તમ છે. તેઓના શરણુથી દુષ્કૃત-પાપની અમંગળતાનું અને સુકૃત-પુણ્યની મંગળતાનું જ્ઞાન થવાથી દુષ્કૃત હેય અને સુકૃત ઉપાદેય લાગે છે.

શ્રી અરિહંતાદિ ચારમાં સર્વ ગુણી આત્માઓનો અને સર્વ ગુણોનો અંતર્ભાવ હોવાથી, તેઓનું શરણુ એ સર્વ ગુણાધિક તત્ત્વોનું શરણુ-સ્મરણુ બની રહે છે.

શ્રી અરિહંતાદિ ચારેય તત્ત્વોમાં તત્ત્વત્રયી (દેવ-ગુરુ-ધર્મ) છે, જ્ઞાનાદિ રત્નત્રયી છે તથા પંચપરમેષ્ઠિ અને નવપદોનો પણ સમાવેશ છે, તેથી તેમાં સમગ્ર જિનશાસન રહેલું છે, એમ પણ કહી શકાય.

શ્રી યોગશતકવૃત્તિમાં કહ્યું છે કે-આ ચારેયનો એવો વિશિષ્ટ સ્વભાવ છે, કે જે કોઈ તેના શરણે રહી સ્મરણુ-ધ્યાનાદિ કરે, તેનાં ક્લિષ્ટ કર્મોનો અને સકળ વિઘ્નોનો નાશ થાય છે તેમજ ચિત્ત નિર્ભય બનતાં પરમ સુખ અને શાન્તિ અનુભવે છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં 'નમો'પદથી પાંચેય પરમેષ્ઠિઓનું શરણુ સ્વીકારાય છે અને ચૂલિકામાં તેનું પ્રયોજન જણાવ્યું છે.

પ્રસ્તુત ગ્રન્થમાં આ ચારેય તત્ત્વોનું માહાત્મ્ય

વર્ણવી તેના શરણને સ્વીકારવાનું સૂચન છે. અને એ બધું વર્ણન 'ચઉસરણ-પંચસૂત્ર' આદિ શાસ્ત્રોના આધારે હોવાથી અત્યન્ત માનનીય, મનનીય અને ભાવવાહી છે. વારંવાર એના વાંચન-શ્રવણથી ચિત્તને વાસિત કરવાયોગ્ય છે.

દુષ્કૃત ગર્હા-ચાર શરણને પામેલો આત્મા પોતાના પાપાચરણોની નિંદા અને ગર્હા કરે છે, પશ્ચાત્તાપથી પાપનું મૂળ ઉખડી જાય છે. જો સ્વદુષ્કૃતની નિંદા-ગર્હા ન થાય, તો તેની પરંપરા ચાલે છે, માટે પાપના પરિહાર માટે દુષ્કૃત ગર્હા ઉત્તમ ઉપાય છે.

વળી સર્વ પાપોનું મૂળ મિથ્યાત્વ-અજ્ઞાન છે. પાપને પાપ ન માનવું એ મિથ્યાત્વ અને પાપ માનીને તેની ગર્હા કરવી તે સમ્યક્ત્વ છે.

બારમા દ્વારમાં સર્વ દુષ્કૃતોનું સ્પષ્ટ વિસ્તૃત વર્ણન કરી તેની ગર્હાનું અને મિથ્યાત્વની વિશેષતયા ગર્હાનું સૂચવ્યું છે.

"સુદેવમાં કુદેવની કે કુદેવમાં સુદેવની બુદ્ધિ કરી હોય, એ રીતે સદ્ગુરુમાં કુગુરુની કે કુગુરુમાં સુગુરુની, સુધર્મમાં અધર્મની કે અધર્મમાં સુધર્મની, તત્ત્વમાં અતત્ત્વની કે અતત્ત્વમાં તત્ત્વની બુદ્ધિ કરી હોય, તથા યથાસ્થાન મૈત્રી આદિ ભાવોને ન કર્યા હોય, ચારિત્રધર્મ પ્રત્યે અનુરાગ ન કર્યો, દેવ-ગુરુની સેવા ન કરી, હિલના-અવગણના કરી, જિનવચનામૃતનું પાન ન કર્યું, શ્રદ્ધા

ન કરી અને શક્તિ છતાં પાલન ન કર્યું, વગેરે સર્વ દોષો આ ભવે કે પરભવે, જાણતાં કે અજાણતાં સેવ્યાં, સેવરાવ્યાં કે અનુમોદ્યા હોય, તે સર્વની નિંદા-ગર્હા વગેરેનું વિસ્તૃત વર્ણન કર્યું છે."

**સુકૃત અનુમોદના**–શ્રી અરિહંતાદિ ચાર તત્ત્વોની શરણાગતિનું બીજું ફળ સુકૃતની અનુમોદના–પ્રશંસા વગેરે ભાવો પ્રગટે છે. તેમાં શ્રી અરિહંતાદિ પરમ ગુણીઓના ગુણની અનુમોદના–સ્તુતિ–પ્રશંસા જેમ પ્રબળ પુણ્યસંચય કરાવે છે અને બીજાના નાના પણ ગુણની અનુમોદનાથી આત્મામાં એ ગુણોની પ્રાપ્તિ સુલભ બને છે, તેમ પોતાના સુકૃતની અનુમોદનાથી પુણ્યબળ સર્જાય છે, પરિપુષ્ટ બને છે અને સુકૃતની પરંપરા ચાલે છે.

સર્વ ક્ષેત્ર અને સર્વ કાળમાં થતાં સર્વનાં મોક્ષ-સાધક સુકૃત્યોની અનુમોદનાથી હૃદયમાં અનેક સુંદર ભાવનાઓ ઉછળે છે અને સુકૃત અનુમોદના સમ્યક્ બને એ માટે શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરતું ચિત્ત પોકારી ઊઠે છે કે–

"[૮]હે પરમાત્મન્! આપના અચિંત્ય સામર્થ્યના પ્રભાવે મારી આ અનુમોદના સમ્યગ્, વિધિપૂર્વકની અને શુદ્ધ આશયવાળી તથા શુદ્ધ પ્રતિપત્તિયુક્ત નિર્દોષ બનો!!"

---

૮. अचिंतसत्तिजुत्ता० (પંચસૂત્ર०)

"આપ અચિંત્ય શક્તિવાળા છો, વીતરાગ છો, સર્વજ્ઞ અને પરમ કલ્યાણસ્વરૂપ છો અને સર્વ સંસારી જીવોના પરમ કલ્યાણના પુષ્ટ હેતુ છો; હું તો મૂઢ અને પાપી છું, અનાદિ મોહવાસિત છું, વિશુદ્ધ ભાવનો અજાણ છું અને હિતાહિતને સમજી શકતો નથી. છતાં હે પરમાત્મન્! આપની કૃપાથી હું હિતાહિતને સમજનારો બનું, અહિતથી અટકું અને સર્વ જીવો સાથે ઔચિત્ય પ્રવૃત્તિ કરતો મારું હિત સાધનારો બનું." વગેરે નિર્મળ ભાવનાથી ભાવિત બનેલો આત્મા સર્વના સુકૃતોની અનુમોદના કરતો સ્વજીવનમાં સુકૃત-સેવનની શક્તિ પ્રાપ્ત કરે છે.

દુષ્કૃત ગર્હા પ્રશસ્ત દ્વેષરૂપ અને સુકૃતાનુમોદના પ્રશસ્ત રાગસ્વરૂપ છે. સરાગસંયમ આ બન્ને પરિણામથી યુક્ત હોય છે, તેથી સર્વ શુભ અનુષ્ઠાનોમાં એ બન્ને વ્યાપકપણે રહેલાં છે.

સુકૃતાનુમોદના એ ગુણાનુરાગ સ્વરૂપ છે અને ગુણાનુરાગ સર્વ ગુણોના આગમનનું દ્વાર છે. તેના અભાવે સુકૃતાનુમોદના થઈ શકતી નથી. વળી સુકૃતાનુ-મોદનાથી ગુણાધિક પ્રત્યે પ્રમોદભાવ પ્રગટતો હોવાથી તે પ્રમોદ સ્વરૂપ પણ છે. અર્થાત્ પ્રમોદભાવ વિના સુકૃતાનુમોદના કે સુકૃતાનુમોદના વિના પ્રમોદભાવ શક્ય નથી. એ રીતે બન્નેનો પરસ્પર અવિનાભાવ સંબંધ છે.

શ્રી તત્ત્વાર્થભાષ્યમાં કહ્યું છે કે-ગુણાધિક પ્રત્યે પ્રમોદ એ વિનય છે. સમ્યગ્જ્ઞાનાદિ ગુણોથી શ્રેષ્ઠ શ્રી મુનિભગવંતાદિ પ્રત્યે વંદન, સ્તુતિ, પ્રશંસા, વૈયાવૃત્યાદિ કરવાથી વ્યક્ત થતો આંતરિક ઉલ્લાસ છે, કે જે પૂજ્યની પૂજા પ્રસંગે પ્રગટતા હર્ષ-આનંદરૂપે અનુભવાય છે.

જેને સર્વ દુષ્કૃત્યો પ્રત્યે ઘૃણા-ગર્હા પ્રગટે, તેને સર્વ સુકૃત્યો પ્રત્યે અનુરાગ અવશ્ય પ્રગટવો જોઇએ. એકાદ સુકૃત્ય પ્રત્યે પણ જો ઉપેક્ષા ઘૃણા થાય, તો સમજવું કે-હજુ દુષ્કૃત ગર્હા કે સુકૃતાનુમોદના તાત્ત્વિક નથી બની.

જીવનમાં સર્વ સુકૃત્યોનું સેવન ન થઈ શકે, પરંતુ તે સર્વની અનુમોદના તો અવશ્ય થઇ શકે. કરણ અને કરાવણ કરતાં અનુમોદનાનું ક્ષેત્ર વ્યાપક-વિશાળ છે. પોતે કરી શકે તેથી વિશેષ બીજાઓદ્વારા કરાવી શકાય છે, પણ અનુમોદના તો સર્વ ક્ષેત્ર અને સર્વ કાળવિષયક થઇ શકે. માટે સર્વનાં સુકૃતોની અનુમોદનાદ્વારા પૂણ્યનો અખૂટ ભંડાર ભરવો જોઇએ. શ્રી અરિહંતાદિના અનુમોદનીય તે તે ગુણોનું વર્ણન ગ્રંથકારે વિસ્તારથી કર્યું છે, તે તે પ્રકરણો વાંચવાથી સમજાશે.

ગુણની અનુમોદના-પ્રમોદ એ ગુણપ્રાપ્તિનું બીજ હોવાથી આત્માને ગુણી બનાવે છે. ત્રણેય કાળના સર્વ ગુણી આત્માઓ બીજાના ગુણની અનુમોદના વગેરે કરીને જ ગુણી થયા છે, થાય છે અને થશે.

સુકૃતાનુમોદના ગુણીની પરમ ભક્તિસભર છે, ભક્તિ મુક્તિનું દ્વાર છે, ભક્ત સાધકને ભક્તિ મુક્તિથી પણ અધિક પ્રિય બને છે.

ઉપદેશરહસ્યમાં કહ્યું છે કે–"ગુણની ઉપાદેયતાના જ્ઞાન-શ્રદ્ધાનથી પ્રગટતો પ્રમોદ, એ જ ગુણબહુમાન છે."

આ રીતે ગુણબહુમાન, એ પ્રમોદભાવ અને સુકૃતાનુમોદના રૂપ છે. આ પ્રમોદભાવ ગુણાધિક પ્રત્યે અને સુકૃતાનુમોદના સર્વનાં સુકૃત્યોની કરવાની હોય છે.

એ પ્રમાણે શરણાગતિ, દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદના સહજમલનો હ્રાસ કરી મુક્તિગમનની યોગ્યતાને વિકસાવે છે.

શ્રી નમસ્કાર મહામંત્ર તથા ષડાવશ્યક વગેરે સર્વ મોક્ષસાધક અનુષ્ઠાનોમાં આ ત્રણેય પ્રકારોનો અંતર્ભાવ છે.

(૧) 'નમો' પદથી પાંચેય પરમેષ્ઠિઓની બિનશરતી શરણાગતિને સ્વીકારવામાં આવે છે. વ્યવહારમાં પણ શત્રુ ગણાતો રાજા નમસ્કાર કરનારને શરણાગત માની અભય આપે છે, તેમ 'નમો' પદથી અભયની પ્રાપ્તિ થાય છે.

(૨) 'નમો' વિનયવાચક હોવાથી ક્ષમાનો સૂચક છે, વિનીત નમવાદ્વારા પોતાના દુષ્કૃત–ભૂલની ક્ષમા માગે છે, તેથી 'નમો' એટલે ભૂલની કબૂલાતપૂર્વક ક્ષમા–પ્રાર્થના છે.

(૩) 'નમો' સ્તુતિવાચક પણ છે. નમસ્કાર ગુણોના કારણે થતો હોવાથી તે વડે પરમેષ્ઠિઓની, તેઓના ગુણોની સ્તુતિ-પ્રશંસા થાય છે. વળી સર્વ પાપોનો નાશ અને સર્વ મંગલોનું આગમ, એ નમસ્કારનું જે પ્રયોજન છે, તે દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદના દ્વારા જ સિદ્ધ થાય છે; કેમ કે-પાપની ગર્હા વિના પાપનો નાશ કે સુકૃતાનુમોદના વિના મંગલનું આગમન સંભવતું નથી.

જેમ શરણાગતિ વગેરેથી પાપપ્રતિઘાત અને ગુણબીજાધાન થાય છે, તેમ મહામંત્ર દ્વારા પણ સર્વ પાપનો પ્રતિઘાત અને સર્વ મંગલરૂપ જ્ઞાનાદિ ગુણોનું બીજાધાન થાય છે; માટે મહામંત્રમાં શરણાગતિ, દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદના અન્તર્ગત છે, તે નક્કી થાય છે.

## સામાયિકસૂત્રમાં શરણાગતિ વગેરેનો આ રીતે અંતર્ભાવ થાય છે-

આકાશ સર્વ પદાર્થોનો તેમ સામાયિક સર્વ ગુણોનો આધાર છે. સામાયિક વિના સમ્યગ્દર્શન વગેરે કોઈ ગુણ પ્રગટતા કે રહી શકતા નથી. સર્વ પ્રકારની મોક્ષસાધના સામાયિકમાં છે, તેથી સર્વ દુઃખોના નાશ માટે અને મોક્ષના અનન્ય ઉપાયરૂપે શ્રી અરિહંતદેવો સામાયિકધર્મને ઉપદેશે છે અને પોતે પણ એનું જ પાલન કરે છે.

ખૂદ શ્રી અરિહંત પરમાત્મા સામાયિકના સ્વીકાર

વખતે જે સૂત્રનો ઉચ્ચાર કરે છે, તે જ પ્રતિજ્ઞાસૂત્ર આજે પણ ઉચ્ચારવામાં આવે છે. તેનું અતિશાયી અર્થ-ગાંભીર્ય તો શ્રી આવશ્યકનિર્યુક્તિ આદિ આગમોથી સમજવા જેવું છે, તો પણ તેમાં શરણાગતિ વગેરે જે રીતે અંતર્ભૂત છે, તે રીતે વિચાર કરીએ.

(૧) "**करेमि भंते! सामाइयं**" 'હે ભગવન્ હું સામાયિક કરું છું.' (અહીં 'સામાયિક' શબ્દથી પાંચ સમિતિનું પણ ગ્રહણ થાય છે.)

(૨) "**सव्वं सावज्जं जोगं पच्चक्खामि**" 'સર્વ પાપવ્યાપારોનો ત્યાગ કરું છું.' (અહીં ત્રણ ગુપ્તિનું પણ ગ્રહણ થયું છે.)

"**भंते!**" શબ્દ દેવ-ગુરુની શરણાગતિને સૂચવે છે. કોઈ પણ કાર્ય તેઓની આજ્ઞા પ્રમાણે-તેઓની સાક્ષીએ કરવાની નિષ્ઠા બતાવે છે.

પરમાત્માની આજ્ઞા પાપવ્યાપારનો ત્યાગ અને સુકૃત વ્યાપારના સેવનરૂપ છે.

"**सामायिक**" સર્વ સુકૃત-સદનુષ્ઠાનસેવન રૂપ છે અને તે સુકૃત અનુમોદનાનું ફળ પણ છે.

"**सव्वं सावज्जं**" સર્વ સાવદ્ય-પાપનું પચ્ચક્ખાણ, એ દુષ્કૃત ગર્હાનું ફળ છે.

ભૂતકાળમાં થયેલા દુષ્કૃતોનું પ્રતિક્રમણ-નિંદા-ગર્હા કરવાપૂર્વક વર્તમાનમાં તેનો ત્યાગ કરવામાં આવે છે.

આ રીતે એક સામાયિકમાં પણ શરણાગતિ વગેરે ત્રણેયનો અંતર્ભાવ છે, તેમ શેષ આવશ્યકોમાં પણ તેનો અંતર્ભાવ કયી રીતે છે, તે વિચારીએ.

(૧) શરણાગતિ-ચતુર્વિંશતિસ્તવ અને વંદન દ્વારા દેવ-ગુરુની શરણાગતિ થાય છે.

(૨) દુષ્કૃત ગર્હા-પ્રતિક્રમણદ્વારા સ્વદુષ્કૃત ગર્હા થાય છે.

(૩) સુકૃતાનુમોદના-સામાયિક, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાનદ્વારા સુકૃતનું આસેવન થાય છે અને તે સુકૃત અનુમોદનાનું ફળ પણ છે.

આ છએ આવશ્યકો જ્ઞાનાદિ આચારોની શુદ્ધિ કરનારા હોવાથી જેમ શ્રી જૈનશાસનના મૂળસ્વરૂપ છે, તેમ શરણાગતિ વગેરે પણ પાંચેય આચારોની વિશુદ્ધિ કરનારા હોવાથી એ પણ શ્રી જિનશાસનના મૂળરૂપ જ છે.

**શરણાગતિ આદિ ત્રણથી આચારશુદ્ધિ-**

(૧) શરણાગતિદ્વારા દર્શનાચારની વિશુદ્ધિ થાય છે.

(૨) દુષ્કૃત ગર્હાદ્વારા સર્વ આચારોની શુદ્ધિ થાય છે.

(૩) સુકૃત અનુમોદનાદ્વારા-ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારની શુદ્ધિ થાય છે.

એમ છ આવશ્યકોમાં અને પંચાચારાદિમાં

શરણાગતિ વગેરે ત્રણની વ્યાપકતા હોવાથી મુક્તિ-સાધનામાં તેની અનિવાર્યતા સિદ્ધ થાય છે.

**પાંચમા સમતાદ્વારમાં**–સર્વ ઈષ્ટાનિષ્ટ પ્રસંગોમાં અને માનાપમાનમાં સમતા કેળવવાની કળા તથા મૈત્રી આદિ ચાર ભાવનાઓનું સ્વરૂપ જણાવ્યું છે.

મૈત્રી આદિ ચારના અભ્યાસથી સર્વ જીવરાશિ સાથે ઔચિત્યપાલન અને તેનાથી સમતાની સિદ્ધિ થાય છે. વળી તે શત્રુતા, ઈર્ષ્યા, દ્વેષ અને અસૂયા વગેરે દોષોને દૂર કરી ચિત્તને નિર્મળ અને પ્રસન્ન બનાવે છે, ચિત્તપ્રસન્નતાથી ચિત્તની સ્થિરતા પ્રગટે છે અર્થાત્ ધર્મ–શુક્લધ્યાનની યોગ્યતા પ્રગટ થાય છે. માટે સમતાના અર્થી સાધકોએ તે મૈત્ર્યાદિનો સતત અભ્યાસ કરવો જોઈએ, કે જેથી આર્ત્ત–રૌદ્રધ્યાનથી બચીને ધર્મ-શુક્લધ્યાનમાં પ્રવેશ થાય.

**છઠ્ઠા ધ્યાનદ્વારમાં**–ચારેય ધ્યાનના પ્રકારો સહિત તેનું ટૂંકું સ્વરૂપ જણાવ્યું છે. જેમ કે–

(૧) આર્ત્તધ્યાનમાં-કામ–શબ્દાદિ વિષયોની ચિંતવના હોય છે.

(૨) રૌદ્રધ્યાનમાં–હિંસાદિ ક્રૂર પરિણામોની ચિંતવના હોય છે.

(૩) ધર્મધ્યાનમાં–શ્રી જિનપ્રણિત શ્રુત–ચારિત્ર-ધર્મનું ચિંતન હોય છે.

(૪) શુક્લધ્યાનમાં-મુખ્યતાએ નિરંજન શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતન-ધ્યાન હોય છે.

શુભ ધ્યાન વિના સમતા-સમાધિ સિદ્ધ થતી નથી, તેથી સમાધિલાભ માટે શુભ ધ્યાનનો અભ્યાસ પણ અત્યંત જરૂરી છે.

આ રીતે સમાધિલાભદ્વારમાં વિવિધ વિષયોનું વર્ણન કરીને શેષ સંલેખનાદિ અંતિમ આરાધનાનો વિધિ ઘણા વિસ્તારથી વર્ણવ્યો છે.

આમ એકંદર આ ગ્રન્થ આગમો, યોગશાસ્ત્રો અને અધ્યાત્મશાસ્ત્રોના દોહનરૂપ છે. તેમાં આગમ, યોગ અને અધ્યાત્મ-એમ ત્રણેય પ્રક્રિયાનો જે સુમેળ સધાયો છે, તે સુજ્ઞ પાઠકો ગ્રન્થના અધ્યયન, વાચન અને મનનદ્વારા સમજી શકે તેમ છે.

આ ગ્રન્થ ચતુર્વિધ શ્રીસંઘની આરાધનામાં શ્રી ઉપમિતિ અને સમરાઇચ્ચ કહાની જેમ અત્યંત ઉપયોગી અને ઉપકારી નીવડશે, એમાં લેશ માત્ર શંકા નથી.

આવા વિશાલકાય ગ્રન્થનો ગુજરાતી અનુવાદ કરીને સકલ સંઘને આરાધનામાં સહાયક થવાનું જે પુણ્યકાર્ય આચાર્ય શ્રી વિજયભદ્રંકરસૂરિજીએ કર્યું છે, તે ખૂબ જ અનુમોદનીય અને અભિનંદનીય છે.

પ્રાન્તે, સૌ કોઈ પુણ્યાત્માઓ આ ગ્રન્થનું વાચન–ચિંતન–મનન કરીને આરાધનાનો વિકાસ સાધી પરમ શાન્તિ–સમાધિને પામો, એ જ એક મંગલ અભિલાષા.

પં૦ ભદ્રંકરવિજય ગણી તથા
આ૦ વિજયકલાપૂર્ણસૂરિ.
બેડા (મારવાડ)
વિ. સં. ૨૦૩૨–જ્ઞાનપંચમી

# સંવેગરંગશાળા એ સંવેગની રંગશાળા છે.

રંગશાળા એટલે નાટ્યભૂમિ–નાટકશાળા !

જ્યાં નૃત્ય અને અભિનયની કળાદ્વારા લોકમાનસમાં કરુણ, ભય, હાસ્ય, શૃંગાર, વગેરે વિવિધ પ્રકારના રસો–ભાવો ઉત્પન્ન કરી શકાય, એવા પ્રયોગો શીખવાડાય કે બતાવાય તેને રંગશાળા કહેવાય છે.

ભિન્ન ભિન્ન ઉદ્દેશાનુસાર રંગશાળા પણ અનેક પ્રકારની હોઈ શકે. તેમાં અહીં મુખ્યતયા બે પ્રકારની રંગશાળા વિચારવાની છે.

એક છે સંસારરંગશાળા ! બીજી છે સંવેગરંગ-શાળા !!

સંસારરંગશાળાના સૂત્રધાર મોહરાજા છે અને રાગ–દ્વેષાદિ તેના પ્રતિનિધિઓ છે. સંવેગરંગશાળાના સૂત્રધાર ધર્મરાજા છે અને તીર્થંકર–ગણધરાદિ તેના પ્રતિનિધિઓ છે.

સંસારરંગશાળા અતિ વિશાળ અને વિલક્ષણ પણ છે. સો, હજાર કે લાખ-ક્રોડ નહિ, સંખ્યાતીત-અનંતા સંસારી જીવો આ રંગશાળાનાં પાત્રો-સભ્યો બની વિવિધ નાચ-ગાન કરી રહ્યા છે. દુનિયાનો એવો કોઈ પાત્ર નથી, કે જેનો પાર્ટ-વેશ સંસારી જીવોએ ભજવ્યો ન હોય ? તે પણ એક-બે વાર નહિ, પણ અનંતીવાર !

ક્યારેક રંકના તો ક્યારેક રાજાના, ક્યારેક પશુયોનિના તો ક્યારેક પંખીપણાના, ક્યારેક દેવોની દુનિયાના તો ક્યારેક નારકપણાના, એમ વિવિધ વેશ ધારણ કરીને બધા સંસારી જીવો, અનાદિ-અનંતકાળથી આ ચતુર્ગતિમય સંસારભૂમિ ઉપર નાચી રહ્યા છે.

નાચવામાં આટ-આટલો દીર્ઘકાળ પસાર થવા છતાં નથી જીવને થાક લાગ્યો, કે ન તો એને સાચું આત્મભાન થયું !

ખરેખર ! સંસારરંગશાળાના કુશળ સૂત્રધાર મોહ-રાજની મોહિની જ કોઈ એવી જાદુઈ છે, કે જેને એ મોહિની લાગે તે પૂરેપૂરો આત્મભાન ભૂલી જાય છે. હું કોણ ? વગેરે વાસ્તવિક ઓળખ જ મોહવશ જીવને કદાપિ થઈ શકતી નથી.

દુનિયાના કહેવાતા નૃત્યકારો તો રંગભૂમિ ઉપર ચાહે રંકનો પાર્ટ ભજવે કે ચાહે રાજાનો ! પણ નથી તો એ પોતાને રંક માનીને દુઃખ-દીનતા અનુભવતો, કે

રાજા માનીને નથી સુખ-હર્ષની ઊર્મિઓ અનુભવતો !!

વેશથી ભલે હું રંક કે રાવ કહેવાતો હોઉં, પણ મારું વ્યક્તિત્વ તો એ બન્નેથી તદ્દન ભિન્ન છે. આવો ખ્યાલ નૃત્યકારના દિલ-દિમાગમાં તદ્દન સ્પષ્ટ હોય છે.

સંસારી જીવાત્માની દશા તો એથી વિપરીત છે. મોહવશ એ જે કોઈ પાર્ટ-વેશ ભજવે છે, એને જ પોતાનું સ્વરૂપ માની લે છે. અને તે તે સ્વરૂપ-અવસ્થાને અનુસારે તે સુખ-હર્ષ કે દુઃખ-દીનતાની ઘેરી લાગણીઓના પ્રવાહમાં તણાતો જાય છે.

જેના ઉપર મોહની ઘેરી અસર છે, એ જીવની વિવેકદૃષ્ટિ ન ઉઘડવાના કારણે તેને પોતાનું અસલી સ્વરૂપ શું છે ? એ જણાતું નથી, માત્ર સંસારમાં જ સુખ છે, સાર છે, એવી મિથ્યા ભ્રમણામાં જ તે રમે છે.

ઘણી ઘણી પીડાઓ અને આપત્તિઓ જીવનમાં અને જગતમાં પ્રત્યક્ષ જોવા, જાણવા અને અનુભવવા છતાં મોહવશ નથી તો તેને સંસારની અસારતા સમજાતી, કે નથી તો સ્વ-સ્વરૂપની એને સાચી પીછાણ થતી !

## સંસાર અને સંવેગની વિશેષતા-

સંસારરંગશાળા એ રંગશાળા નહિ પણ રંકશાળા છે ! જેમાં અનંતજ્ઞાનાદિ ગુણસંપત્તિ અને અવ્યાબાધ સુખસંપત્તિના સ્વામી એવા આત્મરાજાને, મોહ-ભાન

ભૂલાવીને એક દીન-હીન-રંક જેવી દુર્દશા કરીને, ચતુર્ગતિમય સંસારમાં ઠેર ઠેર પીડા અને પરાભવ પમાડતો ભિખારીની દશામાં નચાવી રહ્યો છે.

જોઈ જોવાય નહિ અને સહી સહેવાય નહિ, એવી સંસારી જીવોની આ કરુણ દશા જોઈને ધર્મરાજાના પ્રતિનિધિ શ્રી તીર્થંકર પરમાત્મા જીવોને મોહના બંધનથી સદાય છોડાવે; એટલું જ નહિ, જીવમાંથી શિવ, નરમાંથી નારાયણ, કે આત્મામાંથી પરમાત્મા બનાવે; એવા એક તીર્થની સ્થાપના કરે છે, કે જેને "જિનશાસન"ના નામે કે "સંવેગરંગશાળા"ના નામે પણ ઓળખી શકાય છે.

શ્રી તીર્થંકર પરમાત્માના કથન અનુસાર સંસારનું સ્વરૂપ યથાર્થ સમજીને સંસારરંગશાળાના સભ્યપદેથી મુક્ત થઈને જીવ જો સંવેગરંગશાળાનું સભ્યપદ સ્વીકારે, તો તે રંક મટીને રાજા કે આત્મામાંથી પરમાત્મા બની જાય છે! આ છે સંવેગરંગશાળાનો અજબ-ગજબનો મહિમા!!

સંવેગરંગશાળાના સભ્ય બનવા માટે સૌ પ્રથમ સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણવું જરૂરી છે. મોહને વશ પડેલા જીવોને ભૌતિક પદાર્થોની ક્ષણિક મધુરતા-સુંદરતા જોઈને સંસાર સુખમય અને સારમય દેખાય છે, તે તેઓની નરી ભ્રમણા છે. જ્યાં સુધી આ ભ્રમણા ન ભાગે, ત્યાં સુધી સંવેગભાવ પ્રગટી શકતો નથી.

## જીવનું અને જગતનું યથાર્થ સ્વરૂપ-

જ્ઞાનીઓના કથન મુજબ સંસારને યથાર્થ ઓળખીએ, તો સંસાર પ્રત્યેની જે ભ્રામક દૃષ્ટિ છે તે ટળી જાય છે. જ્ઞાનીઓએ તો સંસારને દુઃખમય, પાપમય, અજ્ઞાનમય, પ્રમાદમય અને કષાયમય કહ્યો છે; જીવનું સ્વરૂપ તો તેથી વિપરીત પૂર્ણ જ્ઞાનમય અને પૂર્ણ આનંદમય છે, એમ કહ્યું છે.

સંસાર એ જીવની સહજ નહિ, વિકૃત અવસ્થા છે, આત્માનું એક દૃઢ બંધન છે. જીવને ભવમાં ભટકાવનાર જો કોઈ હોય, તો તે એક માત્ર મોહ છે; અને આ મોહ તે બીજું કોઈ નહિ, પણ તત્ત્વથી પોતાના સ્વરૂપનું અજ્ઞાન અને તેથી પ્રગટતા રાગ-દ્વેષાદિ મલિન પરિણામ જ છે. મોહ બહારનો નહિ પણ ભીતરનો જ એક ભયંકર શત્રુ છે.

## શ્રદ્ધા અને સંવેગ-

પરમ જ્ઞાનીપુરુષોના આ યથાર્થ કથન પ્રત્યે જો વિશ્વાસ-શ્રદ્ધા પ્રગટે, તો તે જીવોનું કલ્યાણ થતાં વાર ન લાગે! પછી મોહની તાકાત નથી કે-એ જીવને તે પોતાની ઈચ્છા મુજબ નચાવી શકે કે સંસારમાં ભટકાવી શકે! જગતના અને જીવના યથાર્થ સ્વરૂપની શ્રદ્ધા થતાં જ જીવને સંસાર હેય અને પોતાનું શુદ્ધ સ્વરૂપ જ એક ઉપાદેય લાગે છે.

આ દુઃખમય સંસારથી ક્યારે છૂટું અને મારા

સુખમય–જ્ઞાનમય સ્વરૂપને ક્યારે પ્રગટ કરું? આ જ એક ઝંખના–ભાવના તેના પ્રતિ પ્રદેશે ગૂંજી ઊઠે છે. સંસારથી મુક્ત થવાની અને સ્વસ્વરૂપ પ્રગટાવવાની આ તીવ્ર અભિલાષા, તેનું જ નામ "સંવેગ" છે. અંતરના આંગણે આ શ્રદ્ધા અને સંવેગરસનું ઝરણું અવિરત વહેતું રહે, એ માટે જ્ઞાનીભગવંતોએ બતાવેલા જુદા જુદા દૃષ્ટિકોણથી સંસારના યથાર્થ સ્વરૂપનો વિચાર કરવો જરૂરી છે. તે ટૂંકમાં આ રીતે થઈ શકે છે.

**(૧) સંસાર દુઃખમય છે**–ચતુર્ગતિમય સંસારમાં સર્વત્ર દુઃખ છે. જન્મ–જરા–મરણના તથા આધિ–વ્યાધિ–ઉપાધિના ત્રિવિધ તાપ જીવને સર્વત્ર ભોગવવા પડે છે. સંસારમાં એવું કોઈ સ્થાન નથી, કે જ્યાં જન્માદિનાં એ અસહ્ય દુઃખો ન હોય?

० સુખી મનાતી દેવોની દુનિયામાં પણ ચ્યવન વગેરેનાં વિવિધ દુઃખો ઉપરાંત તીવ્ર લોભને વશ ઈર્ષ્યા, અદેખાઈ, અપમાન, પરાભવ અને પરાધીનતાદિ પારાવાર દુઃખો રહેલાં છે.

० નારકીના જીવનમાં તો વિવિધ વેદનાઓ, ત્રાસ, રીબામણ, વગેરે દુઃખ સિવાય બીજું કશું જ નથી, એમ સર્વ આસ્તિક દર્શનકારો કહે જ છે.

० તિર્યંચોની વિશાળ દુનિયામાં પણ ભૂખ, તરસ, વધ, બંધન, પરસ્પર સજાતીય–વિજાતીય વૈર,

અજ્ઞાન, મુંગાપણું, પરાધીનતા અને સર્વત્ર ભયભીત-પણું, વગેરેના જે ત્રાસ અને પીડાઓ છે, તે સર્વ કોઈને પ્રત્યક્ષ જ છે.

૦ બાકી રહ્યા માનવો! ત્યાં કંઈક સુખની કલ્પના ઘણાને હોય છે, તે પણ એક ભ્રમણા છે. માનવના માથે પણ જન્મ-મરણ વગેરેના ત્રાસ ઉપરાંત ગણ્યાં ગણાય નહિ, એટલાં વિવિધ દુઃખો, ભયો અને ત્રાસ ઝઝુમી રહ્યા છે. સારું સૌન્દર્ય, ઘણી સંપત્તિ, કે મોટી સત્તા-મહત્તા મળી જવા માત્રથી જીવનમાં સુખ કે શાન્તિ મળી શકતી નથી! કહેવાતા શેઠ, શાહુકાર કે સત્તાધીશોના જીવન-કવન વગેરે જો વિચારીએ, તો સમજાય કે-એઓના માનસિક તાપ, સંતાપ અને ઉકળાટ કેવા અસહ્ય અને અકથ્ય હોય છે!

ઈષ્ટના વિયોગ અને અનિષ્ટના સંયોગની કારમી ચિંતાઓ ચિતાની જેમ માનવના દિલ-દિમાગને સતત બાળતી હોય છે! અને વિષય-કષાયોની ભયાનક આગ સદા દઝાડતી હોય છે!! આવાં તો કેટ-કેટલાય દુઃખ-સંતાપ હોય છે માનવજીવનમાં પણ!

આ રીતે સંસારની દુઃખમયતાનો યથાર્થ વિચાર કરતાં અંતરમાં કરુણરસ અને તેનાથી સંવેગભાવ પ્રગટે છે, ઉપરાંત તે પ્રગટ્યો હોય તો વધુ પુષ્ટ બને છે.

**(૨) સંસાર પાપમય છે**-જીવલોકમાં સર્વત્ર મત્સ્ય-ગલાગલન્યાય પ્રવર્તે છે. મોટો નાનાને દબાવે-

સબળ નિર્બળને ફાડી ખાય, એમ દરેક જીવ અધિક બળવાનથી–મોટાથી સદા ભયભીત હોય છે.

પીડા, ત્રાસ, દુઃખ કોઈને ગમતાં નથી, છતાં નાના–મોટા બધા સ્વાર્થ માટે એકબીજાને દુઃખી કરતા હોય છે; એટલું જ નહિ, કોઈ તો પ્રાણ લેતાં પણ અચકાતા નથી.

જ્ઞાનીપુરુષો પરપીડાને જ પાપ કહે છે. તે પાપ સંસારમાં સર્વત્ર વ્યાપક દેખાય છે. જીવલોકની આ પાપમયતાનો વિચાર જીવને રૌદ્રસ્વરૂપ સંસારની અસાર-તાને સમજાવે છે, તેથી સંવેગભાવની વૃદ્ધિ થાય છે.

**(૩) સંસાર અજ્ઞાનમય** છે–સ્વપીડા એ દુઃખ છે અને પરપીડા એ પાપ છે! દુઃખનું મૂળ પાપ અને પાપનું મૂળ અજ્ઞાન છે. સ્વપીડા (દુઃખ) એ પરપીડા-(પાપ)નું ફળ છે. પરંતુ એ જ્ઞાન જીવોને ન હોવાથી તે બીજાને પીડાકારક પ્રવૃત્તિ કરી રહ્યા છે.

સર્વ કોઈ સુખને જ ઇચ્છે છે, પણ પ્રવૃત્તિ પરપીડાકારક હોવાથી સુખના સ્થાને દુઃખ જ આવી પડે છે. પોતાના દુઃખમય ભાવિનું સર્જન જીવ પોતે જ સ્વયં કરતો હોય છે. પરપીડાકારક પ્રવૃત્તિ કરવાના કારણે જ તો!

આમ અજ્ઞાનતાના ઘોર અંધકારથી જ જીવની ભયાનક દુઃખમય અને પાપમય સ્થિતિ સર્જાય છે,

તેથી જીવો સંસાર અટવીમાં ભૂલા ભટકતા રહે છે. આ અજ્ઞાનમયતાના વિચારથી સંસારની ભયાનકતા–અસારતા જ્યારે સ્પષ્ટ થાય છે, ત્યારે સંવેગભાવ અત્યન્ત પુષ્ટ થતો રહે છે!

(૪) **સંસાર અવિરતિમય છે**–કેટલાક પુણ્યશાળી જીવાત્માઓને તથાભવ્યત્વનો પરિપાક થવાથી દેવ–ગુરુ–ધર્મની સામગ્રી મળતાં વિવેકદષ્ટિ પ્રગટે છે ત્યારે દેહ અને આત્માની ભિન્નતા, બન્નેના ગુણ–ધર્મની ભિન્નતા, વગેરે ભાન તેઓને થાય છે; છતાં ચારિત્ર-મોહની પ્રબળતાથી સમજવા છતાં તેઓ તદનુસાર આચરણ–વર્તન કરી શકતા નથી.

શરીર અશુચિનો ભંડાર છે, પંચેન્દ્રિયના વિષયો તુચ્છ, ક્ષણિક અને વિપાકે વિરસ છે, વગેરે જાણવા છતાં જીવ તેમાં જ આસક્ત બન્યા રહે છે. જ્ઞાનીપુરુષોને જે વૈષયિક પ્રવૃત્તિ જુગુપ્સનીય લાગે છે, તે જ અવિર-તિના કારણે અજ્ઞાનીને આનંદપ્રદ લાગે છે, તેથી તેનો ત્યાગ કરવા તે અસમર્થ બની રહે છે.

સંસારી અજ્ઞ જીવોની આ અવિરતિમય દશાનો યથાર્થ વિચાર પણ સંવેગભાવની પુષ્ટિમાં સહાયક બને છે.

(૫) **સંસાર પ્રમાદમય છે**–ચારિત્રમોહકર્મના ક્ષયોપશમથી કેટલાક પુણ્યાત્માઓ વિરતિધર્મમાં ઉજ-માળ બને છે અને સ્વ–પર કલ્યાણની ભાવના કરતાં

આરાધનામાં સદા પ્રવૃત્ત રહે છે. પરંતુ જેનું નામ "પ્રમાદ," ભલભલા યોગીઓને પણ જે ગર્તા કરતાં પણ ભયંકર એવી સંસારરૂપી ગર્તા(ખાઈ)માં ફેંકી દે છે, એ પ્રમાદથી આ ચારિત્રશીલ આત્મા સતત ભયભીત રહે છે. ક્યારે આત્મા અસાવધ બને અને પોતાના કર્તવ્યને ભૂલી જાય !, એ જ એક તક એ શોધતો રહે છે. લેશ પણ આત્મજાગૃતિ ખોટવાય કે તરત જ તે (પ્રમાદ) આત્મા ઉપર સ્વાર થઈ જાય છે અને આત્મા પોતાના કર્તવ્યોમાં બેદરકાર બની આચાર-માર્ગથી સ્ખલના પામે છે.

જ્યારે ભણેલો ભૂલ કરી બેસે છે, ત્યારે લોકને દયાને બદલે એની ભૂલ પ્રત્યે હસવું આવે છે. તેમ જ્ઞાની અને ચારિત્રસમ્પન્ન આત્માઓ પણ પ્રમાદથી જ્યારે પછડાટ ખાય છે, ત્યારે તેઓની સ્થિતિ સામાન્ય લોક માટે હાસ્યાસ્પદ જેવી બની રહે છે.

પ્રમાદ બહુલ જીવોની સ્થિતિનો આ વિચાર પણ સંવેગભાવના પ્રકર્ષમાં કારણ બની જાય છે અને પ્રમાદનો વિજય કરવાની પ્રેરણા આપી જાય છે.

સંસાર અસાર છે–હેય છે, એ બાબતને સચોટ સમજવા માટે જ્ઞાનીપુરુષોએ વિવિધતયા બતાવેલ સંસારસ્વરૂપનો યથાર્થ વિચાર કરવો જરૂરી છે.

ઉપર વિચાર્યું તે રીતે સંસારની દુ:ખમયતા, પાપમયતા, અજ્ઞાનમયતા, અવિરતિ બહુલતા અને

પ્રમાદપ્રચૂરતાના વિચારથી અનુક્રમે કરુણ, રૌદ્ર, ભયાનક, બીભત્સ અને હાસ્યાદિ ભાવોનું સંવેદન કરવાપૂર્વક સંવેગભાવને પુષ્ટ-પુષ્ટતર બનાવી શકાય છે.

કોઈ પણ ચીજની (સારી-નરસી) બે બાજુઓ (સાઈડો) તો હોય છે, પણ ભૌતિક પદાર્થોની ક્ષણિક સુંદરતા, મધુરતા અને મોહકતાને કારણે સંસારને સારમય કે સુખમય માનવો તે નરી ભ્રમણા છે.

ક્ષણિક, તુચ્છ, વિનાશી અને પરિણામે દારુણ એવા ભૌતિક પદાર્થોને કે એના સંયોગથી પ્રાપ્ત થતાં સુખોને સારા માનવાથી, રાગપૂર્વકનો પરિગ્રહ થવાથી કે ભોગ કરવાથી આત્માનું અહિત જ થાય, એ નિર્વિવાદ સત્ય છે. આ દૃષ્ટિએ સંસાર અસાર જ છે, પણ એની બીજી બાજુનો જો તાત્ત્વિક વિચાર કરીએ, તો અપેક્ષાએ એમાં સાર પણ છે.

## સંસારની સારભૂતતા-

જેમ આત્માનું અહિત અને અધઃપતન થાય તેવાં નિમિત્તો સંસારમાં છે, તેમ આત્મહિત અને ઉત્થાન થાય એવાં સદ્ આલંબનો પણ આ સંસારમાં જ છે. કહ્યું પણ છે કે-

"कटुकोप्येष संसारो, जन्मसंस्थितिदानतः ।
मान्यो मे यन्मया लेभे, जिनाज्ञास्यैव संश्रयात् ॥"

(નમસ્કાર માહાત્મ્ય પ્રકાશ-૧)

"જન્મ-મરણાદિ આપનાર હોવાથી આ સંસાર કટુક છતાં, એના જ આશ્રયથી મેં જિનાજ્ઞાને પ્રાપ્ત કરી તે કારણે મને એ માન્ય (પણ) છે." એક કવિએ પણ ગાયું છે કે-

"યે સંસાર અસાર સાર પણ, યામેં ઈતના પાયા ।
ચિદાનંદપ્રભુ સુમરન સેતી, ધરીયે નેહ સવાયા ।।"
(શ્રી ચિદાનંદજીકૃત પદ)

સંસારરંગશાળાની માયાજાળનું યથાર્થ ભાન કરાવી મોહના પાશમાંથી છૂટકારો અપાવનાર સંવેગ-રંગશાળા, અર્થાત્ જિનશાસન-જિનાજ્ઞા આ વિશ્વમાં સદાય વિદ્યમાન છે, એ જ આ સંસારની ઉજળી સારભૂત બાજુ છે.

આ સંવેગભાવની-જિનાજ્ઞાની પ્રાપ્તિ થતાં જ આત્માની ઉત્થાનયાત્રા શરુ થઈ જાય છે. માત્ર એના પ્રતિ પ્રીતિ, ભક્તિ અને તત્પરતા જાગવી જોઈએ! ભવ્યાત્મામાં સંવેગભાવનું બીજ પડતાં જ એની દુઃખ-મય સ્થિતિનો વિલય અને ચિત્તમાં આનંદ તથા પ્રસન્નતાનો સંચાર થવા માંડે છે. અને જેમ જેમ આ સંવેગભાવ વધતો જાય છે, તેમ તેમ સર્વ જીવો પ્રત્યેની આત્મીયતા ગાઢ બનતી જાય છે.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય ભાવના યથોચિત વિનિયોગદ્વારા જીવનમાં મધુરતા, અધ્યવસાય-વિશુદ્ધિ, કોમળતા અને નિશ્ચલતાની સ્થિતિનું સર્જન

કરી શકાય છે.

(૧) સંસારમાં માધુર્ય-કષાયોની પ્રબળતાના કારણે સંસાર કટુક છે, તો મૈત્રી આદિ શુભ ભાવોની અપેક્ષાએ મધુર પણ છે. કષાયો જેમ ચિત્તમાં સંક્લેશ અને સંતાપ પ્રગટાવે છે, તેમ મૈત્રી આદિ શુભ ભાવો જાગૃત થતાં મધુરતા, સંતોષ, કોમળતા અને પ્રસન્નતાનો આનંદ પણ પ્રગટે છે. અસંખ્યાત સમકિતદૃષ્ટિ આત્માઓ આવા માધુર્ય રસ વગેરેનો અહર્નિશ અનુભવ કરી રહ્યા છે.

(૨) સંસારમાં શૌર્ય-વૃત્તિ કરતાં પ્રવૃત્તિ અધિક પુરુષાર્થસાધ્ય છે. સમ્યગ્દર્શન-આત્મતત્ત્વની રુચિ-શ્રદ્ધા કે સર્વ જીવો પ્રતિ આત્મતુલ્ય દૃષ્ટિ-સ્નેહભાવ, એ દરેક વૃત્તિ( પરિણામ )સ્વરૂપ છે; ત્યારે ક્ષમા, નમ્રતા, સરળતાદિ ગુણો એ પ્રવૃત્તિસ્વરૂપ છે. ક્રોધના પ્રસંગે અપરાધીને ક્ષમા આપવી એ સહેલું નથી. શૂરવીર આત્મા જ અપરાધીને પણ (કંથચિત્) ઉપકારી માનીને ક્ષમા આપી શકે છે.

બાહ્ય શત્રુઓ પ્રતિ પણ શત્રુભાવ ઉત્પન્ન કરનાર અંતરંગ કામ-ક્રોધ-રાગ-દ્વેષ વગેરે મલિન અધ્યવસાયો છે. એનો વિજય મેળવ્યા પછી જગતમાં કોઈ શત્રુ દેખાતો જ નથી. જીવ માત્ર મિત્રતુલ્ય ભાસે છે. જે જે મહાપુરુષોએ અંતરંગ શત્રુઓને જીતીને આત્મશુદ્ધિ, સ્થિરતા અને સિદ્ધિ હાંસલ કરી છે, તેનો વિચાર

કરતાં તેઓએ દાખવેલી અદ્‌ભૂત શૂરવીરતા બદલ આપણું અંતર અહોભાવથી ઝૂકી પડે છે અને પોતાના અંતરંગ શત્રુઓનો વિજય કરવાનું શૂરાતન-ઊત્સાહ ઉલ્લસિત થાય છે.

**( ૩ ) સંસારમાં વિસ્મયતા**-આ સંસારમાં કર્મનો નિયમ સર્વત્ર ન્યાયપૂર્ણ છે. જે જેવી પ્રવૃત્તિ કરે છે, તેને તેનું તેવું જ ફળ મળે છે. કર્મરાજાના ન્યાયાલયમાં કોઇને ન્યૂનાધિક સજા કે સત્કાર થતો નથી.

ઘઊં વાવો તો ઘઊં, આંબો વાવો તો આંબો અને બાવળ વાવો તો બાવળ જ ઊગે છે. કુદરતની વ્યવસ્થા સર્વત્ર સુવ્યવસ્થિત છે.

જીવનમાં કે જગતમાં બનતી પ્રત્યેક ઘટના પાછળ વ્યક્તિગત કે સમષ્ટિગત પુણ્ય-પાપરૂપ તથાપ્રકારનું કર્મ જ ભાગ ભજવતું હોય છે. ભૂલ-થાપ ખાવાની કોઈ સંભાવના કર્મના ન્યાયાલયમાં છે જ નહિ.

આ રીતે કર્મસત્તાની ન્યાયપૂર્ણતાનો વિચાર ચિત્તમાં વિસ્મયતાની લાગણી પ્રગટાવે છે, અદ્‌ભુતતાનો ભાવ પ્રગટે છે અને તેના દ્વારા પણ સંવેગભાવ પુષ્ટ બને છે.

**( ૪ ) સંસાર લીલાસ્વરૂપ પણ છે**-સંસારનું સર્જન અને સંચાલન જીવની સ્વેચ્છાથી જ થાય છે. જગતમાં ઈચ્છાસ્વાતંત્ર્ય છે. બળાત્કારે કોઈને કોઈ ઇચ્છા

ઉત્પન્ન કરાવી શકાતી નથી. ભવમાં ભટકવું કે પાર ઊતરવું, એ પણ (અપેક્ષાએ) જીવની પોતાની ઈચ્છાને આધીન છે. જીવ દરેક પ્રવૃત્તિ પોતાની ઈચ્છાથી જ કરે છે.

અમુક પ્રકારની ઈચ્છા થવી અને અમુક પ્રકારની ઈચ્છા ન થવી, એમાં જીવનું પોતાનું જ તથાપ્રકારનું તથાભવ્યત્વ અથવા સહજમળ એ જ કારણભૂત છે.

ભવનું રૌદ્ર અને મોક્ષનું સૌમ્ય સ્વરૂપ જાણ્યા પછી પણ ભવમાં ભમવાની ઈચ્છા કે મોક્ષપ્રાપ્તિની ઈચ્છા થવી, એની પાછળ જીવની પોતાની યોગ્યતા, કે જે સહજમળની વૃદ્ધિ કે હ્રાસરૂપ છે, તે સૂચિત થાય છે. આ સહજમળને અન્ય દર્શનકારો દિદૃક્ષા અને ભવબીજ કહે છે.

ઈચ્છારૂપ લીલાનો આ વિચાર પણ સંવેગ–વૈરાગ્ય વગેરેની વૃદ્ધિ કરે છે અને તેથી સંસાર પ્રતિનો પક્ષપાત મંદ પડી જાય છે.

(૫) જગત પૂર્ણ છે–'દૃષ્ટિ તેવી સૃષ્ટિ'–એ ઉક્તિ અનુસાર જેની દૃષ્ટિ પૂર્ણ છે, તેને જગત પૂર્ણ દેખાય છે.* શુદ્ધ ચિદાનંદમય પૂર્ણસ્વરૂપને પામેલા શ્રી સિદ્ધભગવંતો સમગ્ર જગતને પૂર્ણ જુએ છે. એટલું જ નહિ, જેને આત્માના પૂર્ણ શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા–રુચિ પ્રગટી ચૂકી છે, એવા અસંખ્યાત સમ્યગ્દૃષ્ટિ જીવો પણ

* 'सच्चिदानंदपूर्णेन पूर्णं जगदवेक्ष्यते ॥' (જ્ઞાનસાર)

મહાપુરુષોના વચનાનુસાર જગતને પૂર્ણતાની દૃષ્ટિથી જુએ છે.

શ્રી સર્વજ્ઞભગવંતો કહે છે કે-દ્રવ્યની અપેક્ષાએ જીવ માત્ર પૂર્ણ છે. જીવનું જે પૂર્ણ જ્ઞાન અને પૂર્ણાનંદમય સ્વરૂપ છે, તે દરેક જીવનું સમાન છે. શ્રી સિદ્ધપરમાત્માનું જે સ્વરૂપ પ્રગટ છે, તે જ સ્વરૂપ દરેક જીવમાં અપ્રગટ રહેલું જ છે. પ્રત્યેક જીવો દ્રવ્યથી એક સરખા જ છે, જીવ-જીવ વચ્ચે કોઈ ભેદ-તારતમ્ય સંભવતું નથી. જીવ માત્રમાં ચિદાનંદમય પૂર્ણતા રહેલી છે.

આ રીતે જીવ માત્રના પૂર્ણ-શુદ્ધ સ્વરૂપનો વિચાર આત્મામાં અપૂર્વ શાન્તસુધારસને ઉલ્લસિત કરી દે છે. પછી કોઈ જીવ પ્રત્યે તીવ્ર દ્વેષની કે કોઈ જડ વસ્તુ પ્રત્યે તીવ્ર રાગની લાગણી પ્રગટી શકે નહિ. અર્થાત્ રાગ-દ્વેષની ઉત્કટતા શમી જાય છે અને ચિત્ત અપૂર્વ સમતારસનો આસ્વાદ અનુભવતું થઈ જાય છે.

**( ૬ ) સંસારમાં વાત્સલ્યની અમીવૃષ્ટિ**-શ્રી અરિહંતાદિ પાંચેય પરમેષ્ઠિ ભગવંતો સકળ જીવરાશિ પ્રત્યે પરમ કરુણા અને વાત્સલ્યને ધારણ કરનારા તથા વરસાવનારા છે.

જેમનું સમ્યગ્દર્શન પૂર્ણ-ક્ષાયિકભાવે પ્રગટેલું છે, એવા શ્રી સિદ્ધભગવંતો અને શ્રી અરિહંત પરમાત્માઓની નિઃસ્વાર્થ કરૂણા અને વત્સલતાની વૃષ્ટિ વિશ્વમાં

સર્વત્ર થઈ રહી છે. એવો કોઈ પ્રદેશ કે કોઈ સ્થાન નથી, જયાં પરમાત્માની અતુલ કરુણાની વૃષ્ટિ કે અનંતજ્ઞાનનો પ્રકાશ ન હોય!

આ અગાધ કરુણાનો અને જ્ઞાનપ્રકાશનો આત્માને સ્પર્શ નથી થતો, તેમાં તેની પોતાની દૃષ્ટિ જ દોષપાત્ર છે. સમગ્ર વિશ્વને અજવાળતાં રવિકિરણો ઘુવડને પ્રકાશ-દાયી નથી બનતાં, એમાં ઘુવડની દૃષ્ટિનો જ દોષ છે ને?

જો શાસ્ત્રદૃષ્ટિથી પરમાત્માની આ વિશ્વવત્સલતાને વિચારીએ, તો આપણા ચિત્તમાં આશા અને ઉત્સાહનો અમૃત છંટકાવ થાય અને ઘર કરી રહેલી દીનતા, હતાશા, શોક, ભય તથા ચિંતાની સઘળી લાગણીઓ ક્ષણમાં નષ્ટ થઈ જાય.

પરમાત્માની સર્વગામી વત્સલતામાં આત્માને સ્નાન કરાવીને પછી જુઓ કે તમારામાં કેવી જાગ્રતિ અને સ્ફૂર્તિ ખીલી ઉઠે છે?

આ રીતે જુદા જુદા દૃષ્ટિકોણથી વિવિધ રીતે સંસારની અસારતાનો અને સારતાનો તાત્ત્વિક વિચાર આત્મવિકાસના અનન્ય પાયારૂપ સંવેગાદિ ભાવોની અધિકાધિક વૃદ્ધિ કરે છે.

## શાસ્ત્રજ્ઞાનની મહત્તા-

જીવને ભવમાં ભટકાવનાર અને પોતાના શુદ્ધ ચિદાનંદમય સ્વરૂપથી અજ્ઞાત-વંચિત રાખનાર જીવનો

પોતાનો અજ્ઞાનજન્ય દુર્ભાવ જ છે. બગડેલા આ ભાવને સુધારવા અને વ્યાપેલા અજ્ઞાન અંધકારને દૂર કરવા માટે શ્રી જિનાગમનો અને તેમાં જણાવેલાં સદનુષ્ઠાનોનો આશ્રય લેવો અનિવાર્ય છે. એ વિના જીવનું અજ્ઞાન અને તજ્જન્ય દુર્ભાવાદિ દુષ્ટ ભાવો કદાપિ ટળી શકે તેમ નથી.

પરમજ્ઞાની શ્રી જિનેશ્વર ભગવંતો આજે અહીં ભલે વિદ્યમાન નથી, પણ તેઓનો ચિંધેલો મોક્ષમાર્ગ તો આજે પણ શાસ્ત્રોમાં અકબંધ સચવાયેલો વિદ્યમાન છે. અનેક ભવ્યાત્માઓ તેનું આલંબન લઈને પોતાના સ્વરૂપને પ્રગટાવી ગયા છે અને પ્રગટાવી રહ્યા છે.

## પ્રસ્તુત ગ્રન્થની ઉપકારકતા–

"સંવેગરંગશાળા" નામનો આ અદ્‌ભુત ગ્રન્થ પણ મોક્ષમાર્ગની આરાધના કેમ કરવી ? એનું સચોટ–સર્વાઙ્ગીણ માર્ગદર્શન પૂરું પાડે છે. પ્રાકૃતશૈલિમાં દશ હજાર ઉપરાંત ગાથાપ્રમાણ રચેલા વિશાળકાય આ ગ્રન્થમાં 'પરિકર્મ' વગેરે મુખ્ય ચાર દ્વારો અને તેના અનેક પેટાદ્વારો દ્વારા મોક્ષમાર્ગની આરાધનાનાં વિવિધ પાસાઓનું સુંદર, સચોટ અને વિસ્તૃત વર્ણન કર્યું છે. સાથે મોક્ષના બીજભૂત સંવેગાદિ ભાવોની મહત્તા દર્શાવીને તેને પ્રગટાવવાની અદ્‌ભુત પ્રેરણા જ નહિ, યુક્તિઓ પણ આપી છે.

## સંવેગભાવની પ્રભાવકતા-

સર્વ ગુણોમાં પ્રધાન ગુણ સંવેગ છે! તેની પ્રાપ્તિ થતાં જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન, દર્શન સમ્યગ્દર્શન અને ચારિત્ર સમ્યક્ચારિત્ર બની જાય છે, માટે રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગની આરાધનાનું મૂળ સંવેગ છે.

આ સંવેગભાવપૂર્વક હૃદયના ભાવોલ્લાસથી એક વાર પણ જો મહામંત્ર નમસ્કારનું સ્મરણ થાય, તો જન્મ-જન્માન્તરનાં ઢગલાબદ્ધ કારમાં કર્મો પળવારમાં બળીને ખાખ થઈ જાય છે. જેને લીધે સંસારમાં રહેવાની-કર્મના સંબંધથી બંધાવાની ઈચ્છા જાગે છે, તે સહજ-મળનો હ્રાસ અને જેના પ્રભાવે મોક્ષગમનની યોગ્યતા વિકસે છે, તે તથાભવ્યત્વનો પરિપાક, ૧-દુષ્કૃત ગર્હા, ૨-સુકૃત અનુમોદના અને અને ૩-ચતુઃશરણગમન રૂપ સાધનત્રયીથી થવા લાગે છે.

આ સાધનત્રયી જેમ શ્રી જિનકથિત પ્રત્યેક અનુષ્ઠાનોમાં અંતર્ભૂત છે, તેમ શ્રી નમસ્કાર મહામંત્રમાં પણ એ વ્યાપીને રહેલી છે. જેમ કે-

## શ્રી નમસ્કાર મહામંત્રમાં દુષ્કૃત ગર્હાદિ સાધનત્રયી-

શ્રી અરિહંતાદિ ચારેય મહામંગલ છે અને લોકોત્તમ છે, તેથી તેઓનું શરણ સ્વીકારતાં કે સમ્યક્ સ્મરણ કરતાં દુષ્કૃત-પાપની અમંગલતાનો અને સુકૃતની મંગલમયતાનો યથાર્થ બોધ થાય છે. તેના પરિણામે દુષ્કૃત્ય હેય અને સુકૃત્ય ઉપાદેય જણાય છે.

શ્રી અરિહંતાદિ પાંચેય પરમેષ્ઠિઓ આ સર્વ દુષ્કૃત્યોના ત્યાગી અને સુકૃતના ભંડાર છે, તેથી જ તેઓને કરેલો નમસ્કાર આપણામાં દુષ્કૃત્યની ગર્હાનું અને તેના ત્યાગનું તથા સુકૃત્યની અનુમોદનાનું અને તેની આરાધાનાનું બળ પૂરે છે, સામર્થ્ય પ્રગટાવે છે.

## ગ્રન્થકાર અને તેની પ્રાચીનતા–

પ્રસ્તુત ગ્રન્થમાં આવી અનેક ઉપકારક બાબતો સૂચિત થયેલી છે. એમ બારમી સદીની પ્રથમ પચ્ચીશીમાં રચાયેલા આ ગ્રન્થરત્નની રચના અને રજૂઆત અદ્ભૂત છે, અતિ ઉપકારક છે.

**નવાંગીટીકાકાર, પરમગીતાર્થ શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજાના વડીલ ગુરુબંધુ શ્રી જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજ આ ગ્રન્થના કર્તા છે.** શ્રી સકળ સંઘને આરાધનાનું સુંદર માર્ગદર્શન મળે, એ શુભાશયથી જ થએલી પોતાના લઘુ ગુરુબંધુની પ્રેરણા અને પ્રાર્થનાથી આ વિશાળકાય ગ્રન્થરત્નની તેઓશ્રીએ રચના કરી છે.

ભાવપૂર્વક એકાગ્રચિત્તે આ ગ્રન્થરત્નનું વાચન–શ્રવણ કરવાથી પત્થર જેવા કઠિન હૃદયમાં પણ સંવેગરસની સેર ફૂટ્યા વિના ન રહે, એવો ગ્રન્થનો એક એક શ્લોક, એક એક વાક્ય કે એક એક પદ પણ જાણે પરોપકારપરાયણ પૂ. ગ્રન્થકારમહર્ષિના સુવિશુદ્ધ અનુભૂત ભાવોનું પ્રતિબિંબ જ હોય, તેવી સ્પષ્ટ પ્રતીતિ તેના

વાચન-શ્રવણ વખતે હૃદયમાં ઉલ્લસિત થાય છે અને અપૂર્વ કોટિના સંવેગાદિ ભાવોથી વાચક-શ્રોતાને તરબોળ કરી દે છે.

## ગુજરાતી અનુવાદની ઉપકારકતા-

મૂળ પ્રાકૃતભાષામાં લખાએલા આ ગ્રન્થનું આજે ગુજરાતી અનુવાદરૂપે જે નવું પ્રકાશન થઈ રહ્યું છે તે ખૂબ જ આનંદપ્રદ છે. પ્રાકૃતભાષાના અજાણ જીવો પણ આ ગ્રન્થના વાચન-શ્રવણદ્વારા પોતાના આત્માને સંવેગાદિ ભાવોથી ભાવિત બનાવીને સ્વ-પરના આત્મ-કલ્યાણમાં તત્પર બની શકશે, એમાં આ ગુજરાતી અનુવાદનો અને અનુવાદકનો ઉપકાર નાનો-સૂનો નહિ લેખાય !

પૂજ્ય તપસ્વી શ્રીમદ્ ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજે પોતાને ચાલતી વર્ધમાન તપની મોટી મોટી અંતિમ ઓળીઓમાં પણ ઉત્સાહપૂર્વક આ ગુજરાતી અનુવાદ તૈયાર કર્યો છે. તેઓશ્રીની લેખનશૈલિ કેવી ધારાબદ્ધ અને ભાવવાહી છે, તેની અનુભૂતિ વાચકોને તેઓના હાથે લખાયેલા પુસ્તકોના વાચનથી થાય તેવી છે. આ ગ્રન્થના અનુવાદ પહેલાં પણ તેઓશ્રીના હસ્તે અનુવાદિત-સંપાદિત "ધર્મસંગ્રહ ભાષાન્તર ભા. ૧-૨, દશવૈકાલિકસૂત્ર" વગેરે અતિ ઉપયોગી ગ્રન્થો પ્રકટ થયા છે, જે આજે પણ શ્રીસંઘને ખૂબ જ ઉપકારક બની રહ્યા છે. તેમ આ ગુજરાતી અનુવાદ પણ સર્વજનસુખાય

અને સર્વજનહિતાય બની રહેશે, એ નિર્વિવાદ વાત છે.

આજથી લગભગ છ વર્ષ પૂર્વે આ ગ્રન્થની મૂળ પ્રાકૃતકૃતિ પ્રતાકારે પ્રકાશિત થઈ છે, જેનું સુંદર સંશોધન-સંપાદન આ જ આચાર્યમહારાજના લઘુ ગુરુભાઈ પૂજ્ય મુનિવર્ય શ્રી હેમેન્દ્રવિજયજી મહારાજે તથા પંડિત શ્રી બાબુભાઈ સવચંદે વર્ષોની મહેનતપૂર્વક તૈયાર કર્યું હતું, તેનો પણ ઉપકાર શ્રી જૈન સંઘ ન ભૂલે તેવો છે.

પ્રાન્તે, આ ગ્રન્થરત્નના વાચન અને શ્રવણથી પ્રત્યેક ભવ્યાત્માઓમાં સંવેગરંગની વૃદ્ધિ થાય અને પરંપરાએ પરમપદ-મોક્ષના શાશ્વત-અવ્યાબાધ સુખના ભોક્તા બને, એ જ એક શુભાભિલાષા !

卐

# ગ્રન્થમાં કહેલા સંવેગગુણનું સ્વરૂપ અને મહિમા.

મહામંગળસ્વરૂપ જે સંવેગગુણને આ વિશાળકાય ગ્રન્થમાં ગ્રન્થકારમહર્ષિએ વર્ણવ્યો છે, તેનું સ્વરૂપ પૂર્વમહર્ષિઓના શબ્દોમાં તેઓશ્રી જણાવે છે કે-

**एसो पुण संवेगो, संवेगपरायणेहिं परिकहिओ ।**
**परमं भवभीरुत्तं, अहवा मोक्खाभिकंखित्तं ॥**

અર્થાત્-સંવેગમાં પરાયણ એવા મહર્ષિઓએ **અત્યંત ભવભીરૂતાને અથવા મોક્ષની અભિકાંક્ષાને (આ) સંવેગ કહ્યો છે.**

અનાદિકાળથી જીવાત્મા જે પરમાત્માતુલ્ય છે, તેની સાથે ભયંકર-દ્રોહી એવો મોહ પોતાના કુટુંબ સહિત રહેલો છે અને પરાયા ઘરમાં વાસ કરીને રહેલો તે માલિક આત્માને વિવિધ રીતે પીડે છે. એથી આગળ વધીને કહીએ તો આત્મા પોતે જ મોહમાં મૂઢ થઈને તેને પોષે છે અને પોતાની સંપત્તિ લૂંટાવે છે. તત્ત્વથી

આ જ સંસાર છે, પણ મૂઢ આત્મા તે સમજતો નથી, તેથી ચારેય ગતિમાં અતિ આકરી પીડાઓ વેઠે છે.

તે પરિસ્થિતિમાં જ્યારે જીવાત્મા સભાન બને છે, ત્યારે સંસારથી અર્થાત્ મોહથી ભય-ભીત બને છે અથવા મોહથી છૂટવા ઈચ્છે છે. તે ભયને અથવા છૂટવાની તેની ઈચ્છાને સંવેગ કહેવાય છે.

આ સંવેગ વિના જીવાત્મા કદાપિ સાચા સુખને પામી શકવાનો નથી. જ્ઞાનીભગવંતો કહે છે કે-ઘણો કાળ તપશ્ચર્યા કરો, ચારિત્રને પાળો અને ઘણું પણ ભણો, છતાં જો તમે સંવેગ પામ્યા નથી, તો તે સર્વ ફોતરાંને ખાંડવાતુલ્ય છે. તથા આખા દિવસમાં જો ક્ષણ પણ સંવેગરસ પ્રગટે નહિ, તો આ બાહ્ય કાયકષ્ટરૂપ ક્રિયાઓથી શું કમાયા? વધારે શું કહીએ? પખવા-ડિયાને અંતે, મહિનાને અંતે, છ મહિને કે વરસને અંતે પણ જેને સંવેગરસ પ્રગટે નહિ, તેને અભવ્ય અથવા દુર્ભવ્ય જાણવો.

અર્થાત્ સંવેગ વિનાનું દીર્ઘ આયુષ્ય કે વિવિધ સુખસંપત્તિ, સઘળુંય તત્ત્વથી સંસાર-વર્ધક છે, મોહને જ પોષનાર છે. માટે આ ગ્રન્થનું પુનઃ પુનઃ વાંચન-શ્રવણ વગેરે કરવા દ્વારા એ ગુણને પ્રગટાવવો, એજ જીવનનું તાત્ત્વિક ફળ છે. ગ્રન્થકારમહર્ષિએ સમગ્ર ગ્રન્થમાં સંવેગરસનો પ્રવાહ રેલાવ્યો છે. તેનો સ્વાદ તો ગ્રન્થનું પરિશીલન કરનાર જ ચાખી શકે. વિશેષ શું કહેવું ?

॥ ॐ अर्हं नमः ॥

॥ नमः श्री प्रवचनाय ॥

॥ नमः श्रीं विजयसिद्धिसूरीश्वरेभ्यः ॥

પરમકૃપાળુ વિશ્વવત્સલ ભવ અટવી સત્થવાહ
સંસારસમુદ્રના નિર્યામક ભવોદધિતારક

# શ્રી અરિહંત પરમાત્માને
# સંસારી આત્માનું ભવભ્રમણ નિવેદન.

: પ્રકાશક :

શાહ સોભાગ્યચંદ નગીનદાસ

મુ. છાણી

કિંમત : પઠન-પાઠન

હે જિનેશ્વરદેવ ! આપના અનંત ઉપકારી આગમના પ્રભાવે મારી કથની કંઈક માત્ર જાણી શક્યો છું, તે આપનોજ પરમ ઉપકાર છે. આપ તો એ મારા ઈતિહાસને પૂર્ણ પૂર્ણ જાણો છો, હું તો તેમાંનો અનંતમો અંશ પણ જાણી શક્યો નથી, તો પણ જે અલ્પ માત્ર જાણ્યું છે તે મારી કાયાને કંપાવે તેવું છે. મેં મૂઢ અજ્ઞાનીએ આપના જેવા પરમ ઉપકારીઓ મળ્યા છતાં એવી ભૂલો કરી છે કે તે સ્વમુખે કહી શકાય તેમ પણ નથી. તો પણ હે દેવાધિદેવ! આપની સમક્ષ નમ્રભાવે એ હકીકતને રજુ કરી મારા આત્માને એ પાપના ભારથી કંઈક હલકો કરવા ઇચ્છું છું. આપ તો કરુણાના સાગર છો, સમુદ્ર સમાન ગંભીર છો, સેવકોના અપરાધો જાણવા છતાં આપ તો તેને હંમેશાં તારવા જ પ્રયત્ન કરો છો. એટલે આશા છે કે–મારા જેવા પાપીને પણ ઉગારશો, સન્માર્ગે દોરી સદાને માટે સુખી કરશો.

સાંભળો પ્રભો! મારા અતિ ઘણા દૂરના ભૂતકાળમાં તો હું અનાદિકાળથી સૂક્ષ્મ વનસ્પતિકાયમાં જ અનંતી વાર જન્મ્યો–મર્યો, એક માત્ર સોયની અણી જેવડા નાના શરીરમાં મારે અનંતા જીવોની સાથે રહેવાનું, પીડાનો પાર નહિ, પરાધીનતાનો સુમાર નહિ, સાથે આહાર, સાથે નિહાર, સાથે વિહાર, સાથે શ્વાસોશ્વાસ, પરસ્પરની પારાવાર પીડાઓ મેં અનંતાનંત પુદ્ગલપરાવર્તો સુધી વેઠી, કોઈ મારું રણીધણી નહિ,

કોઇનો આધાર નહિ, મુંગા મારની જેમ એ બધું એવું સહન કર્યું, કે જેને કહેવાના શબ્દો જ નથી. એક પુદ્ગલપરાવર્તનમાં તો અનંતી ઉત્સર્પિણીઓ-અવસર્પિણીઓ ચાલી જાય, એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી મળીને એક 'કાલચક્ર' થાય. તેમાં વીસ કોડાકોડ સાગરોપમ વહી જાય, એક સાગરોપમમાં દશ કોડાકોડ પલ્યોપમ પસાર થઈ જાય; અને એક પલ્યોપમ પણ નાનોસૂનો નથી, અસંખ્યાતાં (અગણિત) વર્ષો વહી જાય ત્યારે એક પલ્યોપમ થાય. તેમાં તો આજના જેવા કેટલાય ભવો થઈ જાય, કે જે ગણ્યા ગણાય પણ નહિ. હે ભગવંત! આવા અનંતાનંત પલ્યોપમો પૂરા થાય ત્યારે એક પુદ્ગલપરાવર્તન થાય. એવા તો અનંતાનંત પુદ્ગલપરાવર્તો મેં એ સૂક્ષ્મ વનસ્પતિકાયમાં જ વીતાવ્યા. નહિ જીભ કે નહિ નાક, નહિ આંખ કે નહિ કાન, અને મન તો મળે જ ક્યાંથી? આ મારી વિતક વાત કયા શબ્દોમાં કહું? આયુષ્ય તો એટલું ટૂંકું કે કોઇ કોઇ વાર તો એક શ્વાસોશ્વાસમાં સત્તરથી પણ અધિક જન્મ-મરણો થાય અને વધારેમાં વધારે પણ અંતર્મુહૂર્તથી તો વધારે જીવાય જ નહિ, ઉપજ્યો કે મર્યો જાણે. ઉપજવાનું-મરવાનું ચક્કર ચાલતું હોય તેમ બે ઘડી પણ પૂરું એક ભવમાં જીવવાનું નહિ. કોઇ વાર તો પૂરો એક શ્વાસ પણ લેવાનો અવસર મળ્યો નહિ અને એવી સ્થિતિમાં ત્યાં અનંતાનંત પુદ્ગલપરાવર્ત્તન કાળ

ગયો, હે ભગવંત ! એ દુઃખોને કેવી કારમી હાલતમાં મેં ભોગવ્યાં હશે તે તો આપ જ્ઞાની સમ્પૂર્ણ જાણી શકો છો. મારાં વેઠેલાં દુઃખોનું પણ મને આજે ભાન નથી. રે કરૂણાસમુદ્ર ! આપના વિના આ વિતકને કોણ સમજાવે ?

એમ કરતાં કોઇ એક મારા પરમ ઉપકારી જીવનો સંસારમાંથી (વ્યવહારરાશિમાંથી) મોક્ષ થયો, ત્યારે મને એ ખાલી પડેલી જગ્યા પૂરવાનો અવસર મળ્યો. હું એ અનાદિ દશામાંથી આગળ વધી (વ્યવહારરાશિ કે જ્યાં દરેક ગતિઓમાં દરેક જાતિમાં જીવ જન્મી શકે છે તે)માં આવ્યો. એ સિદ્ધપરમાત્માને મારા ક્રોડ-ક્રોડ વન્દન થાઓ, કે જેઓનાં મોક્ષથી મારી એ અનાદિ જેલ તૂટી અને હું વ્યવહારરાશિમાં (મન-વચન-કાયાનો શુભ વેપાર કરવાના બજારમાં) આવ્યો. પણ અનાદિ દરિદ્ર હું કોના બળે વેપાર કરીને કર્મના દેવામાંથી છૂટું ? તે વખતે પણ જીભ, નાક, આંખ, કાન, મન વિગેરે કંઇ નહિ. વ્યવહારરાશિમાં પણ માત્ર સ્થાવર એકેન્દ્રિયપણામાં અનંતો કાળ મારા કટ્ટા દુશ્મનો મોહ-અજ્ઞાન વગેરેએ મને રખડાવ્યો. પ્રારંભમાં તો મારું સ્વરૂપ બદલવા ન દીધું. માત્ર શરીર કંઈક મોટું મળ્યું પણ અનંતા જીવો વચ્ચે એક શરીરમાં બાદર નિગોદ (વનસ્પતિ)માં જ મને રોકી રાખ્યો. ત્યાં પણ અનંતા જીવોની અથડામણ તો એવી ને એવી જ ઉભી રહી.

ઉલ્ટી સૂક્ષ્મ નિગોદથી કેટલીક પીડા ત્યાં વધી. સૂક્ષ્મપણામાં તો મારા શરીરને કોઇ કાપતું નહિ, બાળતું નહિ, પાણીથી ભિંજાવી શકતું નહિ, પર્વતની શીલાઓ નીચે આવે તો પણ ચગદાતું નહિ, એટલું બધું તે શરીર સૂક્ષ્મ મળતું કે મને બહારથી કોઈ પીડા કરી શકતું નહિ. બાદર શરીરને તો કપાવાનો બળવાનો, ભિંજાવાનો, ચગદાવાનો સહજ પ્રસંગ બનતો. કંદમાં, મૂળિયામાં, બટેટાં, ગાજર, શક્કરીયાં, લસણ, ડુંગળી, મૂળા, થેગ, થોર, કુંઆર, આદુ વગેરેમાં હું ઉપજતો, ત્યારે લોકો મને મોંઢામાં નાખી ચાવી ખાતા, અગ્નિમાં શેકી, બાળી નાખતા, પત્થરો કે પગ નીચે ચૂરી નાખતા, શસ્ત્રોથી કાપીને ટૂકડા ટૂકડા કરી નાખતા, ઉપરાંત સાથે રહેલા અનંતા જીવોની પેલી પરસ્પરની પીડાઓ તો પારાવાર હતી જ. અનંતા કાલચક્રો સુધી ત્યાંની અકથ્ય આપત્તિઓમાંથી પસાર થઈને પૃથ્વીકાયમાં, અપ્કાયમાં, અગ્નિકાયમાં, વાયુકાયમાં, પ્રત્યેક વનસ્પતિકાયમાં, મારા જન્મો શરુ થયાં. ત્યાં મને આવગું સ્વતંત્ર શરીર મળતું. એટલું દુઃખ ઓછું, બાકી પીડાઓનો પાર ત્યાં પણ ન હતો. ઉલટું શરીર મોટું મળવાથી લોકો પોતાના જીવન માટે મારો ઉપયોગ કરી કરીને મને વિચિત્ર રીતે મારી નાખતા. મારા શરીરનો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, પાંદડાં, ફળ, ફૂલ, અનાજ વગેરે અનેક રીતે પોતાના જીવન માટે ઉપયોગ કરી બીજાઓ

જીવતાં અને હું એમના જીવન માટે ભોગ બની બનીને મરતો. એ રીતે દરેક એકેન્દ્રિયપણે વ્યવહારરાશિમાં પણ ભિન્ન ભિન્ન જાતિમાં હું ઉપજતો અને મરતો. તેવો પણ અનંતોકાળ, અનંતાનંત જન્મ-મરણથી મેં પૂરો કર્યો. એમ એક માત્ર સ્પર્શેન્દ્રિયને વશ પડેલા મને મોહાદિ શત્રુઓએ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ તથા ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘસંજ્ઞાથી (અસ્પષ્ટ) ચેતનાથી, અનંતી આપત્તિઓ ઉભી કરીને દુ:ખી દુ:ખી કર્યો. અને કોને કહું ભગવંત! શી રીતે કહું? બોલવા માટે પણ જીભ ન હતી, એમ કરતાં અનંતાનંત કાળે શુભ કર્મ પરિણામ રાજાને મારા ઉપર કંઈક દયા આવી અને મને સુખી કરવા તેણે મને જીભ આપી. એથી હું બેઇન્દ્રિયવાળો કહેવાયો, પણ માત્ર જીભથી શું કરી શકાય? આપને ઓળખ્યા વિના મિથ્યાત્વ-અજ્ઞાન-કષાયોને વશ થઈ જીભથી પણ મેં પાપો જ વધાર્યાં, સારા-ખોટા રસ(સ્વાદ)ને વશ પડી મેં ઉલ્ટાં દુ:ખોને વધાર્યાં. એમ બેઈન્દ્રિયપણામાં કોઈવાર શંખનો ભવ તો કોઈ વાર કોડાનો, જળોનો, અળશિયાનો, લાળિયા જીવોનો કે લાકડાંના કિડાનો, કોઇ વાર ગંડોલાનો, ચંદનકનો, કૃમિયાનો કે પાણીમાં પોરાનો અવતાર લઇને અનેક દુ:ખો વેઠ્યાં, પણ અજ્ઞાન અને મૂઢતાથી જે વેઠ્યાં એથીય નવાં ઘણાં વધાર્યાં. અને એનું પરિણામ એ આવ્યું કે-પુનઃ એકેન્દ્રિયપણામાં અનંતાં કાળચક્રો

ભમ્યો. તે એટલાં બધાં કે ત્યાં અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન થઈ ગયા. પુનઃ ભમ્યો, તેમાં અસંખ્યાતા કાળચક્રો પૃથ્વીમાં, અસંખ્યાતા અપૂકાયમાં, તેઉ–વાયુમાં પણ અસંખ્યાતા અને પ્રત્યેક વનસ્પતિમાં સીત્તેર કોડાકોડ સાગરોપમ સુધી ભટક્યો. એમ પાંચેય સ્થાવરમાં ભટકતાં એકસરખો અનંતાં કાળચક્રો જેટલો કાળ ગુમાવ્યો. પછી શુભ કર્મપરિણામની કૃપાથી તેઇન્દ્રિય થયો. ત્યાં મને સ્પર્શન, જીભ ઉપરાંત નાક મળ્યું, પણ કરું શું? અજ્ઞાને પેલા મોહાદિને ઓળખવા દીધા જ નહિ. એ શત્રુઓને વશ બનાવી ત્યાં પણ અગણિત પાપો કરાવ્યાં. કોઈવાર કાનખજુરો, તો કોઈ વાર માંકડ, કોઇ વાર જુઓનો અવતાર તો કોઈ વાર કીડી, ઉધેઈ, મંકોડી, ઇયળ, ધીમેલ, સાવા, છાણનો કીડો કે ધાન્યનો કીડો, કોઈ વાર કુંથુઓ ગોપાલિક, ગદ્ધૈયો, વિષ્ટામાં કીડા, તો કોઈ વાર ઇન્દ્રગોપ તરીકે અવતરીને ત્યાં પણ પ્રત્યેક ભવમાં, પ્રત્યેક જાતિમાં અનેકશઃ અપાર દુઃખો વેઠયાં. જાણે માણસ જાતિને જ જીવવાનો હક્ક હોય અને હું તો તેનો શત્રુ હોઉં તેમ જે જે જાતિમાં હું ઉપજ્યો, ત્યાં ત્યાં ભૂખ–તરસ, ટાઢ–તડકાના દુઃખોનો તો સુમાર ન હતો. ઉપરાંત માણસ જાતિ મને દેખે કે મારે, પ્રાણ લે, મેં શું બગાડ્યું હતું ભગવંત! હું અજ્ઞાન, લાચાર હતો, મારે કોઇને દુઃખી કરવાની ભાવના ન હતી, માત્ર જીવવા માટે વલખાં મારતો હતો, તો પણ માનવ જેવો માનવ મને નિર્દયપણે મારી નાંખતો. કોઈ વાર અગ્નિના ભડકે તો કોઈ વાર સખ્ત

તાપના તડકે, કોઈ વાર સાવરણીના સપાટે, તો કોઇ વાર ઘંટી, સાંબેલા ને સૂપડાંના ઝપાટે દેખે કે મારે, તો પણ મારું રક્ષક કોઇ નહિ, મારી દાદ-ફરિયાદને કોઈ સાંભળે નહિ. નાસીને કેટલે દૂર જાઉં ? તે વખતે મારું શું ગજુ હતું કે માનવની સામે હું મારી રક્ષા કરી શકું ? એ વખતે મારી કરુણા કરનાર હતા માત્ર જૈન સાધુઓ કે કોઈ જૈન ગૃહસ્થો ! એ પણ ઉપકાર આપનો જ હતો. હે ભગવન ! આપના કહેવાથી તેઓ મને દુઃખી કરતા નહિ, બીજાઓને મારી દયા કરવાનું સમજાવતા, કોઈ એમની વાતને માની જતા, તો હું બચી જતો. બાકી તો પશુ કે પક્ષી, માનવ કે દાનવ, બધાંય મારી પાછળ પડયાં હતાં. મારો મારો, કાઢો કાઢો, એ અહીં ઉપજ્યો જ કેમ ? જાણે આ જગતમાં મને કયાંય જીવવાનો અધિકાર જ ન હોય, તેમ સર્વત્ર સર્વ જાતિમાં હું ત્રાહી ત્રાહી પોકારતો જ રહ્યો, પણ મને કોણ બચાવે ? એમ પારાવાર કષ્ટો વેઠવા છતાં પેલા મોહના સુભટોએ મને જીવન જીવવા માટે એવાં પાપો કરાવ્યાં કે પાછો પાપના પંજે પડેલો હું એકેન્દ્રિયપણામાં પૂરાયો. ત્યાં પૃથ્વી પાણી વગેરેનાં વિવિધ દુઃખો પૂર્વની જેમ વેઠીને સંખ્યાત સાગરોપમાં પૂરા કર્યા. વળી શુભ કર્મપરિણામે દયા લાવી ચાર ઇન્દ્રિયવાળો બનાવ્યો. ત્યાં વધારામાં મને નેત્રો પણ મળ્યાં. છતાં અજ્ઞાનથી ઘેરાયેલા મારા જીવને એ નેત્રોથી લાભને

અદલે હાનિ થઈ. વઢકારી વહુએ દીકરા જણ્યાની જેમ નેત્રાથી મેં જીવનમાં સુખ માટે દોડધામ કરી મૂકી અને પેલી મોહની સેનાએ મને ઘોર પાપો કરાવી ભારે કરી દીધો. શું કરું ? ત્યાં પણ અજ્ઞાનથી સમજી શક્યો નહિ, શત્રુ છતાં મિત્રની જેમ મોહને વશ થઇ સુખી થવા માટે દુઃખોમાં મૂળ દૃઢ કરતો જ ગયો. અને સુખી તો થાઉં જ શી રીતે ? ચઉરિન્દ્રિયમાં પણ વિચ્છુ, ભમરો ભમરી, તીડ, મચ્છર, ડાંસ, બગાઈ, માખી વગેરેના ભિન્ન ભિન્ન અવતાર લઇને પેલીને આહારાદિની અવ્યક્ત સંજ્ઞાઓથી પ્રેરાઇને મેં જીવોનાં લોહી પીધાં, કરડી કરડીને ઝેર ચઢાવ્યાં, નાનકડું પણ મારૂં ઝેરભર્યું શરીર જેને-તેને ઝેર ચઢાવી ત્રાસ ત્રાસ આપતું અને એથી લોકો પણ મને દેખતા ત્યાં મારતા. એમ (સંખ્યાતા હજારો હજારો) વર્ષો સુધી ચઉરિન્દ્રિયપણે દુઃખો વેઠીને એકેન્દ્રિયમાં રખડયો. પુનઃ તેઇન્દ્રિયપણે હજારો વર્ષો દુઃખો વેઠી વળી પાછો એકેન્દ્રિયમાં ભટકયો. પુનઃ અસંખ્યાતા પુદ્ગલપરાવર્તો પછી ચૌરેન્દ્રિય થયો. ત્યાં પણ હજારો વર્ષો દુઃખો વેઠી વળી એકેન્દ્રિયમાં ગયો. એ રીતે વારંવાર વિકલેન્દ્રિયમાં અને એકેન્દ્રિયમાં ભટકતાં ભટકતાં મેં અનંતા પુદ્ગલપરાવર્તો પસાર કર્યાં, એનું માપ તો કહી શકાય તેમ છે જ નહિ. વળી શુભ કર્મપરિણામની કૃપાથી હું પંચેન્દ્રિય તિર્યંચ સમુચ્છિંમ થયો. ત્યાં મને વધારામાં કાન મળયાં, પણ

મન ન મલ્યું એટલે હે ભગવંત! તમને હું શી રીતે ઓળખું ? મિથ્યાત્વ–અજ્ઞાનને લીધે વિષયો અને કષાયોમાં લીન બની ગયેલા મેં પાંચેય ઇન્દ્રિઓથી ઘોર પાપો કર્યાં. અને ઘણા જીવોને જીવતા ને જીવતા ભરખી લીધા, માંસાહારથી જીવન વીતાવ્યાં. કેવળ પાપમય મારૂં એ સ્વરૂપ કોણ કહી શકે ? જળચર, સ્થળચર અને ખેચરમાં, મચ્છ–મગર હિંસક ક્રૂર પશુઓ–પક્ષીઓનાં વિચિત્ર ભવોમાં જાણે મને હિંસા કરવાનું સ્વરાજ્ય મળ્યું હોય તેમ જગતના નિરપરાધી જીવો ઉપર ત્રાસ ગુજાર્યો, પારાવારા પાપો કર્યાં. આ પણ મારી દિન દિન પુષ્ટ બનેલી પેલી આહાર–ભય–મૈથુન પરિગ્રહ વગેરેની ક્રૂર ચેષ્ટાઓનું જ પરિણામ હતું. સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિયમાં પણ કોઈવાર એક ને કોઈ વાર બે, એમ વધારેમાં વધારે સાત આઠ ભવોના નવ ક્રોડ પૂર્વ જેટલો કાળ પૂર્ણ કરીને પાછો એકેન્દ્રિય–વિકલેન્દ્રિયના ચક્રો ચાલુ કરતો, એનું વર્ણન તો મેં આપને પહેલાં કહી દીધું છે. એટલે વારંવાર શું કહું ? એ જ યાતનાઓ એટલો એટલો કાળ ઉત્કૃષ્ટથી બધે ભટકતો, તો કોઈ વાર એક જ ભવ બીજી જાતિનો કરી પુનઃ તે જ જાતિમાં ઉપજી ઉપજીને રીબાતો. કંઈ આ ક્રમની ક્રમિક નથી. ક્રમ તો હતો જ કયાં ? કોઇ ભવમાં એકેન્દ્રિય તો કોઇ વાર વિકલેન્દ્રિય, કોઇ વાર પૃથ્વીમાં તો કોઈ વાર પંચેન્દ્રિયમાં, કોઈ વાર સૂક્ષ્મમાં તો કોઈ વાર બાદરશરીરમાં, કોઈ વાર જુદા શરીરમાં તો કોઈ વાર

અનંતાની ભેગો એક શરીરમાં, એમ વિચિત્ર વલણુથી ભટકી ભટકીને અનંતાનંત પુદ્ગલપરાવર્તનો પુરા કર્યા. અહીં સુધી તો હું નપુંસક જ રહ્યો. વેદની પીડા પારાવાર અને ભોગની સામગ્રી મુદ્દલ નહિ. એટલો કાળ મેં કષાયોની, વિષયોની, મિથ્યાત્વની કે તેના બળે આહાર, ભય, મૈથુન, પરિગ્રહ વગેરેની પીડાઓ તદ્દન અસમજથી આંધળા મારની જેમ મૂર્છિતપણે સહન કરી; કારણ કે–ત્યાં મન કોઇ વાર મળ્યું જ ન હતું. મન વિના સમજી શકાય શું ? આ તો આજે આપના ઉપદેશથી સમજવા મળ્યું છે. આવો આપનો પરમ ઉપકાર કેમ ભૂલાય ? એ વખતે સમજ ન હતી પણ દુઃખો તો હતાં જ. ભલેને રોગીને પોતાના દર્દની પરીક્ષા ન હોય પણ પીડા કંઈ તેને થોડી છોડે છે ? ઠંડીનાં, તાપનાં, વરસાદનાં વગેરે જાતજાતનાં કુદરતી કષ્ટો પણ એવાં વેઠયાં કે ઘણી વાર તો પ્રાણો પણ છૂટી ગયા. ત્યાં એ કષ્ટોમાંથી બચવાની સામગ્રી જ મારી પાસે શી હતી ? માત્ર શરીર સિવાય મારે કંઇ જ હતું નહિ. વસ્ત્ર, પાત્ર, ઘર કે ગાદી–તકીયા, ખાવાનું કે પીવાનું કંઇ નહિ, એક જ માત્ર નગ્નશરીરે હું રાત–દિવસ ખાઉં ખાઉં કરી ભટકતો. તેમાં પ્રતિસમયે મરવાનો ભય તો મારે સતત ચાલુ જ. પેલી મૈથુનસંજ્ઞાએ પણ વેદનો સાથ લઇને કાળો કેર વરતાવેલો, છતાં વળ્યું કંઈ નહિ. ઉપરાંત જેનાથી માત્ર દુઃખ સિવાય કંઇ જ ભોગવવાનું

હતું નહિ. તે શરીરનો પણ મોહ (પરિગ્રહ) તો એટલો જુલ્મી હતો કે તેની રક્ષામાં મૂઢ બનેલા મેં એક ક્ષણ નિરાંત ભોગવી નહિ અને અસમજથી પણ પાપો કરતો જ રહ્યો.

એમ કરતાં કોઈ વાર પુનઃ શુભ કર્મ(પુણ્ય)ની કૃપાથી પાંચેય ઇન્દ્રિઓ સાથે મને મન મળ્યું અને હું સંજ્ઞી તરીકે ઓળખાવા લાગ્યો. બીજું મારૂં નામ-ઠામ ઠેકાણું કંઇ હતું જ નહિ. લોકો મને મારા શરીરના આકારને અનુસારે ગાય, ભેંસ, ઉંટ, ગધેડા, કુતરા, બીલાડા, સાપ વગેરે તે તે રૂપે ઓળખતા. આ ભવોમાં મારે માના ગર્ભની ગંદી ગટરમાં મહિનાઓ સુધી રહેવું પડતું. તે દુઃખો તો એવાં અસહ્ય હતાં કે ઘણી વાર તો હું વિનાજન્મે ગર્ભમાં જ મરી જતો. કોઇ વાર જન્મ લેતો ત્યારે એવી પીડા થતી કે પેલું પુણ્ય મને પરાણે બચાવતું. કોઇ વાર તો મરી પણ જતો. એવા તિર્યંચપણાના જુદી જુદી જાતના ભવો કરી ભટકતો, કોઇ વાર જીવનભર પાણીમાં જ રહેવાનું. ત્યાં મગર-મચ્છ વગેરેનાં અનેક જાતનાં રૂપો બદલતો, કોઇ વાર સાપ વગેરે થતો, કોઇ વાર નોળીયા-ખીસકોલાં, ઉંદર વગેરેનાં ભવો કરતો, તો કોઈ વાર કુતરાં, બીલાડાં, ગધેડાં, બેલ, વણીયર, વાંદરાં, માંકડાં, બકરાં, ઘેટાં, સિંહ, મૃગલાં, સસલાં, વાઘ, વરૂ, ભૂંડ, શિયાળીઆ, ગાય, ભેંસ, પાડા, ઘોડા, હાથી, ઉંટ વગેરેનાં રૂપો

કરતો, કોઇ વાર જંગલી તો કોઇ વાર વસતિમાં જન્મતો, કોઇ વાર ચકલા, કાગડા, કબુતર, કાબેર, ગીધ, બગલાં, ચામાચીડીયાં, વાગોળ, ઘુવડ વગેરેના અવતાર લેતો. આ બધાય ભવોમાં મને મન મળતું, એ પુણ્યનો ઉપકાર હતો, પણ મેં પાપીઆએ એનો દુરુપયોગ કરી કરીને મારી જાતને દુઃખી દુઃખી કરી હતી. પહેલાં પણ મારે મમતા તો હતી, પણ સગાંસંબંધી કોઇ બલા ન હતી. મન મળવાથી તો એ પાશલામાં પડી મેં દુઃખનો દાવાનળ સળગાવ્યો. ભવોભવ આ મારી મા, આ મારો બાપ, આ જગ્યા મારી અને આ ખોરાક મારો, આ મારૂં અને આ મારૂં, બસ બધું મારૂં, મારે જ જોઇએ; એમ મનના બળે મમતામાં પડેલા મેં પારાવાર પાપો કર્યાં અને દુઃખોનો તો પાર ન રહ્યો. હવે તો મારા તે ભવોમાં એવું શરીર મળતું કે મારા માંસ માટે કસાઇઓ મારી કતલ કરતા, વાગુરીઓ મને જાળમાં ફસાવતા, પારધીઓ શિકાર કરી પ્રાણ લેતા, માછીઓ જાળથી પકડીને મારતા અને અજ્ઞાન લોકો ધર્મને નામે દેવ–દેવલાંને મારૂં બલિદાન કરતા. જો હું એમાંથી બચતો તો મને બોજો ખેંચાવતા, ભૂખે–તરસે ટળવળવા છતાં નિર્દય રીતે મારીને મારે પાસે તેઓનાં કામ લેતા. મને નાકમાં નાથતા, પગે બાંધતા અને મારા અવયવો છેદતાં. એમને વશ ન રહું તો ચાબૂકોથી, લાઠીઓથી, પરોણાથી ક્રૂર માર મારતા. આંખે આંસુ આવી જાય,

મોંઢે ફીણુ આવી જાય અને ચક્કર આવી જાય ત્યાં સુધી નિર્દય રીતે મારીને કામ લેતા. હું રડતો, ચીસો પાડતો અને પોકાર કરતો, તો વધારે નિર્દય બનીને સખ્ત મારતા, આ બધું તો આજે હું જે બીજા તે તે જીવોનું તે તે દુઃખ નજરે જોઉં છું, એ દશા તે કાળે મારી હતી. એટલું સખ્ત કામ આપવા છતાં ખાવા-પીવાના સાંસા. માંડ મને થોડું જીવાડવા માટે ખાવા-પીવા આપતા અને વળી પાછું એ સખ્ત કામ લેતા. કોને કહું ભગવન ! મારી દાદ-ફરીઆદ સાંભળનાર કોઈ ન હતું. એ વખતે પરાધીન છતાં મેં પણ જીવોને ઘણાં દુઃખો દીધાં હતાં. ભૂખથી કે ભયથી કોઇને કરડતો, કોઇને લાતો મારતો, કોઇને શિંગડાં બતાવતો અને કોઇને પગ નીચે પીલતો તો કોઇનો જીવ લેતો. સાપ, સિંહ, વાઘ વગેરેના ભવોમાં મેં ઘણાના પ્રાણો લીધા હતા. માંસાહાર માટે જીવતા ને જીવતા જીવોને હું ખાઈ જતો. એમ બીજા મારા શત્રુ અને હું તેઓનો શત્રુ બનતો. આટલું બધું કરીને મેં મેળવ્યું શું ? કેવળ દુઃખ ! આ બધું તોફાન પેલા મનનું હતું. મેં એનો એવો દુરુપયોગ કર્યો કે-મન ન હતું ત્યારે મારાં જે પાપો અલ્પ હતાં, તે મન મળ્યા પછી તો ઘણાં વધી ગયાં. પહેલાં તો નપુંસક હતો, અહીં તો સ્ત્રી-પુરુષ અને નપુંસક ત્રણે ત્રણ વેદોથી વિંધાણો. એનાથી કામની કદર્થના એવી પડી અને મન એમાં એટલું

પરાધીન બન્યું કે–નિર્લજ્જ પાપી મેં વિષયાંધ બનીને અનર્થોથી હોળી સળગાવી. ન જોઇ મા કે નહિ બ્હેન, નહિ બાપ, નહિ ભાઇ કે નહિ પુત્ર–પુત્રી ! જે તે જાતિમાં જેની–તેની સાથે મૈથુન સેવીને એ કામની આગ એવી પોષી કે–તે પછી હું મનુષ્ય બન્યો અને દેવ બન્યો. ત્યાં પણ વિવેક–વિચાર ન રહ્યો. આ પશુપણાની કુટેવે અને ત્યાં પણ ઘણાં ઘણાં અકાર્યો કરાવ્યાં. એ તો હું પછી કહીશ, પણ અહીં હું હજારો વાંદરીઓ, હજારો હાથણીઓ, હજારો ગાયો–ભેંસો વગેરેની સાથે ભવોભવ એવો કામવાસનામાં ફસાયો કે–એ કહાણી કહી જાય તેમ નથી, અને સ્રીપણે મને કોઇએ જંપીને બેસવા દીધો નહિ. એક મને ભોગવવા મારી પાછળ કેટલાય નરપશુઓ ભટકયાજ કરે અને મને સતાવ્યા જ કરે. નપુંસકદશામાં તો મને વિષયની તૃપ્તિ થતી જ નહિ. જે નારીજાતિમાં પ્રસૂતિની પીડાઓ વેઠી, તે તો અતિ કારમી, અનેક વાર મરણને શરણ થવાનો વખત પણ આવ્યો, ભૂખ–તરસની તો સીમા જ નહિ, ઇત્યાદિ કેટલું કહું ? શુભ કર્મે મને દુઃખમાંથી છૂટવા માટે જે જે આપ્યું એનાથી અજ્ઞાન મૂઢ મેં દુઃખના ડુંગરો ઉભા કર્યાં, પહેલાં કર્મના બંધનો જેટલાં હતાં તેથી અનંતગુણાં એ બંધનો મજબુત થયાં અને એનો બદલો ભોગવવા પુનઃ પહેલાંની જેમ એકેન્દ્રિય–વિકલેન્દ્રિયના ભવોમાં પૂર્વની જેમ અનંતા ભવો કરવા પડયાં. અનંતા પુદ્ગલપરાવર્તો એ રીતે તિર્યંચપણામાં (એકેન્દ્રિયથી પંચેન્દ્રિયના ભવોમાં) મેં પસાર કર્યા.

વચ્ચે વચ્ચે નારકીના ભવો પણ ઘણાં કર્યાં. ત્યાંની પીડાઓ તો કહી જાય તેમ નથી. ત્યાંનું ક્ષેત્ર જ એવું ભયંકર કે ઘોર અંધારૂં, પ્રકાશ તો સ્વપ્ને પણ મળે નહિ અને ત્યાંના પુદ્ગલો પણ એવાં અનિષ્ટ કે વિષ્ટા પણ તેનાથી સારી. ત્યાંનું સાગરોપમોના સાગરોપમો જેટલું લાંબું આયુષ્ય, જીવ ઈચ્છે તો પણ પૂર્ણ આયુષ્ય ભોગવ્યા વિના છૂટાય નહિ. ઠંડીનાં દુઃખો એવાં કે-ત્યાં ઠંડીથી ઠરી ગયેલા જીવને અહીં બરફના ઢગલામાં દાટી દેવામાં આવે તો પણ તેને એમાં ઉંઘ આવી જાય. ગરમી તો એટલી અસહ્ય કે ત્યાંની ગરમીમાં ગભરાઇ ગયેલા નારકીને અહીંની આગ ઠંડી લાગે અને ભૂખ-તૃષાનો તો પાર નહિ. સમુદ્ર જેટલાં પાણી પીવા છતાં શાન્તિ ન થાય, એવી તૃષા અને પીવાનું પાણી મળે નહિ. ભૂખ એટલી કે-હજારો મણુ ખોરાક ખાવા છતાં ધરાય નહિ અને ખાવા કાંઈ મળે નહિ. એટલાથી જ બસ ન હતું. ત્યાં ભેગાં થયેલા નારકીઓ પરસ્પર શસ્ત્રોથી એકબીજાને કાપે, શરીરના ટૂકડે ટૂકડા કરે, પણ એ પાપીશરીર પાછું હતું તેવું થઈ જાય અને વારંવાર એ દુઃખો વેઠવા છતાં જીવનો તેમાંથી છૂટકારો ન જ થાય. એ ઉપરાંત જાણે દુશ્મનો હોય તેમ પરમાધામી-જાતિના જમના દૂત જેવા દેવો ત્યાં આવી આવીને મારી કારમી કદર્થના કરતા તે તો જુદી. એમાં એમને કુતૂહળ હતું અને મારો તો જીવ જણાતો હતો, પણ

થાય શું ? કોણ બચાવે અને કોણ અમારો પક્ષ કરે ? પરમાધામીઓ મને વજ્રની ઘાણીમાં પીલતા, માથે હથોડાના ઘા કરતા, અગ્નિમાં સેકતા, વૈતરણી નામની દુષ્ટ નદીમાં ફેંકતા, કરવતથી અમારા શરીરને ચીરતા, તપાવેલા સીસાનું પાન કરવતા, કાનમાં ખીલા ઠોકતાં, આંખોના ડોળા કાઢી લેતા અને જીભ ખેંચી લેતા. કેટલું કહેવાય ? બધી જાતનાં કારમાં દુઃખો દેતા, વજ્રના ગાડામાં બેસી બળદની માફક મારી પાસે ખેંચાવતા, સખ્ત માર મારતા. આ બધું મારા અપરાધોનું ફળ હતું. મેં પૂર્વભવોમાં તે તે ઇન્દ્રિઓથી પાપો કરેલાં તેનો તે તે રીતે તેઓ દંડ લેતા. મને પાપ કરતાં ક્યાં ભાન હતું કે-આવો આંધળો દંડ દેવો પડશે ? હે ભગવંત ! કર્મરાજાના સામ્રાજ્યમાંથી આ જગતનો કોઈ જીવ બચી શકતો નથી. રાજા કે રંક, દેવ કે દાનવ, પશુ કે પંખી, પંડિત કે મૂર્ખ, સાધુ કે ગૃહસ્થ, કોઈ પણ કર્મની કરાળ જાળમાંથી છૂટી શક્યું નથી. ત્યાં હું કોણ માત્ર ? એવાં નરકનાં ઘોર દુઃખો તો વચ્ચે વચ્ચે વેઠતો જ હતો. ઉપરાંત દીર્ઘકાળ સુધી તિર્યંચગતિનાં દરેક જાતિનાં દુઃખો સહન કરતો હતો.

આમ અનંતાનંત પુદ્ગલપરાવર્તનો પસાર થયા પછી પુનઃ પુણ્યની કૃપાથી હું કોઇ વાર મનુષ્ય બન્યો, પણ સંમૂર્છિમ-અંતર્મુહૂર્તના આયુષ્યવાળો-ગર્ભજ મનુષ્યોના મળ-મૂત્રાદિ અશુચિસ્થાનમાં ઉપજેલો. એક

માત્ર નામનો જ મનુષ્ય. શરીર અતિ કોમળ પર્યાપ્તિઓ શરીરરચના) પૂરી કરતાં પહેલાં જ તુર્ત મરણ પામ્યો. વધારેમાં વધારે ત્યાં હું સાત–આઠ વાર એવો મનુષ્ય બની શકતો, એથી વધારે તો નહિજ. પુનઃ પેલાં અનંતાં દુઃખો વેઠવા માટે એકેન્દ્રિયાદિ જાતિમાં અનંતો કાળ ભટકતો.

એમ આંટાફેરા કરતાં કર્મની કારમી જેલમાં સખ્ત દુઃખ સહન કરતાં કોઇ એક વાર વળી પુણ્યકર્મે કરૂણા લાવી મને ગર્ભજમનુષ્ય બનાવ્યો, પણ અનાર્યદેશમાં. ત્યાં ધર્મનું નામ નહિ, આચારમાં વિવેક નહિ, તત્ત્વા-તત્ત્વનો ખ્યાલ જ નહિ, માત્ર નામથી મનુષ્ય. જીવન તો પશુ જેવું, કેવળ વિષય-કષાયોમાં મસ્તીવાળું, પુણ્ય–પાપનો કે આલોક–પરલોકનો વિચાર સરખોય નહિ. એવા દેશમાં હું ગર્ભની ગંદી હાલતમાંથી ઉંધે મસ્તકે પસાર થઇ પુષ્કળ પીડાને સહન કરતો જન્મ્યો. ત્યાં તો પેલાં મોહ–અજ્ઞાન, વિષય–કષાયો વગેરે ભડકી ઉઠયા. જાણે એમનું સર્વસ્વ લૂંટાઇ જતું હોય તેમ ચિંતામાં પડી ગયા અને મને પાપો કરાવીને દુઃખી કરવા 'રસગૃદ્ધિ–અનાચાર' વગેરેનાં રૂપો કરી મારા શરીરમાં પેઠા. બસ, પછી તો પૂછવું જ શું ? વાનરને નિસરણી આપવા જેવું થયું. એક તો અનંતાકાળથી મારી આ કુટેવો હતી જ, તેમાં વળી આ મોહનાં ભૂતડાં મારા શરીરમાં પેઠાં, એટલે ભાન-ભૂલેલા મેં પાપો કરવામાં પાછું વાળીને જોયું જ નહિ. માંસભક્ષણ, મદિરા વગેરે બધાં વ્યસનોમાં પૂરો, બ્હેન-

એટી કે માને પણ મેં છોડી નહિ. પાપો કરીને ભારે થયેલો વળી હું પેલી નારકની કારમી પીડાઓમાં પડ્યો અને એ મારા શત્રુઓએ ત્યાંથી પુનઃ પણ એકેન્દ્રિયાદિ પૂર્વની હાલતમાં એવો પૂર્યો કે-ત્યાં પુનઃ એ બધી દુર્દશાઓ ભોગવતાં અનંતા પુદ્ગલપરાવર્તો પૂરા કર્યા.

પુણ્યનો કેટલો ઉપકાર માનું ? વળી તેણે દયા લાવી ત્યાંથી છોડાવીને મને આર્યદેશમાં મનુષ્ય બનાવ્યો, પણ કૂળ ચંડાળનું મળ્યું. એથી અભક્ષ્યનાં ભક્ષણ કર્યાં, રાત્રે ખાધાં, માંસ-મદિરા વગેરેની કુટેવ ત્યાં પણ ચાલુ રહી. ત્યાં પણ ઘોર પાપો કરી વળી પેલી ઘોર યાતનાઓ વેઠવા પુનઃ નરકમાં ગયો, ત્યાંથી તિર્યંચમાં જુદા જુદા રૂપે નાચ્યો અને પુનઃ અનંતા પુદ્ગલપરાવર્તનો સુધી વિધવિધ પ્રકારનાં દુઃખો વેઠ્યાં. વળી પુણ્યની કૃપાથી વારંવાર આર્યદેશમાં ઉપજ્યો, પણ કોઇ વાર વેશ્યાના ગર્ભમાં તો કોઇ વાર દુરાચારિણીનીના ગર્ભમાં ! કોઈ વાર કસાઇનો પુત્ર તો કોઇ વાર વેશ્યાની પુત્રી બન્યો. એમ હલકા કુળોમાં હલકટ જાતિઓમાં ઉત્પન્ન થવાથી કોઇએ તો મને ગર્ભમાં જ ગાળી નાંખ્યો, કોઇએ જન્મ લેતાં જ મને જંગલમાં ફેંકી દીધો, કોઇએ ગળું દાબીને મારી નાંખ્યો, જીવતો જાહેર પણ થવા ન દીધો, કોઇએ ઉછેરીને મોટો કર્યો પણ ખાટકીનો ધંધો શીખવાડી જીવનભર નિરપરાધી લાચાર જીવોની મારે હાથે કતલ કરાવી અને કોઈ વેશ્યાએ પુત્રીરૂપે જન્મેલા મને દુરાચારે

ચઢાવી કુકૂણુખાનું શીખવાડયું. કોઈ વાર માછીને ત્યાં જન્મ્યો ત્યારે તેણે જીવહિંસા શીખવાડી, જીવનભર પંચેન્દ્રિય જીવોના પ્રાણ લેવરાવ્યા. કોઈ વાર પારધીને ત્યાં જન્મ્યો ત્યારે તેણે શિકારની કળા શીખવાડી, જીવનભર અનાથ જીવોના ઘાત કરાવ્યા. કોઈ વાર જંગલી ભીલ્લ થયો, ત્યાં માંસાહાર-સુરાપાન-ચોરી-ખૂન-ધાડ-લૂંટફાટ વગેરે પાપો કર્યાં. એમ આર્યદેશમાં પણ વારંવાર હલકા કુળ-જાતિમાં જન્મીને મેં પેલાં લોલુપતા અને દુરાચાર વગેરે ભૂતડાંને વશ બની કેવળ ઘોર પાપો જ કર્યાં. અને વારંવાર એ પાપોથી ભારે થયેલો હું નરકની ઘોર વેદનાઓ વેઠી વેઠીને પુનઃ તિર્યંચમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિયપણા સુધીમાં અસહ્ય દુઃખો વેઠતો અનંતા પુદ્ગલપરાવર્તો સુધી મનુષ્ય બની શક્યો નહિ. અનંતા કાળે કોઇ વાર પુણ્યની કૃપાથી મનુષ્ય બન્યો, ત્યારે ત્યાં પેલા મોહાદિ શત્રુઓના સુભટોને અઘોર પાપો કરાવી પાછો નરકોનાં અને તિર્યંચોનાં દુઃખોની પરંપરાઓમાં ગુંથી લીધો. આવા આંટા પણ કંઈ થોડા નથી થયા. અનંતા આંટા કરવા છતાં ઉત્તમ કુળ-જાતિમાં જન્મ ન મળ્યો.

વળી કાળાંતરે પુણ્યને દયા આવી, તેથી મને આર્યદેશમાં ઉત્તમ કુળમાં જન્મ આપ્યો, પણ જેમ જેમ પુણ્યે મારો પક્ષ કર્યો, તેમ તેમ મારા નિષ્કારણ વેરી અનાદિ શત્રુઓ પેલા મોહાદિના સુભટોએ વધારે

ને વધારે જુલ્મ ગુજાર્યો. એક જ વાત કે–પુણ્યપક્ષ કરીને એ મારા શત્રુને સુખી કરે જ કેમ? ગમે તે ભોગે એને સંસારની ભઠ્ઠીમાં સેકયા જ કરવો. એવા નિર્ણય પર આવ્યા હોય તેમ મને ક્યાંય સુખી થવા ન દીધો. જ્યારે જ્યારે ઉત્તમ કુળ–જાતિમાં જન્મ્યો, ત્યારે ત્યારે પણ પેલા મોહના બે સુભટો મારી પાછળ પડ્યા. એક દર્શનાવરણ, બીજો અશુભનામકર્મ. દર્શનાવરણે મને જાતિઅંધ બનાવ્યો, તો અશુભનામકર્મે કદરૂપા અવઅવોથી વિકળ શરીરવાળો–મારૂં પણ કંઇ કામ ન કરી શકું તેવો બનાવી બનાવીને મારાં જાતિ-કુળને નિષ્ફળ બનાવ્યાં. વળી પેલી આહાર–ભય વગેરે કુટેવો તો એવી વિકરાળ બની ગઈ કે–એનાથી પાપો કરી કરીને ભારે થયેલો હું પુનઃ પુનઃ દુર્ગતિઓનાં દુઃખો વેઠતો જ રહ્યો. દર્શનાવરણે મને કોઈ વાર બ્હેરો તો કોઈ વાર મુંગો, કોઈ વાર બોબડો તો કોઈ વાર તોતડો બનાવ્યો. સાથે અશુભનામકર્મે કુબડો, કાણો, લંગડો, ઠુંઠો, ખુંધો વગેરે બનાવી બનાવીને મારા ઉત્તમ ભવો પણ બરબાદ કર્યાં.

એમ અનંતો કાળ ગયા પછી વળી પુણ્યની કૃપા વધી અને તેની મહેરબાનીથી હું પાંચેય ઇન્દ્રિઓથી પૂર્ણ સારા શરીરવાળો આર્યદેશમાં–ઉત્તમ કુળ–જાતિમાં મનુષ્ય થયો. ત્યાં મોહે અશાતાવેદનીય નામના દુશ્મનને મારી પાછળ મોકલ્યો. એણે જન્મથી મને કોઢીઓ બનાવ્યો,

મારો આખો જન્મ બરબાદ ગયો. કોઈ મારી પાસે બેસે નહિ, બોલે નહિ, મને સાંભળે નહિ કે સંભાળે નહિ. 'જાણે મુજ પાપીની સોબતથી એ રોગ તેમને વળગી પડશે'–એમ સમજીને બીજાને તો શું કહું ? મને જન્મ આપનારી જનેતાએ પણ મારી સારવાર છોડી દીધી. આખું શરીર અશુચિથી ગંધાતું, કોઢ ગળતા, પીડાનો પાર નહિ, અડતાં અભડાઈ જાય તેમ બધા મારાથી દૂર દૂર જ ભાગતા. એવું દુઃખમય જીવન પૂરૂં કરી જીવવાના દુઃખે મરવાની જેમ હું મરી ગયો. વળી કુગતિઓનાં દુઃખો ભોગવતો ત્યારે અતિ કરૂણા લાવીને પુણ્ય પાછું મને મનુષ્ય બનાવતું, પણ અશાતા દુશ્મન થાકયો નહિ, તેણે વિવિધ રૂપો કરી કરીને મારા બધાય ભવો બરબાદ કર્યા. મને બરોળનો રોગ, વાયુ (શ્વાસ), મૂત્રકૃચ્છનો રોગ, જળોદર, તાવ, અતિસાર, ઝાડા-ઉલ્ટી, ખાંસીનો રોગ, ભગંદર, મસાની પીડા, રક્તપિત્ત, મસ્તકનાં શૂળ, ખોપરીની પીડા, નેત્રોનો રોગ, કાનનો રોગ, ગળાનો-તાળવાનો-જીભનો-દાંતનો-હોઠનો-મુખનો રોગ, વગેરે અનેક રોગો ઉપરાંત હૃદયનું શૂળ, પીઠનું શૂળ, પ્રમેહ, ઉરૂક્ષત, ક્ષયની બીમારી, વગેરે એવા એવા રોગોથી પીડયો કે-જીવનભર સતત આકરી વેદનાઓને વેઠી વેઠીને બૂમો નાંખતો, શોક કરતો, સંતાપ કરતો, વિલાપ કરતો, જેને જેને દેખું તે પરિચિત કે અપરિચિત, વૈદ્ય કે સામાન્ય લોક, સહુને મારા રોગ મટાડવા

કરગરતો. મારી પીડાને હું જાણુતો કે–તે કેવી સખ્ત હતી, પણ મારી આજીજી સાંભળીને કોઇ તો હસતા, કોઇ મને તુચ્છકારતા, કોઇ દાઝયા ઉપર ડામની જેમ 'પાપીયા' પાપ કરતાં વિચાર ન કર્યો ? હવે શું રડે છે ? તું એ દુઃખોનાં લાગનો છે. ભોગવ, તારાં કરેલાં તું ! વગેરે બોલીને મને સંતાપતા. કોઇ દયાળુ દયા કરતા પણ કોઇ મારા રોગોને ટાળી શકતું નહિ. બીજાઓ તો દૂરના કહેવાય, તેઓની ઉપર આપણો શો હક્ક ? પણ હું જેને મા–મા કહીને રડી પડતો, તે જનેતા પણ કહેતી કે–પથરા તું મારી કુખે કયાં આવ્યો ? જલ્દી મરી જા, એટલે તારા પાપમાંથી છૂટું ! જેમને હું બાપ–બાપ કે દાદા–દાદા કહીને પોકારતો, તેઓ પણ ક્રૂર બની મને મારતા, ગાળો દેતા, કોઇ મારૂં સાંભળતું નહિ. હું એકલો એ પીડાઓમાં પીલાતો અને બેભાન બની જતો, તો કોઇ વાર મરી પણ જતો. એમ કેટલીય રોગની પીડાઓમાં મારા મોંઘા કેટલાય મનુષ્યભવો નિષ્ફળ ગયા અને હું દુર્ગતિઓમાં રખડતો જ રહ્યો. તે ભવોની સંખ્યા કેટલી તે તો હે પ્રભુ ! આપ જ જાણો.

હું અજ્ઞાન, મૂર્ખ એ રોગોમાંથી છૂટવા હિંસામય ઔષધો કરી કરીને થાકી જતો તો પણ રોગ મટતા નહિ. રામચંદ્રજીના સુવર્ણમૃગની જેમ મને વિશ્વાસમાં લેવા થોડા મંદ પડતા, ત્યારે હું ખુશી ખુશી થઇ જતો અને હસી હસીને ઔષધોની હિંસાઓ કરતો.

ત્યાં તો વળી એ રોગો વિકરાળ બની જતા, આખરે મારો જીવ લેતા અને એ પાપોનો દંડ વસુલ લેવા માટે દુર્ગતિઓમાં ભટકાવતા. ત્યાં તો મારૂં કોઈ રણીધણી હતું જ નહિ. સમૂચ્છિંમપણામાં કે નરકમાં તો મા-બાપ કે કુટુંબ કોઈ જ નહિ. ગર્ભજતિર્યંચના ભવોમાં પણ જન્મ આપનારી મા પોતે જ ભૂખી મને મારીને ખાઈ જતી. કોઈ ભવોમાં જીવતો રહેતો તો જીવનભર પાપો કરતો. પરાધીનતાનાં દુઃખો વેઠી વેઠીને કમોતે મરતો અને એમ અનંતો કાળ રખડતો. આમ મારા મનુષ્ય-ભવો, આર્યદેશ, ઉત્તમ કુળ, ઉત્તમ જાતિવાળા પણ જન્મો બરબાદ થતા ગયા, ઉલ્ટું હું પુણ્યની સહાય પામ્યો, તેમ તેમ શત્રુઓએ ધોંસ વધારીને જુદા જુદા રૂપોમાં મને વધારે ને વધારે દુઃખો દીધાં.

મનુષ્યપણામાં આર્યદેશમાં-ઉત્તમ કુળમાં પણ જ્યારે જ્યારે હું નિરોગી રહેતો, ત્યારે ત્યારે પેલાં મોહનાં ભૂતડાં મને મહા પાપો કરાવતાં. એથી હું જેલમાં પૂરાતો, મારાં કાન-નાક કપાતાં, શૂળીએ ચઢતો, ફાંસીથી મરતો. એ જ ભવમાં કાળાં દુઃખો વેઠી વેઠીને ત્રાસી જતો. બાકી રહેલાં પાપોને ભોગવવા માટે દુર્ગતિ-ઓમાં રખડવું પડતું. કોઈ કોઈ વાર જુગાર, ધૂર્તવિદ્યા, કૂટવિદ્યા વગેરેથી લોકોને ઠગતો. કોઈ કોઈ વાર કોટવાળ, જેલર, પોલીસની નોકરી કરીને જીવો ઉપર જુલ્મ ગુજારતો. કોઇ વાર ઘાણીનો ધંધો કરીને, માંસનો-

દારૂનો વેપાર કરીને, શસ્ત્રોનો-લાખનો, હળ, મૂશળ, ઘંટી, ખાણીયા વગેરે જીવઘાતક સાધનોનો વેપાર કરીને હું કલ્પના માત્રથી મારાં માનેલાં કુટુંબનાં ભરણપોષણ કરતો અને એ પાપોથી ભારે થઇને પાછો દુર્ગતિઓમાં દુઃખી થતો. એમ અનંતી વાર મનુષ્ય થયો, પણ વધારે વધારે પાપો કરી કરીને મારાં દુઃખો વધારતો જ ગયો. કંઇ મને દુઃખ ગમતાં ન હતાં, પણ હું અજ્ઞાન મૂઢ રહેતો, એથી પેલા મોહ વગેરેને ઓળખી શકું નહિ અને એ મને સુખની લાલચો આપી આપીને પાપો કરાવે, પછી મને દુઃખી દુઃખી કરે. એમ મેં પુણ્યની કૃપાને વ્યર્થ ગુમાવી. વધારે શું કહું? હું નિગોદમાં હતો ત્યારે મારે માથે આટલો કર્મોનો ભાર ન હતો. ત્યાં પ્રગટ પાપ કરવાની સામગ્રી ન હોવાથી, મૂઢ-અજ્ઞાન છતાં હું પાપો કરી શકતો નહિ. વ્યવહાર-રાશિમાં આવ્યો સુખી થવા અને મેં મૂર્ખાએ ઝાડ ઉગાડયાં દુઃખોનાં. એવું બન્યું કે-'મૂલડો થોડો ભાઇ વ્યાજડો ઘણો રે, કેમ કરી દીધલો જાય?'-એની માફક કર્મનું થોડું દેવું પૂરૂં કરવા માટે વ્યવહારરાશિમાં વેપાર માંડયો અને મૂળ દેવું પૂરતાં પૂરતાં તો નવું દેવું એટલું વધી ગયું કે-અનંતા ભવોમાં અનંતા દુઃખો વેઠવા છતાં કર્મોના દેવાનો ભાર ખૂટતો જ નથી.

દયાળુ પુણ્યે મને વેપાર સુધારી-વધારીને દેવામાંથી છૂટવા ઇન્દ્રિયો પાંચ આપી, મન આપ્યું. આર્યદેશ,

ઉત્તમ કુળ, માનવભવ જે જે આપ્યું, તેમાંથી મેં પેલા ઠગારા શત્રુઓની વિષય-કષાયોની લાલચોમાં ફસાઇને પાપો જ કર્યાં, દેવું વધારતો જ ગયો. એ બધો દોષ મારો જ છે કે-હું એ ધૂતારાઓને ઓળખ્યા વિના એમના વિશ્વાસમાં ફસાયો. હે ભગવંત! હું કોઈને દોષ નથી દેતો. મારા અજ્ઞાન-મૂઢપણાથી જ એ બધાં દુઃખો મેં ભોગવ્યાં હતાં.

તે પછી કાળાંતરે મને પુણ્યે પુનઃ મનુષ્ય બનાવ્યો, એક ધર્મિષ્ઠ શ્રીમંતને ત્યાં હું પુત્રરૂપે ઉત્પન્ન થયો. ત્યારે મોહને ભારે ચિંતા થઈ કે-પોતાના પરિવારને બોલાવીને દુઃખ પ્રગટ કર્યું અને હું જ્યાં ઉપજ્યો હતો તે જણાવી મને કબજે કરવા સૂચન કર્યું. આ જ સુધી તો હું વિષયલોલુપતા, અસદાચાર અને અશાતા વગેરેથી હેરાન થયો હતો. જો કે તેઓની પાછળ મિથ્યાત્વ-અજ્ઞાન વગેરે ઘણાનો હાથ હતો, પણ તેઓ છૂપા રહેતા. અહીં મને ધર્મીષ્ઠ કુળ મળેલું હોવાથી હવે લોલુપતા-અસદાચાર વગેરેનું ત્યાં જોર ચાલે તેમ નથી, એમ માની પેલા છૂપા રહેલાં 'મિથ્યાત્વ-અજ્ઞાન' બન્નેએ એ બીડું ઝડપ્યું. પરંતુ મારો જન્મ થતા પહેલાં જ છ મહિના મને ગર્ભમાં થયા ત્યારે મારા પિતાને, જન્મ વખતે માતાને અને જન્મ્યા પછી મને-એમ અમો ત્રણને પણ એક 'સ્વજનવિયોગકારિકા' નામની મોહની દાસીએ મારી નાંખ્યા અને પુનઃ મને

દુર્ગતિમાં ફેંક્યો. ત્યાં ઘણો કાળ કારમાં દુઃખો વેઠીને હું ત્રાસી ગયો.

પુનઃ પુણ્યની કૃપાથી હું આર્યદેશમાં ધર્મીષ્ઠ માતા-પિતાને ત્યાં જન્મ્યો. ત્યાં પેલા મિથ્યાત્વે તેની 'કુદૃષ્ટિ' નામની સ્ત્રીથી જન્મેલી 'ધર્મબુદ્ધિ' નામની રૂપવતી પુત્રીને મારી સાથે જોડી, હું એના મોહમાં ફસાયો અને માતા-પિતાની હિતશિક્ષાનો અનાદર કરીને એનું કહ્યું કરવા લાગ્યો. હે ભગવંત! નામથી ધર્મ-બુદ્ધિ પણ એની માતા કુદૃષ્ટિ, પિતા મિથ્યાત્વ, એટલે પૂછવું જ શું? સ્વરૂપે તે પાપબુદ્ધિ હતી. એણે મારામાં ખોટી ધાર્મિક વૃત્તિ પ્રગટ કરી, એથી ઉલટું મેં સત્ય ધર્મનું ખૂન કર્યું. મને ક્યાં ખબર હતી કે-આ ધર્મ સાચો અને આ ખોટો? હું તો તેની પ્રેરણાથી ધર્મના નામે અધર્મના માર્ગે ચઢયો. ત્યાં મેં જે પાપો કર્યાં તે તો ઘણાં ભયંકર હતાં. હું ખોટા દેવ, દેવીઓ અને કુગુરુઓને વશ થઈ ગયો, તેઓના અસત્ ઉપદેશથી ખોટા ધર્મને સત્ય ધર્મ માન્યો, એટલી હદ સુધી કે આપની ઓળખ કરાવનારા 'વીતરાગ કે જિનેશ્વર'-એવા શબ્દો પણ સાંભળી શકતો નહિ. હું આપને વગોવતો, ધૂતારા તરીકે માનતો, તમારી મૂર્તિઓને તોડતો, તમારાં મંદિરોને જોઇ જોઇને બળતો અને જૈન ધર્મ કરનારા-ઓને મહા પાપી માનતો. હે ભગવંત! એ બધો મેં આપનો જે દ્રોહ કર્યો હતો તેને કેટલો વર્ણવું?

પરંતુ કૃપાળુ! તરણતારણ હે મારા પ્રભો! હું અજ્ઞાન-મૂઢ છું, એમ સમજી આપે મારી ઉપેક્ષા જ કરી, એ આપનો મારા ઉપર નાનોસુનો ઉપકાર નથી. નહિ તો મારા જેવા દ્રોહીને આપનું શરણું ક્યાંથી મળે? આપ તો આજે પણ એ જ અમીદૃષ્ટિ વરસાવો છો, પણ નિભાંગી હું છું કે-આટલું આટલું આપે સમજાવવા છતાં હજુ આપની આજ્ઞા ઉઠાવી શકતો નથી. તો પણ હે મારા નાથ! હવે હું આપને છોડવાનો નથી, કૃપા કરી આપ પણ મને અવગણશો નહિ. આપના વિના આ જગતમાં મારો કોઈ આધાર નથી. માટે જ હું આ બધું વીતક આપની આગળ વર્ણવું છું. સાંભળો પ્રભુ!

ત્યાં મેં આપના સાધુઓને સતાવવામાં, તેઓની નિંદા કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. એક વખત એકાન્ત જંગલમાં એક ઝાડ નીચે એક મહામુનિ ધ્યાનમાં સ્થિર હતા, હું એ રસ્તે નીકળ્યો અને એમને જોઇને મારો કોપ આકાશે ચઢયો. પેલી પાપી ધર્મબુદ્ધિ તો સાથે જ. તે મારો ક્ષણ પણ કેડો છોડે નહિ અને હું પણ તેના વિના રહી શકું નહિ. તેણે મને કહ્યું કે-'શું જોઇ રહ્યો છે? માર આ ધૂતારાને! આવા પાપીઓએ તારા-મારા સંબંધો તોડાવવાં ઘણાં પ્રયત્નો કર્યાં છે. વગેરે વગેરે સમજાવીને મને એવો ભંભેર્યો કે-સર્વ જીવોની દયા કરનારા પેલા મહાત્માને મેં પત્થરો મારી મારીને અધમુઆ કરી નાંખ્યા, અને જાણે ઈઠરીઓ

ગઢ જીત્યો હોય તેવો આનંદ મેં માન્યો. છતાં એ મહાત્માની તો મારા ઉપર કરૂણા જ વરસતી હતી. હું ત્યાંથી નાસી ગયો પણ એ પાપ ક્યાં સુધી છાનું રહે? આખર હું આપના ધર્મને પામેલા ત્યાંના રાજાને કબજે થયો અને તેમણે મને હજારો લોકોને શિખામણ આપવા માટે શૂળીએ ચઢાવ્યો. મરીને હું દુષ્ટ હલકી જાતિમાં વ્યંતરદેવ થયો. ત્યાં મને મનુષ્યો ઉપર એવો રોષ વધ્યો કે–ઘણા મનુષ્યોના મેં પ્રાણ લીધા. સાધુઓના તપોબળથી હું તેઓને કંઇ કરી શકતો નહિ, પણ બીજાઓને તો હું મહા કદર્થનાઓ કરતો. તેઓએ મારૂં કંઇ બગાડ્યું ન હતું, પણ હું એવો ક્રૂર બની ગયો હતો કે–લોકોને દુઃખી કરવામાં જ મને આનંદ થતો. ત્યાંથી હું તિર્યંચગતિમાં થઈ ઘોર નારકીમાં ગયો અને અતુલ દુઃખો ભોગવી પુનઃ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય વગેરે ભિન્ન ભિન્ન જાતિઓમાં ભટકતાં મારો અનંતો કાળ ગયો. આવો કંઈ મારો એક જ ભવ નથી ગયો. પછી પણ જ્યારે જ્યારે મનુષ્ય થયો, ત્યારે ત્યારે પેલી પાપીણી ધર્મબુદ્ધિએ મારો કેડો પકડી પકડીને ઘણા અનર્થો કરાવ્યા. મિથ્યાધર્મમાં મસ્ત બનેલા મેં કોઇ વાર ઉત્તમ જૈન સાધુને ધર્મદ્રોહી માનીને જીવતાને જીવતા સળગાવી મૂક્યા. કોઇ વાર ઠગીને તેમને મારી નાંખવા માટે મેં ઝેર ભેળવેલા આહાર વહોરાવ્યા. કોઈ વાર તેમને ચોરીનું કલંક આપવા માટે મેં તેમને

વહોરાવવાના લાડુ વગેરેમાં વીંટી વગેરે ઘરેણાં નાંખીને તેમને પકડાવ્યા, કોઇ વાર મેં સતી સાધ્વીઓનાં શીયળ તોડાવ્યાં. સ્ત્રીના મારા અવતારમાં મેં સાધુઓ ઉપર ખોટાં આળ ચઢાવ્યાં. આવાં પાપો કર્યાં એટલે હું ત્યાંથી સીધો ઘોર નરકમાં ગયો. ત્યાં નિરાધાર–અનાથ બનીને મેં અસંખ્યાતા કાળ (સાગરોપમો) સુધી પૂર્વે વર્ણવેલી વિવિધ વેદનાઓ સહન કરી. મિથ્યાત્વનો પક્ષ કરી, તમારો શત્રુ બની હું બહુ બહુ દુઃખી થયો. હે દીનાનાથ! આવા ભવો પણ મારા અગણિત ગયા. વચ્ચે વચ્ચે હું બહુ દુઃખો ભોગવવાથી કર્મોથી હલકો થતો અને નવાં પાપો કરતાં થાકતો. ત્યારે વળી તિર્યંચોના ભવોમાં ભટકતો અને ત્યાં પાપોથી હલકો થતો, ત્યારે પુનઃ દયા લાવીને પુણ્ય મને મનુષ્ય બનાવતું. વળી પાપો કરીને હું ભટકતો થઈ જતો. એમ વચ્ચે વચ્ચે મનુષ્ય બનતો, પણ આપના શરણ વિના પેલા મિથ્યાત્વને વશ બની, અજ્ઞાની હું ઘોર પાપો કરી ભવભ્રમણ વધારતો. ત્યાં સુધીના મનુષ્યભવો તો મારા સુખને બદલે દુઃખને જ વધારવાના કારણભૂત થયા.

હે ભગવંત! મોહને કે અજ્ઞાનને પણ શા માટે દોષ દઉં? દોષ બધો મારો જ હતો. એ મને પાપની પ્રેરણા કરતા, પણ હું જો તેઓને વશ ન થયો હોત તો તેઓ શું કરી શકવાના હતા? એક અપેક્ષાએ તો એમનો પણ ઉપકાર માનું છું કે–એમણે મારાં પાપોનો

અદલો લઇ લઇને વારંવાર મને હલકો કર્યો. જો એવાં દુઃખો તેમણે ન દીધાં હોત, તો મારાં એ પાપો ક્યાં ઓછાં થાત ? અને ભારેકર્મી હું ઉંચો શી રીતે આવી શકત ?

વાસ્તવમાં તો મારી અયોગ્યતા છતાં મારા જેવા નાલાયકનો પુણ્યે પક્ષ કર્યો એ જ બહુ ખોટું થયું. એના બળે મને પાંચ ઇન્દ્રિયો, મન, મનુષ્યભવો, ઉત્તમ કુળ, જાતિ વગેરે મળતું અને નિર્ભાગી હું એનાથી પાપો જ કરતો. પુણ્યની તો મારી ઉપર કૃપા જ હતી. હું નાલાયક હતો, તેથી અમૃતને પણ ઝેર બનાવતો, તરવાની સામગ્રીથી સંસારમાં ભમતો. એ કાળે આપનું દર્શન મને ન થયું એ મારા જ દુર્ભાગ્યની અવધિ હતી. બીજા કોઈને દોષ દેવો તે તેનો અપરાધ કરવા બરાબર છે.

જે કાળે હું એ બધા પાપો કરતો, તે કાળે પણ મારી સાથે જન્મેલા કોઇ તમારા શરણે આવેલા જીવો આપની, આપના શાસનની સેવા કરીને સંસારમાંથી છૂટી જતા. આપની આજ્ઞા પાળવા માટે તેઓ પ્રાણ આપતા, પણ મોહને વશ નહિ થતા. શું એઓને મોહના સુભટો નહોતાં પજવતા ? પરંતુ એ આપની આજ્ઞાને બળે તેઓને ભગાડી દેતા અને હું મોહાદિને વશ બનીને આપના શાસનનો દ્રોહ કરતો. કોઈ કોઈ તો આપના ઉપદેશામૃતથી સિંચાએલા મારા તરફથી કરાતા ઉપદ્રવો સહન કરીને, મોહાદિ શત્રુઓનો વિજય કરીને અમરપદને પામતા. ત્યારે એ જ કાળે હું એઓને

ઉપદ્રવો કરીને એ શત્રુઓનું પોષણ કરતો, પુનઃ ચારેય ગતિમાં રખડયા કરતો અને દુઃખો વેઠીને પાપથી હલકો થતો.

એવા અનંતા ભવો પછી પુનઃ પુણ્યકર્મે કરૂણા લાવીને મને જૈન ધાર્મિક કુળમાં જન્મ આપ્યો. આપ જાણો છો કે-હું તો અયોગ્ય જ હતો, પણ આ કુળના આચારોથી મારામાં યોગ્યતા પ્રગટે, હું મેલી પાપી ધર્મબુદ્ધિનો રાગ છોડી સત્ય-અસત્યનો વિવેક કરી શકું અને હવે એવાં પાપો કરીને ન ભટકું, એ આશયથી પુણ્યે મને એ કુળમાં જન્મ આપ્યો હતો. એનું પરિણામ એ આવ્યું કે-બાલ્યકાળથી જ મારા માતા-પિતાએ મને 'નમો અરિહંતાણું, નમો સિદ્ધાણું'' વગેરે મહામંત્ર સંભળાવવા માંડયો, મંદિરમાં લઈ જઇને આપનાં દર્શન કરાવવા માટે પ્રયત્ન કર્યો અને ગુરુઓના પગે નમાવીને મને યોગ્ય બનાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા, પણ મારૂં જુગજુનું આપની સાથેનું વૈર એવું નડયું કે-એ બધું મને અકારૂં જ લાગતું.

'નમો અરિહતાણું'' હું મુખે બોલતો નહિ અને સાંભળતો પણ નહિ, જો બહુ સંભળાવે તો રોઈ રોઇને તેમને બોલતાં બંધ કરતો. આમ તો બોલવા-રમવામાં હું ચતુર હતો. ખાવા-પીવાની, રમવાની અને અસભ્ય બોલવાની મારી ચાલાકીથી બધા ચકિત થતા. વૈર હતું 'નમો અરિહંતાણું'' સાથે. એ અક્ષરો મારા કાનને શૂળ

જોવા લાગતા. 'નમો અરિહંતાણું' બોલવા માટે જીભ પણ તૈયાર નહિ ત્યાં બીજી તો વાત જ શું કરૂં ? અને મને મંદિરમાં લઈ જતા ત્યાં હું તમારી મૂર્તિ ઉપર અણગમો લાવી મોઢું પાછું ફેરવી દેતો. તેઓ મારા હાથ પકડીને પગે લાગવાનું કહેતા અને મને ખૂબ લાલચો આપતાં, પણ હાથ સરખા હું જોડતો નહિ. બીજા લોકો ત્યાં ભાવથી ભક્તિ કરતા તે પણ મને ગમતું નહિ. આખરે તેઓ થાકતાં અને એકલા મંદિરે જતાં તો હું જવા દેતો નહિ. કેટલું કહું ? બધી સારી વાતોમાં હું આડો થઇને હેરાન કરતો. ગુરુને દેખીને તો મને ભય લાગતો, ચીસ પાડી દેતો. મને લાગે છે કે-મેં પૂર્વે આપની મૂર્તિઓની અને સાધુઓની વિવિધ આશાતના કરી હતી, તેથી જ મને એ બધું જોઈને ભય લાગતો હશે. 'ગુન્હેગાર પાપી બધે ડરતો રહે'-એમ હું ગુન્હેગાર હતો. અનેકવિધ અપરાધો પૂર્વભવોમાં મેં કર્યાં હતાં, એનો એ ભય હશે. મારા જેવા કેટલાય બીજા બાળકો 'નમો અરિહંતાણું' બોલતા અને ખુશી થઈ જતા. મંદિરમાં તો આપને દેખીને તેઓ નાચી ઉઠતા. તેઓ નાના હતા તો પણ આપની સેવા કરવા માટે ઉત્કંઠા કરતા. મા-બાપને બળાત્કારે પણ આપની પૂજા વગેરે ભક્તિ કરાવવા માટે તેઓને પ્રેરણા કરતા. ગુરુઓને દેખીને તો મા-બાપને પણ તેઓ ભૂલી જતા. તેઓનાં પાત્રાં-ઓઘો વગેરે ખેંચી લેતા. જાણે એ ગુરુના શરણે

રહીને જીવન જીવવા માગતા હોય, તેમ ત્યાંથી તેઓને ઘેર લઈ જવાની પણ મુશ્કેલી પડતી. ત્યારે મારી દશા એ બધાથી સાવ વિલક્ષણ-ઉંધી હતી. એ ભવમાં પણ હું નાલાયક રહ્યો. મોટો થયા પછી લોકોના ભયે હું ઉપાશ્રયે જતો, પણ સાધુઓ તરફ મને પ્રેમ હતો જ ક્યાં? એઓનાં છિદ્રો જોતો. વિનય કે વંદન તો મને સૂઝે જ ક્યાંથી? એ શાસ્ત્રો સંભળાવતા ત્યારે બીજાઓ પોતાના જીવનને ધન્ય માનતા, જાણે અનાદિનું અંધારૂં ઉલેચાતું હોય અને કોઈ અનેરો પ્રકાશ મળતો હોય, તેમ તેઓ હર્ષથી ગદ્‌ગદ્ સ્વરે 'જી-જી' કરીને ગુરુનાં વચનોનો આદર કરતા. ત્યારે હું પાપી-નિર્ભાગી આગમોની નિંદા કરતો, સ્વર્ગ-નરકની વાતો ખોટી માનતો, 'કર્મ-ધર્મના નામે ભોળા લોકોને ઠગનારા ઠગોનું પોતાની પૂજા વધારવાનું આ તંત્ર છે'-એમ માનીને તેની નિંદા કરતો. કોઈ ત્યાગ-તપ કરે, ત્યારે મને થતું કે-આ ભોળાઓ ગુરુની શબ્દજાળમાં ફસાઈને સુખ-વૈભવથી વંચિત રહે છે. કેવા બુદ્ધિહીન છે? એમ તેઓના વિષયમાં મારો અભિપ્રાય પ્રગટ કરતો. કોઈ પણ નાનાં-મોટાં ધર્મકાર્યો કરે તે બધાયને હું ભોળા-અજ્ઞાન સમજતો. જાણે બુદ્ધિનો ઇજારો મેં જ લીધો હોય અને બધા બુદ્ધિહીન હોય, એમ મને મારી એ કુમતિનું ખોટું અભિમાન હતું. હું અજ્ઞાન છતાં જ્ઞાનીનો દેખાવ કરી વિતંડાવાદ કરતો અને બહુ બોલીને બધાયને પાછા પાડતો.

બીજાઓ મને અયોગ્ય માની બોલવાનું બંધ કરતા, ત્યારે હું મારો વિજય માનતો. કોઈ મારી સાથે વાત પણ કરવા ઈચ્છતું નહિ, એટલું જ નહિ મારી સામે જોવામાં પણ તેઓ પાપ માનતા. ખરેખર, હું જ મહાપાપી હતો.

હે ભગવંત શું કહું? આવા મહાપાપી પણ મને પુણ્યે વાર વાર ધર્મરાજાનો યોગ કરાવવા માટે પ્રયત્નો કર્યા, તે આપ તો જાણો જ છો, છતાં મારા સંતોષ માટે હું આપને જણાવું છું.

સાંભળો ભગવંત! મોહનાં એ ભૂતડાં જ્યારે મને વાર વાર દુઃખી કરી ત્રાહી ત્રાહી પોકરાવતાં હતાં, ત્યારે એકદા પુણ્યને કરુણા પ્રગટી, તેથી તેણે મને એક ચરમ યથાપ્રવૃત્તિકરણ રૂપ કુહાડો આપ્યો. (મારામાં એક અતિ વિશિષ્ટ ઉત્સાહ પ્રગટાવ્યો.) તેના દ્વારા મારા શત્રુઓ જે સીત્તેર, ચાલીશ, ત્રીશ અને વીશ કોડાકોડ સાગરોપમ સુધી મને પીડનારા હતા, તેમની મુદત એ કુહાડાથી મેં કાપવા માંડી અને માત્ર કોડાકોડથી પણ ન્યૂન મુદતવાળા કરી દીધા. એમ તેઓની શક્તિ સાવ ક્ષીણ કરી દીધી. જો કે પૂર્વે પણ મારી તેમને પોષવાની શક્તિના અભાવે અને તેમણે આપેલાં દુઃખોને ઘણી રીતે ભોગવવાના કારણે તેમની શક્તિ અનંતીવાર ઘટી જતી, પણ પુનઃ પુનઃ વધીને એ ટોચે પહોંચતી. એમ હું વાર વાર તોડતો અને તે વાર વાર વધતી. એ રીતે તો પૂર્વે અનંતીવાર તે નિર્બળ બનેલા, પણ આ વખતે

તેમની છેલ્લી હાર હતી અને મારી પહેલી જીત હતી. પણ હે પ્રભો! અહીંથી આગળ વધવું અતિ અઘરું હતું. શું કહું ભગવંત! મેં એ શત્રુઓને નિર્બળ તો કરી દીધા, પણ ત્યાં રાગ-દ્વેષની એક મોટી સેના ઉભીજ હતી અને એક કદમ પણ આગળ વધી શકાય તેમ ન હતું. તેથી કેટલોય કાળ મારે એ સ્થિતિમાં જ પસાર કરવો પડયો. આપના શાસનના ચક્રવર્તી શ્રી ધર્મરાજાનું દર્શન ઘણું દુર્લભ હતું, વચ્ચે મોહનાં સહાયક મારાં ઘાતક ઘાતીકર્મોની આકરી ચોકી હતી. હું લાચાર બન્યો અને પુણ્યમહારાજની મહેરબાનીથી લાગ શોધતો કાળ નિર્ગમન કરતો રહ્યો, ત્યારે કૃપાળુ પુણ્યમહારાજાએ મને વિશુદ્ધતર અધ્યવસાયરૂપ અપૂર્વ-કરણ નામનો અતિ તીક્ષ્ણ (મારા આત્માના વિશુદ્ધ અધ્યવસાય-ઉત્સાહરૂપ) કુહાડો આપ્યો અને મને કાનમાં ગુપ્ત રીતે (રાગ-દ્વેષની ગાંઠને તોડવા) સમજાવ્યો. તેથી મારો ઉત્સાહ-બળ પહેલાં કદાપિ નહિ પ્રગટેલું તેવું પ્રગટયું અને તેથી મેં અનંતાનુબંધી ક્રોધાદિ ચારેય કષાયો સહિત પેલી રાગ-દ્વેષની ગાંઠરૂપ શત્રુઓને ભગાડી દીધા. તેઓ નાસીને મારા ચિત્તરૂપી જંગલમાં છૂપાઈ ગયા. ત્યાં મેં ચંદ્ર જેવો ઉજ્વળ-સુંદર અંતરકરણ નામનો સમ્યગ્દર્શનનો મહેલ જોયો, હું અનિવૃત્તિ નામના તેના આંગણામાં પહોંચી ગયો અને તે અનિવૃત્તિકરણ (નામના મારા વિશુદ્ધતમ અધ્ય-

વસાય) દ્વારા મેં તે મહેલના દ્વારનાં શમસંવેગરૂપ કમાડોને ખોલી નાખ્યાં. પછી અંતરકરણ નામના તે મહેલમાં પ્રવેશ કરતાં જ ઉપશમસમ્યક્ત્વ નામના ધર્મ-રાજના મહામંત્રીનો મને મેળાપ થયો.

હે ભગવંત ! તે સમ્યગ્દર્શનનું વર્ણન કરવા કોણ સમર્થ છે ? જે સદ્‌ગુણોરૂપ અમૃતનો સમુદ્ર, ચારિત્ર-ધર્મરાજના સમગ્ર રાજ્યવ્યવહારનો સંચાલક, સદા-ગમનો સગો ભાઈ, સદ્‌બોધનો મોટો ભાઈ વિશ્વવત્સલ, જેના નામને પણ સાંભળીને મોહની સમગ્ર સેના ધ્રૂજે છે, જેણે મોહના મિથ્યાત્વ નામના મંત્રીને સકુટુંબ અનેકશઃ ચૂર્યો છે અને અનંતા આત્માઓને ધર્મરાજના શરણે પહોંચાડીને કર્મબંધનથી સર્વથા મુક્ત કર્યા છે, તે સમ્યગ્દર્શનના ગુણો હું પામર કેટલા ગાઉં ?

હે પ્રભો ! આ સમ્યગ્દર્શન મારા અંતરાત્મામાં જ હતું, પણ પેલા મિથ્યાત્વ–અજ્ઞાન–ક્રોધ–માન–માયા-લોભ વગેરે મારા કટ્ટર શત્રુઓએ મને તેનું દર્શન પણ કરવા દીધું નહિ, અનંતાનંત કાળ મને અંધ–મૂઢ મનાવીને સંસારમાં રખડાવ્યો અને કહી ન શકાય તેવાં અનંતાં દુઃખોથી રીબાવ્યો.

હે ભગવંત ! પુણ્યમહારાજાએ મને સાથ આપીને મારી આંતરિક શક્તિને (અધ્યવસાયોને) પ્રગટ કરાવી તે શત્રુઓને નસાડ્યા અને સમ્યગ્દર્શનનો મેળાપ કરાવ્યો.

હે ભગવંત ! આપનો કટ્ટર શત્રુ, દ્રોહી, નિમક-

હરામ, પાપી વગેરે અગણિત દોષોનો ભંડાર એવો પણ હું નિઃસ્વાર્થ ઉપકારી આપના શરણે આવ્યો છું.

હે જગતના નાથ! તરણતારણ, કરૂણાસમુદ્ર અને વિશ્વવત્સલ મારા નાથ! પાપી, મૂઢ અને દ્રોહી, મને ક્ષમા કરીને આ આંતરશત્રુઓથી મારું રક્ષણ કરી મને ભવસમુદ્રથી પાર ઉતારશો, એવી મારી ભવોભવ આપને પ્રાર્થના છે.

હે પ્રભો! સમ્યગ્દર્શનનું દર્શન થતાં જ મારો અનંતા ભવભ્રમણનો થાક ઉતરી ગયો. ભૂખ-તૃષા-ટાઢ અને તડકો બધું વિસરી ગયું. આનંદનો એવો ઝરો પ્રગટ્યો કે-તેને કહેવાના શબ્દો નથી. એ તો આપ જ જાણો કે અનુભવે તે જાણે. એ આનંદ-ઉત્સાહરૂપ મારા વીર્યથી મેં પેલા છૂપાઈ રહેલા ભવિષ્યમાં મને સંકટમાં ઉતારવાની તક શોધતા મિથ્યાત્વશત્રુને એ રીતે કૂટ્યો કે-હત-પ્રહત થયેલો તે અધમુઓ થઈ ગયો. તેના શરીરના ત્રણ ટૂકડા કરી નાંખ્યા. એક ટૂકડો તો મારા પક્ષમાં આવી ગયો. તેનું નામ **સમકિતમોહનીય** રાખ્યું. બીજો ટૂકડો અધમુઓ થયો. તે કંઈક તેના અને કંઈક મારા પક્ષમાં પણ રહ્યો, કે જેનું નામ **મિશ્રમોહનીય** રાખ્યું અને ત્રીજો ટૂકડો તો તેવો જ મારો શત્રુ રહ્યો. તેનું નામ તો **મિથ્યાત્વમોહનીય** હતું તે જ રહ્યું. હું તેને પરાસ્ત કરું તે પહેલાં જ તે ઉપશમસમકિતના મહેલમાં જ, પ્રમાદથી ગાફેલ બનેલા મને

પેલા છૂપા રહેલા અનંતાનુબંધી કષાયોએ લાગ જોઈને ગળચીથી પકડયો અને તે સમયે સમકિતનું વિયોગરૂપે વમન કરતાં મને તેના ગુણોની સ્મૃતિના સ્વાદરૂપે સાસ્વાદનસમકિત અનુભવમાં આવ્યું. પછી તો માત્ર છ આવલિકા જેટલા સમયમાં મને મહેલની બહાર ઢસડયો અને પેલા મિથ્યાત્વમોહનીયે પકડીને મને અજ્ઞાન-મૂઢતા-મિથ્યાદષ્ટિ-પાપબુદ્ધિ વગેરે મોહના સુભટોને વશ કર્યો.

હે ભગવંત! પછી તો જેમ વૈર વાળવું હોય, તેમ તેઓએ મને અંધ-મૂઢ બનાવીને એવાં પાપો કરાવ્યાં કે-પુનઃ હું એ જ ચોરાશીના ચક્કરમાં વિવિધ દુઃખોને ભોગવતો ઘણા ભવો સુધી ભટકયો. મારો સાથ તૂટી ગયો અને હે નાથ! હું સાવ નિર્બળ રાંકરૂપે રઝળ્યો.

પુનઃ હે પ્રભો! પુણ્યમહારાજાએ મને આર્ય-દેશમાં-આર્યકુળમાં શ્રાવકને ત્યાં પુત્રરૂપે જન્મ આપ્યો. ત્યાં કુળાચારે પણ મને સદ્ગુરુનો યોગ મળ્યો અને તેઓના ઉપદેશથી મને સમ્યગ્દર્શનનું સ્મરણ થયું. તે જ વખતે પેલો સમકિતમોહનીયનો અંશ પ્રગટ થયો. તેના પ્રભાવે હું ક્ષાયોપશમિક સમકિતને ભેટયો અને પુનઃ પેલા મિથ્યાત્વના અંશને કૂટવા માંડયો, પણ એ કંઈ મોહના સુભટોને ઈષ્ટ ન હતું. તેઓ તો કોઈ રીતે મને પકડવા જ તૈયાર હતા. માત્ર હું સમ્યક્ત્વના શરણે હતો તેથી ત્યાં તેઓ આવી શકે તેમ ન હતું. એટલે

રાગકેસરીએ કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગનું રૂપ લઈને મને કોઈ વાર વિષયવાસનાથી, કોઈ વાર સ્વજનાદિના સ્નેહથી અને કોઈ વાર મિથ્યાત્વી સાધુ-સંન્યાસીઓની દાક્ષિણ્યતાથી વશ કરીને સમ્યક્ત્વનું શરણુ છોડાવ્યું. એમ મને વાર વાર અનેકાનેક ભવોમાં ભટકાવ્યો અને વાર વાર પુણ્યરાજાએ મને તેમાંથી બચાવ્યો.

હે ભગવંત! તો પણ પાપી મને કોઈ વાર આપના આગમમાં શંકા, કોઈ વાર અન્ય મતની કાંક્ષા, કોઈ વાર સાધુ-સાધ્વીઓ પ્રત્યે જુગુપ્સા, તો કોઈ વાર મિથ્યાત્વીની પ્રશંસા અને મિથ્યાત્વીઓનો પરિચય કરાવીને પણ મોહના સુભટોએ ધર્મરાજના પરિવારથી મને છોડાવીને અનેક ભવો સુધી ભવમાં ભટકાવ્યો. હે પ્રભુ! તે પાપીઓની ઓળખ મને સદાગમ-સદ્બોધ દ્વારા થઈ હતી, પણ હું મૂઢ તે ભૂલીને અનાદિકાળના તેમના પ્રત્યે સ્નેહસંબંધથી તેમની જાળમાં ફસાતો હતો. દુઃખી થતાં હું કોઈ વાર પસ્તાતો, તો કોઈ વાર ભાન ભૂલીને તેમનો નચાવ્યો હું વિવિધ રીતે નાચતો, ઘોર પાપો પણ કરતો હતો, એટલું જ નહિ આપની, આપના સહચરોની અને આપના શાસનની, સાધુ-સાધ્વીઓની, તેમજ શ્રાવક-શ્રાવિકાઓની પણ ઘોર નિંદા, હાંસી વગેરે આશાતનાઓ પણ કરતો હતો અને મહાપાપી હું ચારેય ગતિઓમાં ત્રાહી ત્રાહી પોકારતો ભટકતો હતો, તો પણ એ દુષ્ટ મોહના સુભટોને દયા

નહિ, ઉલટો આનંદ થતો. માત્ર મારી દયા કરનાર એક આપ અને આપનો પરિણામ જ હતો. મારા દોષોની ઉપેક્ષા કરીને પણ તેઓ મને શાતા માટે પ્રયત્ન કરતા અને પેલું પુણ્ય વળી મને એ શત્રુઓના પંજામાંથી બચાવી ધર્મરાજાના શરણે પહોંચાડતું હતું. એમ હું સમકિત પામ્યા પછી પણ અગણિત ભવો સુધી સંસારમાં ભટક્યો. આટલા ભવોમાં સંખ્યાતો, અસંખ્યાતો કે અનંતો કાળ પણ થઈ જાય. જો કે સમકિતનો મેળાપ થયા પછી પેલા અનાદિ વૈરી મોહનું જોર ઘટી ગયું હતું. પછી તે ગમે તેટલા પ્રયત્નો કરે, તો પણ અર્ધપુદ્ગલપરાવર્ત્ત કાળથી અધિક કાળ ભટકાવી શકે તેમ ન હતું, તો પણ તે અર્ધપરાવર્ત્તનમાં ઉત્સર્પિણી–અવસર્પિણીરૂપ અનંતા કાળચક્રો વહી જાય તેટલું તે ભટકાવે તેવી તેની શક્તિ હતી.

એમ સમકિતપ્રાપ્તિ પછી સંસારમાં ઘણું ભટક્યો. ત્યારે મેં ક્યાં ક્યાં પાપ કર્યાં તેનું વર્ણન હું શી રીતે કરું? ટૂંકમાં કહું કે–ચારેય ગતિમાં ભટકતાં આહારને કારણે ભયથી, વિષયવાસનાથી અને પરિગ્રહથી જે કોઈ પાપો થાય, તે સર્વ પાપો મેં કર્યાં હતા અને તેના કડવા ફળો ભોગવવા હું વાર વાર દુર્ગતિઓનાં દુઃખોથી પીડાતો હતો. એમ કેટલોય કાળ ગયા પછી પુનઃ કર્મપરિણામ મહારાજે કરુણા કરીને માનવભવમાં, આર્યદેશમાં અને ઉત્તમ કુળમાં જન્મ આપ્યો. માતા-પિતાએ

પ્રસન્ન થઈ મારું નામ સુમતિ રાખ્યું. હું મોટો થયો, સર્વ કળાઓ શીખ્યો અને યૌવનને પામ્યો, પણ બાલ્યકાળથી ગુરુઓનો સંસર્ગ, ઉપદેશશ્રવણ, સજ્જનોની સોબત વગેરે સુયોગના કારણે પેલી સમકિતની પુત્રી ધર્મબુદ્ધિએ મને જાગૃત કર્યો. તેથી ધર્મમાં ઉત્સાહ વધતાં પેલી કર્મશત્રુઓની શક્તિ જે બાકી હતી, તેમાંથી પણ મેં સંખ્યાતા સાગરોપમપ્રમાણ કાપી નાંખી. ત્યારે પેલા વિરતિના વિરોધી અપ્રત્યાખાનીય ક્રોધાદિ કષાયો નાસી છૂટ્યા. તેના પ્રભાવે મને હિંસા પ્રત્યે ઘૃણા (ઉપજી) પ્રગટી અને મેં નિરપરાધી ત્રસ જીવોને સંકલ્પપૂર્વક નહિ મારવાનું સ્થૂલ પ્રાણુતિપાતવિરમણવ્રત ગુરુ પાસે ઉચ્ચર્યું. અને વહ-બંધ-છવિચ્છેદ અતિભારારોપણ તથા આહાર-પાણીનો અંતરાય, એ તેના પાંચ અતિચારોને પણ તજ્યા. પછી વ્રતનું કાળજીપૂર્વક પાલન કરવા લાગ્યો. ત્યારે મારા પોષેલા પેલા મારા શત્રુઓએ અવસર જોઈને ક્રૂરતાને મારી પાસે મોકલી. હું તેને વશ થઈ ગયો, તેથી દેણદારોને ત્રાસ આપવા લાગ્યો. તે ત્યાં સુધી કે-ભૂખ્યા-તરસ્યા પણ રાખું, તેથી પીડિત થયેલા કોઈ મરી પણ જાય. એમ કરવા છતાં ધન તો વધવાને બદલે હતું તે પણ નાશ પામ્યું. તેથી દરિદ્ર બનેલાં મેં રાજાની નોકરી સ્વીકારી. ત્યારે હિંસા અને અપ્રત્યાખ્યાની કષાયો જે નાસી છૂટ્યાં હતાં તે આવ્યા. તેના પ્રભાવે હું લોકોને મારતો,

દંડતો, બાંધતો, તાપે તપાવતો અને ગરમ કરેલું ઉકળતું તેલ છાંટતો, એમ વ્રતથી નિરપેક્ષ બનેલો હું કોઈના પ્રાણ પણ લેતો. તેથી મારા પ્રત્યે નારાજ થઈને દેશવિરતિ પત્નીએ મને છોડી દીધો, તો પણ દેવવંદન-પૂજન-ગુરુવંદન મેં છોડયું નહિ. એમ સમ્યક્ત્વની અને વ્રતની વિરાધના કરીને હું ભુવનપતિદેવમાં ઉપજ્યો. ત્યાંથી તિર્યંચમાં, નારકીમાં અને એકેન્દ્રિય વગેરેમાં કેટલાય ભવ ભટક્યો.

હે પ્રભુ! કેટલું કહેવાય? મારી બુદ્ધિ પણ કેટલી અને શક્તિ પણ કેટલી? આપ બધું જાણો છો કે-હું એ રીતે સ્થૂલ મૃષાવાદવિરમણ, સ્થૂલ અદત્તાદાનવિરમણ વગેરે શ્રાવકના બારેય વ્રતોને, કોઈ વાર એક વ્રત તો કોઈ વાર બે, કોઈ વાર ત્રણ તો કોઈ વાર ચાર-પાંચ અને કોઈ વાર બારેય વ્રતોને ગ્રહણ કરતો અને પેલા દુશ્મનોને વશ ફળો ભોગવવા વાર વાર દુર્ગતિઓમાં રખડતો. છતાં મારા અપરાધોની ઉપેક્ષા કરીને પુણ્યમહારાજ મને વાર વાર માનવભવમાં આર્યક્ષેત્ર અને ઉત્તમ કુળમાં જન્મ આપતા. આ બધા તેના ઉપકારોને હું કયી રીતે વર્ણવી શકું? અને કેવી રીતે બદલો વાળું?

હે ભગવંત! એક પ્રસંગે તો મને ઉત્તમ ધનિક શ્રાવકને ત્યાં પુત્રી તરીકે જન્મ આપ્યો. ત્યાં મારું નામ રોહિણી રાખ્યું. સમગ્ર કુટુંબ ધર્મનું દૃઢ રાગી, જેથી મને પણ ધર્મરાગ વધ્યો. ધર્મબુદ્ધિ સમકિત-

દેશવિરતિ બધાય મને આવી મળ્યા અને હું બારવ્રત-ધારી બન્યો. યૌવનવયે પિતાજીએ ઘરજમાઈ રાખીને તેની સાથે મારું લગ્ન કર્યું. એ કારણે કે-મને સસરાને ત્યાં ધર્મનો અંતરાય ન પડે. મને ઘરના (સર્વ) સઘળા વ્યવહારથી મુક્ત રાખી ધર્મ માટે પૂર્ણ સગવડ આપી અને હું પણ આરાધનામાં સતત ઉદ્યમ કરવા લાગી. પણ પેલા મારા શત્રુઓને કયાં નિરાંત હતી? તેઓ તો મને ફસાવવાનો લાગ જોતાં જ હતા. તેથી કોઈનું જોર ન ચાલ્યું ત્યારે વિકથાને મારી પાસે મોકલી. મેં પુનઃ મૂઢ બનીને તેને આશ્રય આપ્યો. પછી તો પૂછવું જ શું? તેના પ્રભાવે રાજકથા-દેશકથા-ભક્તકથા-સ્ત્રીકથા વગેરેમાં મને ખૂબ રસ લાગ્યો. જ્ઞાનધ્યાન, અધ્યયન, દેવપૂજા, ધર્મશ્રવણ-બધામાંથી ચિત્ત ઉઠી ગયું. જયારે મંદિરે જતી, ત્યારે જે કોઈ બાઈ મળે તેને ઉભી રાખી જેની-તેની સાચી-ખોટી વાતો જ કરવા લાગતી. શેઠની પુત્રી અને વળી લાડકી, એટલે મને કોઈ કંઈ શકે નહિ. જો કોઈ કહે, તો હું તેને ઉધડી લઈ લઉં! મારે કોની બીક હતી? મંદિરમાં લોકોને અંતરાય પડે કે પ્રતિક્રમણ બગડે તેની મને દરકાર નહિ. વ્યાખ્યાનમાં તો મારું વ્યાખ્યાન ચાલુ જ હોય, છતાં અયોગ્ય માની મને કોઈ કંઈ કહેતું નહિ. ત્યારે હું માનતી કે-બધાને મેં હરાવ્યા છે તેથી મને કંઈ કહેતા નથી. મારી અયોગ્યતા તો મને પેલા માનકષાયે અને અજ્ઞાન

શત્રુએ જાણવા દીધી જ નહિ. હું જાણે વિદુષી હોઉં એટલો આડંબર રાખતી. એક દિવસ ઘેર જતાં રાજ-માર્ગમાં એક બ્હેન મળી, મેં હાથ પકડીને તેને ઉભી રાખી અને કહ્યું કે-તમે કંઈ જાણો છો? તેણે કહ્યું કે-ના બ્હેન મારે કંઈ જાણવું નથી, પણ હું છોડું તો તે ખસે ને? મેં કહ્યું સાંભળો! આપણા રાજાના પટરાણી, મને કહેતાં શરમ આવે છે, પણ તેમનું જીવન બરબાદ છે. શું કરીએ બાઈ! મોટા ઘરમાં મોટી ખોડ! અને તરત એ બાઈ તો મારો હાથ તરછોડીને ભાગી, પણ આ વાત ત્યાં કામપ્રસંગે આવેલી રાણીની દાસીએ સાંભળી અને તેણીએ રાણીને કહી. બાદ રાણીએ રાજાને કહી અને તરત રાજાના દૂત છૂટયા, આવ્યા મારા ઘેર! મારા પિતાને હુકમ કર્યો કે-રાજાજી હમણાં જ રોહિણીની સાથે રાજમંદિરમાં બોલાવે છે. શેઠ ગભરાયા, શું હશે? કેમ રોહિણીને બોલાવતાં હશે? અતિ ચિંતાતુર બનીને મને સાથે લઈને રાજમંદિરે ગયા. ત્યાં રાજાએ મને એકાન્તમાં બેસાડી પૂછયું કે-બ્હેન સાચું કહે! મહારાણીને અંગે તેં શું વાત જાણી છે? હે ભગવન્! મારા તો હોશકોશ ઉડી ગયા, પણ પેલી માયાએ મને સૂઝ આપી. તેથી જાણે કંઈ બન્યું જ નથી તેમ મેં કહ્યું. અરે, રાજાજી! આપ તો મારા પિતા છો અને મહારાણી તો મારી માતાથી પણ અધિક છે. શું હું તેમનું ભૂંડું બોલું? પ્રભુ! પ્રભુ! આપને આવું કોણે

કહ્યું ? ત્યારે રાજાજીએ મને શાન્ત કરીને પુનઃ કહ્યું કે– બ્હેન મુંઝાવાની કોઈ જરૂર નથી, જે હોય તે કહે. તને સાચું કહેવામાં કોનો ડર છે? પણ હું શું બોલું ? મેં તો મૂળમાંથી વાત કાપી નાખી. એથી રાજાએ દાસીને બોલાવી અને તેણીએ મારી રૂબરૂ મેં જે કહ્યું હતું તે સઘળું કહી જણાવ્યું. હું તો કંઈ બોલી શકી નહિ, નકારો જ કરતી રહી. એટલે જે બાઈની સાથે મેં વાત કરી હતી તેને બોલાવી. તેણે પણ આવીને એ જ પ્રમાણે કહ્યું. હવે મારું શું ચાલે ? રાજાનો ગુસ્સો વધી ગયો, પણ મારા પિતાની શરમથી બીજું કંઈ ન કરતાં મને દેશનિકાલની સજા ફરમાવી.

હે પ્રભો ! મારા પિતાએ મને ત્યાં જ છોડી દીધી. ઘેર આવવાનો પણ નિષેધ કર્યો અને રોતી-કકળતી હું ચાલી. લોકો તો મને જાણતા જ હતા. એથી રસ્તે જતી જોઈને તેઓ મારી, મારા વ્રતોની, મારી ધર્મ-કરણીની, આપના શાસનની, એમ વિવિધ રીતે નિંદા કરતા મને તિરસ્કારવા લાગ્યા. એમ મેં તમારા શાસનની–સંઘની ઘોર અપભ્રાજના કરાવી. હવે મને બચાવનાર કોણ હતું ? નિરાધાર બનેલી હું શહેર છોડીને જંગલમાં ભટકતી થઈ, જ્યાં–ત્યાં ભીખ માગતી, ભીખારણ કરતાંય ભૂંડી રીતે દુઃખ ભોગવતી. પૂર્વે ભોગવેલા વૈભવનાં સુખોને, માતા-પિતાદિ સ્વજનોના તથા સંઘના વાત્સલ્યને અને ગુરુઓની હિતશિક્ષાઓને

હું યાદ કરતી. મારા પાપે કર્મોતે મરીને ચારેય ગતિમાં રખડી. ત્યાં ઘણો કાળ એકેન્દ્રિયમાં મને જીભ મળી જ નહિ, ત્રસપણામાં જીભ મળી પણ મૂંગો, બોબડો, મુખરોગી, કટુભાષી અને મૂર્ખ બની બનીને મેં કારમી પીડાઓ ભોગવી.

હે પ્રભુ! મારી આ દુર્દશા કરીને મોહશત્રુ મારી મશ્કરી કરતો પોતાના પરિવારને કહેવા લાગ્યો કે-જોયું એ ઉત્તમ શ્રાવિકાનું વર્તન! એ સાંભળીને તેની પત્ની મહામૂઢતા, સામન્તો, મંત્રી મિથ્યાત્વ વગેરે એકીસાથે બોલ્યા કે-હે દેવ! ત્રણ જગતને તૃણતુલ્ય માનનાર આપની સામે એ રાંક સ્ત્રીની શક્તિ કેટલી? એ તો હજુ પાંચમા પગથિયે હતી. આપે તો અગિયાર પગથિયાં પસાર કરનારા ચકીને પણ પૂજ્ય અને દેવોથી પણ નહિ ડરનારા મહાયોગી જેવા અને ચૌદપૂર્વના જાણ અનંતા મહાપંડિતોને પણ પરાસ્ત કર્યા, તેની સામે એ રાંકડી કોણ માત્ર? એ સાંભળી મોહનો સમગ્ર પરિવાર હર્ષથી નાચી ઉઠયો.

પછી તો હે ભગવન્! પુનઃ પુણ્યના પ્રભાવે વાર વાર હું મનુષ્ય થયો. સમકિત, ધર્મબુદ્ધિ વગેરે પણ મને સહાયક થયા. તેથી મેં કોઈ વાર દાનનો અભિગ્રહ કર્યો, તો દાનાન્તરાય-કૃપણતા વગેરે મોહના સુભટોએ તે તોડાવ્યો. શીલનો નિયમ કર્યો, તો તેને તીવ્ર વેદ તથા દુરાચારીઓની સોબતે તોડાવ્યો. તપના

નિયમને લોલુપતા, નિઃસત્ત્વતા વગેરેએ ભંગાવ્યો, તો ભાવનાને આર્ત્તરૌદ્રધ્યાને તોડાવી. એમ દેશવિરતિપત્નીના પ્રભાવે વાર વાર આપની સહાય મળવા છતાં મારા પોષેલા એ મોહના સુભટોએ મને સર્વત્ર લૂંટી લૂંટીને રખડતો–રઝળતો–દુઃખી દુઃખી કર્યો. હું કેટલું કહું મારું વિતક?

હે પ્રભુ! જ્યારે મારી આ દશા હતી, ત્યારે મારી સાથે જ આપની કૃપાનું પાત્ર બનેલા એક મહાત્માએ એ મોહાદિ શત્રુઓનો પરાભવ કરીને જે રીતે સર્વથા વિજય મેળવ્યો, તે આપ તો જાણો જ છો, તો પણ તેની અનુમોદના માટે હું કહું છું તે સાંભળો!

હે પ્રભો! તે મહાત્મા પણ મારી જેમ અનંતીવાર ચડતી–પડતીના ચકાવે ચઢેલા હતા. મારી સમાન ભૂમિકાએ પહોંચેલા તેને કર્મમહારાજે એકદા અરવિંદ નામે રાજકુમાર બનાવ્યો. યૌવનવય પૂર્વે સઘળી કળાઓ શીખ્યો. પછી એકદા ઉદ્યાનમાં ગુરુને પધારેલા જાણીને તે ત્યાં વંદનાર્થે ગયો, વંદનાદિ કરી ધર્મદેશના સાંભળી. એ અવસરે કર્મમહારાજે તેને અતિ શુભ અધ્યવસાય રૂપ ખડ્ગ આપ્યું. તેનાથી તેણે મોહ વગેરે શત્રુઓનું શરીર દેશવિરતિ પ્રાપ્ત કરતાં ખંડ્યું હતું, તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલું પુનઃ છેદી નાખ્યું. તેથી પ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ ચારેય કષાયો ત્યાંથી નાસી છૂટ્યા. ગુરુમહારાજે તેને સમ્યગ્દર્શન અને

ચારિત્રધર્મનું દર્શન કરાવીને તેની પુત્રી સર્વવિરતિના સુંદર ગુણોને વર્ણવ્યા. તે સાંભળી તે મહાનુભાવને સર્વવિરતિ પ્રત્યે અનુરાગ થયો અને તેથી માતા-પિતાદિ સર્વના સંબંધને છોડીને ગુરુએ આપેલા વેષને પહેરી મહા વૈભવપૂર્વક તે સર્વવિરતિને પરણ્યો. તેથી ચારિત્ર-ધર્મરાજનું સર્વ મંડલ પ્રસન્ન થયું. પછી સદાગમ, સમ્યગ્દર્શન, સદ્‌બોધ વગેરે તેની પાસે રહી પ્રશમ, મૃદુતા, આર્જવ, સંતોષ, ક્ષમાદિ દશ ધર્મો વગેરે અનેક ગુણરત્નોને પ્રાપ્ત કરાવતા રહ્યા. તેનાબળે તેણે મોહની સામે યુદ્ધ માંડયું. અપ્રમાદરૂપી હાથી ઉપર બેસીને શુભ મનરૂપ ધનુષ્યથી સદ્‌ભાવનારૂપી બાણો ફેંકવા માંડયા. તેના બળે મોહમહારાજાને, મદનમંડલિકને, રાગકેસરીને, દ્વેષગજેન્દ્રને અને ક્રોધ-માન-માયા-લોભને અધમૂઆ કરી નાખ્યા. સામે આવતો પ્રમાદ, વિવિધ પરીષહો, ઉપસર્ગો વગેરે સર્વ શત્રુઓને પરાસ્ત કર્યા. પરંતુ એકદા એ મહાત્માને કોઈ ભૂલ થવાથી ગુરુ-મહારાજે કડક શબ્દોથી પ્રેરણા કરી, ત્યારે તક શોધી રહેલા પેલા પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ અને માન બંનેએ એને મર્મવેધક એવી પીડા ઉભી કરી કે-તે પીડાથી તે ગુરુની સન્મુખ જેમ-તેમ બોલવા લાગ્યો કે-

હે આચાર્ય! મેં શું બગાડયું છે? જો વિચાર કરો, તો મારો કોઈ અપરાધ નથી. વિના કારણે બોલતાં તમને કોણ રોકે? વળી મને એકને જ કેમ કહો છો?

તમારા ગચ્છમાં શું બીજો કોઈ સાધુ આવું નથી કરતો? આ સાધુઓ મને કહે કે-બીજો કોઈ એવું નથી કરતો. એમ બોલતાં તેને સ્થવિર સાધુઓએ હિતશિક્ષારૂપે કહ્યું કે-હે મહાભાગ! તું રાજપુત્ર છે, સારા કુળમાં જન્મેલો છે, તેથી ગુરુની સામે આ રીતે બોલવું યોગ્ય નથી. તે સાંભળીને તેને 'આ બધા મારા કુળને દૂષિત કરે છે' -એમ તે ઉલટું પરિણમ્યું. તેથી પુનઃ જ્યારે ગુરુ શિખામણ આપવા લાગ્યા, ત્યારે તો 'અહો! બધા મને કાઢવા જ તૈયાર થયા છે-મારો જ પીછો પકડ્યો છે' -એમ માનીને એ ક્રોધ-માનની પ્રેરણાથી તે સ્થાને દીક્ષાને છોડીને ચાલ્યો ગયો. પછી મોહના સુભટો તો ઉભા જ હતા, તેમણે વશ કર્યો અને ગામોગામ તથા ઘેરે ઘેર ધિક્કાર પામતો, ભીખ માગતો કર્યો. પરિણામે અનેક પાપો કરીને, જ્યારે દુઃખી દુઃખી થઈને મુંઝાયો, ત્યારે પોતાની ભૂલનો પસ્તાવો કરતો-આત્મનિંદા કરતો મરીને જ્યોતિષીદેવ થયો અને ત્યાંથી તિર્યંચ, નરક વગેરેમાં ઘણા ભવ ભટક્યો.

પુનઃ પુણ્યના પ્રભાવે મહર્દ્ધિક શ્રાવક થયો. ત્યાં સદ્ગુરુના યોગે પુનઃ સદાગમ, સદ્બોધ, સમ્યક્ત્વ, સર્વ-વિરતિ વગેરેનો યોગ થયો, ચારિત્ર લીધું અને પૂર્વની જેમ મોહની સેનાને ભગાડવા લાગ્યો. ઘણો કાળ સંયમ આરાધવા છતાં પેલા શત્રુઓ તો જીવતા જ હતા. તેમણે સમય જોઈને પ્રમાદને તેની પાસે મોકલ્યો. તેથી તેને

વશ થયેલો તે વિષયેચ્છા, સુખશીલતા વગેરેથી સંયમની વિરાધના કરીને સૌધર્મદેવલોકમાં એક પલ્યોપમ આયુ-વાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને, કેટલાક ભવો કરીને પુણ્યના પ્રભાવે પુનઃ રાજપુત્ર થયો. ત્યાં પણ સદ્‌ગુરુના યોગે પુનઃ ધર્મબુદ્ધિ, સમ્યક્ત્વ, સર્વવિરતિ વગેરેનો યોગ થયો. તેના પ્રભાવે દીક્ષા લીધી અને પૂર્વની જેમ મોહની સાથે યુદ્ધ શરૂ કર્યું. તે અવસરે પુણ્યકર્મે તેને ઉપશમશ્રેણિ નામનો મહા ઉત્સાહરૂપ વજ્રનો દંડો આપ્યો. તેના બળે પ્રચંડ ઉત્સાહથી તેણે અનાદિ મહા-વૈરી અનંતાનુબંધી ચાર કષાયોને અને મિથ્યાત્વને જમીનદોસ્ત કર્યા અને ભરસાડના અગ્નિના કણની જેમ નિષ્ક્રિય બનાવી દીધા. ત્યારે તે અપૂર્વકરણ નામના મોક્ષ-મહેલના આઠમા પગથિયે પહોંચ્યો. ત્યાંથી બાદરકષાય નામના નવમા પગથિયે ચઢ્યો. ત્યાં પહેલા નપુંસક-વેદને, પછી સ્ત્રીવેદને, તે પછી હાસ્યાદિ છ શત્રુઓને, પછી પુરુષવેદને અને તે પછી અપ્રત્યાખ્યાન તથા પ્રત્યા-ખ્યાન નામના બે ક્રોધને, પછી સંજ્વલન ક્રોધને, પછી એ જ બે માનને અને પછી સંજ્વલન માનને, પછી એ બે માયાને, પછી સંજ્વલન માયાને અને તે પછી એ બે લોભને–એમ એ ક્રમથી તે દરેકને કૂટીને નિષ્ક્રિય કરી દીધા. પછી જ્યારે સંજ્વલન લોભને કૂટવા માંડ્યો, ત્યારે તેનો એક અંશ સૂક્ષ્મ બનીને, નાસીને દશમા સૂક્ષ્મસંપરાય નામના પગથિયે છૂપાયો,

તો તે મહાત્માએ તેની પાછળ ત્યાં જઈને કણુ કણુ ચૂરીને તેને ભગાડચો. એમ એ સઘળા મોહના પરિવારને ભગાડી દેવાથી તેના આધારે જીવતો મોહરાજ સ્વયં અકિંચિત્કર થઈને પડચો. એ રીતે વિજય મળતાં તે મહાત્મા પરમાનંદને અનુભવતો ઉપશાન્તમોહ નામના અગિયારમા પગથિયે અંતર્મુહૂર્ત્ત રહ્યો. ત્યારે પેલા મુડદાલ બનેલા લોભનો સૂક્ષ્મ અંશ પુનઃ સ્વસ્થ થયો અને શરીરની-ઉપકરણુની મૂર્છારૂપે તે મહાત્માના ચિત્તમાં પેઠો. તેના પ્રભાવે શરીરાદિની મૂર્છાને વશ થયેલા તે મહાત્માને ત્યાંથી પાછો છેક નીચે પહેલા પગથિયે ફેંકચો. ત્યારે વચ્ચે જે મોહના સુભટોને જ્યાં જ્યાં તાડના કરી હતી, ત્યાં ત્યાં તે સર્વે પોતપોતાના સ્થાને સ્વસ્થ થઈને આ મહાત્માને ઘેરી વળ્યા અને અતિ કૂપિત થઈને, ઘણાં પાપો કરાવીને, ધર્મભ્રષ્ટ કરીને, એ બીચારાને એકેન્દ્રિયાદિમાં લઈ ગયા અને ત્યાંથી નરક વગેરે ગતિઓમાં ઘણા ભવો ભટકાવ્યો.

પુનઃ એ જીવને પુણ્યકર્મે માનવભવનાં મહા ઋદ્ધિમાન પરમ શ્રાવક એવા નગરશેઠના પુત્ર તરીકે જન્મ આપ્યો. ત્યાં યોગ્ય વયે સર્વ કળાઓ શીખ્યો, પણુ પ્રજ્ઞાનું બળ ઘણું હોવાથી તેને તેટલામાં સંતોષ ન થયો. તેણુ પૂછપરછ કરતાં જાણ્યું કે-જૈન સાધુઓ પાસે ઘણી અને વિશિષ્ટ કળાઓ હોય છે, તેથી એક આચાર્ય-મહારાજ પાસે ગયો અને તેઓને વંદન-વિનય કરીને તેણે

કળાઓ અંગે પૂછ્યું. ત્યારે આચાર્યમહારાજે કહ્યું કે-અમારી પાસે ઘણી ગંભીર અને તાત્ત્વિક કળાઓ છે. તે સાંભળીને તેણે ભણાવવા માગણી કરી. ત્યારે તેઓએ કહ્યું કે-ગૃહસ્થવેષમાં ભણાવાય નહિ, સાધુવેષ ધારણ કરે તેને જ ભણાવાય. તેણે તે કબૂલ કર્યું અને દીક્ષા લીધી. ગુરુએ પણ તેની યોગ્યતા સમજીને ચૌદપૂર્વ સુધી ભણાવ્યો. ત્યારે તેનો વૈરાગ્ય વધી ગયો. તેને અધ્યાત્મયોગી જેવો જાણીને મોહના સમગ્ર પરિવારમાં ચિંતા પ્રગટી. મોહે કહ્યું કે-હવે તો એ આપણો શત્રુ બની જશે. સદ્‌બોધ-સદાગમે તેને આપણી સઘળી માયાજાળ સ્પષ્ટપણે સમજાવી દીધી છે, જેથી બીજાઓને પણ એ સઘળી હકીકત જણાવશે અને તે સઘળા મળીને આપણા કુળનાં મૂળ ઉખેડશે. શું કરવું? હવે તેને વશ કરનાર આપણી પાસે કોઈ નથી. એ રીતે મોહરાજાને નિરાશ, ચિંતાતુર જોઈને બાજુમાં બેઠેલી નિદ્રાએ એ બીડું ઝડપ્યું અને મોહરાજા પાસે માગણી કરી. પ્રસન્ન થઈને મોહરાજે તેને અનુમતિ આપી. પછી તે પોતાના આળશ, અંગભંગ, બગાસું વગેરે વિવિધ પરિવારની સાથે એ મહાત્માની પાસે પહોંચી. તેના સંપર્કથી એ મહાત્મા આળશને વશ થયા. પછી તો એક એક શક્તિએ તેઓને નિદ્રાવશ કરી દીધા. તેથી ભણવાનું, ગણવાનું, અર્થચિંતન વગેરે સઘળું છોડી દીધું. એમ નદ્રાએ વશ કરી સ્વાધ્યાયને મૂળમાંથી છોડાવી

દીધો. જો ગુર્વાદિ પ્રેરણા કરે, તો હું ક્યાં ઊંઘું છું? તમને દરેકને એમ લાગે છે તે ભ્રમ છે. હું તો મૌન અને ધ્યાનથી અર્થચિંતન કરું છું, વગેરે મિથ્યા ઉત્તર આપી સૌને જુઠ્ઠા ઠરાવવા લાગ્યો. તેથી આખરે અયોગ્ય સમજી દરેક મુનિઓએ તેની ઉપેક્ષા કરી. ત્યારે સર્વ-વિરતિ, સદાગમ, સદ્બોધ, સમ્યક્ત્વ–એ બધાએ પણ તેને છોડી દીધો. પરિણામે મોહનાં ભૂતડાં ઘેરી વળ્યા. અને પુનઃ માર્ગભ્રષ્ટ કરી અજ્ઞાનને સોંપી દીધો. ત્યાં અજ્ઞાનથી હિંસાદિને વશ પડેલા તેણે વિવિધ પાપો કર્યાં. અને મરીને નરક, નિગોદ વગેરે ભવોમાં કેટલોય કાળ ભટક્યો.

એ રીતે તેનું પતન જોઈને ચારિત્રધર્મરાજા અને તેનો સર્વપરિવાર ચિંતાતુર બની ગયો. ચારિત્રધર્મરાજાએ પોતાના પરિવારને કહ્યું કે–મોહશત્રુ કર્મરાજા પાસેથી અનંતા–અભવ્યો અને દુર્ભવ્યોને પક્ષમાં લઈને આપણા કુટુંબના મૂળ ઉખેડવા સતત પ્રયત્ન કરે છે. તેની સામે રક્ષણ કરવા માટે અમે માગણી કરતાં એક જ ભવ્ય જીવ કર્મરાજે આપણને આપવાનું કહ્યું. અને કોણ જાણે કેટલા કાળે તે આપણને મળ્યો! આપણે પણ તેની પાછળ ઘણી મહેનત કરી તેને ભણાવ્યો અને તૈયાર કર્યો. ત્યારે મોહરાજે તેને પુનઃ નીચે પટકી ભવમાં ભમતાં કરી દીધો. શું કરીએ? કોને કહીએ? કર્મરાજની ગતિ ગહન છે. બે બાજુ ઢોલ બજાવે છે. એમ નિરાશ

બનેલા ધર્મરાજને સદ્‌બોધે કહ્યું કે-આપ નિરાશ કેમ થાઓ છો? આમાં નવું શું છે? અને આશ્ચર્ય પણ શું છે? અનાદિ વ્યવહાર એ જ રીતે ચાલ્યો આવે છે. જીવ પોતાની યોગ્યતા પૂર્ણ પ્રગટતાં મોહથી મુક્ત થઈ સિદ્ધ થાય છે. તેમાં તમારે પણ 'હું તેનો ઉદ્ધાર કરું છું'-એવો અહંકાર કરવાનું શું કારણ છે? જીવ પોતાની યોગ્યતા અને તમારા સહકારથી કૃતકૃત્ય બને છે. જો તેની યોગ્યતા ન હોય, તો તમે શું કરી શકો? અને જો તમારો સહકાર ન હોય, તો તે પણ શું કરી શકે? માટે અહંકાર કરવાની જરૂર નથી અને નિરાશ થવાની પણ જરૂર નથી. તમારા પ્રયત્નનું ફળ હવે તમને થોડા સમયમાં જ મળવાનું છે અને યશ પણ તમને થોડા સમયમાં જ મળવાનો છે, વ્યાકુળ થવાની કંઈ જરૂર નથી.

સદ્‌બોધના એ વચનો સાંભળીને ધર્મરાજ અને તેનો સર્વ પરિવાર પ્રસન્ન થયો તથા સદ્‌બોધની પ્રશંસા કરવા લાગ્યો. તે જ સમયે કર્મમહારાજે સંદેશો મોકલાવીને ચારિત્રધર્મને જણાવ્યું કે-તમારા સહાયક સંસારી જીવને મેં પદ્મસ્થળ નગરમાં સિંહવિક્રમ રાજાની કમલિની દેવીની કુખે પુત્રરૂપે ઉત્પન્ન કર્યો છે. ત્યાં તેનું નામ સિંહરથ રાખ્યું છે, માટે તમારે તેનું મોટું વધામણું કરવું, કારણ કે-આ જન્મમાં તે તમારા પક્ષનું જ પોષણ કરશે. મેં આ ભવમાં તેને કેવળ પુણ્યોદય જ સહાય માટે આપ્યો છે અને તે પણ સર્વ પ્રકારે

પુણ્યોદયનું જ પોષણ કરશે. તેથી મોહાદિ શત્રુઓ મુક્તિમાં પ્રવેશ કરતાં સુધી તેને લેશ પણ સ્પર્શી શકશે નહિ, માટે ચિંતા કરવી નહિ. તે સંદેશો સાંભળીને સમ્યગ્દર્શન વગેરે સર્વે અતિ પ્રસન્ન થયા.

પછી તો જૈનેન્દ્રનગરમાં સર્વત્ર તોરણ બંધાવ્યા, ઘેર ઘેર સોનાના મંગળ કળશોને સ્થાપ્યા, હાર શણગાર્યા, ધ્વજાઓ બંધાવી, માર્ગે સુગંધી શીતલ જળ છંટાવ્યા, સુવર્ણ-રત્નોનાં દાન દીધાં, અમારિપડહ વગડાવ્યો અને નૃત્ય-ગીત સાથે વાજિંત્રોના નાદ શરૂ થયા.

આ બાજુ સિંહરથ પણ બાલ્યકાળથી દેવ-ગુરુનો રાગી, પૂજા-ભક્તિ, ગુરુવંદન, ધર્મશ્રવણ વગેરેમાં દત્તચિત્ત બન્યો. સમયે વિદ્યાભ્યાસ પણ પૂર્ણ કર્યો. અને ક્રમશઃ યૌવનને પામ્યો, છતાં વૈરાગી તે વિષયની વાત પણ કરતો નથી. સ્ત્રીવર્ગથી સર્વથા દૂર રહેનાર તેને પરણવાની વાત તો ગમે જ કેમ ? શાસ્ત્રોનું શ્રવણ કરતાં ભવનું સ્વરૂપ જાણી લીધું, તેથી વૈરાગ્ય વધ્યો અને મોક્ષસુખની તીવ્ર રૂચિ પ્રગટી.

તે પછી એક દિવસ ચાર જ્ઞાનવાળા ગુણનિધિ નામના આચાર્યભગવંત પધાર્યા. તેઓની દેશના સાંભળીને અને માતા-પિતાદિને યુક્તિપૂર્વક સમજાવીને, તેઓના આશીર્વાદપૂર્વક મોટા મહોત્સવથી દીક્ષા સ્વીકારી, તેથી ચારિત્રધર્મના સર્વ સૈનિકો અતિ પ્રસન્નતાપૂર્વક તેને સહાય કરવા લાગ્યા. તેઓની સહાયથી સિંહરથે મોહનું

અને તેના પરિવારનું બળ ક્ષીણ કરી નાખ્યું અને તેથી હત-પ્રહત થએલ મોહનું સૈન્ય અકિંચિત્કર બન્યું. ત્યારે સિંહરથમુનિએ ઘણો કાળ દેશોદેશ વિચરીને, ઘણા ભવ્ય જીવોને મોહની પ્રપંચી નાગચૂડમાંથી છોડાવીને, કેટલાકને સમકીતિ તો કેટલાકને દેશવિરતિધર બનાવ્યા અને કેટલાકને સર્વવિરતિ આપી પોતાના શિષ્યો બનાવ્યા. એથી પુણ્યોદય વધી જતાં, પોતાનો અંત સમય નજીક જાણીને, તે સિંહરથમુનિ દ્રવ્ય-ભાવ સંલેખના-પૂર્વક પાદપોપગમન અનશન સાધીને, સમાધિપૂર્વક કાળધર્મ પામી, મહાશુક્ર વિમાનમાં સત્તર સાગરોપમના આયુષ્યવાળા ઇન્દ્રના સામાનિક મહર્દ્ધિકદેવ થયા. ત્યાં પણ તીર્થંકરોનાં કલ્યાણકો ઉજવવાં, સમવસરણની રચના, નંદીશ્વરદ્વીપ ઉપર અટ્ઠાઈ મહોત્સવ વગેરેથી પુણ્યોદયને અતિ પોષીને દિવ્ય પણ ભોગોને વૈરાગ્યથી ભોગવીને, આયુષ્ય પૂર્ણ થતાં, પૂર્વવિદેહમાં કમલાકર નગરમાં શ્રી ચંદ્રરાજાની કમલા નામે પટ્ટરાણીની કુખે ભાનુ નામે પુત્ર થયા. ત્યાં જન્મથી જ સદાગમ, સદ્બોધ, સમ્યક્ત્વ વગેરેનો સાથ મળવાથી, ધર્માનુષ્ઠાનમાં રક્ત બની-પુણ્યો-દયની વૃદ્ધિ કરી દીક્ષા સ્વીકારી અને ઘણો કાળ દીક્ષાને પાળીને, પૂર્વની જેમ મોહનું બળ અતિ ક્ષીણ થતાં અનશન દ્વારા સમાધિમરણને પામીને નવમા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થયા. ત્યાં પણ એકત્રીશ સાગરોપમ સુધી દિવ્ય સુખોને ભોગવીને પૂર્વવિદેહમાં રાજપુત્ર થયા. ત્યાં પણ

ઘણા રાજ્યવૈભવને નિરિહભાવે ભોગવીને, દીક્ષા લઈ મોહનું બળ બહુ પ્રાયઃ ક્ષીણ થતાં અને ઘણા જીવોને પ્રતિબોધીને પુણ્યોદય અતિ વધી જતાં, પ્રાન્તે અનશન દ્વારા સમાધિમરણથી મરીને સર્વાર્થસિદ્ધ નામના અનુત્તરવિમાનમાં પરમર્દ્ધિવાળા અહમિન્દ્ર દેવ થયા. ત્યાં તેત્રીશ સાગરોપમ સુધી સમ્યક્ત્વને આરાધીને છેલ્લા ભવમાં મહાવિદેહની ગંધીલાવતી વિજયમાં ચંદ્રપુરી નગરીમાં અકલંક રાજાની સુદર્શના નામની પટ્ટરાણીની કુખે પુત્રપણે ઉત્પન્ન થયા. ત્યારે માતાએ સ્વપ્નમાં ઉજ્વળ વર્ણના સિંહને મુખમાં પ્રવેશ કરતો જોયો. પ્રસન્ન થયેલ માતાએ સ્વપ્નની હકીકત રાજાને કહી. રાજાએ સ્વપ્નપાઠકોને કહી, ત્યારે તેઓએ કહ્યું કે-મહારાણીને સિંહતુલ્ય પરાક્રમી, વિશ્વમાં ઉજ્વળ, કીર્તિને વિસ્તારનાર અને સમગ્ર ભૂમિનો ભોક્તા રાજાધિરાજ એવો પુત્ર થશે. એ સાંભળી પ્રસન્ન થયેલ રાજાએ સ્વપ્નપાઠકોને મોટું દાન દઈ પ્રસન્ન કર્યા. રાણી પણ અતિ પ્રસન્ન ચિત્તે ગર્ભનું પાલન કરવા લાગ્યા. ત્રણ માસ પછી રાણીને દેવપૂજન, અભયદાન, ધર્મમહોત્સવો વગેરે કરવા-કરાવવાના દોહદો પ્રગટ્યા અને રાજાએ ઉદારતાથી સઘળા દોહદો પૂર્ણ કર્યા. પછી સંપૂર્ણ દિવસે પ્રશસ્ત લગ્ને રત્નના સમૂહની જેમ તેજને વિસ્તારતા પુત્રનો જન્મ થયો. દાસીએ રાજાને વધામણી આપી, ત્યારે પ્રસન્ન થયેલા રાજાએ દાસીને સાત પેઢી પહોંચે

તેટલું ધન ભેટમાં આપ્યું. નગરમાં સર્વત્ર વધામણાં શરૂ થયા, બંદીખાનેથી કેદીઓને છોડી મૂકયા, યાચકોને મુખમાગ્યાં દાન દેવાં શરૂ કર્યાં, કર–દાણુ માફ કર્યાં અને શ્રી જિનમંદિરોમાં અટ્ઠાઈ મહોત્સવો મંડાવ્યા. એમ જન્મોત્સવના દશ દિવસ નગરમાં સર્વત્ર આનંદમંગળમય વાતાવરણ શરૂ થયું. રાજાએ જોષીઓને બોલાવી જન્મ-લગ્ન જોવરાવ્યાં. તેના જવાબમાં જોષીઓ એકમત થઈને રાજાને કહેવા લાગ્યા કે–હે રાજન્ ! આનંદ નામા વર્ષમાં, શરદઋતુમાં, કાર્તિક માસમાં, ભદ્રાબીજ તિથિમાં ગુરુવારે, કૃતિકા નક્ષત્રમાં, વૃષરાશિમાં, ધૃતિયોગમાં, પ્રશસ્ત ગૃહોની દૃષ્ટિવાળા લગ્નમાં, સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાને વર્તે છે, હોરાઓ ઉર્ધ્વમુખી છે અને પાપગ્રહો અગિયારમા સ્થાને શુભ ફળ દેનારા છે. ત્યારે આવા ઉત્તમ સમયે પુત્રજન્મ થએલો હોવાથી આ પુત્ર ઘણી લક્ષ્મીનો સ્વામી અને અપરિમિત પરાક્રમાદિ ગુણોવાળો મહારાજાધિરાજ થશે. તે સાંભળી રાજા ઘણો પ્રસન્ન થયો અને દાન–સન્માનપૂર્વક જોષીઓને વિદાય કર્યાં. પછી યોગ્ય દિવસે મહોત્સવપૂર્વક બલિકુમાર એવું પૂર્વજોનું નામ રાખ્યું. ક્રમશઃ કુમારના ગુણો, વય અને બુદ્ધિ–ત્રણેય સ્પર્ધાથી વધવા લાગ્યા. અનુક્રમે સર્વ કળામાં કુશળ અને બુદ્ધિનો ભંડાર એવો પુત્ર યૌવનવયે કામદેવને પણ હરાવે તેવા રૂપ–લાવણ્યવાળો બન્યો. દેશ–વિદેશમાં સર્વત્ર કીર્તિ વિસ્તાર પામી અને તેના રૂપ-

ગુણોને સાંભળી આકર્ષાયેલી અનેક રાજકન્યાઓ દેશો-દેશથી પરિવાર સાથે સ્વયંવરા આવી. રાજાએ તે સર્વને યોગ્ય ઉતારા આપ્યા. પછી અનુકૂળ સમયે બલિકુમારને બોલાવી માતા-પિતાએ સ્નેહપૂર્વક એકાન્તમાં પ્રાર્થના કરતાં કહ્યું કે-હે વત્સ! તું અમને માતા-પિતા માને છે, ધર્મના તત્ત્વને સમજે છે, અને આ તારા ગુણોને સાંભળીને આકર્ષાયેલી મોટા રાજાઓએ સ્વયંવરા મોકલેલી નિજનિજ કન્યાઓ નિરાશ થઈને પાછી જતાં અમારા ચિત્તમાં મહા ખેદ થશે એમ જાણે છે, તો મંગળપૂર્વક એમની સાથે લગ્ન કર! અને મોટા મનોરથોપૂર્વક આવેલી તે બીચારીઓને સ્વરાજ્ય અને ભોગનાં સુખનો અનુભવ કરાવ! પછી તારા રાજ્યના સુખને જોઈને, પ્રસન્ન થએલાં અમારા મરણ પછી રાજ્યની વ્યવસ્થા કરીને તારી ઈચ્છા પ્રમાણે તું ચારિત્ર સ્વીકારજે! એ વગેરે માતા-પિતાનાં વચનો સાંભળીને બલિકુમારે વિચાર્યું કે-અહો! મારા પ્રત્યે માતા-પિતાનો ઘણો સ્નેહ છે, વળી હું તેમને એક જ પુત્ર છું, તેથી જો હું તેમનું કહ્યું નહિ માનું, તો તેમને અતિ સંક્લેશ થશે. માટે મારે જે કરવાનું છે તે તો પછી પણ હું નિશ્ચે કરીશ, અત્યારે તો માતા-પિતાને સમાધિ પમાડું! એ પણ મારાં અતિ ઉપકારી છે, પૂજ્ય છે, હિતસ્વી છે, તેથી તેમની આજ્ઞા પણ વંદનીય છે. વળી નિકાચિત પુણ્યકર્મ પણ આ રીતે જ ખપી શકે, એમ વિચારી અનિચ્છાએ પણ

માતા-પિતાનું વચન સ્વીકાર્યું અને આવેલી રાજકન્યાઓ સાથે મોટા મહોત્સવથી લગ્ન કર્યું. એમ કેટલોક કાળ ભોગસુખમાં પસાર કરી પિતાએ આપેલા રાજ્યને દીર્ઘકાળ નિર્વિઘ્ને પાળ્યું, પ્રજાને પુત્રવત્ પાળી. તેનું અધર્મથી રક્ષણ કર્યું અને ધર્મમાર્ગની વૃદ્ધિ કરી.

એમ વીશ લાખપૂર્વ કુમાર અવસ્થામાં અને ચાલીશ લાખપૂર્વ રાજ્યાવસ્થામાં પસાર કરી, સાઈઠ લાખપૂર્વ સુધી ઘણા સ્થાને જીર્ણોદ્ધારો કરાવ્યા, સ્વદેશમાં અનેક ગામ-નગરોમાં નવાં પણ અનેક મોટાં શ્રી જિનમંદિરો બંધાવ્યાં અને રથયાત્રાઓ પ્રવર્તાવી. એમ વિવિધ રીતે શ્રી જૈનશાસનની પ્રભાવના કરી.

પછી એકદા પક્ખીના દિવસે ઉપવાસ કરી સાંજે દેવદર્શન-વંદન કરી, રાત્રિ સ્વાધ્યાય-સામાયિક-પૌષધથી પૂર્ણ કરી, પ્રાતઃસમયે સદ્બોધના સહકારથી તે વિચારવા લાગ્યો કે-અહો! સામાન્ય માનવની જેમ મેં વિષયોમાં ગૃદ્ધ થઈને અતિ દુર્લભ આ માનભભવને ઘણો ગુમાવી દીધો, સાગરોપમો સુધી ભોગોને ભોગવવાથી જે તૃપ્તિ ન થઈ, તે આ માનવનાં તુચ્છ ભોગોથી કેમ થશે? તત્ત્વથી વિચારતાં આ સંસારમાં સારભૂત કંઈ નથી. માત્ર મૂઢ પુરુષો ભ્રમણાથી તેને સાર માની ઠગાય છે. લક્ષ્મી, યૌવન, પુત્ર-પરિવાર, શરીર અને આરોગ્ય, બધું ક્ષણિક છે, પુણ્યાધીન છે, પુણ્ય પૂરૂં થતાં ચક્રવર્તી પણ ભીખારી અને દેવો પણ દાસ બને છે. આટલા

દિવસો મેં નિષ્ફળ અનર્થકારક ગુમાવ્યા. તેથી હવે જો ગુરુયોગ મળે, તો મારા ઈષ્ટકાર્યને સાધું. એમ શુભ ભાવનામાં પ્રભાત થયું. પૌષધ પારીને પ્રાતઃકાર્યો કરીને રાજસભામાં ગયો. ત્યારે બહાર મૃગરમણ ઉદ્યાનમાં કેવળીભગવંતનું આગમન સાંભળ્યું, તેથી હર્ષિત થયેલો તે મોટા આડંબરથી ત્યાં ગયો અને વિનય-ભક્તિથી તેઓને પ્રણામ કરીને યોગ્ય ભૂમિએ બેઠો.

પછી દેશના સાંભળીને સંવેગને પામેલા તેણે કેવળીભગવંતને પ્રાર્થના કરી કે-હે ભગવંત! આપના ચરણનું શરણ આપીને મારા શેષ જીવનને સફળ કરો! હે ભગવન્! મેં આજ સુધી માનવજન્મને નિરર્થક ગુમાવ્યો છે.

કેવળીભગવંતે કહ્યું કે-રાજન્ આ જન્મમાં તેં ગુમાવ્યું તે તો કેટલું માત્ર છે? પૂર્વભવોમાં જે ગુમાવ્યું છે, તે તો કહેતાં પણ ભય લાગે અને લોકને આશ્ચર્યકારક બને તેવું છે. ત્યારે બલિરાજે કહ્યું કે-ભગવન્! તે સાંભળવા મારી ઈચ્છા છે. કેવળીભગવંતે કહ્યું કે-તે તો આયુષ્ય પૂર્ણ થાય તો પણ ન કહી શકાય તેટલું-તેવું છે, છતાં જો તારે સાંભળવું હોય, તો સંક્ષેપમાં સાંભળ! એમ કહીને તેનું પૂર્વ સંસારભ્રમણ અને સમકિત પામ્યા પછીના ભવોનું વર્ણન સંક્ષેપમાં જણાવ્યું.

તે સાંભળીને ભયથી કંપતા બલિરાજે કેવલી-ભગવંતના ચરણુમાં માથું મૂકીને કહ્યું કે-ભગવન્ ! મોહ વગેરે શત્રુઓ અતિ દુષ્ટ છે. તેઓ આ ભવમાં મને છળે તે પહેલાં જ આપ મને કૃપા કરીને ચારિત્ર-ધર્મના સૈન્ય સાથે મેળાપ કરી આપો. (દીક્ષા આપો.) અને એવો ઉપાય બતાવો કે-તેઓ મને પરાભવ ન કરી શકે ! હું હવે તેઓનો સર્વથા અંત કરવા ઈચ્છું છું.

કેવળીભગવંતે 'તારે તેમ કરવું તે યોગ્ય જ છે'. વગેરે કહીને તેને દીક્ષા આપી અને કહ્યું કે-મોહનો અંત કરવાનો ઉપાય એક જ છે કે-આ ચારિત્રધર્મના સૈન્યને કોઈ રીતે તું તજીશ નહિ. તેં પૂર્વે ચારિત્ર-ધર્મની કોઈ પ્રકારે ઉપેક્ષાદિ કરવાથી જ મોહાદિ શત્રુ-ઓએ તને ભટકાવી દુઃખી કર્યો છે. ચારિત્રધર્મના શરણે રહેલાનો વાળ વાંકો કરવાની મોહની તાકાદ નથી. ઈત્યાદિ હિતશિક્ષા સાંભળીને બલિરાજર્ષિ પ્રશસ્તભાવે ચારિત્રધર્મની સેવા કરવા લાગ્યા અને સદ્બોધ-સદાગમે ઉપદેશેલા વિધિથી વિહાર કરતા, મોહાદિ શત્રુના બળનું નિકંદન કરતા, ગામ-નગરાદિમાં વિચરતા તેઓએ અનેક ભવ્ય જીવોને મોહાદિની વિડંબનાથી બચાવ્યા. પછી યોગ્ય જાણીને ગુરુએ તેમને સૂરિપદ આપ્યું.

અન્યદા અપ્રમત્તદશાને પામેલા તેઓને અતિ વિશુદ્ધ અધ્યવસાયરૂપ ક્ષપકશ્રેણિ નામે ખડ્ગની પ્રાપ્તિ થઈ, તેથી તેના બળે ચાર અનંતાનુબંધી કષાયો

અને મિથ્યાત્વરૂપી મહાશત્રુને મૂળમાંથી ઊખેડી નાખ્યા. પછી આઠમા અપૂર્વ ગુણસ્થાનકને સ્પર્શીને નવમા અનિવૃત્તિબાદરે પહોંચ્યા અને ત્યાં મૂળથી અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાનાવરણી આઠ કષાયોને ઊખેડવા માડયા. તે અડધા હણ્યા ત્યાં વચ્ચે જ નરકગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચગતિ તિર્યંચાનુપૂર્વી, જાતિચતુષ્ક, આતપ, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ-એ નામકર્મની તેર અને થિણદ્ધિત્રિક-એ સોળનો મૂળમાંથી નાશ કર્યો. તે પછી શેષ રહેલા કષાયોનો નાશ કર્યો. પછી નપુંસકવેદ, તે પછી સ્ત્રીવેદ, પછી હાસ્યાદિ છ, પછી પુરુષવેદ અને પછી ક્રમશઃ સંજ્વલન ક્રોધ-માન અને માયાનો નાશ કર્યો. પછી સંજ્વલન લોભને કૂટવા લાગ્યા ત્યારે હણાતો તે એક અંશથી અતિ સૂક્ષ્મ થઈને નાસતો સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે છૂપાયો, તો ત્યાં જઈને પણ તેનો ક્ષપકશ્રેણિરૂપ તિક્ષ્ણ ખડ્ગ વડે સંપૂર્ણ નાશ કર્યો. એમ અર્હદ્‌વંશરૂપે રમતો મોહરાજ સર્વથા નાશ પામતાં આજ સુધી આગળ નહિ વધેલા તે બલિરાજર્ષિસૂરિ ત્યાંથી કૂદીને ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાને (પગથિયે) પહોંચ્યા. ત્યાં પાંચ પાંચ રૂપધારી જ્ઞાનાવરણ અને અંતરાય તથા નિદ્રા, પ્રચલા તથા ચાર દર્શનાવરણરૂપે છ પ્રકારના દર્શનાવરણને મૂળમાંથી હણી નાખ્યા. એ રીતે ચાર ઘાતીકર્મરૂપ મહા નાયકોનો નાશ થતાં શેષ શત્રુસૈન્ય અકિંચિત્કર બની ગયું. અને આજ સુધી

જ્ઞાનાવરણ-દર્શનાવરણે રોકેલો વિશ્વના સર્વ પદાર્થોના સર્વ ભાવોને જણાવનારો કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપ અદ્ભૂત પ્રકાશ પ્રગટ્યો. એ રીતે સયોગીકેવળી ગુણસ્થાનરૂપ જ્યારે તેરમા સોપાને પહોંચ્યા, ત્યારે ચારિત્રધર્મ વગેરે સઘળા અતિ ઉત્કર્ષને પામ્યા. તેમનાં સૈન્યમાં એટલો હર્ષ વધી ગયો કે-કોઈના અંગમાં હર્ષ માતો નથી. પછી તો બલિરાજર્ષિ કેવળીએ ઘણો કાળ લોકોની સમક્ષ કૂટિલ મોહાદિ શત્રુઓના પ્રપંચને પ્રગટરૂપે જણાવીને અનેકાનેક ભવ્ય જીવોને તે શત્રુઓના પ્રપંચથી બચાવ્યા. પ્રાન્તે, આયુષ્ય અંતર્મુહૂર્ત્ત શેષ જાણીને યોગનિરોધપૂર્વક ચૌદમા ગુણસ્થાનકે જઈ, ત્યાં શૈલેશીકરણ દ્વારા ચરમ સમયે શેષ અઘાતીકર્મોનો પણ ક્ષય કરીને, તે જ સમયે આત્માની અચિંત્ય શક્તિથી વચ્ચેના કોઈ આકાશપ્રદેશને સ્પર્શ્યા વિના, સાત રાજ ઊંચે સિદ્ધક્ષેત્રમાં નિજ અવગાહનાથી ત્રીજા ભાગે ન્યૂન ક્ષેત્ર અવગાહીને, સાદિ-અનંત સ્થિતિએ સિદ્ધસ્વરૂપને પામ્યા. આજે પણ તેઓ અનંત-અક્ષય-અલૌકિક-એકાન્તિક-આત્મિક સુખનો અનુભવ કરતા પરમાનંદને ભોગવી રહ્યા છે.

હે ભગવંત! એ રીતે આજ પૂર્વે મારી સાથેના અનંતા જીવો આપની કરુણાથી સિદ્ધિપદને વર્યા છે અને આજે પણ તેવા સાધકો આપની આજ્ઞાથી સાધના કરી રહ્યા છે. હું પાપી અનંતા કાળથી રખડું છું, આપ કરુણા કરી મારો ઉદ્ધાર કરો, આપના સિવાય

આ ભયંકર સંસારમાં હવે મારું કોઈ શરણું-નથી. હે પ્રભો! આજ સુધી વિવિધ રીતે મોહાદિ શત્રુઓને વશ થઈ આપની આજ્ઞાની મેં જે વિરાધના કરી છે, તેની આપની સમક્ષ હું ગર્હા કરું છું.

દુષ્કૃતનિંદા–હે ભગવંત! અનાદિ સંસારમાં જન્મ-મરણ કરતા મેં શ્રી અરિહંતો, તેઓનાં ચૈત્યો, સિદ્ધભગવંતો, આચાર્યભગવંતો, ઉપાધ્યાયભગવંતો, મુનિભગવંતો, પૂજ્ય સાધ્વીજીઓ તથા બીજાં પણ વંદન, પૂજન, સત્કાર અને સન્માન કરવાયોગ્ય વિશુદ્ધ સર્વ ધર્મસ્થાનો પ્રત્યે, તથા જે મારાં માતાઓ, પિતાઓ, બંધુઓ, મિત્રો કે ઉપકારીઓ પ્રત્યે પણ કદાપિ કોઈ પ્રકારે મન-વચન-કાયાથી કંઈ પણ અનુચિત કર્યું હોય અને જે કંઈ ઉચિત છતાં ન કર્યું હોય; તે સર્વની ત્રિવિધે ત્રિવિધે હું આપની સમક્ષ ગર્હા કરું છું.

વળી આઠ મદસ્થાનો અને અઢાર પાપસ્થાનો પૈકી કોઈ પ્રકારે મેં કોઈ દોષ સેવ્યો હોય, તેમાં પણ અજ્ઞાનથી, અને ક્રોધ-માન-માયા કે લોભથી જે કોઈ નાના-મોટા દોષ સેવ્યા–સેવરાવ્યા કે અનુમોદ્યા હોય, તે સર્વની ગર્હા-નિંદા કરું છું. રાગ-દ્વેષ કે મોહથી વિવેકભ્રષ્ટ થએલા, કે મિથ્યાત્વના ઝેરથી બેભાન બનેલા મેં આ ભવમાં કે પૂર્વભવોમાં આ લોકવિરુદ્ધ, પરલોકવિરુદ્ધ વર્તન કર્યું કે શ્રી જિનમંદિર, જિનમૂર્તિ, જિનાગમ કે શ્રીસંઘ વગેરેનો મન-વચન-કાયાથી પ્રદ્વેષ કર્યો, અવર્ણવાદ અથવા

ઉપઘાત કર્યો હોય; તે સર્વને પણ ત્રિવિધે ત્રિવિધે ગહું છું. તેમાં જે શ્રી જિનપ્રતિમાને ભાંગી, તોડી, ગાળી હોય કે વિક્રય કર્યો, કરાવ્યો કે અનુમોદ્યો હોય; તે સર્વને પણ નિંદું છું.

વળી મિથ્યાત્વને વિસ્તારનારાં વિવિધ પાપો, જેવાં કે-સૂક્ષ્મ-બાદર-ત્રસ કે સ્થાવર જીવોનાં ઘાતક રેંટ, ઘરંટી, સાંબેલાં, ખાંડણિયા, હળ, કોશ વગેરે શસ્ત્રોને ઘડયાં-ઘડાવ્યાં કે વેચ્યાં-વેચાવ્યાં હોય; તેને ગહું છું.

વળી ધર્મબુદ્ધિએ દવ સળગાવવા, કાંટા બાળવા, વગેરે તથા કૂવા, વાવ, તળાવ ખોદાવવાં-યજ્ઞ કરાવવા વગેરે પાપો કર્યાં-કરાવ્યાં કે અનુમોદ્યાં હોય; તે સર્વની પણ આપની સમક્ષ ત્રિવિધે ત્રિવિધે ગર્હા કરું છું

સમકિત પામીને પણ આ ભવ-પરભવે તેની વિરુદ્ધ અતિચાર સેવ્યા હોય અને સાધુ અથવા શ્રાવકધર્મને પાળતા પણ મેં રાગ-દ્વેષને વશ થઈ પરાયું માની શ્રી જિનમંદિર, પ્રતિમા, કે સંઘ વગેરે પ્રત્યે જે થોડી પણ ઉદાસીનતા સેવી હોય, તિરસ્કાર કે અવજ્ઞા કરી હોય, ઉપઘાત કે પ્રદ્વેષ કર્યો હોય તે સર્વની, તથા અણુવ્રતો-ગુણવ્રતો અને શિક્ષાવ્રતોમાં જે નાના-મોટા અતિચાર સેવ્યા હોય; તે સર્વની પણ ગર્હા કરું છું.

વળી અંગારકર્મ વગેરે પાંચ કર્મો, દાંત-લાખ વગેરેના પાંચ વ્યાપારો તથા યંત્રપ્રયોગાદિ પાંચ સામાન્ય પાપો, એ પંદર કર્માદાનોની પ્રવૃત્તિ તથા પ્રમાદથી,

અભિમાનથી, સહસાત્કારે, ઉપયોગશૂન્યતાથી અને ઈરાદાપૂર્વક કે આગ્રહથી જે કોઈ પાપો કર્યાં હોય તે સર્વની, તથા બીજાનો પરાભવ કરવારૂપે, બીજાના સંકટમાં સુખ માનવારૂપે, હાંસીરૂપે, વિશ્વાસઘાતરૂપે, બીજાની દાક્ષિણ્યતાથી, તીવ્ર વિષયાભિલાષાથી, રમતથી, મશ્કરીરૂપે, કુતૂહલ વૃત્તિથી કે આર્ત્ત-રૌદ્ર ધ્યાનરૂપે, એમ સપ્રયોજન કે પ્રયોજન વિના પણ જે કંઈ પાપ કર્યાં-કરાવ્યાં કે અનુમોદ્યાં હોય; તે સર્વને ગર્હું છું.

વળી મોહમૂઢ બનેલા મેં કોઈ પણ ભવમાં સામાચારીનો, વ્રતોનો કે નિયમોનો ભંગ કર્યો-કરાવ્યો હોય; દેવને અદેવ, અદેવને દેવ, ગુરુને કુગુરુ, કુગુરુને સુગુરુ, અતત્ત્વને તત્ત્વ કે તત્ત્વને અતત્ત્વ, અથવા અધર્મને ધર્મ કે ધર્મને અધર્મ માન્યો-મનાવ્યો કે અનુમોદ્યો હોય; વળી મિથ્યાત્વથી મૂઢ મેં સર્વ જીવો પ્રત્યે મૈત્રી, સવિશેષ ગુણવંતો પ્રત્યે પ્રમોદ, દીન-દુઃખી વગેરેની કરુણા કે પાપાસક્ત અયોગ્ય જીવોની ઉપેક્ષા ન કરી; પાપશાસ્ત્રોનું શ્રવણ કર્યું, ચારિત્ર પ્રત્યે અનુરાગ ન કર્યો તથા દેવ-ગુર્વાદિની વૈયાવચ્ચ ન કરી અને તેઓની નિંદા-હેલના કરી; તે સર્વ પાપોને પણ ત્રિવિધે ત્રિવિધે ગર્હું છું.

વળી હે ભગવંત! અમૃતતુલ્ય-વિશ્વહિતકર આપની વાણીને મેં સાંભળી નહિ, સાંભળી પણ સદ્દહી નહિ, અને સાંભળવા-સદ્દહવા છતાં તથા બળ-વીર્ય-પરાક્રમ અને પુરુષકાર હોવા છતાં તેને સ્વીકારી નહિ, પાળી

નહિ, કે પાળનારા પુણ્યવંતો પ્રત્યે દ્વેષ કર્યો, તેઓનાં ધર્મસાધનોને ભાંગી-તોડીને કે બીજી કોઈ રીતે પણ અંતરાય કર્યો; તે સર્વની પણ હું ત્રિવિધે ત્રિવિધે ગર્હા કરું છું.

એમ સામાન્યથી પાપનિંદા કરવાપૂર્વક હે ભગવંત! હવે પંચાચાર સંબંધી સેવેલા દોષોને પણ હું આપની સમક્ષ નિંદુ છું. તેમાં **જ્ઞાનાચાર** સંબંધી અકાળે, વિનય-બહુમાન કે ઉપધાન વિના, સૂત્ર-અર્થ તદુભયને ભણતા મેં ગુરુને ઓળવ્યા, કે કાનો, માત્રા, સ્વર-વ્યંજન વગેરે ન્યૂનાધિક ભણ્યો; એમ ત્રણેય કાળમાં જ્ઞાનાચાર અંગે કરેલી વિરાધનાને નિંદું છું. **દર્શનાચારમાં**-પણ જીવાદિ તત્ત્વોમાં દેશ કે સર્વ શંકા, અન્યાન્ય દર્શનની અભિલાષારૂપ દેશ કે સર્વ કાંક્ષા, દાનાદિ ધર્મના ફળમાં અવિશ્વાસરૂપ વિચિકિત્સા કે મલ-મલિન ગાત્રાદિ નિમિત્તે સાધુ-સાધ્વી પ્રત્યે દુર્ગંછા, અન્ય ધર્મના ચમત્કારાદિ જોઈને મૂઢદૃષ્ટિપણું વગેરે કર્યું હોય; અને ધર્મીઓની ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય કે ધર્મભાવના વગેરે ન કર્યું હોય; ઈત્યાદિ ત્રણેય કાળમાં દર્શનાચાર સંબંધી કરેલી વિરાધનાને નિંદું છું. **ચારિત્રાચારમાં**-પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલનમાં કરેલો પ્રમાદ, અવિધિ, વગેરે નાની-મોટી વિરાધનાને, **તપાચારમાં**-બારેય પ્રકારના તપમાં કદાપિ કોઈ પ્રકારે કરેલી વિરાધનાને, અને **વીર્યાચારમાં**-બળ-વીર્ય-પરાક્રમ છતાં, તે

તે જ્ઞાનાદિ આચારોના પાલનમાં જે ઉદ્યમ ન કર્યો તે વિરાધનાને; એમ પાંચેય આચારોમાં ત્રણેય કાળમાં કરેલી નાની-મોટી વિરાધનાને હે ભગવંત! હું આપની સાક્ષીએ ગહુઁ છું.

વળી દશવિધ યતિધર્મમાં કે ચરણસિત્તરીરૂપ મૂળ-ગુણોમાં હિંસાદિ દોષો, તથા કરણસિત્તરીરૂપ ઉત્તર-ગુણોમાં દૂષિત પિંડ ગ્રહણ કરવા વગેરેથી જે નાના-મોટા અતિચારો સેવ્યા હોય; તેને પણ ભાવપૂર્વક ત્રિવિધે ત્રિવિધે ગહુઁ છું.

હે ભગવંત! મિથ્યાત્વથી દૂષિત બુદ્ધિવાળા મેં ધાર્મિક પુરુષોની અવજ્ઞા વગેરે કર્યું હોય તથા આહાર-ભય-મૈથુન અને પરિગ્રહસંજ્ઞાને વશ બની જે કોઈ પાપને કર્યું હોય; તેની પણ આપની સમક્ષ હું ત્રિવિધે ત્રિવિધે ગર્હા કરું છું.

હે ભગવંત! એ રીતે દુષ્કૃતગર્હા કરીને ચારેય ગતિમાં ભમતા મેં જે જે જીવોની વિરાધના કરી છે, તે તે સર્વને પણ હવે આપની સમક્ષ ખમાવું છું.

**નારકપણામાં**—મેં બીજા કર્મવશ નારકી થએલા જીવોને ભવધારણીય શરીરથી ઉત્તરવૈક્રિય પણ વિવિધ રૂપો ધારણ કરીને બળાત્કારે દુઃસહ પીડાઓ ઉપજાવી હોય, હે ભગવંત! તે સર્વ જીવોને આપની સમક્ષ હું ખમાવું છું.

તિર્યંચપણામાં પણ **એકેન્દ્રિય** બનેલા મેં મારા વિરુદ્ધ વર્ણ–ગંધ–રસ–સ્પર્શથી બીજા પૃથ્વીકાયાદિ કોઈ પણ જીવોની સાથે મળીને ક્યારેય પણ જે વિરાધના કરી હોય તેને, અને એકેન્દ્રિયપણામાં જ રહેલા મેં બેઈન્દ્રિયાદિ પંચેન્દ્રિય સુધીના જીવોની કોઈ પણ વિરાધના કરી હોય; તે સર્વને પણ ખમાવું છું. તેમાં **પૃથ્વીકાય** બનેલા મેં પત્થર, ઢેફાં કે બીજા કોઈ રૂપે બેઈન્દ્રિયાદિ અન્ય જીવોના શરીર ઉપર પડીને તેઓને વિરાધ્યા હોય, **અપ્કાય** બનેલા મેં અન્ય જીવોને ડુબાડીને માર્યા હોય, કે હિમ, કરાં, વર્ષાની ધારા, કે અન્ય રીતે છંટકાવ દ્વારા વિવિધ પીડાઓ કરી હોય, **અગ્નિકાય** બનેલા મેં વિજળી, અગ્નિ, દીપક કે દાવાનળરૂપે અન્ય એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોને કોઈ રીતે કદાપિ વિરાધ્યા હોય, **વાયુકાય** બનેલા મેં અન્ય જીવોનું શોષણ, હનન, ઉડાડવા, કે તેઓના અવયવાદિ ભાંગવા–તોડવા–મરડવા વગેરે કોઈ પણ પ્રકારની ત્રણેય કાળમાં જે કોઈ વિરાધના કરી હોય, અને **વનસ્પતિકાય** બનેલા પણ મેં વૃક્ષની ડાળ રૂપે અન્ય જીવો ઉપર પડીને કે મારીને, ઝેરી અથવા વિરુદ્ધ પ્રકૃતિ દ્વારા, એમ કોઈ પણ રીતે કદાપિ અન્ય ત્રસ–સ્થાવર કોઈ પણ જીવોને જે વિરાધ્યા હોય; તે સર્વ જીવોને હે ભગવંત! હું આપની સમક્ષ ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું.

બેઈન્દ્રિયાદિ ત્રસપણાને પણ પામેલા મેં અલસિયા,

દેડકા વગેરે રૂપે પૃથ્વીને ગ્રહણ કરી શરીર બનાવતાં પૃથ્વીકાયને, સતત કૂદવું, હાલવું, ચાલવું કે ફરકવું વગેરે કરવાથી, મર્દન કરવાથી કે પાન કરવાથી અપ્કાયને, મારા ખારા, તીક્ખા, કડવા વગેરે રસથી કે કર્કશ આદિ સ્પર્શ વગેરેથી તેઊકાય-વાયુકાયને અને ફળ-ફૂલ કે કાષ્ટ વગેરેમાં કીડારૂપે ઉત્પન્ન થઈને કે તેનું ભક્ષણ વગેરે કરવા દ્વારા વનસ્પતિકાયને પણ જે વિરાધ્યા હોય; તે સર્વ જીવોને હે ભગવંત હું ત્રિવિધે ખમાવું છું. તથા એ વિકલેન્દ્રિયપણામાં જ સજાતિય-વિજાતિય બેઇન્દ્રિયાદિ કોઈ ત્રસ જીવોને પણ ત્રણેય કાળમાં જે કોઈ પણ રીતે વિરાધ્યા હોય, તે સર્વ જીવોને પણ હે ભગવંત ! હું આપની સાક્ષીએ ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું.

પંચેન્દ્રિય તિર્યંચપણામાં જળચર-સ્થલચર કે ખેચરજાતિમાં ઉપજેલા મેં સ્વ-પર ઊભય જાતિના જળચરાદિ જીવોને કોઈ રીતે પરસ્પર આહાર માટે કે ભયથી પીડ્યા હોય, આશ્રય માટે કે સ્વસંતાનોની રક્ષા માટે મનુષ્યોની પણ જે વિરાધના કરી હોય; તે સર્વને પણ હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું.

વળી મનુષ્યપણામાં ઉપજેલા મેં દંતાલી દ્વારા, હળ ખેડવામાં, કૂવા-વાવ કે તળાવ ખોદવામાં, અને ઘર-હાટના આરંભ વગેરેમાં સ્વયં કે બીજા દ્વારા, આ ભવે કે અન્ય ભવોમાં જે જે પૃથ્વીકાયની વિરાધના કરી હોય; વળી હાથ-પગ-મુખ-મસ્તક વગેરે ધોવામાં કે

અર્દ્ધસ્નાન-પૂર્ણસ્નાન કરવામાં. શૌચ કરતાં, પીતાં કે જળક્રીડા વગેરે કરતાં આ ભવે કે અન્ય ભવોમાં સ્વયં કે અન્ય દ્વારા જે અપ્કાયની; વળી સળગતા અગ્નિને ઘી વગેરે સિંચવામાં કે બૂઝાવતાં, રસોઈ પકાવતાં, બાળતાં, સેકતાં, ડામ દેતાં, દીપક પ્રગટાવતાં, કે બીજા પણ લુહાર-સોનાર-ધોબી, કંસારા, ભાડભુંજા, વગેરેના ધંધામાં વિવિધ રીતે અગ્નિકાયની; તથા પંખા વીંઝતાં, ગોફણ વગેરે ફેંકતાં, શ્વાસોચ્છ્વાસ લેતાં-મૂકતાં, ધમણ વગેરે ફૂંકતાં કે શંખ વગેરે વગાડતાં, વગેરે આ ભવે કે અન્ય ભવોમાં સ્વયં કે બીજા દ્વારા વાયુકાયની; અને વનસ્પતિને છોલવાથી, કાપવાથી, પીલવાથી, મરડવાથી, તોડવાથી, ઉખેડવાથી કે ભક્ષણ કરવાથી, ખેત્રમાં-ખળામાં કે બાગ-બગીચા વગેરેમાં તે તે પ્રકારે આરંભ કરવાથી વિવિધ રીતે વનસ્પતિ જીવોની જે વિરાધના કરી-કરાવી હોય; એમ ત્રણેય કાળમાં વિરાધેલા સર્વ સ્થાવર જીવોને હું હે ભગવંત! આપની સમક્ષ ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું-

વળી હે ભગવંત! સંખ્યાથી અસંખ્ય જે ગંડોલા, અલસિયાં, જળો, કૃમિયા, શંખો, છીપ, કોડા વગેરે વિવિધ જાતિના **બેઈન્દ્રિય જીવોને;** માંકડ, મંકોડા, કુંથુઆ, કીડીઓ, કાતરા, ધીમેલો, ઉધેઈ, જુઓ, વગેરે વિવિધ જાતિના **તેઈન્દ્રિય જીવોને;** અને મધમાખીઓ, તીડો, પતંગિયાં, ડાંસ, મચ્છરો, માખીઓ, ભમરા, ભમરીઓ, વિંછુઓ, વગેરે વિવિધ જાતિના **ચૌરેન્દ્રિય**

જીવોને; આ ભવે કે અન્ય ભવોમાં, સ્વયં કે અન્ય દ્વારા સપ્રયોજન કે નિષ્પ્રયોજન વિરાધ્યા હોય; તે સર્વને પણ હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું.

વળી હે ભગવંત ! સાપ, નોળિયા, કાકીંડા, ઘો, ગીરોલી, કે તેઓનાં ઇંડા વગેરેને તથા ઉંદર, કાગડા, શિયાળ, કુતરા, બિલાડા વગેરેને દેડકાં-માછલાં-કાચબા મગરો વગેરે વિવિધ જળચરોને, સિંહ-હરિણ-રોઝ-ભૂંડ-સસલાં-વાઘ-ચિત્તા-દીપડા વગેરે સ્થળચર ચોપગાંને તથા હંસ-સારસ-કબૂતર-ક્રૌંચ-તેતરાં-વગેરે ખેચરોને, મેં હાસ્યાથી, દ્વેષથી કે કુતુહળથી, સંકલ્પપૂર્વક કે આરંભથી ત્રણેય કાળમાં સ્વયં કે બીજાઓ દ્વારા જે કોઈને હણ્યા હોય, અથવા અથડાયા, ઠોકર મારી, પરિતાપ ઉપજાવ્યો, ત્રાસવ્યા, અથવા સ્થાનભ્રષ્ટ કર્યા, થકાવ્યા, દુભાવ્યા કે પરસ્પર અવયવો પીડાય તેમ ભેગા કર્યા હોય, વગેરે વિવિધ રીતે જે કંઈ કષ્ટ આપ્યાં હોય; તે સર્વને આપની સાક્ષીએ હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું.

વળી હે ભગવંત ! મનુષ્યપણામાં રાજાનું-અધિકારીનું કે કોટવાળ વગેરેનું સ્થાન પામેલા મેં સત્તાના જોરે મનુષ્યો પ્રત્યે જે ચિત્તથી દુષ્ટ ચિંતવ્યું, વચનથી કટૂ કે તિરસ્કાર-અપમાનજનક વચનો કહ્યાં, કાયાથી દુષ્ટ નજરે જોયા, ન્યાયને અન્યાય અને અન્યાયને ન્યાય ઠરાવી કલુષિત ભાવથી દિવ્ય આપતાં જે મનુષ્યોને બાળ્યા, કે બીજી રીતે પ્રાણાન્ત પરીક્ષાઓ કરી, તથા સાચી કે

ખોટી રીતે ગુન્હેગાર ઠરાવી ખોડાં કરાવ્યા, હેડ, જેલ વગેરેમાં પૂરાવ્યા, બંધાવ્યા, બેડીઓ પહેરાવી, માર મરાવ્યો, કૂટાવ્યા, દંડાવ્યા, મસ્તક મુંડાવ્યાં, ઢીંચણ-હાથ-પગ-નાક-કાન-હોઠ વગેરે અવયવો કપાવ્યા, ચામડી છોલાવી, તેમાં ખાર ભર્યા, ઘાણી વગેરેમાં પીલાવ્યા, અગ્નિથી દઝાવ્યા, ખાઈ-ખાડામાં ફેંકાવ્યા, ઉંચે ટીંગાડયા, તેઓના અંડકોષ ગળાવ્યા, નેત્રો ઊખેડાવ્યાં, દાંત પડાવ્યા, શૂળીએ ચઢાવ્યા, અથવા તો શિકાર કરતાં તિર્યંચોને કે યુદ્ધમાં લઢતાં છેદ્યા, ભેદ્યા, લૂંટયા, કે લુલા-લંગડા-અંધ વગેરે વિકલ કર્યા અને ભમાડયા, વળી યુદ્ધથી વિરામ પામેલા, શાસ્ત્રો છોડી દીધેલા અને નાસતા, એવા પણ મનુષ્યોને તીવ્ર રાગ કે દ્વેષથી, આ ભવે કે અન્ય ભવોમાં, સ્વયં કે બીજાઓ દ્વારં, જે કોઈને પ્રાણમુક્ત કર્યાં; તે સર્વને આપની સાક્ષીએ હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું.

વળી હે ભગવંત! પુરુષ કે સ્ત્રીના અવતારને પામીને કે વિધૂર-વિધવાપણે તીવ્ર રાગ અને કામને વશ મેં પરસ્ત્રી (પરપુરુષ) સાથે વ્યભિચાર સેવ્યા, કે મારામાં કે બીજાયાં ગર્ભોને ઉપાર્જન કરીને વિવિધ રીતે તે ગર્ભોનો નાશ કર્યો, વગેરે વિવિધ અતિ ક્રૂર પાપો કર્યાં, તેનું વર્ણન હે ભગવંત! હું કેટલું કરું ? આ સંસારમાં અનંતા કાળથી ભટકતા મેં કામને વશ થઈ કયા જીવોની સાથે કયાં પાપો નથી કર્યાં ? તે સર્વ જીવોને

આપની સમક્ષ હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. યુવતીપણે શોક્યો ઉપર દ્વેષ કર્યો, તેઓના ગર્ભોને થંભાવ્યા, નાશ કર્યા કે ભોગનો અંતરાય કરવા પતિનો પણ નાશ કર્યો-કરાવ્યો કે વશીકરણ-કાર્મણ દ્વારા વિયોગ કરાવ્યો, અથવા જીવતા પણ પતિને મરણતુલ્ય કર્યો, વળી વ્યભિચારીપણામાં જીવતાં જન્મેલાં બાળકોને ફેંકી દીધાં કે મારી નાખ્યાં, વેશ્યાના અવતારમાં બીજાની બાળાઓનું અપહરણ કર્યું-કરાવ્યું, મંત્ર-તંત્રના પ્રયોગથી સ્તંભન, ઉચ્ચાટણ કર્યાં કે સ્થાનભ્રષ્ટ કરી વિદ્વેષ કરાવ્યો, વશીકરણ કર્યું; વગેરે સર્વ પ્રકારના સર્વ અપરાધોને હે ભગવંત ! હું આપની સમક્ષ ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું.

વળી મનુષ્યપણામાં ભૂત-પ્રેત-ડાકણ-શાકણ વગેરે હલકા દેવ-દેવીઓને મંત્ર-તંત્ર દ્વારા બળાત્કારે વશ કર્યા, મારાં ઈષ્ટ કાર્યો (પાપો) તેમની પાસે કરાવ્યાં, તેઓને થંભાવ્યા કે તાડના કરીને તે તે વ્યક્તિઓમાંથી છૂટા કર્યા, વગેરે આ ભવે કે અન્ય ભવોમાં કોઈ દેવોની પણ જે વિવિધ વિરાધના કરી; તે સર્વને પણ આપની સમક્ષ ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું.

એમ મનુષ્યપણામાં કરેલી વિરાધનાને ખમાવીને, હવે દેવના અવતારોમાં પણ પરમાધામી દેવ બનેલા મેં જે નારકોને ઘણા ઘણા પ્રકારે દુઃખી કર્યા, વળી દેવપણામાં રાગ-દ્વેષ અને મોહથી ઉપભોગ-પરિભોગ નિમિત્તે પૃથ્વીકાય વગેરેની અને તેના આધારે જીવનારા

બેઇન્દ્રિયાદિ તિર્યંચ જીવોની પણ હિંસા કરી, વળી પૂર્વભવોના વૈર વગેરેને વશ થઈ-કષાય કરી મનુષ્યોનું પણ અપહરણ, બંધન, વધ, છેદન, ભેદન, ધનહરણ, સ્ત્રીહરણ વગેરે કર્યું કે મારી નાખ્યા, વગેરે દેવભવોમાં મનુષ્યોને દુઃખી કર્યાં, તેમજ મહર્દ્ધિક દેવપણું વગેરે પામીને અન્ય દેવોને બળાત્કારે આજ્ઞાઓ પળાવી, વાહન-રૂપે તેમનો ઉપયોગ કર્યો, અથવા તાડના કે અપમાન-પરાભવ વગેરે કર્યું-કરાવ્યું, ઈત્યાદિ વિવિધ રીતે દેવોને પણ જે વિરાધ્યા; તે સર્વને પણ હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું.

વળી હે ભગવંત! મેં આ ભવે કે પરભવે સ્વયં કે બીજાઓ દ્વારા મન-વચન કે કાયાથી જગતના સૂક્ષ્મ-બાદર સર્વ જીવોને દુઃખી કરવારૂપે **અહિંસા-વ્રતની**, હાસ્યાદિથી અસત્ય બોલીને વિવિધ રીતે **સત્યવ્રતની**, લોભાદિને વશ થઈ પરાયી વસ્તુ લેવા કે ઓળવવારૂપે **અચૌર્યવ્રતની**, મનુષ્ય-તિર્યંચ કે દેવ સંબંધી મૈથુન સેવવારૂપે મન-વચન-કાયાદ્વારા **બ્રહ્મચર્ય-વ્રતની**, સચિત્ત-અચિત્ત કે મિશ્રદ્રવ્યોમાં તથા કોઈ પણ ક્ષેત્ર, કાળ કે ઔદયિકાદિ ભાવોમાં મૂર્છા-મમતા કરવારૂપે **અપરિગ્રહવ્રતની** તથા રસની લોલુપતાથી સકારણ કે અજ્ઞાનતાથી પણ ક્યારે-કંઈ પણ રાત્રિભોજન કરવારૂપે રાત્રિભોજનવિરતમવ્રતની જે વિરાધના કરી હોય; તે સર્વ વ્રતોની વિરાધનાની પણ હું આપની સમક્ષ ત્રિવિધે

ત્રિવિધે ગર્હા કરું છું.

વળી હે ભગવંત! આ સંસારમાં ભમતા મેં ત્રણેય કાળમાં અન્યન્ય જીવોની સાથે જે વૈર-વિરોધ કર્યા હોય, ત્રણેય કાળમાં શુભાશુભ પદાર્થોમાં મન-વચન-કાયાને અશુભરૂપે પ્રવર્તાવ્યાં હોય, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવમાં શકય છતાં જે કરવા યોગ્ય ન કર્યું કે નહિ કરવાનું કર્યું હોય, વળી લોકમાં મિથ્યાત્વને પ્રવર્તાવવા દ્વારા, મિથ્યાશાસ્ત્રોના ઉપદેશ દ્વારા, મોક્ષમાર્ગને છૂપાવવા દ્વારા કે ઉન્માર્ગને પ્રચારવા દ્વારા અન્ય જીવોને જે કર્મબંધ કર્યો-કરાવ્યો અને મેં કર્યો હોય, વળી હે ભગવંત! ભવચક્રમાં ભમતાં મેં ભવોભવ જે પાપાસક્ત એવાં શરીરો બાંધ્યાં અને છોડયાં, તથા પાપારંભી એવા સ્વજન-સંબંધી; પુત્ર-પરિવાર વગેરેમાં રાગ કર્યો, લોભને વશ ધન મેળવીને પાપકાર્યોમાં ખર્ચવા તેની વ્યસ્થા કરી ત્યાં જ મૂકી મૂકીને મર્યો, એમ ત્રણેય કાળમાં જે જે પાપારંભો પ્રવર્તાવ્યા અને ચાલુ રાખ્યા; તે તે સર્વને પણ હું આપની સમક્ષ ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

વળી હે ભગવંત! મેં આપના વચનને ઊલટાં પરૂપ્યાં, ઊંધી શ્રદ્ધા કરી અને અસત્યનો પક્ષ કર્યો, તથા ક્ષેત્ર કે કાળના દોષે આપની આજ્ઞાને ન પાળી, ખોટી ક્રિયાનો રાગ કર્યો, અને સમ્યગ્ આરાધનાના મનોરથ પણ ન કર્યા, હે ભગવંત! કેટલું કહું? સમતા-

સમાધિ અને સંવેગમાં વર્તતો હું આજ પૂર્વે મેં જે કંઈ નાનું-મોટું પાપ કર્યું હોય; તે સર્વને આપની સમક્ષ આજે ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું.

**સુકૃત અનુમોદના**–એ રીતે મારાં સર્વ દુષ્કૃતોની ગર્હા કરતો હું આપની સમક્ષ, જેમ કોઈ મહારોગી શાસ્ત્રાર્થમાં કુશળ વૈદ્યની ઉપદેશેલી ક્રિયાને આરોગ્ય માટે સદ્દહે, તેમ મારા ભાવ આરોગ્યને માટે આપનાં ઉપદેશેલાં અને તે તે જીવોએ તથા મેં પણ કંઈ આચરેલાં એવાં સર્વ સુકૃત્યોની અનુમોદના કરું છું, અને આપની કૃપાથી મને ભવોભવ એ સુકૃત્યોનો પક્ષ તથા પ્રાપ્તિ થાય, એવી પ્રાર્થના કરું છું.

હે ભગવંત! તેમાં ત્રણેય કાળના ત્રણેય જગતના અનન્ય ઉપકારી એવા સર્વ શ્રી અરિહંતદેવોએ પૂર્વે ત્રીજા ભવે કરેલી તીર્થંકરપણાને પ્રાપ્ત કરાવનારી વીશસ્થાનક તપની આરાધનાને, દેવાદિ ભવથી જ સાથે લાવેલા તેઓના મતિ-શ્રુત અને અવધિજ્ઞાનને, નિજ-નિજ કલ્યાણકોના દિવસોમાં ચારેય નિકાયના અસંખ્ય દેવોના આગમનથી તેઓએ પ્રગટાવેલી ત્રણેય લોકમાં પોતાની પ્રભુતાને, વિશ્વના સર્વ જીવોના હિતાર્થે વાત્સલ્ય-પૂર્વક તીર્થ પ્રવર્તાવવાની તેઓની તત્પરતાને, તેઓના પ્રકૃષ્ટ સર્વ ગુણોને, સર્વોત્તમ પુણ્યસમૂહને, સર્વ અતિશયોને, રાગ-દ્વેષ અને મોહરહિત વીતરાગતાને, લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનરૂપી તેઓની લક્ષ્મીને, દેવોએ કરેલા

પ્રગટપ્રભાવી આઠ પ્રાતિહાર્યોની શોભાને, દેવરચિત અતિ સુકોમળ સુવર્ણકમળો ઉપર પગ સ્થાપીને કરતા ગમનાગમનને, અગ્લાનપણે નિસ્વાર્થભાવે કરેલા ધર્મોપદેશને, અનુપકારી પણ અન્ય જીવોને અનુગ્રહ કરવાની તેઓની પ્રકૃતિને, એકીસાથે ઉદય પામેલા તેઓના સર્વ પુણ્યપ્રકારોને, ત્રણેય લોકના સમૂહે કરેલી તેઓની પૂજાને, સ્ફૂરાયમાન સંપૂર્ણ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી તેઓની સંપત્તિને, અબાધિત અખંડ પ્રતાપને અને અનુત્તર ચારિત્રદ્વારા જન્મ-જરા-મરણ વગેરે સર્વ પ્રકારનાં સર્વ દુઃખોથી રહિત શાશ્વત સુખરૂપ મુક્તિના પ્રાપ્તિને, વગેરે સર્વ અરિહંતોનાં અગણિત સુકૃત્યોની ત્રિવિધે ત્રિવિધે સદા સમ્યગ્ અનુમોદના કરું છું.

વળી હે ભગવંત! શ્રી સિદ્ધભગવંતો. કે જેઓનો સંસારવાસ મૂળમાંથી નષ્ટ થયો છે, જેઓ સર્વ કર્મોના લેપથી મુક્ત છે, રાહુમુક્ત ચંદ્ર-સૂર્યનો જેમ કર્મથી મુક્ત અનુપમ ઉજ્વળ શોભાને પામેલા છે, શાશ્વત-અજર-અજન્મા-અરૂપી-નિરોગી અને સર્વતંત્રસ્વતંત્ર છે, સિદ્ધસ્થાનમાં શાશ્વતકાળ રહેલા છે, સ્વાધીન-એકાન્તિક-આત્યંતિક અને અનંત એવી સુખસમૃદ્ધિના ભોક્તા છે, કેવળજ્ઞાન-દર્શન દ્વારા મિથ્યાતમના નાશક છે, સમકાળે લોકાલોકમાં વર્તતા સર્વ સદ્ભૂત પદાર્થોને સંપૂર્ણ દેખે છે, એથી જ જેઓ અનંત વીર્યવાળા છે, શબ્દાદિથી અગમ્ય છે, અચ્છેદ્ય-અભેદ્ય-સદા કૃતકૃત્ય-

ઈન્દ્રિઓની પરાધીનતાથી મુક્ત-અનુપમેય અને સર્વ દુ:ખોથી તથા પાપોથી રહિત છે, રાગરહિત-ક્લેશરહિત-અકર્તા-અમર-અનુપમ સ્થૈર્ય-ધૈર્યયુક્ત, સર્વ વસ્તુઓથી નિરપેક્ષ, ક્ષાયિક ગુણોના નિધિ, ત્રણેય લોકમાં ચૂડામણી અને ત્રણેય લોકથી પૂજનીય-વંદનીય છે, એવા શ્રી સિદ્ધોના અનંતાનંત ગુણોની અનુમોદના કરું છું.

વળી હે ભગવંત! ત્રણેય કાળના પૂજ્ય સર્વ આચાર્ય-ભગવંતોનું જે પંચાચારનું સમ્યગ્ પાલન કોઈ બદલાની ઈચ્છા વિના ભવ્ય જીવોને પંચાચારપાલન માટે પ્રરુપણા, ભવ્ય જીવોને સમ્યગ્ બોધ પમાડવાપણું અને તેઓને પંચચારોનું પાલન કરાવવાપણું, વિશ્વહિતકર શ્રી જૈન-શાસનની રક્ષા અને પ્રચાર કરવાપણું તથા શ્રી જૈન-શાસનની પ્રભાવના કરવાપણું, વગેરે તેઓના વિવિધ ગુણોની હું આપની સમક્ષ ત્રિવિધે ત્રિવિધે અનુમોદના કરું છું.

વળી પંચાચારપાલનમાં રક્ત સર્વ પૂજ્ય ઉપાધ્યાય-ભગવંતોનું પ્રકૃતિએ જ પરોપકારીપણું અને શ્રી જિન-પ્રણિત આગમોને સ્વયં ભણવાપૂર્વક અન્ય જીવોને પણ ભણાવવાપણું, વગેરે તેઓના ગુણોની પણ ત્રિવિધે ત્રિવિધે અનુમોદના કરું છું.

એ રીતે કૃતપુણ્ય-ચારિત્રચૂડામણી-ધીર-વીર-સુગૃ-હિતનામધ્યેય-ગુણરત્નોના નિધાન અને સુવિહિત સર્વ સાધુભગવંતોની પણ નિષ્કલંક વિસ્તૃત શીલવૃત્તિને,

યાવજ્જીવ નિષ્પાપ માધુકરી વૃત્તિને, વિશ્વવત્સલતાને, સ્વદેહ પ્રતિ પણ નિર્મમતાને સ્વજન-પરજન પ્રત્યે પણ સમાનભાવને, સમ્યક્ પ્રમાદનિરોધને, પ્રશમરસનિમગ્નતાને, સ્વાધ્યાયધ્યાનની રસિકતાને, પૂર્ણ આજ્ઞાધીનતાને, સંયમમાં એકબદ્ધલક્ષતાને, પરમાર્થગવેષકતાને, સંસારની નિર્ગુણતાના જ્ઞાનને અને તેથી તેના પ્રતિ પરમ વિરાગપણાને, તથા સંસારનાશક ક્રિયાઓની સમ્યક્ પ્રવૃત્તિને, વગેરે તેઓના પણ વિવિધ ગુણોની ત્રિવિધે ત્રિવિધે સમ્યગ્ અનુમોદના કરું છું.

વળી હે ભગવંત! સઘળા શ્રાવક-શ્રાવિકાઓની પ્રકૃતિએ જ દૃઢ ધર્મપ્રિયતાને, શ્રી જિનકથિત ધર્મથી રંગાયેલા અસ્થિ-મજ્જાપણાને, જીવાજીવાદિ સમસ્ત પદાર્થોના જ્ઞાનમાં પરમ કુશળપણાને, દેવાદિના ઉપસર્ગોથી પણ ધર્મ પ્રત્યે અક્ષુબ્ધપણાને અને સમ્યગ્દર્શનાદિ મોક્ષસાધક ગુણોની તીવ્ર દૃઢતાને, વગેરે તેઓના પણ વિવિધ ગુણોની સમ્યગ્ અનુમોદના કરું છું.

બીજા પણ આસન્નભવિક, મોક્ષને ઈચ્છતા, કલ્યાણ પ્રકૃતિવાળા, એવા લઘુકર્મી દેવો-દાનવો-મનુષ્યો કે તિર્યંચો, તેઓના પણ સન્માર્ગને અનુસરતા દયા-દાન-સદાચાર વગેરે તે તે સર્વ ગુણોની હું ત્રિવિધે ત્રિવિધે અનુમોદના કરું છું.

એમ હે ભગવંત! લલાટે બે હાથની અંજલિ જોડીને, સમ્યગ્ભાવે શ્રી અરિહંત ભગવંતો વગેરેના તે તે

ગુણોની પ્રતિક્ષણુ અનુમોદના કરતો હું આપની કરુણાથી મારા ગુણોનો નાશ થતો રોકીશ, ચિરસંચિત કર્મમેલને ખપાવીશ અને એ રીતે કર્મોનો ઘાત કરતો હું સમ્યગ્ આરાધનાને પામીશ.

૧–ચાર શરણુ પૈકી અરિહંતશરણુ–એ રીતે દુષ્કૃતનિંદા અને સુકૃતાનુમોદના કરતો હું આપની સાક્ષીએ ચાર શરણોનો આ રીતે સ્વીકાર કરૂં છું. તેમાં પ્રથમ શ્રી અરિહંતદેવો, કે જેઓનાં ઘાતીકર્મો સંપૂર્ણ નાશ પામ્યાં છે અને તેથી જેઓ અપ્રતિહત સંપૂર્ણ જ્ઞાન–દર્શનના પ્રકાશને પામ્યા છે, ભયંકર સંસારરૂપી અટવીમાં ભમવાનાં કારણો ટળી જવાથી જેઓ અરૂહંતપદને પામ્યા છે, જેઓ સર્વોત્તમ ચારિત્રવાળા, સર્વોત્તમ લક્ષણો-યુક્ત શરીરવાળા, સર્વોત્તમ ગુણોની શોભાવાળા, સર્વોત્તમ પુણ્યપ્રકર્ષવાળા, વિશ્વના હિતસ્વી અને પરમ બંધુ છે, તે શ્રી અરિહંતભગવંતોનું મારે શરણુ થાઓ! વળી જેઓ સર્વથા નિષ્કલંક, ત્રણુ લોકરૂપી આકાશને શોભાવતા ચંદ્રતુલ્ય, પાપપંકથી સર્વથા રહિત, દુઃખપીડિત જગતના જીવોના પિતા, અતિ મહિમાશાળી, મોક્ષપદના સાધક, પરમપુરુષ, પરમાત્મા, પરમેશ્વર, તથા પરમ મંગળ, અને સદ્ભૂત ભાવોના યથાર્થ ઉપદેશક છે, એવા ત્રિભુવન-ભૂષણુ શ્રી અરિહંત ભગવંતોનું મને શરણુ થાઓ! તથા જેઓ ભવ્ય જીવરૂપી કમળોના વિકાસ કરવામાં ચંદ્રતુલ્ય, ત્રણેય લોકના પ્રકાશક સૂર્યતુલ્ય, દુઃખી

સંસારી જીવોનો આશ્રય, શ્રેષ્ઠ અતિશયોથી સમૃદ્ધ, અનંત બળ-વીર્ય અને સત્ત્વવાળા, સંસારસમુદ્રથી પાર ઉતારનારા વહાણતુલ્ય, અને બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વર તથા ઈન્દ્રને પણ દુર્જય એવા પણ કામના ગર્વને ગાળનારા છે, તે શ્રી અરિહંત ભગવંતોનું મારે શરણ થાઓ! વળી જેઓ ત્રણેય લોકને જીતનારા, મોહનો પણ પરાભવ કરનારા મહામલ્લ, ત્રણ લોકની લક્ષ્મીના તિલક, મિથ્યાત્વના અંધકારનો વિનાશ કરનારા સૂર્ય, ત્રણેય લોકમાં પૂજ્ય, ત્રણેય લોકમાં વિસ્તૃત પ્રતાપશાળી, પ્રચંડ પણ પાખંડીઓના પ્રભાવને ચૂરનારા, ત્રણેય ભુવનમાં વિસ્તૃત ઉજ્વળ કીર્તિવાળા, ત્રણેય લોકરૂપી સરોવરમાં રાજહંસ, ધર્મધુરંધર ધોરી, પ્રશસ્ત સર્વ અવસ્થાઓવાળા, અપ્રતિહત અજેય શાસનપતિ, અમેય તેજવાળા, પુણ્યવંત જીવોને જ પ્રાપ્ય છે દુર્લભ દર્શન જેઓનું, શ્રીમાન, ભગવાન, કરુણાળુ અને પ્રકૃષ્ટ વિજયવંત, એવા સર્વ શ્રી અરિહંતદેવોનું મને શરણ હો!

**૨–સિદ્ધશરણ**–વળી હે ભગવંત! ત્રણેય કાળના સર્વ શ્રી સિદ્ધભગવંતો, કે જેઓ માનવભવમાં ચારિત્ર પાળીને પંડિતમરણે મરીને કૃતકૃત્ય થવાથી સિદ્ધ છે, નિર્મળ કેવળજ્ઞાનથી બુદ્ધ છે, સંસારનાં કારણોથી મુક્ત છે અનંત ગુણોનું નિધાન છે, અનંત વીર્યવાળા છે, શાશ્વત અનંત સુખના ભોગી છે, સર્વ સંગરહિત છે અને સ્વ-પર કર્મબંધથી મુક્ત છે, તે સર્વ શ્રી સિદ્ધ ભગવંતોનું મને

શરણુ થાઓ ! વળી જેઓ કર્મોનાં સર્વ આવરણુથી રહિત, જન્મ-જરા-મરણોનો પાર પામેલા, ત્રણેય લોકના મસ્તકે મુગટ, જીવ માત્રને શરણ્ય, ક્ષાયિક સંપૂર્ણ શુદ્ધ ગુણોમય, ત્રિલોકપૂજ્ય અને સુખસ્વરૂપ છે, તે શ્રી સિદ્ધભગવંતોનું મને શરણુ હો ! વળી જેઓ લોકાન્તે શાશ્વત સ્થિત થયા છે, સર્વોત્કૃષ્ટ પ્રતિષ્ઠાને પામેલા છે અને તેથી કૃતકૃત્ય છે, શબ્દાદિથી અગમ્ય નિરાકાર અને ઉત્કૃષ્ટ અતિશયોની સમૃદ્ધિવાળા છે, તે શ્રી સિદ્ધભગવંતોનું મને શરણુ થાઓ ! વળી જેઓ સર્વ શસ્ત્રોથી અછેદ્ય, સર્વ સૈન્યોથી અભેદ્ય સમુદ્રોથી પણ અપ્લાવ્ય, દાવાનળથી પણ અદાહ્ય. પ્રલયના પવનથી પણ નિષ્કંપ અને વજ્રથી પણ ન ચૂરાય તેવા છે, સૂક્ષ્મ, નિરંજન તથા અક્ષય છે અને અચિંત્ય મહિમાવાળા છે, જેઓ પરમ યોગીઓને ગમ્ય છે, કૃતકૃત્ય, નિત્ય, અજન્મા, અજર. અમર, શ્રીમંત, ભગવંત અને અપુનરાવૃત્ત છે, સર્વથા વિજયવંત અને પરમેશ્વર છે તેથી જ શરણ્ય છે, એવા સર્વ શ્રી સિદ્ધભગવંતોનું મને શરણ થાઓ !

૩-સાધુશરણુ-જેઓ જીવાજીવાદિ પરમ તત્ત્વોના અને સંસારની અતિ નિર્ગુણુતાના જ્ઞાતા છે, મહા સંવેગી, ગીતાર્થ, શુદ્ધ ક્રિયામાં પરાયણુ, ધીર અને સારણા-વારણાદિમાં કુશળ છે, સદ્‌ગુરુચરણે સંયમને પ્રાપ્ત કરનારા, મોક્ષમાં એકબદ્ધલક્ષ્યવાળા, સંસાર પ્રત્યે વિરાગી, અતિ સંવેગથી સંસારથી થાકેલા, તેથી જ આ-

પુત્રાદિ પ્રત્યેના રાગાદિથી મુક્ત અને ગૃહસ્થાવાસથી વિમુખ બનેલા છે, સર્વ જીવોને આત્મતુલ્ય માનનારા અને પ્રશમરસથી આર્દ્ર છે, એવા પૂજ્ય સર્વ શ્રી મુનિભગવંતોનું મને સદા શરણુ હો! વળી ઈચ્છા-મિચ્છા વગેરે, પ્રતિલેખના-પ્રમાર્જના વગેરે, કે દશવિધ ચક્રવાલ વગેરે, સર્વ સામાચારીમાં અત્યંત રાગી, બે-ત્રણુ-ચાર-પાંચ કે પંદર ઉપવાસ વગેરે તપમાં ઉદ્યમી, પદ્મ વગેરે શાસ્ત્રોક્ત ઉપમાઓને પામેલા, પાંચ સમિતિ અને પંચાચારના પાલનમાં ધીર, પાપને શમાવનારા, ગુણુરૂપી રત્નોના નિધિ, સમસ્ત પાપપ્રવૃત્તિથી મુક્ત, દુષ્ટ સ્નેહરાગ-કામરાગથી રહિત, સંયમધૂરાને વહન કરવામાં ધોરી, ક્રોધાદિ સર્વ કષાયોના વિજેતા, રાગ-દ્વેષ-મોહરહિત, જિતેન્દ્રિય, મદ-મત્સર-કામ અને નિદ્રાના વિજેતા, તથા પરીષહોને સમ્યગ્ સહન કરનારા છે, એવા સર્વ શ્રી મુનિભગવંતોનું મને શરણુ થાઓ! વળી વાંસલા-ચંદનમાં, માનાપમાનમાં, સુખ-દુઃખમાં, શત્રુ-મિત્રમાં, તૃણુ-મણિમાં અને માટી-કંચનમાં, સર્વત્ર સમચિત્તવૃત્તિવાળા, પરોપકારપરાયણુ, વિશુદ્ધમાન પરિણામી, પાપાશ્રવોને રોકનારા, મન-વચન-કાયગુપ્તિથી ગુપ્ત અને પ્રશસ્ત લેશ્યાવાળા છે, એવા સર્વ શ્રી મુનિભગવંતોનું મને શરણુ થાઓ! વળી નવકોટિ વિશુદ્ધ-પ્રમાણોપેત, નિરસ-વિરસ અને મધુકરવૃત્તિથી મેળવેલા આહારને પણુ રાગ-દ્વેષ વિના, સંયમરક્ષાદિ

છ કારણે, તે પણ એક જ વેળા વાપરવાની ભાવનાવાળા, વાપરીને પણ સંયમસાધનામાં રક્ત રહેનારા, વિશિષ્ટ તપથી દુર્બળ, સુક્કા-લુક્ખા અને અસંસ્કૃત શરીરને ધારણ કરનારા, તથા દ્વાદશાંગીના જાણ, સંવેગી, ગીતાર્થ, ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા મૂળ-ઉત્તર ગુણોવાળા, સંસારના મૂળભૂત સર્વ પ્રમાદના ત્યાગમાં ઉદ્યમી, અનુત્તરદેવોના સુખથી પણ અધિક આનંદને અનુભવતા, મન-વચન-કાયાના કલેશોથી રહિત, બુદ્ધિમંત, ગુણવંત, શ્રીમંત, શીલવંત અને ભગવંત એવા અનેકાનેક ગુણોના નિધિ, એવા સર્વ શ્રી મુનિભગવંતોનું હે ભગવંત! મારે સદા શરણ થાઓ!

**૪-શ્રી જિનકથિત ધર્મશરણ**-સર્વ અતિશયોનો નિધિ, સમસ્ત અન્યદર્શનોમાં શ્રેષ્ઠ, વિવિધ સુંદર વિધાનવાળો, નિરૂપમ સુખનો હેતુ, કુશાસ્ત્રશ્રવણથી પીડાતા ભવ્યોને આનંદકારી દુંદુભિના નાદતુલ્ય, આનંદ-કારી, રાગાદિ અંતરંગ શત્રુઓનો વધ કરવાના ઢંઢેરા-તુલ્ય, સ્વર્ગ-મોક્ષનો નિષ્કટંક માર્ગ, સંસારરૂપી કૂવામાં પડેલા જીવોનો સમર્થ ઉદ્ધારક, મહામુનિઓને પણ પૂજ્ય, એવા શ્રી તીર્થંકરદેવોએ મુનિવરોને ધ્યેયરૂપે જણાવેલો, મોહઘાતક, અતિ સૂક્ષ્મ બુદ્ધિવાળાને જ જ્ઞેય, શાશ્વત, વિશ્વહિતકર, સર્વ ભાવોનો યથાર્થ પ્રરૂપક, અમૂલ્ય, અમીત, અજિત, મહા અર્થવાળો, મોટા મહિમા-વાળો, સુંદર વિવિધ યુક્તિઓથી યુક્ત, સર્વ દોષોથી

રહિત, શુભાશયકારક, અજ્ઞ આત્માઓને દુર્જ્ઞેય, નય-ભંગ-પ્રમાણુ અને ગમરૂપ વિવિધ અપેક્ષાયુક્ત, સમસ્ત ક્લેશોનો નાશક અને નિર્મળ ઉજ્વળ ગુણોવાળો, એવા શ્રી જિનકથિત ધર્મનું હે ભગવંત! મારે ભવોભવ શરણુ થાઓ! વળી હે ભગવંત! સ્વર્ગ કે મોક્ષના સાધક સંવેગી ભવ્ય જીવો જેના ભાવોને યથાર્થરૂપે જાણી શકે, અતિ શ્રેષ્ઠ પ્રમાણુભૂત, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી સકળ લોકવ્યાપી, જન્મ-જરા-મરણુ વગેરે વેતાલોને વશ કરવામાં પરમ સિદ્ધમંત્ર અને તે તે પદાર્થોનો હેય, ઉપાદેય, જ્ઞેયરૂપે સમ્યગ્ વિભાજક, તથા અનંત અર્થવાળાં પ્રત્યેક સૂત્રોથી બદ્ધ, મિત્યાત્વથી અંધ જીવોને નિર્વિઘ્ન પ્રકાશ કરનારા દીપકરૂપ, સંસારસમુદ્રમાં બેટની જેમ આધારભૂત, અચિંત્ય ચિંતામણી, એવા શ્રી જિનધર્મનું હે ભગવંત આપની કૃપાથી મારે ભવોભવ શરણુ થાઓ! વળી વિશ્વના સર્વ જીવોને પિતાની જેમ હિતકર, માતાની જેમ વત્સલ, બંધુની જેમ ગુણુજનક, મિત્રોની જેમ વિશ્વસનીય, સાંભળવાયોગ્ય પદાર્થોમાં સર્વશ્રેષ્ઠ, દુર્લભથી પણુ દુર્લભ, અમૃતની જેમ સર્વશ્રેષ્ઠ, મુક્તિમાર્ગનો અનન્ય ઉપદેશક, સર્વ જીવોના યોગક્ષેમને કરનારો નાથ તથા પદાર્થોના યથાર્થ બોધક એવા અંગપ્રવિષ્ઠ અને અંગબાહ્ય ઉભયરૂપ શ્રુતધર્મને અને તેના વિધિ-નિષેધોને અનુસરતી સમ્યક્ ક્રિયાઓરૂપ ચારિત્રધર્મને હું, જેમ શત્રુઓની મોટી સેનાથી અત્યંત

ઘેરાયેલો મનુષ્ય રક્ષકને અને સમુદ્રમાં ડૂબતો દુર્લભ નાવડીને સ્વીકારે, તેમ હે ભગવંત ! શરણરૂપે સ્વીકારું છું. વળી આઠેય કર્મોના ચય એટલે સમૂહને રિક્ત એટલે નાશ કરનાર, દુર્ગતિભંજક, કાયરોને સાંભળવામાં કે વિચારવામાં પણ દુષ્કર, અતિશયવાળાં એવાં દ્રવ્ય–ભાવ સર્વ પ્રશસ્ત કાર્યોની સિદ્ધિ કરાવનાર, તથા સર્વ દેવો–દેવેન્દ્રો અને નરેન્દ્રોને પણ વંદનીય–પૂજનીય, એવા શ્રી જિનકથિત ચારિત્રધર્મનું હે ભગવંત ! મારે સદા શરણ થાઓ ! વળી જે ભાવ વિના કેવળ દ્રવ્ય-ક્રિયાના ફળરૂપે પણ નવગ્રૈવેયક દેવોના સુખને આપનાર છે, ઉત્કૃષ્ટ ભાવથી તે જ ભવે અને જઘન્ય ભાવે પણ સાત–આઠ ભવોમાં મુક્તિને આપનાર છે, વળી જે લોકોત્તમ ગુણવાળો, લોકોત્તમ ગણધરોએ રચેલો, લોકોત્તમ આત્માઓએ પાળેલો અને લોકોત્તમ સર્વશ્રેષ્ઠ ફળને આપનારો, શ્રી કેવલીભગવંતે કહેલો અને શ્રી ગણધર-ભગવંતોએ સૂત્રરૂપે ગૂંથેલો છે, એવા મનોહર રમ્ય ધર્મનું હે ભગવંત !આપની કૃપાથી મને ભવોભવ શરણ થાઓ !

એ રીતે હે ભગવંત ! મારા ભવભ્રમણનું નિવેદન કરીને, આપના ઉપદેશાનુસાર દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને ચાર શરણને સ્વીકારીને, છેલ્લે આપને પ્રાર્થના કરું છું કે–આપની કૃપાથી મને ભવોભવ આપનું શાસન મળે, આપના કહેલા શ્રુત–ચારિત્ર ઉભય ધર્મની આરાધનાનું સામર્થ્ય–યોગ્યતા પ્રગટે અને એ રીતે હું

આપની આજ્ઞાની આરાધના કરતો, સમાધિમરણે મરીને, ક્રમશઃ આ સંસારચક્રમાંથી સદાને માટે મુક્ત થઈ, મારા શુદ્ધ સ્વરૂપનો આનંદ ભોગવતો અજરામર બનું ! હે ભગવંત ! વધારે શું કહું ? અનાદિ નિગોદમાંથી અથડાતો–કૂટાતો પણ આપની કૃપાથી જ હું આટલી ભૂમિકાએ પહોંચ્યો છું અને શેષ સિદ્ધિ પણ આપની કૃપાથી જ થવાની છે, માટે હું ભવોભવ આપની કૃપાનું પાત્ર બનું, એ જ એક પુનઃ પુનઃ પ્રાર્થના કરું છું.

卐

( ચોથા પાનાથી આગળ )

| પૃષ્ઠ-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- |
| ૩૦-૧૮-૨૦ | સમ્પન્ન | સમ્પન્ન |
| ૩૩-૧૩ | કુર્યો, | કુર્યા, |
| ૪૫-૭ | ગગે | પગે |
| ૪૭-૨૨ | પને | અને |
| ૫૯-૧૪ | અભિવિધ | અભિવિધિ |
| ૮૯-૪ | પેતાની | પોતાની |
| ૧૦૧-૫ | ज्ञानव- | ज्ञानाव- |
| ૧૨૦-૧ | મત્રી | મૈત્રી |
| ૧૨૨-૬ | સુધર્મ૦ | સધર્મ૦ |
| ૧૨૫-૧૯ | વસ્તુઓ | પ્રવૃત્તિ |
| ૧૩૦-૧૩ | ०पग्रहे | ०पग्रहो |
| ૧૩૭-૧૬ | એમ | એમાં |
| ૧૪૧-૨૦ | સમ્પતિ રૂપે | સમ્પત્તિરૂપ |
| ૧૪૩-૧૪ | ધર્મનું | ધર્મીનું |

॥ ॐ नमः जिन प्रवचनाय ॥

# આત્મધર્મની પ્રાથમિક યોગ્યતા

યાને

# માર્ગાનુસારિતાના પાંત્રીશ ગુણોનું ચિંતન

વિશ્વમાં નાના મોટા લૌકિક કે લોકોત્તર સર્વ કાર્યો તે, તે વિષયની યોગ્યતા વિના સિદ્ધ થઈ શકતા નથી તે તે, વિષયની યોગ્યતા **વિના કાર્યો કરનાર અનધિકાર ચેષ્ટા રૂપ દોષથી દૂષિત થાય છે**, માટે લૌકિક વ્યવહામાં પણ સર્વત્ર યોગ્યતાને મહત્ત્વ અપાય છે નોકરી કરનારમાં નોકરને યોગ્ય અને શેઠાઇ કરનારમાં શિક્ષકેને યોગ્ય, વિદ્યા ભણનારમાં વિદ્યાર્થીને યોગ્ય અને ભણાવનારમાં શિક્ષકને યોગ્ય, યાચકમાં યાચકને યોગ્ય અને દાતારમાં દાતારને યોગ્ય, તે તે ગુણો હોય તો જ તે તે કાર્યોમાં તેઓને સફળતા મળે છે. એમ સર્વ વિષયમાં યોગ્યતા અનિવાર્ય છે. તેમ ધર્મની (આત્મધર્મની) પ્રાપ્તિ માટે પણ પ્રાથમિક યોગ્યતા જરુરી છે, ગમે તે માણસ ધર્મને પામી શકતો નથી, માટે ધર્મપ્રાપ્તિની યોગ્યતા માટે સર્વસામાન્ય પાંત્રીશ ગુણો નીચે પ્રમાણે કહ્યા છે.

૧–ન્યાય સમ્પન્ન વૈભવ, ૨–શિષ્ટાચારની પ્રશંસા, ૩–કુળશીલથી સમાન એવા ભિન્નગોત્રીયની સાથે વિવાહ, ૪–પાપ

ભીરુતા, ૫-પ્રસિદ્ધ દેશાચારીનું પાલન, ૬-નિંદા કોઈની પણ ન કરવી, રાજા વગેરે મોટા પુરુષોની તો વિશેષતયા તજવી, ૭-જે સ્થાન અતિ પ્રગટ કે ગુપ્ત ન હોય, ત્યાં સારા પાડોશમાં પેસવા નીકળવાનાં પરિમિત બારણાવાળા ઘરમાં વસવું, ૮-સદાચારીઓની સંગત કરવી, ૯-માતા-પિતાની પૂજા સેવા કરવી, ૧૦-ઉપદ્રવવાળા સ્થાનને તજવું, ૧૧-લોક ગર્હિત કાર્યો નહિ કરવાં, ૧૨-અર્ચ આવકના પ્રમાણમાં કરવો, ૧૩-સંપત્તિને છાજે તેવો વેષ ધારણ કરવો, ૧૪-બુદ્ધિના આઠ ગુણોવાળા બનવું, ૧૫-નિત્ય ધર્મ શ્રવણ કરવું, ૧૬-અજીર્ણમાં ભોજન તજવું, ૧૭-યોગ્યકાલે પથ્ય જમવું, ૧૮-ધર્મ અર્થ અને કામને પરસ્પર બાધા ન પહોંચે તે રીતે વર્તવું, ૧૯-અતિથિ, સાધુ, દીન દુઃખીની યથાયોગ્ય સેવા કરવી, ૨૦-અસદાગ્રહ સદૈવ તજવો, ૨૧-ગુણોમાં પક્ષપાત કરવો, ૨૨-દેશ-કાળ વિરુદ્ધ પ્રવૃત્તિ તજવી, ૨૩-બળાબળને જાણવું, ૨૪-સદાચારી એવા જ્ઞાનવૃદ્ધોને પૂજવા, ૨૫-આશ્રિતોને પોષવા-પાળવા, ૨૬-દીર્ઘદૃષ્ટા થવું, ૨૭-વસ્તુના વિશેષને (તારતમ્યને) જાણવું, ૨૮-કૃતજ્ઞતા, ૨૯-લોકપ્રિયતા ૩૦-લજ્જાળુતા, ૩૧-દયાળુપણું, ૩૨-સૌમ્ય પ્રકૃતિ ૩૩-પરોપકાર-પરાયણતા, ૩૪-છ અંતરંગ શત્રુઓને તજવામાં ધુત્પરતા, અને ૩૫-જિતેન્દ્રિયપણું.

આ પ્રાથમિક પાંત્રીશ ગુણોનું તાત્વિક સ્વરૂપ ચિંતન પૂર્વક અહીં ક્રમશઃ જણાવવામાં આવે છે.

# ૧. ન્યાય-સમ્પન્નવૈભવ

## [૧]

મહાનુભાવ સુમન !

આજે તું ઘણા લાંબા કાળે મળ્યો. હમણાં શું કરે છે ? તું જાણે છે ને, કે માનવ જીવન મોંઘુ અને દુર્લભ હોવા સાથે ઘણું આવશ્યક છે. એને જ્ઞાનીઓએ ચિંતામણી વગેરેથી પણ અધિક કહ્યું છે, તેની ક્ષણ પણ પ્રમાદમાં વીતાવવા જેવી નથી. પ્રભુ મહાવીર દેવે સ્વમુખે શ્રી ગૌતમ જેવા જ્ઞાનીને કહ્યું હતું કે गोयमा समयं मा पमायए.

હે ગૌતમ ! ક્ષણ પણ પ્રમાદ કરવો યોગ્ય નથી.

સુમન ! આ પ્રમાદ શું છે ? તે જાણવા જેવું છે. લોકની સામાન્ય બુદ્ધિ એવી છે કે દેવ દર્શન, વંદન, પૂજન, સામાયિક, પ્રતિક્રમણ વગેરે કરવું તે અપ્રમાદ અને ખાવું, પીવું, ઊંઘવું આરામ કરવો, વાતો કરવી, વેપાર કરવો વગેરે વગેરે પ્રમાદ ! પણ અહીં એકાન્ત નથી. દેવ દર્શન, વંદન, પૂજનાદિ ધર્માનુષ્ઠાનો પણ પ્રમાદરૂપ હોય છે અને ખાવું, પીવું, ઊંઘવું વગેરે ક્રિયાઓ અપ્રમાદરૂપ પણ હોય છે.

સુમન ! તું બુદ્ધિશાળી છે. જરા ચિંતન કરવાથી આ મર્મને સમજી શકીશ. જો જેનાથી સંસાર વધે-ભાવિ કષ્ટો વધે, તે બધુંય પ્રમાદ અને જેનાથી ભાવિ સુખ વધે સંસાર ટુંકો થાય, મુક્તિ નજીક થાય, તે બધુંય અપ્રમાદ ! પ્રમાદ-અપ્ર-

માદની આ જ્ઞાનીઓએ કરેલી વ્યાખ્યા વ્યાપક છે. અમુક ક્રિયા પ્રમાદરૂપ અને અમુકક્રિયા અપ્રમાદરૂપ એમ એકાન્ત માનવું એ અધુરી સમજ છે.

જિન વચનાનુસારીણિ અમૂઢ બુદ્ધિથી જે જે કાર્યો થાય તે દરેક અપ્રમાદ ગણાય અને મૂઢ-મોહાધીન બુદ્ધિથી જે જે કરીએ તે બધુંય પ્રમાદ ગણાય !

શું તું એમ કહી શકીશ ? કે સંસારમાં જરૂરી ધન-પુત્ર પરિવાર કે એવું બીજું પણ જે જે મેળવવા માટે ધર્મકાર્યો કરીએ તેને અપ્રમાદ કહેવાય ? કીર્તિ કે લોકરંજન વગેરે માટે ધર્મ ક્રિયા કરીએ તે પણ શું ધર્મ કહેવાય ?

શ્રેયસ્ ! તારા કથન પ્રમાણે તો આપણે લૌક્કિ પ્રત્યેક કાર્યો કરતાં પહેલાં દેવદર્શન, ગુરુવંદન, જ્ઞાન પૂજન વગેરે કરીએ છીએ, ગુરૂનો વાસક્ષેપ લઇએ છીએ, તેઓશ્રીના મુખે માંગલિક સાંભળીએ છીએ, દુકાન તરફ પગલું ભરતાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરીએ છીએ, લગ્નાદિ પ્રસંગે પ્રભુ ભક્તિના મહોત્સવો ઊજવીએ છીએ, વગેરે ઘણું ઘણું કરીએ છીએ તે ખોટું કરશે.

આપણે સંસારીક કયાં કાર્યોમાં ધર્મને આગળ નથી. કરતા ? પ્રાયઃ આપણી શ્રદ્ધા છે કે જીવનનું કોઇપણ કાર્ય કરતાં ધર્મનું મંગળ કરીએ તો આપણું કાર્ય નિર્વિઘ્ને સિદ્ધ થાય, સુખ મળે ધન દોલત મળે, પુત્ર પરિવાર મળે, વગેરે વગેરે, શું આ બધો પ્રમાદ છે ? અને પ્રમાદ છે તો આપણા જ્ઞાની ગુરુઓ તેવા પ્રસંગે આપણને વાસક્ષેપ કરે છે, માંગલિક સંભળાવે છે, તે બધું કેમ કરી શકે ? તેઓ આપણા હિતસ્વી છે. મહાઉપકારી છે, તે આપણને પ્રમાદથી રોકે કેમ નહિ ?

સુમન ! કોઇપણ ધર્મક્રિયા કરનારની સમજણ ઉપર તેનું સારા-નરસાપણું રહેલું છે.

ધર્મ અને અધર્મ બે ભિન્ન છે. તેનો વિચાર આપણે આગળ ઉપર કરીશું. અત્યારે તો પ્રાય : લોક ધર્મક્રિયાને ધર્મ સમજે છે, તેથી હું પણ ધર્મક્રિયાને ધર્મ તરીકે માની આ વાત કરું છું, ધર્મક્રિયાનું કાર્ય મુખ્યતયા બુદ્ધિને શુદ્ધ કરવાનું છે, મૂઢતાને દૂર કરવાનું છે, એ કારણે ધર્મક્રિયા તો કરવા યોગ્ય છે જ. માત્ર આપણે બીજી બીજી વસ્તુ સિદ્ધ કરવાની બુદ્ધિએ તેને કરીએ છીએ ત્યાં ભૂલ થાય છે. લૌકિક કે લોકોત્તર કાર્યો તો સૌને પોતપોતાની જીવનની પરિસ્થિતિ પ્રમાણે કરવાનાંજ હોય છે, તે ન કરવાથી જીવન વ્યવહાર અટકી પડે છે અને આગળ જતાં ધર્મ કરવાની સગવડ પણ નાશ પામે છે માટે સંસારી જીવને સાંસારિક તે તે કાર્યો અનિવાર્ય છે, પણ એ કાર્યોમાં બુદ્ધિ નિર્મળ અને અમૂઢ રહે એ માટે ધર્મક્રિયા કરવાની છે.

સુમન ! અમૂઢ-મોહ રહિત બુદ્ધિથી ભોજન કરનાર કુરગડુ ઋષિને ભોજન કરતાં કરતાં પણ કેવળજ્ઞાન ન હોતું થયું ? એમ લગ્નની ચોરીમાં કન્યાનો કર પકડીને બેઠેલા ગુણસાગરને કેવળજ્ઞાન નથી થયું ? નાટક કરતાં શ્રી અષાઢાભૂતિજી શું કેવળી ન હોતા થયા ?

સુમન ! શુદ્ધ-અમૂઢ બુદ્ધિથી કરેલું કોઇપણ કાર્ય અપ્રમાદ છે. એનાથી આત્માનો સંસાર ઘટે છે. ભલે દેખાવમાં તે ધાર્મિક ન હોય.

આ કારણે જ જિનેશ્વરદેવોએ સમ્યગ્દર્શનને મહત્વ

આપ્યું છે. એના વિના મોક્ષ ન જ થાય એમ કહ્યું છે. અણગાર બન્યા વિના કે ભોગ તજ્યા વિના મુકિત ન થાય કે શાસ્ત્રને ભણ્યા વિના મુકિત ન થાય, એમ ન કહ્યું, પણ 'સમ્યગ દર્શન વિના મુકિત ન થાય' એમ કહ્યું તેની પાછળ કયું તત્ત્વ છૂપાયેલું છે?

સુમન! વસ્તુતઃ સંસાર અને મુકિતનું મૂળ બુદ્ધિ છે. એથી જ કહ્યું છે કે "मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः" અર્થાત્ મનુષ્યનું મન એજ સંસારનું અને મુકિતનું કારણ છે. આ મન એટલે બુદ્ધિ! જો તે મૂઢ હોય તો સંસારમાં રખડાવે અને અમૂઢ હોય તો સંસારથી છોડાવે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્ર સૂરિજીએ પણ કહ્યું જ છે કે.

अयमात्मैव संसार कषायेन्द्रिय निर्जितः।
तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनिषिणः॥

કષાયો અને ઇન્દ્રિયોથી જીતાએલો આ મૂઢ આત્મા એ જ સંસાર છે અને તેનો વિજય કરનાર અમૂઢ છે અને તે અમૂઢ તે આત્માને જ જ્ઞાનીઓ મોક્ષસ્વરૂપ કહે છે.

સુમન! તને સમજાયું હશે કે ધર્મનો આધાર અમૂઢ બુદ્ધિ છે અને અમૂઢ બુદ્ધિનું કારણ લૌકિક લોકોત્તર સર્વ ઉત્તમ અનુષ્ઠાનો છે.

આ જ કારણે લૌકિક કાર્યોમાં પણ દેવ; દર્શન વન્દન; પૂજન વગેરે ધર્મકાર્યોને મોખરે રાખવાનાં છે.

ધન કમાવા માટે દુકાને તો જવું પડે, પણ ત્યાં ગયા પછી ધનના લોભે અન્યાય-અનીતિ કરવાની દુષ્ટ

બુદ્ધિ ન થાય; એ ઉદ્દેશથી આપણે શ્રી નવકારનું સ્મરણ કરીને પગલું ભરીએ છીએ. અહીં ધન મેળવવા માટે શ્રી નવકારનું સ્મરણ કરીએ તો તે પ્રમાદ અને અન્યાય અનીતિથી બચવા દુકાને જતાં પણ શ્રી નવકારનું સ્મરણ કરીએ તો અપ્રમાદ !

એમ બ્રહ્મચર્ય પાલન કરવાનું સામર્થ્ય ન પ્રગટે ત્યાં સુધી લગ્ન અનિવાર્ય છે, તેથી કરવું પડે, પણ લગ્ન પછી ભોગના કીડા બની સંસાર વધારવા જેવી આસકિતમાં ન સપડાઈએ; બુદ્ધિમાં વૈરાગ્ય ટકી રહે; એ માટે લગ્નાદિ પ્રસંગોમાં પણ પ્રભુભકિત વગેરેના મહોત્સવો ઉજવીએ છીએ. અહીં પણ વિષયનાં સુખને માણવા એ બધું કરીયે તો તે પ્રમાદ અને લગ્ન કરવા છતાં ભોગાસક્તિથી બચવા મહોત્સવો ઉજવીએ તો તે અપ્રમાદ.

એમ ભોજન ભાવે, શરીર પુષ્ટ બને; ખાધેલું પચી જાય, વગેરે ઇચ્છાથી ભોજન પહેલાં શ્રી નવકારનું સ્મરણ કરવું તે પ્રમાદ અને સ્વાદિષ્ટ ભોજન લેવા છતાં તેના રસમાં ન લપટાવા માટે શ્રી નવકારનું સ્મરણ કરવું તે અપ્રમાદ !

સુમન ! મોહમૂઢ બનાવનારી સાંસારીક ક્રિયાઓથી આપણે એકાએક નહિ છૂટી શકીએ. એ માટે તો ઘણી ઘણી શુદ્ધિ કરવી પડશે. માટે જ્યાં સુધી આપણે એવું યોગબળ ન પામીયે ત્યાં સુધી તે તે ક્રિયાઓ કરતાં પણ આપણે મૂઢ બની નવો નવો કર્મોનો બંધ ન કરી બેસીએ; અમૂઢ લક્ષ્યવાળા રહી શકીએ અને સાંસારીક કાર્યો કરતાં છતાં કર્મનો ભાર ઓછો કરી શકીએ; એ કારણે પ્રત્યેક કાર્યોમાં ધર્મને આગળ રાખવો જરૂરી છે.

સુમન ! ગૃહસ્થ જીવનમાં અનેક પાપ કાર્યો અનિવાર્ય છે. સાધુપુરૂષો જ એનો ત્યાગ કરી શકે છે. જો આ કાર્યોમાં આપણે ધર્મનું શરણુ ન લઇએ તો આપણી શું દશા થાય ? સાધુ જીવનની શુભ પ્રવૃત્તિ સ્વરૂપે શુભ છે, છતાં સાધુપુરૂષો પ્રત્યેક કાર્યોમાં શ્રી પંચપરમેષ્ટિ ભગવંતોનું શરણ કરે છે, તો ગૃહસ્થને પ્રત્યેક કાર્યમાં ધર્મને આગળ રાખ્યા વિના કેમ ચાલે ? એક તો ઘણું ખરું સાવદ્ય જીવન અને તેમાં ધર્મનું શરણ ન લઇએ, તો પરિણામ કેવું દુઃખદ આવે ?

સુમન, ધર્મનું બળ પામ્યા વિના બુદ્ધિ શુદ્ધ થતી નથી. અમૂઢલક્ષ્યતા પ્રગટતી નથી. માટે તું તો જ્ઞાની ભગવંતો બેસતાં ઉઠતાં, ઊંઘતાં-જાગતાં, ખાતાં-પીતાં, લેતાં-દેતાં કે જતાં આવતાં; સર્વ કાર્યોમાં શ્રી નવકાર મંત્રનું મંગળ કરવાનું કહે છે. પ્રત્યેક કાર્યમાં બુદ્ધિને નિર્મળ અને અમૂઢ રાખવાના ઉદ્દેશથી સાધુ ભગવંતો પણ ભોજન, વિહાર, નિદ્રા વગેરે કાર્યોમાં પહેલાં શ્રી નવકારસ્મરણાદિ મંગળ કરે છે. કદાચ તેઓ ન કરે તો ચાલે, કારણકે તેઓની પ્રત્યેક પ્રવૃત્તિ શુભ હોય છે, ગૃહસ્થને તો પ્રત્યેક પ્રવૃત્તિ પ્રાયઃ સાવદ્ય હોવાથી તેમાં ધર્મને આગળ રાખવો જ પડે. અન્યથા તેનું ગુણસ્થાનક ટકે જ નહિ, વધે જ નહિ. "લૌકિક કાર્યોમાં ધર્મની સહાય લેવી, એ પ્રમાદ" એવું તું સમજે છે તે યથાર્થ નથી. વસ્તુતઃ લૌકિક કે લોકોત્તર કોઈ પણ કાર્યમાં બુદ્ધિને અમૂઢલક્ષ્યવાળી રાખવા માટે મંગળ તરીકે ધર્મની સહાય તો લેવી જ જોઇએ, સર્વ શુભકાર્યોનો આધાર શુદ્ધ બુદ્ધિ છે. અને બુદ્ધિને

શુદ્ધ કરનાર એક જ ધર્મરૂપ ઔષધિ છે. જેમ મેલા પાણીમાં પડેલું કતકનું ચૂર્ણ પાણીને શીઘ્ર નિર્મળ બનાવે છે તેમ મોહમલિન બુદ્ધિને પણ ધર્મરૂપ ઔષધિ નિર્મળ અને સ્વચ્છ બનાવે છે. એવી બુદ્ધિથી કરાએલાં લૌકિક, લોકોત્તર સર્વ કાર્યો અપ્રમાદરૂપ હોઈ આત્માને હિતકર બને છે.

સુમન ! ગૃહસ્થ પોતાના પ્રત્યેક કાર્યમાં ધર્મની સહાય સ્વીકારે તો તેની બુદ્ધિ નિર્મળ-અમૂઢ થવાથી ગૃહસ્થાશ્રમમાં તે ડૂબી જતો નથી, પણ તે તે લૌકિક કાર્યો કરવા છતાં બુદ્ધિ શુદ્ધ રહેવાથી વૈરાગ્ય ટકી રહે છે અને સંસારને છોડી સંયમી પણ બની શકે છે.

ગૃહસ્થજીવનમાં પ્રત્યેક કાર્યમાં બુદ્ધિ શુદ્ધ કરવા ધર્મ કરણીય છે અને સાધુ જીવનમાં બુદ્ધિ શુદ્ધ અને અમૂઢ હોવાથી પ્રત્યેક કાર્યમાં આત્માને શુદ્ધ કરવા ધર્મ કરણીય છે. એથી જ ગૃહસ્થનાં ધર્મ કાર્યોમાં પુણ્યબંધ મુખ્ય છે-અને સાધુને નિર્જરા મુખ્ય છે.

સુમન ! આ અને આવું બીજું પણ ઘણું સમજવા યોગ્ય છે, તે પુનઃ આપણે મળીશું ત્યારે વિચારીશું. હાલ તો આજે મેં જે કહ્યું તેનું ચિંતન કરજે, એથી બીજી વાતો સમજવી સરળ થશે.

卐

# [૨]

સુમન ! ગઈ વખતે કરેલી વાતો ઉપર તેં ચિંતન કર્યું હશે. તને સમજાયું હશે કે ગૃહસ્થજીવનમાં પ્રત્યેક કાર્યોને ધર્મસ્વરૂપ બનાવવા માટે જિનવચનનો આશ્રય લીધા વિના ચાલે તેમ નથી.

સાંભળ ! એ માટે જરૂરી એક વાત હું તને સમજાવું છું.

જ્ઞાનાવરણીયાદિ કર્મોના ઉદયથી સંસારી જીવ માત્ર છદ્મસ્થ એટલે અજ્ઞ છે. તેથી તે સુખના પ્રયત્નો કરે તો પણ પ્રાયઃ વિપરીત થાય છે. એ કારણે તો આપણે અનંત કાળથી પ્રત્યેક જન્મમાં સુખ માટે ઘણું ઘણું કર્યું, પણ સુખ ન મળ્યું, દુઃખ વધતું જ રહ્યું, શું કોઈ કાર્ય તેને કરવાની આવડત વિના સિદ્ધ થાય ?

આ જ્ઞાન આપણું જ્યાં સુધી પ્રકાશમાં ન આવે, ત્યાં સુધી બીજાના જ્ઞાનનો આશ્રય લેવો જ રહ્યો. તે પણ જે તે જ્ઞાનનો નહિ, પણ જ્ઞાનસમ્પૂર્ણ એવા શ્રીતીર્થંકર ભગવંતના જ્ઞાનનો જ.

એ કારણે કે તેઓ પોતાના જ્ઞાનનો સંપૂર્ણ પ્રકાશ કરીને પછી જગતના જીવોને માર્ગ બતાવી ગયા છે.

એમ છતાં સુમન ! જગતના ત્રણે કાળના ભાવો એટલા

બધા છે કે તેને શબ્દોથી પૂર્ણતયા શ્રીતીર્થંકરો પણ ન સમજાવી શકે.

એથી તો તેઓએ કહ્યું છે કે સમજવા યોગ્ય ભાવોને પૂર્ણતયા સમજાવા છતાં તેનો અનંતમો ભાગ જ વાણીથી સમજાવી શકાય તેમ છે. શું ઘઉં, જુવાર, બાજરો વગેરેના લોટનો સ્વાદ ચાખીને સમજવા છતાં તેમાં રહેલું અંતર યથાર્થ રૂપમાં બીજાને શબ્દોથી સમજાવી શકાય ? એમ ભિન્ન ભિન્ન ભાવોમાં રહેલું તારતમ્ય પણ શબ્દોથી પૂર્ણતયા કદિ ન સમજાવી શકાય !

અને સુમન ! જેટલું વાણીથી જે રીતે સમજાવી શકાય તેટલું લખીને તે રીતે સમજાવી શકાય ? કદિ નહિ, એ કારણે બોલી શકાય તેવા ભાવોનો પણ અનંતમો ભાગ જ સૂત્રરૂપે ગૂંથાયો છે.

સુમન ! તને પ્રશ્ન થશે કે જો સૂત્રોમાં અનંતમાંથી પણ અનંતમા ભાગનું લખાયું છે. તો તેને પૂર્ણ કેમ મનાય ? પણ એ પ્રશ્ન બરાબર નથી. સંક્ષિપ્ત પણ આગમ પરિપૂર્ણ છે. કારણ કે તેના પ્રત્યેક વાક્યો અમુક જ અર્થનાં વાચક નથી, વિવિધ અપેક્ષાઓથી યુક્ત છે. શાસ્ત્રો કહે છે કે–સૂત્રના એક એક અક્ષરના ભિન્ન ભિન્ન અપેક્ષાએ અનંતા અર્થ થઈ શકે છે. તું એવું ન સમજતો કે 'તે કારણે ગમે તે સૂત્રનો ગમે તે અપેક્ષાનાં બળે ગમે તે અર્થ કરી શકાય' ! કારણ કે એનો કોઈપણ અર્થ સ્વ–પર આત્મશુદ્ધિકારક બને તેવો જ કરવો જોઇએ, અન્યથા ઉત્સૂત્ર થઈ જાય,

એ કારણે તો શબ્દાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને

અદંપર્યાયાર્થ, એમ અર્થના ચાર પ્રકારો કહ્યા છે અને તેમાં ચોથો પ્રકાર પૂર્ણ છે, શેષ પ્રકારોને, અધૂરા કહ્યા છે. એ ચારનું સ્વરૂપ વળી કોઈવાર વિચારીશું. આજે તો તું એટલું સમજી લે કે શાસ્ત્રોનું અને તેના પ્રરૂપક તથા રચયિતાનું ધ્યેય જીવોની રાગ-દ્વેષાદિ મૂઢ પરિણતિને દૂર કરી, આત્માની શુદ્ધિ કરીને મુક્તિમાં પહોંચાડવાનું છે. એ ધ્યેયથી વિપરીત અર્થ કરવાથી શાસ્ત્રોની તથા તેના પ્રણેતા અને રચયિતાની આશાતના થાય છે. ઉપરાંત જગતના અજ્ઞ વિશ્વાસુ જીવોને ઉન્માર્ગે દોરવારૂપે દ્રોહ થાય છે.

સુમન! આ કારણે શાસ્ત્રોના અર્થ શોધવા એ ઘણું ગહન કાર્ય છે. એક અર્થ કરતાં બીજાને ગૌણ કરાય ત્યાં સુધી વાંધો નથી, પણ બીજાનો વિરોધ થઇ જાય તો મહા હાનિ સર્જાય છે. માર્ગ ઉન્માર્ગ બની જાય છે. એ કારણે તો નિર્વેદી, વૈરાગી, સંવેગી એવા ગીતાર્થો શાસ્ત્રાર્થને યથાર્થરૂપમાં સમજી-સમજાવી શકે, એમ કહ્યું છે.

સુમન! વૈદ્યક ગ્રન્થો ભણવા સરળ છે. ભણવા છતાં રોગનિદાન દુષ્કર છે. એથી પણ રોગનો પ્રતિકાર કરનારા ઔષધનો નિર્ણય અધિક દુષ્કર છે. સુમન! એવા વૈદ્યો વિરલ અને એ વિષયનું યથાર્થ સાહિત્ય રચનારા તો કોઇક જ.

સુમન! ભણવું સહેલું છે, ગણવું દુષ્કર છે. તેમ અહીં પણ શાસ્ત્ર રહસ્યોને સૂત્રોમાંથી શોધવાં અને સમજાવવાં દુષ્કર છે. એથી તો સકળ શાસ્ત્રોના મર્મને-ઐદંપર્યને જાણનારા પ્રાવચનીને શાસનપ્રભાવક કહ્યા છે. ઉપરાંત જે જીવને જે રીતે જે કાળમાં, જે ક્ષેત્રમાં, જે પરિસ્થિતિમાં આત્મશુદ્ધિ થાય, અજ્ઞાન

મૂઢતા અને અસદાચાર ઘટે, તે રીતે સમજાવનારા ધર્મકથીને તેથી પણ અધિક પ્રભાવક કહ્યા છે.

સુમન ! શાસ્રો વિના આજે આપણું અંધારું ટાળનાર કોઇ નથી. અને શાસ્રોનું **ગાંભીર્ય સ્વયંભૂરમણ સમુદ્ર કરતાંય** ઘણું છે. તેના **ઊંડાણમાં પહોંચી તત્ત્વોને શોધવાં** એ ઘણું જ દુષ્કર છે.

એથી તો જ્ઞાનીઓએ સ્વધ્યાયના પાંચ પ્રકારો જણાવ્યા છે. તેનો પહેલો પ્રકાર છે વાચના ! વાચના એટલે ગ્રન્થના આલમ્બનથી સૂત્રોનું અધ્યયન કરવું અને અધ્યાપન કરાવવું.

બીજો પ્રકાર છે પૃચ્છના ! નહિ સમજાએલું કે વિસ્મૃત થયેલું બીજાને પૂછવું તેને પૃચ્છના કહેવાય છે.

ત્રીજો પ્રકાર છે પરાવર્તના ! ભણેલું વિસરી ન જાય, એ માટે ઉચ્ચાર શુદ્ધિપૂર્વક વાર વાર ગણવું તે પરાવર્તના કહેવાય છે.

આ ત્રણ પ્રકારોને દ્રવ્યશ્રુત કહ્યું છે. કારણ કે તે ચોથા પાંચમા પ્રકારના કારણભૂત છે.

ચોથો પ્રકાર છે અનુપ્રેક્ષા ! 'अनु'=સૂત્રને અનુસરીને, પ્રકૃષ્ટતયા જોવું, શોધવું, તેને 'અનુપ્રેક્ષા' કહેવાય છે.

સુમન ! આ અનુપ્રેક્ષા શાસ્રોનાં ગૂઢ રહસ્યોને શોધવાનું દિવ્યચક્ષુ છે. જેનાં નેત્રો નિર્મળ અને તેજસ્વી હોય તે તેટલું સ્પષ્ટ અને દૂર પણ જોઇ શકે, તેમ જેનો દર્શનમોહનીય રોગ ટળવાથી બુદ્ધિ માર્ગાનુસારિણી થઇ હોય અને જ્ઞાનવરણીયનો ક્ષયોપશમ થવાથી સતેજ થઇ હોય તે શાસ્રોનાં ઊંડાં સત્ય તત્ત્વોને શોધી શકે !

સુમન! હવે તને સમજાશે કે માત્ર ભાષાજ્ઞાનથી શાસ્ત્રગત ગૂઢ રહસ્યોને પામી ન શકાય, દેવ-ગુરુને સમર્પિત થઇને તેઓની વિધિ પૂર્વક ઉપાસના કરી હોય, અને તે દ્વારા આવરણોનો ક્ષયોપશમ થવાથી જીવનમાં નમસ્કારનો સ્પર્શ થયો હોય, અહંકાર અને મમકાર ઘટયા હોય, ત્યારે આ યોગ્યતા પ્રાપ્ત થાય છે.

સુમન! અનુપ્રેક્ષાનું બળ પ્રાપ્ત કરવું અનિવાર્ય છે. તેના અભાવે શાસ્ત્ર શસ્ત્ર બની જાય છે. સૂત્રગત અપ્રગટ ભાવોને એ સૂત્રના આધારે શોધ્યા વિના સાચું તત્ત્વજ્ઞાન પામી શકાય તેમ નથી.

સુમન! શાસ્ત્રવિરૂદ્ધ બોધ હાનિકારક છે, તેમ શાસ્ત્રોના ઐદંપર્યને શોધ્યા વિનાનો અધુરો બોધ પણ હાનિકારક છે એથી ઉત્સૂત્રનો ભય એવો ન જોઇએ કે જે શાસ્ત્રોનાં રહસ્યોને શોધતાં મુંઝવે! શબ્દાર્થમાં બંધાઈ રહેવું અને ટુંકા અર્થને પૂર્ણ માની લેવો એ વિકાસમાં રોધક છે.

સુમન! અનુપ્રેક્ષા આત્મવિકાસનો પાયો છે. શાસ્ત્રો આત્માના ગુણોરૂપ ઝવેરાતની પેટી છે-તિજોરી છે. સ્યાદ્વાદ એને ઉઘાડવાની કુંચી છે, માર્ગાનુસારિણી બુદ્ધિ એને ઉઘાડવાની આવડત છે અને અનુપ્રેક્ષા ઝવેરાતને જોવાની આંખ છે. પ્રકાશ છતાં આંખ વિના અંધારું ન ટળે તેમ શાસ્ત્રો ભણવા છતાં અનુપ્રેક્ષા વિના અજ્ઞાન ન ટળે.

સુમન! શાસ્ત્રોને સમજવા માટે પૂ. હરિભદ્રસૂરિજી મહારાજે સ્વકૃત અષ્ટકપ્રકરણમાં સૂક્ષ્મબુદ્ધિનું અને માર્ગાનુસારિણી બુદ્ધિનું જે મહત્ત્વ વર્ણવ્યું છે, તે કેટલું ઉપયોગી છે તે તને હવે સમજાશે.

માર્ગાનુસારિણી બુદ્ધિ સ્યાદ્વાદની ભૂલભૂલામણીમાંથી માર્ગ આપે છે અને સૂક્ષ્મબુદ્ધિ અનુપ્રેક્ષા દ્વારા શાસ્ત્રોમાં ઊંડા ઉતરવા સહાય કરે છે.

શાસ્ત્રોને જગતનો આરિસો કહ્યો છે. કારણ કે તેમાં જગતના ત્રૈકાલિક સર્વ ભાવોનું વાસ્તવિક પ્રતિબિમ્બ છે, અને તેને જોવાની આંખ આ અનુપ્રેક્ષા છે.

સુમન ! જ્ઞાનીઓએ બાર પ્રકારના તપમાં સ્વાધ્યાયને સર્વશ્રેષ્ઠ તપ કહ્યો છે, તે શ્રેષ્ઠતા આ અનુપ્રેક્ષા અને પાંચમા ધર્મકથા સ્વાધ્યાયને યોગે છે, એ વાત હવે પછી વિચારીશું.

આપણે જે કંઈ સમજવું જરુરી છે, તેમાં અનુપ્રેક્ષા વિના ચાલે તેમ નથી, માટે એ સંબંધી આજે તને થોડુંક સમજાવ્યું છે. તેનું ચિંતન મનન કરજે અને ન સમજાય તે વિના સંકોચે પૂછજે.

## [૩]

**સુમન !** પહેલાં આપણે અનુપેક્ષા સ્વાધ્યાય અંગે જે વાતો કરી હતી, તેનું તેં ચિંતન કર્યું હશે. તને સમજાયું હશે કે અનુપ્રેક્ષાના બળ વિના શાસ્ત્રોક્ત ગૂઢ તત્ત્વોની સમજ પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

સુમન ! અનુપ્રેક્ષાનો મહિમા ઘણો જ છે. ચિલાતીપુત્ર જેવો મહાપાપી માત્ર ગુરુમુખે એક જ વાર સાંભળેલા 'ઉપશમ, સંવેગ અને વિવેક' એ ત્રણ પદોથી, શિથિલાચારમાં ડૂબી ગએલા શ્રીસોમપ્રભસૂરિજી એક માત્ર 'પ્રમાદ' શબ્દથી; અઈમત્તા નામના બાળમુનિ માત્ર ઈરિયાવહિસૂત્રના એક માત્ર 'દગમટ્ટી' પદથી કલ્યાણ સાધી ગયા, તેમાં આ અનુપ્રેક્ષાનું જ બળ કારણભૂત હતું. સુમન ! એ ઉપરાંત પણ જે કોઇ મુક્તિને વર્યા છે; વરે છે અને વરશે, તે સર્વને ક્ષપકશ્રેણીમાં શુકલ-ધ્યાનના દ્વિતીય ચરણ સુધી પણ આ અનુપ્રેક્ષાનું બળ ઉપકાર કરે છે.

સુમન ! અનુપ્રેક્ષાનું બળ મેળવવા જીવનમાં સાધના કરવી પડે છે. વિષય-કષાયોનાં આકર્ષણ તજવાં પડે છે, તે પછી જ અનુપ્રેક્ષાનું બળ પ્રગટ થાય છે.

સુમન! બીજાની પાસેથી કંઈ મેળવવું હોય તો તેની ઇચ્છાને અનુસરવું પડે છે, તેમ શાસ્ત્રગત રહસ્યો મેળવવા શાસ્ત્રોને સમર્પિત થવું પડે છે, તેના પ્રત્યે બહુમાન ધરાવીને શંકાદિ દોષોથી દૂર રહી તત્ત્વને શોધવાં પડે છે.

એ માટે સુમન! શાસ્ત્રપ્રણેતા પ્રત્યે ઘણો સદ્ભાવ જોઇએ, તેઓના ઉપકારોને ઓળખી તેઓ પ્રત્યેની કૃતજ્ઞતાથી હૈયું ભરી દેવું જોઇએ.

સુમન! અનુપ્રેક્ષા પછી પાંચમો સ્વાધ્યાય ધર્મકથા છે. અનુપ્રેક્ષા સ્વઉપકારક છે, જ્યારે ધર્મકથા સ્વ-પર ઉપકારક છે, એ કારણે સ્વાધ્યાયનો એ સર્વશ્રેષ્ઠ અને છેલ્લો પ્રકાર છે.

સુમન! અનુપ્રેક્ષાનું બળ પ્રગટયા પછી જ ધર્મકથાનો વાસ્તવિક અધિકાર પ્રાપ્ત થાય છે. ધર્મકથામાં અનુપ્રેક્ષા ઉપરાંત બીજા પણ ઘણા ગુણોની જરુર રહે છે. કારણ કે અનુપ્રેક્ષા રોગના નિદાન જેવી છે અને ધર્મકથા ઔષધ આપવા જેવી છે. ઔષધ આપવામાં રોગીના શરીર ઉપરાંત બીજી પણ અનેક બાબતોને સમજવી પડે છે. એ માટેનાં પુસ્તકો હોતાં નથી. જગતના પ્રાપ્ત થએલા અનુભવોથી તે સમજી શકાય છે.

સુમન! ધર્મકથામાં પણ એમ જ છે. ધર્મકથકે શ્રોતાને સર્વપ્રકારે સમજવો પડે છે. તે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સાથે શ્રોતાંની બુદ્ધિ, રુચી, સંયોગ, સમ્પત્તિ, વગેરે અનેક બાબતોનો ખ્યાલ રાખવો પડે છે.

સુમન! દરજી જેમ કપડું સીવવામાં સોય કાતર બન્નેનો ઉપયોગ કરે છે, તેમ ધર્મકથામાં ખંડન-મંડન ઉભય પદ્ધતિની

જરૂર રહે છે. પણ કાતરનો ઉપયોગ સીવવાના લક્ષ્યને અનુસરીને થાય છે, તેમ ખંડન પણ મંડનના લક્ષ્યપૂર્વક કરવાથી હિત થાય છે.

સુમન ! ખંડન ઓપરેશન જેવું છે, તે શાણો હિતસ્વી, બુદ્ધિમાન ડૉકટર નિરુપાય કરે છે, અને તેમાં ખૂબ સાવધ રહે છે. તેમ ખંડન પણ નિરુપાય કરવા જેવું છે અને તે તે પણ મંડનની પુષ્ટિ થાય તેવી કાળજી અને કળાપૂર્વક ! અન્યથા લાભને બદલે હાનિનો સંભવ વિશેષ છે.

સુમન ! જેની પાસેથી કામ લેવું હોય તેને રીઝવીને કામ લેવું તે સર્વશ્રેષ્ઠ ઉપાય છે. ઠપકો વિશેષ કારગત નીવડતો નથી. તેમ શ્રોતાને પણ ગુણો પ્રત્યે સન્માન પેદા કરાવીને તેનામાં ધર્મરસ જગાડવો હિતાવહ છે. બહુધા જીવો વિષય કષાયો પ્રત્યે આદરવાળા હોય છે. તેઓને ગુણોનું મહત્ત્વ સમજાવીને ધર્મમાર્ગે ચઢાવવા એ નિર્ભય ઉપાય છે.

સુમન ! તત્ત્વથી તો દોષો ટાળવાનો ઉપાય અન્ય જીવો પ્રત્યે બહુમાન પ્રગટાવવું તે છે. જેમ જેમ શરીરબળ વધે તેમ તેમ રોગનું બળ ઘટે છે. એ રીતે જીવોના જીવત્વ પ્રત્યેનું બહુમાન પ્રગટ થતાં સ્વાર્થ, અહંકાર, હિંસા, જુઠ, અનીતિ. અસદાચાર, અસત્‌નો પક્ષ, ક્રોધાદિ કષાયો, નિન્દા, ઈર્ષ્યા, પૈશુન્ય, વગેરે સર્વ પાપો સ્વયં ઘટવા માંડે છે. **પાપાચરણ જીવોના જીવત્વની કિંમત ન સમજવાને કારણે થાય છે. જીવત્વ પ્રત્યે સન્માન જાગ્યા પછી પાપાચરણ થઈ શકાતું નથી.**

સુમન! એ કારણે ધર્મકથા મુખ્યતયા બાળબુદ્ધિ, મધ્યમબુદ્ધિ અને પંડિતબુદ્ધિ, એ ત્રણ પ્રકારમાં શ્રોતા કયા પ્રકારનો છે તે જાણીને પ્રથમ સામાન્ય ગુણાનુરાગ વધે, ઉપશમ પ્રગટે, મૈત્રી, પ્રમોદ, કરુણા, ઉપેક્ષાદિ ભાવો જન્મે તેવી રીતે કરવી હિતકર છે.

સુમન! ધર્મકથા સંવેગ પ્રગટ થાય તે રીતે વૈરાગ્ય-પ્રધાન કરવાથી સ્વપરહિતકર થાય છે. સુમન! વૈરાગ્ય **એટલે સ્વાર્થવૃત્તિને તોડીને પરાર્થવૃત્તિ પ્રગટાવવી. સ્વાર્થવૃત્તિથી સર્વ પાપો વધે છે. અને પરાર્થવૃત્તિથી સર્વ પાપો ઘટે છે. આ પરાર્થવૃત્તિ પણ નિરાધાર નહિ, કૃતજ્ઞતાપૂર્ણ હોવી જોઇએ.**

એ માટે સુમન! શ્રોતામાં બીજાના ઉપકારોને ઓળખ-વાની અને કૃતજ્ઞભાવે તેનો બદલો આપવાની વૃત્તિ પેદા કરવી એ ધર્મકથાનું મુખ્ય લક્ષ્ય હોવું જોઇએ.

સુમન! આ વૃત્તિ સહજ પ્રાપ્ય નથી, તે માટે ક્રમિક ઉપાયો સમજાવવા જોઇએ. લોકોત્તરગુણોની પ્રાપ્તિ માટે લૌકિકગુણો કેળવવા એ પાયાનો ધર્મ છે.

સુમન! મીંડાની કોઇ કિંમત નથી, પણ એકડા માટે તે અનિવાર્ય છે. મીંડા વિના એકડો થઇ શકે શી રીતે? એકડાની દશ દશ ગુણી કિંમત વધારવાની શક્તિ પણ મીંડામાં છે.

એ રીતે સુમન! લોકોત્તર ગુણો માટે લૌકિકગુણો અનિ-વાર્ય છે. તે ગુણો જ આગળ વધીને લોકોત્તરસ્વરૂપને ધારણ કરે છે. એટલું જ નહિ, લોકોત્તર ગુણોની મહત્તા વધારવામાં પણ લૌકિક ગુણો કારણ બને છે.

સુમન ! એ કારણે શાસ્ત્રકારોએ માર્ગાનુસારિતાને પ્રથમ આવશ્યક માની છે. તેના અભાવે આત્મિક ગુણો પ્રગટ થતા નથી, ટકતા નથી, વૃદ્ધિ પામતા નથી અને સફળ થતા નથી.

એ કારણે સુમન ! પ્રથમ તે ગુણોનું મહત્ત્વ સમજાવવું એ ધર્મકથકનું કર્તવ્ય છે.

સુમન ! ધર્મકથાનું સમ્યગ્-સ્વરૂપ સમજનારા અને વિધિપૂર્વક ધર્મકથા કરનારા ઉપકારીઓને પ્રવચનપ્રભાવક કહ્યા છે.

મોહાવૃત્તજીવોના અજ્ઞાનને દૂર કરી તેઓ સર્વત્ર પ્રશમ ભાવને પ્રગટાવતા રહે છે. કલેશ, કંકાસ, સંતાપ, શોક, વગેરે મનના રોગો તેમના એક આશીર્વાદથી જ ભાગવા માંડે છે. તેઓ જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં જીવોની વિષયતૃષ્ણાના તાપને દૂર કરી મૈત્રી અને પ્રશમભાવનો આહ્લાદ પ્રગટ કરે છે.

સુમન ! ભિન્ન ભિન્ન રુચિ અને ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા અનેક શ્રોતાઓને એક સમાન ધર્મકથાથી ધર્મ સમજાવવો તે ઘણું અઘરું છે. એ માટે ધર્મકથકને પોતાની યોગ્યતા, પુણ્યબળ, બુદ્ધિબળ પ્રગટાવવા વિશિષ્ટ સાધના કરવી પડે છે, અનુગ્રહબુદ્ધિ પ્રગટાવવી પડે છે. વચનવિલાસ અને ધર્મકથામાં મોટું અંતર છે.

સુમન ! આવા ધર્મકથકોનો ઉપકાર જગત ઉપર અમાપ છે. જગતના ઉત્પાતોને શમાવવામાં તેઓનો ફાળો મુખ્ય છે. **ધર્મકથાની યોગ્યતાને પામેલા ધર્મકથકના યોગે વૈર-વિરોધ થતા નથી. હોય તે પણ શમી જાય છે. વગેરે ધર્મકથાનો અને ધર્મકથકનો મહિમા ઘણો છે.**

સુમન ! જે અનુપ્રેક્ષાથી આપણે ધર્મ તત્ત્વને સમજવું છે, તે માટે અનુપ્રેક્ષાને સમજવી આવશ્યક હોવાથી પ્રસંગને પામીને સ્વાધ્યાયના પાંચ પ્રકાર અંગે આપણે થોડી વાતો કરી છે. હવે આપણે આત્માના વિકાસમાં પ્રથમ આવશ્યક માર્ગાનુસારિતાનું મહત્ત્વ કેવું છે તે વિચારીશું.

# [૪]

સુમન ! અનુપ્રેક્ષાનું મહત્વ તને સમજાયું હશે, કોઇ પણ વિષયના યથાતથ્ય જ્ઞાન માટે અનુપ્રેક્ષા ઘણી જરૂરી છે.

સુમન ! આજે હું તને ધર્મ કે જેના વિના ભવભ્રમણ ટળે તેમ નથી જ, તે ધર્મનો માર્ગાનુસારીતા સાથે અને માર્ગાનુસારીતાનો મનુષ્યભવ સાથે કેવો સંબંધ છે, તે અંગે સમજાવીશ.

એક વાત તો તારે સમજી લેવી જોઇએ કે, 'ધર્મ' એ આત્માનો સ્વભાવ છે. કહ્યું છે કે, 'वत्थुसहावो धम्मो' અર્થાત પ્રત્યેક પદાર્થના સ્વભાવને તેનો ધર્મ કહેવાય છે. એ કારણે 'ધર્મ' એ બહારથી મેળવવાની વસ્તુ નથી, આત્મામાં છે, તેને પ્રગટ કરવાનો છે. પણ તેને પ્રગટ કરવામાં અચેતન એવી પર (બાહ્ય) વસ્તુઓની સહાય વિના ચાલે તેમ નથી.

સુમન ! ચાલવાની શક્તિને પ્રગટાવવા ચાલણગાડીની, ચઢવાની શક્તિને પ્રગટાવવા નિસરણીની, પાચનશક્તિ પ્રગટ કરવા આહારની જરૂર પડે છે; તેમ આત્માના સ્વભાવને પ્રગટ કરવા બીજી બહારની વિવિધ વસ્તુની જરૂર પડે છે. ચારે

ગતિમાં મનુષ્યની ગતિને ધર્મ માટે મુખ્ય કહી છે, મનુષ્ય જન્મને ચિંતામણિથી પણ અધિક દુર્લભ મૂલ્યવાન અને આવશ્યક કહ્યો છે, તેનું કારણ ધર્મને પ્રગટ કરવા માટે જોઈતી બાહ્ય સામગ્રી મનુષ્યભવમાં જ મળી શકે છે માટે આપણે પ્રથમ એ સંબંધી વિચાર કરીએ.

સુમન! વસ્તુસ્વભાવ છે કે જેને આજના વૈજ્ઞાનીકો (Positive) પોઝીટીવ અને (Negative) નેગેટીવ કહે છે. તેવાં બે તત્વોનો પરસ્પર યોગ મળ્યા વિના કોઈ કાર્ય થતું નથી.

નદીની પવિત્ર રેતીમાં પાણીનું પોષણ જોઈતા પ્રમાણમાં હોવા છતાં વનસ્પતિના અંકુરા ઉગતા નથી. ખેતરમાં પણ ધોવાઈ ગયેલી ભૂમિમાં વાર વાર ખાતર મેળવવું પડે છે. ખાતર વિનાની શુદ્ધ ભૂમિ કે ભૂમિ વિનાનું કેવળ ખાતર ધાન્ય પકાવવામાં અસમર્થ છે. એ રીતે ધર્મને પ્રગટ કરવા માટે પણ પોઝીટીવ-નેગેટીવ જેવાં બે તત્વોની જરૂર પડે છે.

સુમન! મનુષ્યની જ મુક્તિ થાય, અન્યગતિએ મુક્તિ ન જ થાય. તેમાં પણ આજ કારણ છે. અન્યગતિમાં આ બે તત્વોનો માફકસરનો પ્રમાણિક યોગ જીવને પ્રાપ્ત થઈ શકતો નથી.

દિવસ અને રાત્રિનો વિભાગ પણ મનુષ્ય લોકમાં જ હોય છે. અન્યત્ર કેવળ પ્રકાશ કે કેવળ અંધકાર હોય છે. માતા-પિતાનો કે સ્વજનાદિનો સંબંધ પણ મનુષ્યને જ મળે છે. દેવોને, નારકોને માતા-પિતા કે સ્વજનો હોતા નથી. તિર્યંચોને માતા-પિતાનો સંબંધ હોવા છતાં પ્રામાણિક કાર્ય સાધક

હોતો નથી, એ અને એવી કેટલીય વિશેષતાઓ મનુષ્ય જીવનમાં હોય છે. તેથી તેનો મુક્તિ સાથે ઘનીષ્ટ સંબંધ છે. તે આપણે પ્રસંગે પ્રસંગે વિચારીશું. !

સુમન ! ધર્મ અંગે પોઝીટીવ અને નેગેટીવની કાર્ય સાધકતા જરા ઉંડાણુથી સમજવી પડશે. તે માટે આત્મા, તેને લાગેલી કર્મની વર્ગણાઓ અને શરીર, વગેરે ધર્મસાધક બાહ્ય સામગ્રી એ ત્રણનો પારસ્પરિક સંબંધ કેવો છે? તે જાણવું પડશે.

સુમન ! ગરમીથી રક્ષણ કરવા શીત ઉપચારોનો અને ઠંડીથી બચવા માટે પ્રમાણોપેત ઉષ્ણતાનો આશ્રય લેવો પડે છે. આહારને પચાવવા માટે પાચન શક્તિની જરુર રહે છે, તેમ આત્માના પ્રતિપ્રદેશે લાગેલા વિવિધ કર્મોના આક્રમણથી બચવા માટે પણ કોઇ રક્ષણની આવશ્યકતા સ્વીકારવી જ પડશે.

સુમન ! આત્માના પ્રત્યેક પ્રદેશો સાથે અનંતાનંત કર્માણુઓ દૂધ પાણીની જેમ મળેલા છે. ઉપરાંત આત્માના પ્રદેશો પણ શરીરના અણુઓ સાથે એજ રીતે મળીને રહ્યા છે.

સુમન ! આત્મા સ્વરૂપે ક્રોધી નથી, પણ ક્રોધ મોહનીય નામનું તેને લાગેલું કર્મ ઉદયને પામીને જ્યારે આક્રમણ કરે છે ત્યારે તેને વશ બનીને જીવ મન, વચન, કે કાયાથી ગુસ્સો કરે છે. જો તે પ્રસંગે તેના જીવનના આધારભૂત ઔદારીક શરીરના અથવા બીજા શબ્દોમાં કહું તો તેના મન, વચન અને કાયાના અણુઓ એ ક્રોધની અસરવાળા ન બનતાં ક્રોધનો પરાભવ કરી શકે તેવાં પુણ્ય પવિત્ર હોય તો જીવ ક્રોધના

આક્રમણથી ઉત્તજીત ન થાય, ગુસ્સો ન કરે. પરિણામ એ આવે કે ઉદય પામેલો ક્રોધ નિષ્ફળ બને અને આત્માના સ્વભાવરૂપ ક્ષમાધર્મ પ્રગટ થાય.

એ રીતે વેદમોહનીય નામનું કર્મ ઉદયમાં આવીને આક્રમણ કરે ત્યારે પણ તેનાં મન વચન કાયાનું બળ જો તેનો સામનો કરી શકે તો ઉદયમાં આવેલું વેદમોહનીય કર્મ તેને વિકાર ન કરી શકે. પરિણામ એ આવે કે આત્માનો સ્વભાવગત બ્રહ્મચર્ય ધર્મ પ્રગટ થાય અને ઉદયમાં આવેલું કર્મ નિષ્ફળ બની છૂટી જાય.

સુમન ! બધા કર્મોને તોડવાનો આ એક જ સાચો ઉપાય છે. માટે તો મન વચન કાયાને યોગ કહ્યા છે. કર્મનો સામનો કરી મોક્ષ સાથે આત્માનો સંયોગ કરાવે તેને યોગ કહેવાય.

સુમન ! સમગ્ર શાસ્ત્રમાં કર્મના વિવિધ સ્વભાવનું અને તેનો સામનો કરી શકે તેવા પ્રકારનું મન, વચન કાયાનું યોગબળ, પ્રગટ કરવાના ઉપાયોનું વર્ણન છે. આ યોગ બળથી કર્મોને પરાસ્ત કરવા, તેને વશ ન થવું, એ જ ચારિત્ર છે. એ માટે જ સર્વવિરતિ છે. એજ મનુષ્ય જન્મ પામેલા આત્માનું મુખ્ય કર્તવ્ય છે.

સુમન ! ચોરોથી રક્ષણ કરવા ચોરની જાતિના છતાં ચોરોનો સામનો કરી શકે તેવા ચોકીદારની સહાય લેવી પડે છે, તેમ આત્મધનને લૂંટનારાં કર્મોના આક્રમણથી બચવા માટે મન, વચન અને કાયાના બાહ્ય યોગબળની સહાય લેવી જ પડે છે.

એ રીતે કર્મોને તોડવા માટે તેનાં આક્રમણને સહી શકે અને કર્મોને નિષ્ફળ બનાવી શકે તેવું મન-વચન-કાયાનું પુણ્યપવિત્ર યોગબળ આવશ્યક છે.

સુમન ! નિશ્ચયથી તો આત્માના જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ એ મુક્તિનો ઉપાય છે, પણ ચોરોથી બચવા ચોકીદારની જરુર પડે છે. તેમ વ્યવહારનયથી કર્મોના શુભાશુભ આક્રમણથી બચવા માટે પ્રારંભમાં બાહ્ય યોગબળની મુખ્યતા જણાવી છે. એટલું જ નહિ, સુમન ! સમ્યગ્જ્ઞાનાદિ ગુણોને પ્રગટાવવા માટે પણ આ બાહ્ય યોગબળ આવશ્યક છે. એ કારણે તો જૈનાગમમાં બહુધા વિધિ-નિષેધો બાહ્ય યોગબળના પ્રગટીકરણ માટે કરેલા છે.

સુમન ! જે વાત તારી બુદ્ધિમાં સ્ફુરી જ ન હોય, સમજવી દુષ્કર હોય, છતાં સમજ્યા વિના ચાલે તેમ ન હોય, તેને સમજાવવા માટે તેના તાત્ત્વિક ઉંડાણમાં ઉતર્યા વિના ન ચાલે. આપણે માર્ગાનુસારિતા સંબંધી વિચાર કરવાનો છે, તેનું મહત્ત્વ સમજવું છે, પણ તે કેવો ઉપકાર કરે છે ? કેવી રીતે કરે છે ? વગેરે સમજ્યા વિના તેની મહત્તા, ઉપકારકતા અને આવશ્યકતા શી રીતે સમજી શકાય ?

સુમન ! માર્ગાનુસારિતાનો એક એક પ્રકાર આત્માને કર્મના આક્રમણથી બચાવી લેનાર એક સફળ સુભટતુલ્ય છે. તેની સહાયથી કર્મોને પરાસ્ત કરી શકાય છે. તું સ્થિરબુદ્ધિથી વિચાર કરીશ તેમ તેમ આ તત્ત્વ તને વધુ સ્પષ્ટ સમજાશે.

સુમન! કર્મોને બાંધીને આપણે અહીં આવ્યા છીએ, તેનો ઉદય પણ પ્રતિસમય ચાલુ છે. હવે આપણું કર્ત્તવ્ય તો તેના આક્રમણથી બચવાનું છે, અર્થાત્ તેને માટે પુણ્યપવિત્ર યોગબળ પ્રગટ કરવું તે છે.

સુમન! કર્મોના આક્રમણનો સામનો કરવો કેવો દુષ્કર છે અને તે કેવી રીતે કરી શકાય, વગેરે સમજવું પડશે.

સુમન! માર્ગે ચાલવું કઠીન નથી, માર્ગે ચઢવું ઘણું કઠીન છે. માર્ગભૂલેલા મુસાફરને ઉજ્જડ માર્ગે એક ફર્લાંગ ભૂમિકા પસાર કરતાં જે મુશ્કેલી નડે છે, તે માર્ગે ચઢ્યા પછી અનેક ગાઉ સુધી ચાલવામાં નડતી નથી. જે મોટર સીધી સારી સડક ઉપર સેંકડો માઇલ દોડી જાય છે, તે પણ ખાડા-ટેકરાવાળી જમીનમાં ભાંગી જાય છે.

સુમન! મુક્તિનો માર્ગ પ્રાપ્ત કરવો દુર્લભ છે, પ્રાપ્ત થયા પછી તેટલી મુશ્કેલી નડતી નથી. રોગીને પાશેર દૂધ પચાવવું દુષ્કર છે. નિરોગીને તે એક પાન ચાવવા જેવું સરળ છે. સુમન! બાળકને એક રતલ બોજો ભારરૂપ બને છે, યુવાન તેને પગની ઠોકરે ઉડાડી શકે છે. એમ અનાદિ મિથ્યાત્વી જીવને પ્રથમતઃ મોક્ષમાર્ગનો પક્ષ કરવો, અર્થાત્ માર્ગાનુ-સારિતાનું પાલન કરવું ઘણું દુષ્કર છે.

એ માટે મનુષ્યભવ, આર્ય દેશ અને ઉત્તમ કુળ સાથે ચરમાવર્તકાળનો સહકાર મેળવવો પડે છે. અનંતા અચરમ પુદ્ગલપરાવર્તનો એટલે અંધનેત્રે માર્ગ વિનાનું પર્વતોની આકરી ખીણોમાં પરિભ્રમણ. ચરમ પુદ્ગલપરાવર્ત એટલે

મુક્તિમાર્ગનું સામીપ્ય. પણ તેમાંય પ્રથમ ગુણસ્થાનક એટલે ખીણમાંથી માર્ગે પહોંચવા માટેની આકરી કેડી. આને માર્ગાનુસારિતા કહી શકાય. તે કેડીને નિર્વિઘ્ન પસાર કરવાથી કાચો, રેતાળ, ભૂલભૂલામણીવાળો મોક્ષમાર્ગ મળે છે. એને સમ્યગ્દર્શન કહી શકાય. સુમન ! અવિરતિની બેડીઓ પહેરીને રણનો રસ્તો કાપવા જેવો કઠિન છતાં, એ માર્ગ મળી જવાથી સમ્યગ્દર્શન પામેલો જીવ આખરે મુક્તિને પામે છે.

સુમન ! ત્રીજું ગુણસ્થાનક એટલે ઉત્સાહ–નિરુત્સાહનાં ઝોલાં ! ચોથું ગુણસ્થાનક એટલે થાકેલા જીવનું ભય પામીને પુનઃ ખીણો તરફ પાછું ફરવું ! પાંચમું ગુણસ્થાનક એટલે બેલગાડીની કાચી સડકે મુસાફરી ! અને છઠ્ઠું ગુણસ્થાન એટલે પર્વતનું ચઢાણ !

સુમન ! અહીં સુધી તો પ્રમાદના આંચકારૂપ ખાડા–ટેકરા–કાંટા–કાંકરા, ભૂલભૂલામણી, ચોર–શ્વાપદોનો ભય, વગેરે વિવિધ વિઘ્નો નડે છે. સાતમા ગુણસ્થાનકથી ચૌદમા સુધીનાં અપ્રમત્ત દશાના ગુણસ્થાનકો એટલે કોઈ પણ વિઘ્ન વિનાની સુંદર પાકી સડક ઉપર ચારિત્રધર્મરૂપ મોટરની મુસાફરી. કોઈ જીવ તો અંતર્મુહૂર્તમાં જ મુક્તિમંદિરમાં પહોંચી જાય. વચ્ચે ઉપશમ શ્રેણીનો ઉન્માર્ગ છે. પણ પાછા ફરતાં આખરે સાચો માર્ગ મળી જાય છે, એટલે એ રખડાવનાર છતાં બહુ જોખમરૂપ નથી.

સુમન ! ઘરમાંથી નીકળવું કઠિન છે, નીકળ્યા પછી ચાલવું તેટલું કઠિન નથી. અનાદિકાળથી સ્વાર્થના રસિયા જીવને સ્વાર્થ છોડવો કઠિન–અતિ કઠિન છે. ઉપવાસ કરનારને

જેમ ચ્હા–બીડીની આદત છોડવી કઠિન પડે છે, તેમ પરમાર્થનાં કાર્યો કરનારને પણ સ્વાર્થ છોડવો ઘણો કઠિન છે.

સુમન! માર્ગાનુસારિતાના બળે અનાદિ વ્યસનરૂપ બની ગયેલા સ્વાર્થને છોડવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકાય છે. એ તને હવે પછી સમજાવીશ! આજે તો આટલું પર્યાપ્ત છે. તું આજની વાતોની ચિંતન–મનનપૂર્વક જો વારંવાર અનુપ્રેક્ષા કરીશ, તો તને ઘણું જાણવા મળશે.

## [૫]

સુમન! અનુપ્રેક્ષા તને રુચિકર બની છે, એમ તારી વધી રહેલી જિજ્ઞાસાથી સમજી શકાય છે. વસ્તુતઃ જીવનો સમ્યગ્ બોધ (જ્ઞાન) જેમ જેમ વધે છે, તેમ તેમ જિજ્ઞાસા પણ વધે છે. જાણેલું અલ્પ જણાય, પોતાની અજ્ઞાનતા સમજાતી જાય અને મિથ્યા અહંકાર મંદ પડતો જાય, તો સમજવું કે–જ્ઞાન પચ્યું છે. લીધેલો ખોરાક પચવાથી સ્વાસ્થ્ય સુધરે છે અને સાચી ભૂખ લાગે છે, તેમ જ્ઞાન પણ જેમ જેમ પચે છે, તેમ તેમ ઉપશમભાવ પ્રગટે છે અને જિજ્ઞાસા વધતી જાય છે.

સુમન! જિજ્ઞાસાની સાચી પૂર્તિ તો પોતાના આંતર પ્રકાશથી જ થઇ શકે, કિન્તુ એ પ્રકાશ માટે બીજાનો વિનય કરવાપૂર્વક ભણવું જરૂરી છે. શ્રી જિનેશ્વરદેવ અને જિનવચન ઉપર જેટલું બહુમાન વધે, તેટલો પ્રકાશ શીઘ્ર થાય અને તેટલું જિનવચનનું ગાંભીર્ય સમજાય.

સુમન! સર્વ શાસ્ત્રોનો સાર એ છે કે–મિથ્યા અહંકારમાંથી જન્મેલી સ્વાર્થવૃત્તિ સર્વ અનર્થોનું મૂળ છે અને નમસ્કારભાવથી પ્રગટેલી પરાર્થવૃત્તિ સર્વ સંપત્તિનું મૂળ છે. સ્વાર્થવૃત્તિને ટાળવા અને પરાર્થવૃત્તિને પ્રગટાવવાના પ્રારંભિક

ઉપાયોને માર્ગાનુસારિતા કહી છે. તેને સમજતાં પહેલાં તેનું મહત્ત્વ સમજવું જોઈએ.

સુમન ! પરસ્પર અનુવિદ્ધ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર, એ આત્મગુણો મુક્તિનો માર્ગ છે, એ જ યોગબળ છે, તત્ત્વથી એ જ ન્યાય છે, એ જ ચારિત્ર છે, એ જ આત્મા છે અને એ જ મુક્તિ છે. તેને પ્રાપ્ત કરવા માર્ગાનુસારિતા અતિ આવશ્યક છે.

સુમન ! **પાયો આગળ વધીને જેમ મહેલ બને છે અને બીજ આગળ વધીને જેમ વૃક્ષ બની ફળ આપે છે, તેમ ક્રમશઃ આત્મશુદ્ધિ સાથે વધતી આ માર્ગાનુસારિતા પણ મોક્ષમાર્ગ બની જાય છે અને પરાકાષ્ટાએ પહોંચતાં તે જ મુક્તિ આપે છે.**

સુમન ! એ રીતે માર્ગાનુસારિતાનો (મુક્તિ) સુખ સાથે સંબંધ એવો છે કે–નાના–મોટા બાહ્ય–અભ્યંતર કોઈ પણ સુખને પ્રાપ્ત કરવા માટે તેનું પાલન અનિવાર્ય છે. શાસ્ત્રકાર ભગવંતોએ તેનું પાલન કરવાના પાંત્રીશ પ્રકારો જણાવ્યા છે. તેને શાસ્ત્રીય પરિભાષામાં માર્ગાનુસારિતાના પાંત્રીશ ગુણો કહેવાય છે અને તે સર્વમાં **ન્યાયસમ્પન્ન વૈભવ** એ પહેલો ગુણ છે.

સુમન ! આ ન્યાયસમ્પન્ન વૈભવ ગુણનું વિધાન કરવામાં શાસ્ત્રકારોનો મુખ્ય ઉદ્દેશ વૈભવ પ્રાપ્ત કરાવવાનો નહિ, કિન્તુ અન્યાયના ત્યાગપૂર્વક ન્યાયનું પાલન કરાવવાનો છે.

સુમન ! સાથે રહેતી એક જ રાજ્યની પ્રજાનું કર્ત્તવ્ય છે કે–પોતાના જીવનથી બીજાને બાધા નહિ કરતાં શક્યતા પ્રમાણે પરસ્પર સહાય કરવી. બાધા પહોંચાડનાર રાજ્યનો

ગૂન્હેગાર બને છે અને યથાશક્ય સહાય કરનારો રાજાની મહેરબાનીનું પાત્ર બને છે, ઉપરાંત પ્રજામાં પણ તે આદર–માન–પૂજા વગેરેને પામે છે. તેમ શ્રી જૈનશાસનની પ્રજારૂપ જગતના સર્વ જીવોનું કર્ત્તવ્ય છે કે–પોતાના સ્વાર્થને માટે બીજાને કષ્ટ નહિ આપતાં શક્તિ–સામગ્રીને અનુસારે બીજાને સુખી કરવા પ્રયત્ન કરવો જોઇએ. બીજાને કષ્ટ આપનાર ધર્મશાસનનો ગૂન્હેગાર બને છે, તેથી તેના ગુન્હાને અનુસારે કર્મસત્તા તેને નાની–મોટી શિક્ષા કરે છે. એથી ઉલટ બીજાને યથાશક્ય સહાય કરનારો ધર્મશાસનની મહેરબાનીને મેળવી શકે છે અને સર્વત્ર સુખ–આદર–સન્માન–પૂજા વગેરેને પામે છે.

સુમન! એ કારણે અન્ય જીવોને કોઈ પ્રકારે દુઃખમાં નિમિત્ત બનવું તે અન્યાય છે અને સુખમાં સહાયક થવું તે ન્યાય છે.

સુમન! સર્વ જન્તુના કલ્યાણ માટેના શુદ્ધ આત્મપરિણામ પૂર્વકનું સર્વથા પ્રાણાતિપાત વિરમણ, એટલે અહિંસા, તેને પરમ એટલે શ્રેષ્ઠ ધર્મ કહ્યો છે અને કોઇને પણ થોડું પણ દુઃખ ઉપજાવવું તેને હિંસારૂપ અધર્મ કહ્યો છે, તેનું કારણ હિંસા એ અન્યાય છે અને અહિંસા એ ન્યાય છે, ન્યાય એ સંપત્તિ છે અને અન્યાય એ વિપત્તિ છે.

સુમન! કોઇ પણ તને અન્યાય કરે તો તે તને અનિષ્ટ છે, તેમ તું કોઇને અન્યાય કરે તે તેને ઇષ્ટ કેમ હોય? ન જ હોય.

સુમન! સામાન્ય રીતે તો સર્વ લોક ન્યાયને કર્ત્તવ્ય અને અન્યાયને અકર્ત્તવ્ય માને છે, પણ ન્યાય શું અને અન્યાય

શું ?–એનો વિવેક કરનારા બહુ ઓછા માણસો હોય છે. જેની બુદ્ધિ ઉપર અહંકારનું સામ્રાજ્ય વર્તે છે, તે પ્રાયઃ ન્યાય–અન્યાયનો સાચો વિવેક કરી શકતો નથી. એ કારણે ન્યાયને સમજવા માટે માર્ગાનુસારિણી બુદ્ધિની જરૂર રહે છે. આ બુદ્ધિ જીવમાં નમસ્કાર મહામંત્રની આરાધનાથી પ્રગટે છે. માટે જ્ઞાનીઓએ સર્વ કાર્યો કરતાં પહેલાં શ્રી નમસ્કાર મહામંત્રની ઉપાસનાનો વિધિ જણાવ્યો છે.

સુમન ! કોઈ પણ કાર્ય અનેક નિમિત્તોનું બળ મળવાથી સિદ્ધ થાય છે. તે સર્વ નિમિત્તોને બે ભાગમાં વહેંચીએ તો તેના અંતરંગ નિમિત્ત અને બાહ્ય નિમિત્ત એવા બે વિભાગ થાય છે.

સુમન ! સમજવા માટે જરા ધ્યાન દઈને સાંભળ ! એક ગુરુ અને શિષ્ય છે, ગુરુ શિષ્યને ભણાવે છે અને શિષ્ય ભણે છે. આ કાર્યમાં બીજાં કારણોને ગૌણ કરીએ તો પણ શિષ્યનો ઉદ્યમ અને બુદ્ધિ તથા ગુરુનો ભણાવવાનો ઉદ્યમ અને કૃપા, એ ચાર કારણો તો માનવાં જોઈએ. એ ચારેયના યોગ વિના સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ દુર્લભ છે.

સુમન ! આ કાર્યમાં ભણનારનો ઉદ્યમ અને બુદ્ધિ બંને હોવા છતાં 'ગુરુકૃપાથી હું ભણી શક્યો'–એમ માનનાર શિષ્યની બુદ્ધિ માર્ગાનુસારિણી છે; અને ગુરુકૃપા ભલે હોય, પણ મારી બુદ્ધિ ન હોય તો ગુરુ શી રીતે ભણાવે ? માટે હું મારી બુદ્ધિથી ભણી શક્યો, એમ માનનારની બુદ્ધિ ઉન્માર્ગગામિની કહી છે, કારણ કે–પહેલી બુદ્ધિમાં ન્યાય છે, બીજીમાં અન્યાય છે.

અહીં ગુરુ પણ શિષ્યના ઉદ્યમને અને બુદ્ધિને મુખ્ય માને અને પોતાના પ્રયત્નને ગૌણ માને, તો ગુરુની બુદ્ધિ માર્ગાનુસારિણી અને મારા પોતાના પ્રયત્નથી જ શિષ્ય ભણી શક્યો એમ માને તો તે બુદ્ધિ ઉન્માર્ગગામિની ગણાય! કારણ તેમાં અહંકાર છે.

સુમન! એ જ રીતે સમજ કે–ભણવા–ભણાવવાનો પ્રયત્ન કરવા છતાં શિષ્ય ન ભણી શક્યો તો તે એમ માને કે–'ગુરુએ તો મારા માટે ઘણો પ્રયત્ન કર્યો, પણ હું મંદબુદ્ધિ હોવાથી ન ભણી શક્યો,' તો તે બુદ્ધિ માર્ગાનુસારિણી ગણાય. પણ પોતાની બુદ્ધિમંદતાને ગૌણ કરીને ગુરુએ ભણાવવામાં લક્ષ્ય ન આપ્યું, વગેરે માને તો તે બુદ્ધિ ઉન્માર્ગગામિની ગણાય. ગુરુ પણ માને કે–'શિષ્ય જડ હોવાથી ન ભણ્યો, મેં તો શક્ય પ્રયત્નો કર્યો,' તો તે પણ ઉન્માર્ગગામિની બુદ્ધિ જાણવી; અને એમ માને કે–'મારી ભણાવવાની કળાની ખામી હોવાથી શિષ્ય ન ભણી શક્યો, કળાવંત ગુરુઓ તો પત્થરને પણ પલ્લવિત કરી શકે છે, મારામાં એ શક્તિ નથી, માટે તે ન ભણી શક્યો, તો તે બુદ્ધિ માર્ગાનુસારિણી સમજવી.

એ રીતે સુમન! માની લે કે–એક માણસે કંઈ કુપથ્ય કર્યું અને બિમાર થયો, ત્યારે જો તે પોતાની ભૂલને બદલે કુપથ્ય–આહારના દોષને મુખ્ય માને તો તેની બુદ્ધિ પણ ઉન્માર્ગગામિની ગણાય અને 'મારી લોલુપતા કે અજ્ઞાનના કારણે હું માંદો પડ્યો' એમ માને તો તે બુદ્ધિ માર્ગાનુસારિણી ગણાય.

સુમન! સામાન્યતય કોઈ પણ શુભ–અશુભ કાર્યમાં પોતે અને બીજાં પણ નિમિત્તો હોય છે. તેમાં આત્મહિતના

શુભ કાર્યમાં યશ બીજાને આપવો અને અશુભ કાર્યમાં દોષ પોતાનો માનવો, એ ન્યાય છે. તેથી વિપરીત શુભ કાર્ય કરીને તેનો યશ પોતે ખાટવો, અહંકાર કરવો, તે અન્યાય છે. એક સદ્યુક્તિ છે, બીજી અસદ્ યુક્તિ છે. એક બુદ્ધિ અહંકાર પ્રભાવિત છે, બીજી નમસ્કાર ભાવિત છે. એક શુદ્ધ ભાવ છે, બીજો અશુદ્ધ ભાવ છે. એક ધર્મ છે, બીજી અધર્મ છે. એક જિનાજ્ઞારૂપ છે, બીજી મોહની આજ્ઞારૂપ છે.

સુમન ! અનાદિકાલિન અહંકારપ્રેરિત બુદ્ધિને વશ પડેલો જીવ વિવિધ પ્રકારે અન્યાય કરતો આવ્યો છે, તેથી જ કર્મનો બંધ ચાલુ રહ્યો છે. તેને હવે તોડવો હોય તો એક જ ઉપાય છે ન્યાય ! ન્યાયનો આશ્રય સ્વીકાર્યા વિના જીવ કદાપિ સુખી થાય તે બન્યું નથી અને બનવાનું નથી. માટે સર્વ પ્રવૃત્તિમાં ન્યાયનો આશ્રય અનિવાર્ય છે. એ કારણે જ આ ગુણને પ્રથમ નંબરે જણાવ્યો છે.

સુમન ! કાર્યભેદે અને કર્તાભેદે ન્યાયનાં વિવિધ રૂપો થાય છે. તેમાં પ્રથમ સંપત્તિ મેળવવારૂપ કાર્યમાં અન્યાયને તજીને ન્યાયનો આશ્રય લેવાનું આ ગુણમાં વિધાન છે, તેનું કારણ એ છે કે-ગૃહસ્થજીવનમાં સ્વશરીર, કુટુંબપરિવાર, સ્વજનો અને સંબંધીઓ, વગેરેના પાલન, પોષણ અને રક્ષણ કે સુખ માટે ધન જરૂરી છે. તે અન્યાયથી મેળવેલું હોય તો દુ:ખી કરે છે, ન્યાયથી મેળવેલું જ સુખકર બને છે.

સુમન ! અન્યાયથી બીજાને દુ:ખી કરી મેળવેલા ધનથી શું આપણે સુખી થઈ શકીએ ? સુખ તો બીજાને સુખી કરીને મેળવી શકાય છે અને એ માટે ન્યાયની જરૂર છે.

સુમન ! માનવદેહ સર્વ યંત્રોનું એક જ યંત્ર છે. અન્ય કોઈ શરીરથી ન બને તેવાં અલૌકિક (ધર્મ) કાર્યો કરવાની શક્તિ માનવદેહમાં છે. તેથી જ "शरीरमाद्यं खलु धर्मसाधनं" કહીને શરીરને ધર્મનું મુખ્ય સાધન કહ્યું છે. તે શરીરથી ન્યાયનું સેવન કર્યા વિના અન્ય કાર્યોમાં ન્યાયની આશા કરવી તે કદાપિ શકય નથી.

સુમન ! તને લાગશે કે-શરીર જડ છે અને સદાય આત્માને મોહમૂઢ કરી ઉન્માર્ગે ઘસડી જનારું છે. તેનાથી ન્યાયનું સેવન કેમ થઈ શકે ? એનું સમાધાન એ છે કે-જેમ ચોરીનો વ્યસની પણ ભિલ્લ શ્રીમંતને ત્યાં ચોકીદાર બની તેનું રક્ષણ કરી શકે છે, સેવા કરી શકે છે અને તેનાં કાર્યો પણ કરે છે; તેમ આત્માનું પ્રતિપક્ષી જડ પણ શરીર મન અને ઇન્દ્રિઓને વશ કરનારા આત્માના પક્ષમાં રહી તેનાં સર્વ કાર્યો અને રક્ષણ કરી શકે છે. એ કારણે જ મન અને ઇન્દ્રિયોના પ્રશસ્ત-અપ્રશસ્ત એમ ભેદો શાસ્ત્રમાં કહ્યા છે. આત્માનો પક્ષ કરે તે પ્રશસ્ત અને વિરોધ (મોહનો પક્ષ) કરે તે અપ્રશસ્ત કહેવાય છે.

સુમન ! ન્યાયસંપન્ન વૈભવનું એ સુંદર ફળ છે કે-તેનાથી પોષેલી ઇન્દ્રિઓ અને મન આત્માનો પક્ષ કરી (જિનાજ્ઞાને વશ રહી) તેનાં કાર્યો કરી આપે છે. આ તત્ત્વને સમજવા માટે સૂક્ષ્મ બુદ્ધિનો આશ્રય લેવો પડે છે, તે તને હવે પછી સમજાવીશ ! આજે તો જે વાતો આપણે કરી છે તેનું તું ચિંતન-મનન કરજે, કે જેથી આગળનું તત્ત્વ સમજવું સરળ બને ! આજે તો આટલું બસ છે.

卐

# [૬]

સુમન ! માનવનું શરીર સર્વ યંત્રોનું એક અલૌકિક યંત્ર છે. જીવન માટે જરૂરી લૌકિક-લોકોત્તર સર્વ કાર્યો કરવાની તેમાં શક્તિ છે, આવડત છે. બીજા કોઈ શરીરથી અશક્ય એવાં ધર્મનાં કાર્યો કરવાની તેની શક્તિને કારણે જ્ઞાનીઓએ તેને ધર્મનું મુખ્ય સાધન માન્યું છે.

સુમન ! આ શરીરનું સંચાલક મન છે. મનની પ્રેરણાને આધીન બનેલી ઈન્દ્રિઓ તે તે પ્રવૃત્તિ કરે છે તેથી મનને વશ કરવું જરૂરી છે. મનને વશ કરવું એટલે ન્યાયના પક્ષકાર બનાવવું.

સુમન ! મનને ન્યાયના પક્ષમાં જોડવા માટે ન્યાયસંપન્ન વૈભવની કેટલી અને કેવી જરૂર છે તે આપણે વિચારીએ.

સુમન ! પ્રત્યેક સંસારી જીવને ત્રણ કુટુંબ હોય છે. એક બાહ્ય અને બે આંતર. તેમાં પ્રત્યક્ષ દેખાતું ભવધારણીય શરીર અને તે શરીર સાથે સંબંધ ધરાવતાં ધન-દોલત, માતા-પિતા, પતિ-પત્ની, ભાઈ-બ્હેન અને સઘળા સ્વજન-સંબંધીઓ વગેરે જીવનું બાહ્ય કુટુંબ છે. તેનો સંબંધ જીવને એક જ ભવ પૂરતો હોય છે, કારણ કે-પ્રત્યેક ભવમાં તે બદલાય છે.

સુમન ! તત્ત્વથી જીવનું હિત-અહિત કરવામાં આ કુટુંબ ગૌણ છે, કારણ કે-પ્રત્યેક પ્રસંગમાં તે મનને આધીન રહે

છે અને મન એ આંતરકુટુંબોમાંથી કોઈ એકને આધીન રહે છે. છતાં સુમન! મૂઢ પુરુષો આ બાહ્ય કુટુંબને પોતાનું સર્વસ્વ માનીને ભૂલે છે.

સુમન! એ ઉપરાંત બે આંતરકુટુંબો પૈકી ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, જ્ઞાન-દર્શન-ચારિત્ર, વિનય, દયા, વગેરે પરિવારવાળું એક આંતરકુટુંબ જીવનું હિતસ્વી છે. તે અનાદિ છે, અક્ષય છે, આત્માનાં સર્વ હિતકર કાર્યો કરવાનો તેનો સ્વભાવ છે અને તે પ્રગટ-અપ્રગટરૂપે નિત્ય આત્માની સાથે રહે છે. તેને જ્ઞાનીઓ ધર્મકુટુંબ કહે છે.

સુમન! આ કુટુંબનો પ્રાણ ન્યાય છે. ન્યાયના પાલનથી તેનું પોષણ થાય છે અને પુષ્ટ થતાં તે પ્રગટ થઈ આત્માનું હિત સાધે છે.

સુમન! બીજું આંતરકુટુંબ ક્રોધ, માન, માયા, લોભ, મોહ, મદ, ઇર્ષ્યા, હિંસા, ભય વગેરે પરિવારવાળું છે. તે જીવનું અહિતકર છે. અનાદિકાળથી જીવનું સહચર છતાં અસ્વાભાવિક હોવાથી કેટલાક ભવ્ય જીવો તેના સંબંધને તોડી શકે છે. જ્ઞાનીઓ તેને પાપકુટુંબ કહે છે.

સુમન! આ પાપકુટુંબનો પ્રાણ અન્યાય છે. અન્યાયવૃત્તિથી તે પોષાય છે અને પુષ્ટ બનેલું તે આત્માનું અહિત કરે છે.

સુમન! બાહ્ય કુટુંબનું સંચાલક મન જે આંતરકુટુંબના પક્ષમાં જોડાય છે, તેની સાથે બાહ્યકુટુંબ પણ જોડાય છે અને ન્યાય-અન્યાયદ્વારા તે તે કુટુંબને જીવંત બનાવવાનું કાર્ય તે કરે છે.

સુમન! પાપકુટુંબના સંબંધથી છૂટવા માટે ધર્મ-કુટુંબને પુષ્ટ (જીવંત) કરવું જ પડે. ન્યાયના પાલનથી જ તે પુષ્ટ થાય, કારણ કે—ન્યાય તેનો પ્રાણ છે.

સુમન! ન્યાય—અન્યાયનો આધારસ્તંભ મન છે, તેથી ન્યાયનું પાલન કરવા મનને અન્યાયથી રોકવું જ જોઈએ. સર્વ ધર્મશાસ્ત્રકારોએ મનને વશ કરવાનું, અન્યાયના પક્ષમાં જતાં રોકવાનું વિધાન કર્યું છે તેનું કારણ તને હવે સમજાશે.

સુમન! મનને અન્યાયથી રોકવામાં આવે તો સર્વ પાપો રોકાઈ જાય છે અને જે પુરુષ મનને અન્યાયથી રોકતો નથી તેનાં સર્વ પાપો વધી જાય છે, એમ જ્ઞાનીભગવંતો કહે છે.

સુમન! ન્યાયસંપન્ન વૈભવ મનને વશ કરવામાં કયી રીતે સફળ થાય છે, તે સમજવા માટે જડદ્રવ્યો ઉપર મનોવૃત્તિની કેવી અસર થાય છે તે જાણવું જરૂરી છે.

સુમન! મનોવૃત્તિની અસર અચિંત્ય થાય છે. શબ્દ-વર્ગણાનાં પુદ્ગલો જડ છે. બોલનારના મનોગત ભાવથી તે વાસિત થઈ શ્રોતામાં તેવો તેવો ભાવ પ્રગટ કરે છે. એક માણસ સદ્ભાવથી બોલે છે, ત્યારે તેના સદ્ભાવથી વાસિત થયેલા શબ્દો કઠોર હોય તો પણ શ્રોતામાં સદ્ભાવ પ્રગટ કરે છે. તે જ માણસ જયારે અસદ્ભાવથી બોલે છે, ત્યારે તેના અસદ્ભાવથી વાસિત થયેલા કોમળ પણ શબ્દો શ્રોતાને બાણપ્રહાર જેવી વ્યથા કરે છે. આહારાદિનાં પુદ્ગલો જડ છે, છતાં સદ્ભાવથી પીરસાએલો સૂકો રોટલો પણ મીઠો બને છે, અસદ્ભાવથી પીરસાએલાં સુંદર પકવાન્ન પણ બેસ્વાદ લાગે છે. આવા અનુભવો પ્રાયઃ સર્વને થાય છે. ઉદાહરણથી

આપેલો ઓટલો પણ આરામ આપે છે અને તિરસ્કારવૃત્તિથી વાસિત બનેલી કુસુમશૈયા પણ બેચેન બનાવે છે.

સુમન ! એ કારણે બુદ્ધિમાન પુરુષો વસ્તુની કિંમત આપનારની મનોવૃત્તિને ( ભાવને ) અનુસરીને આંકે છે. વ્યાપારીઓ વેચવા-લેવાની વસ્તુના મૂલ્યને 'ભાવ' કહે છે તેનું કારણ પણ આ જ છે.

સુમન ! 'પુદ્ગલદ્રવ્ય ભાવનું વાહક છે'-એ હવે તને સમજાયું હશે. પરસ્પરના શુભાશુભ ભાવની લેવડ-દેવડ પ્રાયઃ તે તે ભાવથી વાસિત કરેલાં પુદ્ગલદ્રવ્યો દ્વારા થાય છે.

સુમન ! આ પણ એકાન્ત નથી, કોઈ ઉત્તમ પુરુષને કુવાસનાવાસિત પુદ્ગલો પણ દુર્ભાવ પેદા કરવામાં નિષ્ફળ નીવડે છે અને કોઇ નિકૃષ્ટ પુરુષને સદ્ભાવવાસિત પુદ્ગલો પણ દુર્ભાવ પ્રગટ કરે છે, પણ તેમાં તે તે જીવની ઉત્તમતા-અધમતા કારણભૂત હોય છે. વસ્તુસ્વભાવ તો સ્વાનુરૂપ અસર પ્રગટાવવાનો છે.

એ રીતે સુમન ! ન્યાયવૃત્તિથી મેળવેલો વૈભવ ન્યાયવાસિત બને છે અને અન્યાયવાસિત મેળવેલો વૈભવ અન્યાયવાસિત બને છે. બીજી વાત એ પણ છે કે-વૈભવ મેળવવા ન્યાયનો વિચાર માત્ર કરવાથી પણ પહેલાં કહ્યું તે ધર્મકુટુંબ સ્વસ્થ બને છે અને અન્યાયનો વિચાર કરવાથી પાપકુટુંબ પુષ્ટ બને છે. ધન મળે કે ન મળે પણ ન્યાય કે અન્યાયના પક્ષથી તે તે આંતરકુટુંબોને તો પોષણ મળે જ છે.

સુમન ! પરિણામ એ આવે છે કે-અન્યાયથી મેળવેલ વૈભવ અન્યાયવાસિત થાય છે. આંતર પાપકુટુંબ પોષાય

અને તે વૈભવથી મળેલા ભોગો અન્યાયવાસિત હોવાથી ભોગવનારનું મન અને શરીર અન્યાયવાસિત બની પુનઃ પુનઃ અન્યાયનો પક્ષ કરી પાપકુટુંબને પોષે છે. જ્યારે ન્યાયથી મેળવેલો વૈભવ ન્યાયવાસિત બને છે, આંતર ધર્મકુટુંબ પોષાય છે અને ન્યયાવાસિત હોવાથી ભોગવનારનું મન અને શરીર ન્યાયવાસિત બનવાથી પુનઃ પુનઃ ન્યાયનું સેવન કરી ધર્મકુટુંબને પોષે છે.

એ રીતે સુમન! ન્યાયસમ્પન્ન વૈભવ મનને ન્યાયમાર્ગે જોડવામાં સહાય કરે છે અને ન્યાયના માર્ગે ચઢેલું મન સર્વ કાર્યોમાં બાહ્ય શરીર વગેરેને ધર્મકુટુંબના પક્ષકાર બનાવી સર્વ શુભ પ્રવૃત્તિઓનું સાધક બને છે.

આ કારણે સુમન! સર્વ ધર્મશાસ્ત્રકારોએ મનને વશ કરવાનું વિધાન કર્યું છે અને તેના વિવિધ ઉપાયો જણાવ્યા છે. તે સર્વ ઉપાયોનો મૂળભૂત ઉપાય 'ન્યાયસમ્પન્ન વૈભવ' છે. એના અભાવે બીજા ઉપાયો પ્રાયઃ નિષ્ફળ નીવડે છે.

સુમન! સર્વ પાપવ્યાપારોનો ત્યાગ કરી કેવળ પાપ-કુટુંબનો સંબંધ તોડવા માટે જીવનને જિનાજ્ઞાથી બદ્ધ કરનાર પૂ. સાધુ-સાધ્વીવર્ગને પણ બેંતાલીશ દોષરહિત નિર્દોષ (ન્યાયસમ્પન્ન) આહારાદિ મેળવવાનું વિધાન છે. તેઓ પણ અન્યાયસમ્પન્ન (દોષિત) આહારાદિનો ઉપ-ભોગ કરે તો મનનો વિજય કરી શકતાં નથી, તો વિવિધ પાપપ્રવૃત્તિઓમાં ગૂંથાએલો ગૃહસ્થ ન્યાયસંપન્ન વિના મનનો વિજય કયી રીતે કરી શકે? અને મનનો વિજય કર્યા વિના પાપકુટુંબના પોષક મનથી કર્મનાં બંધનો કયી રીતે તોડી

શકે ? એ કારણે સુમન ! આજીવિકા મેળવવામાં ન્યાયનું પાલન અનિવાર્ય છે.

સુમન ! આપણે ધર્મ–અધર્મ એવા શબ્દોને જાણીએ છીએ, પણ તેના આંતર સ્વરૂપથી અજ્ઞાત છીએ. તેથી આપણે ધર્મનાં કાર્યો કરીએ છીએ પણ ન્યાયનો પક્ષ કરતા નથી. અધર્મનાં કાર્યોથી ડરીએ છીએ પણ અન્યાયના પક્ષથી ડરતા નથી.

સુમન ! ધર્મકુટુંબના પ્રાણભૂત ન્યાયની રક્ષા એ જ ધર્મની રક્ષા અને પાપકુટુંબના પ્રાણભૂત અન્યાયનો ત્યાગ એ જ પાપનો ત્યાગ, આ તત્ત્વને આપણે સ્વીકારવું પડશે.

સુમન ! દીક્ષા લીધા વિના મુક્તિ થઈ શકે છે. ન્યાયના પાલન વિના કોઈની મુક્તિ થઈ નથી અને થવાની પણ નથી. મેં કહ્યું હતું કે–તત્ત્વદૃષ્ટિએ ન્યાય એ જ મુક્તિનો માર્ગ છે, એ જ યોગબળ છે, એ જ ચારિત્ર, એ જ આત્મા અને એ જ મુક્તિ છે. એ તત્ત્વને તું જેમ જેમ સમજીશ, તેમ તેમ તને ન્યાય પ્રત્યે સન્માન જાગશે, અન્યાય પ્રત્યે તિરસ્કાર પ્રગટશે. જીવને અનાદિકાળથી સંસારમાં રખડાવનાર, પુણ્યપ્રાપ્ત વિવિધ સુખસામગ્રીને બરબાદ કરનાર અને એ રીતે વિવિધ દુઃખોની પરંપરા સર્જીને જીવને પીડનાર એક અન્યાય આત્માનો અનાદિ વૈરી છે. એ સત્યને સમજવા માટે કર્મો, તેનો બંધ, બંધનાં કારણો, તેના વિપાકો, વગેરે ઘણું ઘણું જાણવા જેવું છે. તે હવે પછી—

卐

## [૭]

સુમન ! ન્યાયસમ્પન્ન વૈભવ આત્મધર્મનો પાયો છે, એ આજ પૂર્વે કરેલી વિચારણાથી તને સમજાયું હશે. આત્માનો કટ્ટર શત્રુ અહંભાવ છે. તેના વશીકરણથી જીવ સ્વાર્થી બન્યો છે. તે જડ, અનિત્ય, પરવસ્તુઓમાં મમતા કરે છે અને એ મમતા જીવને અન્યાયના પંથે ઘસડી જાય છે. માટે અન્યાયથી બચવું હશે તેણે તેના મૂળ કારણને નાબૂદ કરવું પડશે.

સુમન ! બાહ્ય શરીરના રક્ષણ–પોષણ માટે જડ પદાર્થોનો ઉપયોગ અનિવાર્ય છે. તેથી તેને મેળવવાનો નિષેધ ન કરી શકાય, પણ જીવને અન્યાયના પંથે દોરી જનારી તે પદાર્થો પ્રત્યેની મમતાને તજ્યા વિના ન્યાયનું પાલન શક્ય નથી અને ન્યાયના પાલન વિના તત્ત્વથી ધર્મ કે તજ્જન્ય સુખ કદિ પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

સુમન ! જગતમાં કંચન અને કામિની–એ બે એવાં મોહક તત્ત્વો છે કે–સામાન્ય મનુષ્ય તેના સંગને તજી શકે તેમ નથી અને તેનો સંગ સત્ત્વહીન–રાગી–દ્વેષી જીવોને ન્યાયથી ચલિત કર્યા વિના રહેતો નથી. પ્રથમ નજરે તો જીવનમાં ધનને અનિવાર્ય માનીને મનુષ્યનું મન ધન મેળવવા તરફ દોરાય છે, પણ પછી તેને મળેલું થોડું પણ ધન રાગ

પ્રગટાવી તેના મેળવનારને ગુલામથીય હલકો બનાવી દે છે, તેના થોડા પણ સત્ત્વનો નાશ કરીને દીન બનાવી દે છે અને દીન બનેલો માનવ પછી જીવનમાં ન્યાયને બદલે અન્યાય ભરી દે છે.

સુમન ! આ પરિસ્થિતિએ આપણને વાર વાર નીચે પટક્યા છે. કોઈ સુસંયોગને પામીને જીવ થોડું-ઘણું સત્કાર્ય કરે છે. તેનાથી પુણ્યબંધ થાય છે અને પુણ્યના ઉદયે તેને ધન વગેરેની પ્રાપ્તિ થાય છે. પરંતુ પ્રાપ્ત થએલું તે થોડું પણ ધન કે મળેલી બાહ્ય સુખ-સગવડો તેના જીવનમાં નમસ્કારભાવના અભાવે સ્વાર્થપરાયણતા પ્રગટ કરીને વિવિધ પ્રકારે અન્યાય કરાવે છે.

એ કારણે સુમન ! નમસ્કારભાવ પ્રગટાવવો અતિ આવશ્યક છે. જ્ઞાનીઓએ એથી જ સર્વ સાધનાઓના સાધ્ય તરીકે નમસ્કારભાવને જણાવ્યો છે. શ્રી પરમેષ્ઠિ નમસ્કાર એ મહામંત્ર હોય, સર્વપાપપ્રણાશક હોય કે સર્વ મંગલોમાં શ્રેષ્ઠ-પ્રથમ મંગલ હોય, તો તેનું કારણ તે તેના સાધકમાં નમસ્કારભાવને પ્રગટ કરે છે તે છે.

સુમન ! ઔષધને આપણે રોગનિવારણ માટે જરૂરી માનીને તેની માત્રામાં લઇએ છીએ અને લેતી વેળાએ પણ તેનાથી છૂટવાની વૃત્તિ અખંડ રાખીએ છીએ. એ નીતિ ધન મેળવવામાં પણ રાખવી જોઈએ. જીવનનિર્વાહ માટે ધનને અનિવાર્ય સમજીને તે જરૂર પૂરતું મેળવીએ અને મેળવતી વેળાએ પણ તેનાથી છૂટવાની વૃત્તિ રાખીએ તો અન્યાયથી બચી શકીએ.

પણ સુમન ! મમતાના કારણે આપણી જરૂરીઆતોને કલ્પવામાં પણ આપણે અન્યાય કરતા હોઈએ છીએ. અહં-ભાવને વશ થઈ, 'અમુક તો જોઈએ જ, અમુક વિના તો ન જ ચાલે'–એવી માન્યતા બાંધી આપણા પુણ્યથી પણ અધિક સુખ મેળવવા જ્યારે વલખાં મારીએ છીએ, ત્યારે બહુધા આપણે સ્વ-પરને અન્યાય કરતા હોઈએ છીએ. અને છતાં આપણી કલ્પેલી ખોટી જરૂરીઆતોના બ્હાના નીચે એને ન્યાય માનીને–કર્ત્તવ્ય સમજીને એ ચલાવ્યા કરીએ છીએ.

સુમન ! તત્ત્વથી તો માનવ પોતાનાં બાંધેલાં શુભ-અશુભ કર્મોને ભોગવી શકે, સુખ અને દુઃખમાં અહંકાર કે દીનતા વિના જીવી શકે, તેવું શરીર વગેરે તેને મળ્યું હોય છે. માનવનું શરીર પ્રાયઃ એવું હોય છે કે–તેને ઓછું કે વધારે, સાદું કે પૌષ્ટિક જે જેટલું આપીએ તેમાં તે ટેવાય છે અને નિર્વાહ કરી લે છે, પણ મોહમૂઢ મન તેમાં માનતું નથી. ગમતું મળવાથી અહંકાર અને ગમતું ન મળવાથી કે અણ-ગમતું મળવાથી દીનતા કરીને તે અન્યાયને માર્ગે જાય છે. આપણી એક માન્યતા છે કે–શરીરને અનુકૂળ આહારાદિ મળે તો આરોગ્ય સચવાય, પણ આ માન્યતા અધુરી છે. ઘણા ભાગે અહંકાર કે દીનતાના અર્થાત્ યથેચ્છ ભોગોને ભોગવવાના મનના વિકલ્પો રોગને પ્રગટાવવામાં વિશેષ ભાવને ભજવે છે. 'સંતોષી સદા સુખી'–એ લોકોક્તિમાં આ તત્ત્વ છૂપાએલું છે છતાં આપણે તેને સમજતા નથી. તેથી મનના વિકલ્પોને શાન્ત કરવાને બદલે ઉલટા તેવા પ્રસંગે વધારી મૂકીએ છીએ અને એમ કરીને અધિક અધિક આપત્તિને નોંતરીએ છીએ.

સુમન ! અનુકૂળતા-પ્રતિકૂળતા એ માત્ર માનસિક મોહ-જન્ય વિકલ્પો છે, તત્ત્વથી સત્ય નથી. આપણે જાણીએ છીએ કે-એક કાળે વિપુલ સુખસામગ્રી ભોગવનાર પણ પરિસ્થિતિ પલટાતાં પૂર્વની સ્થિતિને ભૂલીને નોકરી પણ પ્રસન્નતાથી કરી શકે છે. એક કાળે નોકરોના બળે જીવનાર નોકરી મળતાં પ્રસન્ન થઈ જાય છે. લેશ પણ ગરમી કે સંકડાશને ઘરમાં નહિ ચલાવી લેનાર પ્રસંગે સખ્ત ભીડમાં ઉજાગરો કરીને ઊભા ગગે કલાકો સુધી રેલ્વે વગેરેની મુસાફરીમાં અગવડો ભોગવી શકે છે. વિવિધ વાનગીઓથી પણ સંતોષ નહિ અનુભવનાર પરિસ્થિતિને વશ સૂકા રોટલાને પણ પ્રસન્નતાથી આરોગે છે. એક દિવસ પણ પ્રિય જનનો વિયોગ નહિ સહન કરનાર વર્ષો સુધી સ્વજનોથી દૂર દેશાવરમાં જીવન ગુજારી શકે છે. કોઈ તો જેના સ્નેહથી ઘેલો બને છે, તેનું મુખ પણ જોવા માગતો નથી. સુમન ! આવું આવું તો આપણે ઘણું જોઇએ છીએ અને અનુભવીએ પણ છીએ. એક કાળે અનુકૂળ હોય તે બીજા કાળે પ્રતિકૂળ બની જવાનાં દૃષ્ટાન્તો ઘણાં મળે છે. અણગમતું-ગમતું અને ગમતું-અણગમતું બની જાય છે. શું આ બધું માનસિક કલ્પના માત્ર નથી ? અને આ કલ્પનાઓને વશ થઈ ઘણુંખરું આપણે અન્યાયને માર્ગે જતા નથી ?

સુમન ! એ કારણે ન્યાયનું તાત્ત્વિક પાલન કરવા માટે આપણે વૈરાગ્યને પ્રગટાવવો પડશે. સ્વાર્થને ગૌણ કરી પરાર્થભાવને પ્રગટાવવો તે વૈરાગ્ય છે. સ્વાર્થને ગૌણ કરવા છતાં પરાર્થભાવને પ્રગટ નહિ કરીએ, ત્યાં સુધી અન્યાયનું સર્વથા ઉન્મૂલન નહિ થાય. લોકાચાર કે કુળાચારથી આપણે વ્યવ-

વ્યવહારમાં ન્યાયનું પાલન કરીશું તો પણ અન્ય જીવોના હિતની બુદ્ધિ નહિ પ્રગટે ત્યાં સુધી અન્યાય થવાનો. જે જે કાળે જે જે ક્ષેત્રમાં જે જે જીવમાં સ્વાર્થવૃત્તિ વધે છે અને પરાર્થવૃત્તિ ઘટે છે, તે તે કાળે તે તે ક્ષેત્રમાં તે તે જીવો એક યા બીજી રીતે અન્યાય કરતા હોય છે. એવું પણ જોવા મળે છે કે–વ્યવહારમાં ન્યાયને પાળનારો એક સગો બાપ પણ જીહ્વા વશ થઈ પોતાનાં પ્રિય સંતાનોથી ગુપ્ત રીતે સારી વસ્તુને ખાતો હોય છે, કોઈ પોતાનાં પૂજ્ય માતા–પિતાદિને રોતાં રાખીને યથેચ્છ મોજ કરતો હોય છે, વ્યવહારમાં ન્યાયને સાચવનારો પણ કોઈ નોકર–ચાકરોનાં નિઃસાસા લઈ પટારો ભરતો હોય છે, કોઈ છતી સંપત્તિએ રોતાં–કરગરતાં દીન–દુઃખીઆરાઓને તિરસ્કારતો હોય છે, કોઈ ભૂખ્યાં–તરસ્યાં પશુઓ પાસે બળાત્કારે કામ લેતો હોય છે, કોઈ અધિક કમાઈ કર-નારો ઓછું રળનારા પોતાના ભાઇઓ વગેરે પ્રત્યે અનાદર કે તિરસ્કાર કરતો પોતાનું આધિપત્ય જમાવતો હોય છે, તો કોઈ નિષ્પુણ્યક જેવો પોતે ન કમાવા છતાં હક્ક માની બીજાની કમાઇનો યથેચ્છ ભોગ કરતો હોય છે. સુમન ! એ સઘળો અન્યાય છે. પરાર્થવૃત્તિના અભાવે વ્યવહારમાં ન્યાયનું પાલન કરનારા પણ કેટલાય માનવોને અન્યાય આવાં વિવિધ રૂપોને ધારણ કરીને પોતાને વશ કરે છે.

સુમન ! લોભાદિના આભિમાનિક આનંદની ખાતર ન્યાય-પૂર્વક પણ ધન મેળવવું તે અન્યાય છે. કુળ તથા ધર્મને અનુ-રૂપ જીવી શકાય તેટલું ધન હોવા–મળવા છતાં અધિક જરૂરી-ઓતો કલ્પીને ધન મેળવવું તે પણ અન્યાય જ છે. ઘણી

વાર જરૂરીઆતોને નક્કી કરવામાં આપણે આપણા આત્માને છેતરતા હોઈએ છીએ. કેવળ લોભવૃત્તિ અને વિષયોના રાગને પોષવા માટે જરૂરીઆતોનું આરોપણ કરીએ છીએ. તત્ત્વથી ઘણી જરૂરીઆતો આપણે કલ્પી લીધેલી હોય છે. મન ઉપર સંયમ કરીએ તો સંખ્યાબંધ એવી વસ્તુઓને આપણે ભોગવતા હોઈએ છીએ, કે જેના વિના ચાલી શકે. વધારામાં મન અને શરીર નિરોગી રહી શકે.

સુમન ! બચપણથી આપણને એવું શિક્ષણ મળ્યું છે કે–'ધન વધારે તે ડાહ્યો.' એથી પણ આપણી બુદ્ધિમાં ન્યાયનું મહત્ત્વ ઘટયું છે. વાંદરો અને નીસરણી મળી. એક તો અનાદિકાળથી આપણો અન્યાયનો પક્ષ અને બીજી બાજુ પ્રેરકો પણ અન્યાયના પક્ષકાર, એટલે ન્યાયનું મહત્ત્વ આપણે વિસરી ગયા. અનંત જ્ઞાન અને અનંત ચારિત્રનો (સત્ત્વનો) ધારક આત્મા તુચ્છ નાશવંત ધનને મેળવવા પાછળ ઘેલો બની જાય એ કેટલું અજ્ઞાન ? જ્ઞાની અને સત્ત્વશાળી આત્માને આમ રંક જેવો માની તુચ્છ વસ્તુઓને આધીન બનાવી દેવો તે નાનો–સુનો અન્યાય નથી. આત્માના સત્ત્વને ન જાણવાથી આપણે ધન વગેરેનું મહત્ત્વ આંકયું અને અન્યાયને વશ થયા. તેનો પક્ષ કરીને 'આજે તો અન્યાય વિના જીવાય જ નહિ.'–એવું મિથ્યા બોલતા થયા. આપણી આ મિથ્યા વાતો સાંભળીને મનુષ્યની સત્ત્વ અને સત્ય પ્રત્યેની શ્રદ્ધા ખૂટતી ગઈ પને અન્યાયે સર્વની ઉપર પોતાનો કબજો જમાવ્યો. એક કાળે અન્યાય પ્રત્યે અતિ સૂગ ધરાવનાર આર્ય માનવી આજે અનાર્યની જેમ પ્રત્યેક પ્રવૃત્તિમાં અન્યાય કરીને

આનંદ માનવા લાગ્યો. ચોવીશેય કલાક ધન વગેરે મેળવવાની ધૂનમાં મનુષ્યે આર્ત્ત અને આવશ્યક એવા લોકાચાર, કુળાચાર અને સંયુક્ત કુટુમ્બના વ્યવહારોને અગવડરૂપ માની આચારના અનાદર સાથે વિભક્ત કુટુમ્બ તરીકે જીવવા માટે તે પ્રેરાયો. પરિણામે માતા-પિતાદિ ગુરુવર્ગની સેવા અને આશીર્વાદથી વંચિત રહ્યો અને એક વ્યાધિમાંથી અનેક વ્યાધિઓ પ્રગટે તેમ ધન અને ભોગની પરવશતાથી જીવન અન્યાયની ખાણરૂપ બની ગયું, માનવ માનવ મટીને દાનવ બનતો ગયો. એમ એક પરાર્થવૃત્તિના અભાવે અન્યાયે અગણિત અનર્થોને સર્જ્યા.

સુમન ! આ અન્યાયની ચૂડમાંથી છૂટવા માટે આપણે અહંભાવને તજવો પડશે. 'હું કરું છું, મેં કર્યું'' વગેરે અહંવૃત્તિ એ જ તત્ત્વથી અન્યાય છે. તે જ વિવિધ રૂપો સર્જીને માણસને પરવશ કરી દે છે. એક માણસ ધન કમાય છે, તેમાં તેના પુણ્યનો પ્રભાવ કારણભૂત છે. તેથી કમાએલું ધન વિશેષતયા પુણ્યકાર્યોમાં ખર્ચીને તેનું ઋણ ચૂકવવું જોઈએ. પુણ્યથી મળેલું ધન યથેચ્છ ભોગ-વિલાસમાં ખર્ચવાથી પુણ્યને અન્યાય થાય છે. પરિણામે પુણ્ય તેનો પક્ષ છોડે છે અને તેથી આ જન્મમાં કે અન્ય જન્મમાં તે નિષ્પુણ્યક બની ધન વિના દરિદ્ર કે ભિક્ષુક બની જાય છે. કોઈ પોતાના ધનનો પુણ્યકાર્યમાં વ્યય કરે છે, તો પણ અહંકાર કરીને જગતની માતાતુલ્ય ધર્મમહાસત્તાને અને તેને ઓળખાવનારા શ્રી અરિહંતદેવાદિને અન્યાય કરે છે. જે ધર્મમહાસત્તાના બળે પુણ્યકાર્યો કરીને ધન મેળવ્યું, તે જ ધનથી ધર્મમહાસત્તાના કટ્ટર વૈરી અહંકારને પોષવો, તેને કોણ અન્યાય નહિ કહે ? એમ સુમન !

અહંકાર એ સર્વોપરી અન્યાય છે અથવા સર્વ અન્યાયોનું મૂળ છે. તેનો ત્યાગ કર્યા વિના અન્યાય દૂર નહિ થાય અને ન્યાયનું પાલન પણ નહિ થાય.

પણ સુમન! ન્યાય–અન્યાયની આ વાતો સાંભળીને ગભરાવાનું કોઈ કારણ નથી. અહંકારને તજવો એ દુષ્કર–અતિ દુષ્કર છે. તથાપિ ન્યાયના પાલનથી ક્રમશઃ અહંકારનો સમૂલ નાશ કરીને જ આપણે આપણું કાર્ય પૂર્ણ કરવાનું છે. પ્રારંભમાં ભલે આપણે અહંકારને નાશ કરવા જેટલો ન્યાય ન પાળી શકીએ, પણ જ્ઞાનીઓએ કહેલા સ્વમીદ્રોહ, મિત્રદ્રોહ, કુળાચાર વિરુદ્ધ ધન મેળવવું, વગેરે અન્યાયના પ્રકારોનો ત્યાગ કરવારૂપ પ્રાથમિક ન્યાયનું પાલન કરતાં ધીમે ધીમે આગળ વધીએ, તો છેલ્લે સંપૂર્ણ ન્યાયનું પાલન કરીને–પરાર્થભાવને સાધીને આપણે અહંકારનો સર્વથા નાશ કરી શકીશું.

સુમન ! સર્વ અન્યાયોના મૂળભૂત અહંકારનો નાશ કરવા માટે ન્યાયના આધારસ્તંભ પરાર્થભાવની પ્રરૂપણા જ્ઞાનીઓએ કરી છે. તેને લક્ષ્ય બનાવી જો આપણે ન્યાયનું પાલન કરીએ, તો એક દિવસ અહંકારની સામે આપણો આખરી વિજય નિશ્ચિત છે. એથી જ જ્ઞાનીઓએ પ્રથમ ન્યાયસમ્પન્ન વૈભવગુણ દ્વારા આપણને આગળ વધવાનું ફરમાવ્યું છે.

સુમન ! આ ન્યાયસમ્પન્ન વૈભવગુણ આપણા ઉપર કેવા ઉપકારો કરે છે અને એનાથી ઉત્તરોત્તર આત્મશુદ્ધિ કયી રીતે થાય છે, તે પુનઃ આપણે મળીશું ત્યારે વિચારીશું. આજે તો મેં કહી તે વાતોનું પુનઃ પુનઃ ચિંતન કરજે, એટલે વિશેષ વાતો સમજવી સરળ થઈ પડશે.

卐

## [૮]

સુમન ! આજ પૂર્વે અનુપ્રેક્ષારૂપે ન્યાયસમ્પન્ન વૈભવ અંગે જે કંઈ વિચાર્યું એથી સારભૂત તને એટલું સમજાયું હશે કે-લૌકિક-લોકોત્તર કોઈ પણ પ્રવૃત્તિ જો ન્યાયવૃત્તિથી કરવામાં આવે, તો તે ધર્મને-આત્મધર્મને (આત્માના સ્વરૂપને) પ્રગટ કરી જીવને નિરુપાધિક સુખનો ભોક્તા બનાવી શકે છે. એથી વિપરીત સારી ગણાતી પ્રવૃત્તિ પણ જો અન્યાય વૃત્તિ-પૂર્વક કરવામાં આવે, તો તે અધર્મનું-મિથ્યાત્વનું (કામ-ક્રોધાદિ જડભાવોનું) પોષણ કરી જીવને ભવમાં ભટકાવે છે. આ કારણે જ જ્ઞાનીઓએ સુખનું મૂળ ન્યાય છે અને દુઃખનું મૂળ અન્યાય છે, એમ કહ્યું છે.

સુમન ! અન્યાયી પ્રવૃત્તિ કરતાંય અન્યાયવૃત્તિ ભયંકર છે. જ્યાં સુધી મનોવૃત્તિ અન્યાયનો પક્ષ કરશે, ત્યાં સુધી બાહ્ય પ્રવૃત્તિમાં ન્યાય નહિ સચવાય, સચવાશે તો પણ થોડા કાળ માટે અને તે પણ કોઈ કોઈ પ્રવૃત્તિમાં જ. સદૈવ સર્વ પ્રવૃત્તિઓમાં ન્યાયનું પાલન કરવા માટે તો મનોવૃત્તિમાં ન્યાયનો પક્ષ જગાડવો પડશે અને તે માટે અહંકાર, સ્વાર્થ અને તેમાંથી પ્રગટેલા કામ, ક્રોધ, મદ, મોહ વગેરે અંતરંગ

શત્રુઓને દૂર કરી તેના સ્થાને નમસ્કારભાવ, પરાર્થભાવ અને વૈરાગ્યમૂલક ક્ષમાદિ ધર્મોને પ્રગટાવવા પડશે.

સુમન ! જીવનમાં શ્વાસોચ્છવાસ કરતાંય ન્યાયવૃત્તિની આવશ્યકતા ઘણી મોટી છે, કારણ કે- એક શ્વાસોચ્છવાસમાં અસંખ્યાતા સમયો વ્યતીત થાય છે અને તે પ્રત્યેક સમયે જીવ મૂળ સાત કે આઠ કર્મો બાંધ્યા જ કરે છે. આ કર્મબંધ સમયે જો મન ન્યાયના પક્ષમાં હોય તો બંધાતાં તે દરેક કર્મો શુભ બંધાય અને અન્યાયના પક્ષમાં હોય તો તે દરેક કર્મો અશુભ બંધાય છે. એનું પરિણામ એ આવે કે-બાંધેલાં તે શુભ કર્મોના ઉદયથી જીવને સુખસામગ્રી મળે અને તેને ભોગવતાં સુખનો અનુભવ કરી શકાય. અશુભ કર્મો બાંધ્યા પછી તેના ઉદયે ન ગમે તો પણ દુઃખના નિમિત્તો આવે અને તે દુઃખનો અનુભવ કરાવે.

સુમન ! એમ શ્વાસોચ્છવાસ બંધ થવાથી એક જ વર્ત્ત-માન ભવનો નાશ થાય છે, જ્યારે અશુભ કર્મોના બંધ અને ઉદયની પરંપરાથી વર્ત્તમાન સાથે ભૂત-ભાવિ પણ અનેક જન્મો બરબાદ થાય છે. મહા મહેનતે લાંબા કાળે માનવભવ જેવી ઉચ્ચ કક્ષાને પામેલો જીવ પુનઃ ત્યાંથી નીચે ઉતરતો નારકી, તિર્યંચ અને છેક નિગોદ સુધી પણ પહોંચે છે.

સુમન ! અન્યાયવૃત્તિથી જીવ પાંચેય પ્રકારનું જ્ઞાનાવરણીય અને નવેય પ્રકારનું દર્શનાવરણીય કર્મ બાંધે છે. તેના ઉદયથી તે અજ્ઞાન, મૂર્ખ, જડ, આંધળો, બ્હેરો, બોબડો, મુંગો, લુલો, પાંગળો અને ટૂંટો થાય છે. તે તે ઇન્દ્રિયો મળતી નથી અને મળે તો પણ તેનાથી શબ્દાદિ તે તે વિષયોનું યથાર્થ જ્ઞાન થઈ

શકતું નથી. પરિણામે વિવિધ કષ્ટોને ભોગવતો તે જીવનને નિષ્ફળ પૂર્ણ કરે છે. અન્યાયવૃત્તિથી વેદનીયકર્મ અશાતારૂપે બંધાય છે. તેના ઉદયથી વિવિધ રોગાદિની પીડાઓ સહવી પડે છે. ઔષધોપચારો પણ અકિંચિત્કર બને છે અને ભારભૂત બનેલું જીવન દુ:ખપૂર્ણ પસાર કરવું પડે છે. આયુષ્ય પ્રાયઃ નરકગતિનું બંધાય છે, કે જે નરક વિવિધ યાતનાઓથી ભરેલી ઘણા લાંબા કાળની જેલ છે. ત્યાંના દુઃખોનું વર્ણન સાંભળતાં પણ હૃદય કંપે છે. કદાચ કોઈ ઉપરના ગુણસ્થાને વર્તતો હોવાથી નરકને બદલે તિર્યંચ, મનુષ્ય કે દેવગતિનું આયુષ્ય બાંધે, તો પણ તે ટૂંકું બંધાવાથી તે તે ભવ મળવા છતાં સુકૃત્ય થઇ શકતું નથી, અલ્પકાળમાં જ મરણને શરણ થવું પડે છે. મોહનીયની મિથ્યાત્વ, કષાયો અને નોકષાયો, એમ સર્વ પ્રકૃતિઓનો બંધ થાય છે. તેનો ઉદય થતાં અન્ય શુભ કર્મના ઉદયનો પણ દુરુપયોગ કરાવી તે આત્માને વિવિધ પાપવૃત્તિઓમાં ફસાવે છે, જીવની બુદ્ધિમાં વિપર્યાસ કરે છે અને તે વિપર્યાસને વશ તેને વિષયોનો દાસ બનાવી કષાયોનું બળ વધારી મૂકે છે. તેથી તે ઉપકારીઓનો પણ દ્રોહ કરે છે, જડ પ્રત્યે રાગ અને જીવ પ્રત્યે દ્વેષ કરી વેર વધારે છે. ઉપરાંત દેવ, ગુરુ અને ધર્મનો એવો વિરોધ અને વિયોગ કરાવે છે કે–અનંતકાળ પછી પણ તેઓનો યોગ થતો નથી. યોગ થાય ત્યારે પણ તે ગમતા નથી અને એ રીતે જીવનું સર્વદેશીય પતન થાય છે. નામકર્મની સર્વ અશુભ પ્રકૃતિઓનો બંધ થાય છે અને તેના ઉદયથી જીવને નરક જેવી અશુભ ગતિ, વિકલેન્દ્રિય કે એકેન્દ્રિય જેવી હલકી જાતિ, બધી

રીતે ખરાબ-દુઃખદાયી શરીર, અને તેનાં કષ્ટો ઉપરાંત દુર્ભાગ્ય, દરિદ્રતા વગેરે અગણિત એવા દોષો પ્રગટે છે કે-તેનાથી વિવિધ યાતનાઓ ભોગવતો જીવ ત્રાહિ ત્રાહિ પોકારતો સંસારમાં રુલે છે. ગોત્રમાં નીચગોત્રનો બંધ થાય છે અને તેના ઉદયથી મનુષ્ય થાય તો ભીલ, કોળી, વાઘરી, ચમાર, ભંગી, હજામ, મોચી અને દરજી જેવા હલકા કુળમાં જન્મે છે. દેવ થાય તો પણ કિલ્બિષિક જેવો હલકટ દેવ થાય છે. તિર્યંચમાં પણ કુતરો, બિલાડો, ભૂંડ, ગધેડો, કાગડો, ઘૂવડ વગેરે જાતિમાં જન્મે છે અને સર્વત્ર તિરસ્કારનું પાત્ર બને છે. અથવા તો નારકીમાં નારક થઈ અકથ્ય દુઃખો ભોગવે છે. અંતરાયકર્મની પણ પાંચેય પ્રકૃતિઓનો બંધ થાય છે, એથી તેના ઉદયે નિર્ધન, કૃપણ અને તુચ્છ પ્રકૃતિવાળો બને છે. તેની ઈચ્છાઓ સદૈવ અધુરી રહે છે, મળેલી પણ સુખસામગ્રીને ભોગવી શકતો નથી અને નિર્વીર્ય તથા નિઃસત્ત્વ બની કોઈ શુભ પુરુષાર્થ કરી શકતો નથી. સર્વત્ર ભયભીત અને ચિંતાતુર રહે છે.

સુમન ! અન્યાયવૃત્તિનાં આ પરિણામ તને સમજાવવા પૂરતાં ટૂંકમાં કહ્યાં. તત્ત્વથી તો એક ક્ષણ પણ અન્યાયનો પક્ષ કરનાર જે જે અશુભ કર્મોને બાંધે છે અને તેના ઉદયે જે વિવિધ કષ્ટો ભોગવે છે, તેનું યથાર્થ વર્ણન કરી શકાય તેમ છે. જ નહિ. જ્ઞાનીઓએ શાસ્ત્રમાં કહેલું વિવિધ કર્મોનું અને તેના વિપાકનું વિસ્તૃત વર્ણન પણ એક સૂચન માત્ર છે. ટૂંકમાં એમ કહી શકાય કે-જગતના જીવો દૃશ્યમાન કે અદૃશ્ય જે જે દુઃખોને ભોગવે છે, તે સર્વ એક અન્યાયવૃત્તિનો પક્ષ કરવાનું પરિણામ છે.

એમ સુમન! અન્યાયવૃત્તિથી મેળવેલા ભોગો અન્યાયવૃત્તિનો પક્ષ કરાવી તેના ફળરૂપે જીવને ઉપર કહ્યાં તેવાં દુઃખદ પરિણામ સર્જે છે. ન્યાયવૃત્તિ અને ન્યાયસમ્પન્ન વૈભવની એ કારણે આવશ્યકતા છે કે—ન્યાયવૃત્તિ એ તત્ત્વથી આત્મીયવૃત્તિ છે, સ્વભાવરમણતા છે. તેથી તેનો પક્ષ કરનારને બંધાતાં સર્વ કર્મો શુભ બંધાય છે, પૂર્વે બાંધેલાં પાપકર્મો પૈકી જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મો તૂટે છે (ક્ષયક્ષયોપશમાદિ ભાવને પામે છે) અને અશાતાવેદનીયાદિ અઘાતીકર્મો પણ શાતાવેદનીયાદિ રૂપે પલટાઈને દુઃખદને બદલે સુખદ બને છે. ટૂંકમાં એમ કહી શકાય કે—ત્રણેય કાળમાં ત્રણેય લોકમાં જગતના જીવો દૃશ્યમાન કે અદૃશ્ય જે કોઈ સુખ ભોગવે છે, તે સર્વ એક ન્યાયવૃત્તિનું જ ફળ છે. ન્યાયવૃત્તિથી મળેલો ન્યાયસમ્પન્ન વૈભવ અન્યાયવૃત્તિનો નાશ કરી મનશુદ્ધિ દ્વારા આત્માને પણ પવિત્ર બનાવે છે, કર્મોથી મુક્ત કરે છે.

સુમન! જ્ઞાનીઓએ ધન–સમ્પત્તિની દાન, ભોગ અને નાશ–એ ત્રણ ગતિ કહી છે, પણ તેમાં દાન એક જ તેની સદ્ગતિ છે. આ દાનમાં ન્યાયોપાર્જિત વૈભવનું મહત્ત્વ છે. અન્યાયોપાર્જિત દ્રવ્યના દાનની કિંમત નહિવત્ છે. અલ્પ માત્ર દાનનાં પણ વિશિષ્ટ અને અગણિત ફળો મળ્યાનાં વિવિધ દૃષ્ટાન્તો શાસ્ત્રમાં કહેલાં છે. તે પ્રાયઃ ન્યાયસમ્પન્ન વૈભવના દાનનાં અથવા દાનવૃત્તિનાં (ન્યાયવૃત્તિનાં) છે.

સુમન! ન્યાયસમ્પન્ન વૈભવની એક વિશિષ્ટતા એ છે. કે—તે તેના માલિકને લેશ પણ ચિંતાનું કારણ બનતું નથી. તે સ્વયં પોતાનું રક્ષણ કરે છે. તેને કોઈ ચોરી શકતું નથી.

ચોરનાર પોતે ચોરાય છે. અગ્નિ કે પાણીના ઉપદ્રવો પણ તેને નડતા નથી. રાજા તેનું હરણ કરી શકતો નથી. કોઈ અજ્ઞાનથી તેનું હરણ કરે છે તો પણ તેની બુદ્ધિ શુદ્ધ થાય છે અને તે પાછું આપવા પ્રેરાય છે. 'સાચા શેઠની પાંચશેરી'–એ કહેવત તેના દૃષ્ટાન્તરૂપે સર્વત્ર પ્રચાર પામેલી છે. ઉપરાન્ત તે તેના માલિકની પણ રક્ષા કરે છે. તેની બુદ્ધિમાં ઔદાર્ય, સંતોષ, નીતિ, સદાચાર વગેરે વિવિધ ગુણોને પ્રગટ કરી જન્મ સુધારે છે અને સદ્ગતિ પ્રાપ્ત કરાવે છે.

એથી વિપરીત અન્યાયનું દ્રવ્ય મેળવતાં અને મેળવ્યા પછી પણ ચિંતાનું કારણ બને છે, પોતાનો અને પોતાના માલિકનો પણ નાશ કરે છે. વિવિધ ઉપાયોથી તેની રક્ષા કરવા છતાં કોઈ અગમ્ય રીતે તેના માલિકને નિર્ધન અને દરિદ્ર બનાવી તે ચાલ્યું જાય છે. તે ચાલ્યું ન જાય અને રહે, તો પણ રહે ત્યાં સુધી તેના માલિકની બુદ્ધિમાં લોભ, કૃપણતા, અનીતિ, અસદાચાર વગેરે સ્વ–પર હાનિકર અનેક દૂષણોને પ્રગટ કરી તેને જીવનભર દુઃખી કરે છે અને ભવાન્તરમાં દુર્ગતિ પમાડે છે. બીજાઓને પણ ચોરવાની, લૂંટવાની વગેરે પાપબુદ્ધિ પ્રગટ કરે છે.

સુમન ! પ્રજામાં જ્યારે અન્યાયવૃત્તિ વધી જાય છે, ત્યારે રાજ્ય અને રાજા પણ અન્યાયી બને છે. વિવિધ કરોના બ્હાને પ્રજાના ધનને તે લૂંટે છે અને પ્રજાની અધર્મથી રક્ષા કરવાનું સ્વકર્ત્તવ્ય ચૂકીને અધર્મ વધે તેવા કાયદાઓ કરી પ્રજાના કુળધર્મ અને આત્મધર્મને પણ લૂંટે છે. ન્યાયપ્રિય પ્રજાનો રાજા પણ ન્યાયી બને છે અને તેના રક્ષણ તળે પ્રજા પોતાના

ધન અને ધર્મનું રક્ષણ કરી લૌકિક-લોકોત્તર ઉભય પ્રકારના હિતને સાધી શકે છે. એથી સુમન! સુરાજ્યની પ્રાપ્તિ માટે પણ ન્યાયનું પાલન આવશ્યક છે. 'યથા રાજા તથા પ્રજા'-એ લોકોક્તિની જેમ 'યથા પ્રજા તથા રાજા'-એ પણ એક સત્ય છે. અન્યાયી પ્રજા અને ન્યાયી રાજાનો સુમેળ મળતો નથી.

એ રીતે સુમન! ન્યાયવૃત્તિ અને ન્યાયસમ્પન્ન વૈભવ જગતના પ્રાણ છે, સુખ માત્રનો આધાર છે અને ધર્મનું મૂળ છે. તેનું યથાર્થ સંપૂર્ણ વર્ણન કરવું અશક્ય છે.

સુમન! જીવમાં જેમ જેમ સત્ત્વ ખીલે છે, તેમ તેમ આ ન્યાયવૃત્તિ અને ન્યાયસમ્પન્ન વૈભવ સુલભ બને છે. સ્વગુણોને જીવનમાં મહત્ત્વ આપવાથી સત્ત્વ ખીલે છે અને ધન વગેરે જડ વસ્તુઓની આવશ્યકતા ઉપર ભાર આપવાથી રજોગુણ અને તમોગુણ પોષાય છે. પરિણામે સત્ત્વગુણ નાશ પામે છે અને જીવ જડ પદાર્થોનો દાસ બની અન્યાય કરતો થઈ જાય છે.

સંભળાય છે કે-એકદા રાજા વિક્રમ સામાન્ય નિદ્રામાં હતો, ત્યારે મધ્યરાત્રે એક સ્ત્રી તેના શયનગૃહમાં આવી અને વિક્રમને જગાડયો. વિક્રમે પૂછયું કે-કેમ! કોણ છો? કેમ આવ્યાં છો? સ્ત્રીએ કહ્યું કે-હું લક્ષ્મીદેવી છું. આપની પાસેથી જવા માટે અનુમતિ મેળવવા આવી છું. વિક્રમે કહ્યું કે-સુખેથી જ્યાં જવું હોય ત્યાં જાઓ! અને પછી લેશ પણ ચિંતા કર્યા વિના તે પુનઃ નિદ્રાધીન થઈ ગયો. દેવી આશ્ચર્ય પામી, બહાર નીકળી અને વિચાર કરતી ઊભી રહી. થોડી વારે બીજી સ્ત્રી આવી. તેણીએ વિક્રમને જગાડયો અને પોતે કીર્તિ છે, એમ કહી જવાની રજા માગી. લેશ પણ દુભાયા વિના વિક્રમે તેને

પણ જવાની રજા આપી અને પોતે નિદ્રાધીન થયો. કીર્તિની દશા પણ લક્ષ્મીના જેવી બની ગઈ. તે પણ મુંઝાણી, બહાર નીકળી અને વિચાર કરતી લક્ષ્મીની બાજુમાં ઊભી રહી. વળી થોડી વારે એક દિવ્ય વેષધારી પુરુષે વિક્રમના શયનગૃહમાં પ્રવેશ કર્યો. વિક્રમ જાગી ગયો અને સદ્ભાવપૂર્વક પૂછયું કે–કોણ સત્ત્વ ? અત્યારે કેમ આવવું થયું ? સત્ત્વે ઉત્તર વાળ્યો કે–હવે આપની પાસેથી જવું છે, અનુમતિ લેવા આવ્યો છું. વિક્રમે કહ્યું કે–ભલે જાઓ, પણ એમ ન જવાય, થોડી વાર ઊભા રહો. એમ કહીને ઓશિકા નીચેથી કટાર કાઢીને પોતાના પેટમાં મારવા તૈયારી કરી. સત્ત્વ વિનાના જીવનની શું કિંમત ?–એમ કહી જ્યાં મરવા માટે કટાર ઊગામી ત્યાં તુર્ત સત્ત્વે તેની બે ભુજાઓ પકડી લીધી, પગમાં પડી વિક્રમની ક્ષમા માગી અને નહિ જવાની કબૂલાત આપી. એથી વિક્રમ પ્રસન્ન થયો. ત્યારે લક્ષ્મી અને કીર્તિ બન્ને પુનઃ શયનગૃહમાં આવી નમી પડયાં. રાજન્ ! ક્ષમા કરો ! સત્ત્વને છોડીને અમે ક્યાંય જઈ શકીએ તેમ નથી, કારણ કે–સત્ત્વ જ્યાં રહે ત્યાં જ અમારો વાસ હોય છે. એમ કહીને રહેવાની આજ્ઞા માગી. વિક્રમે કહ્યું કે–તમારી ઈચ્છા !

સુમન ! કહેવાનું તાત્પર્ય એ છે કે–લક્ષ્મી અને કીર્તિને વશ પડેલા જીવો સત્ત્વને–પોતાના ગુણોને મહત્ત્વ આપી શકતા નથી, તેનો અનાદર કરે છે અને તે જાય છે ત્યારે લક્ષ્મી અને કીર્તિ રાખવા છતાં રહેતી નથી. પછી તેના મોહમાં ફસાયેલા જીવ તેને રાખવા વિવિધ અન્યાયો કરી થાકે છે, જીવન પાપથી ભરાઈ જાય છે. જ્યારે સત્ત્વશાળી આત્મા લક્ષ્મી

અને કીર્તિની દરકાર ઓછી કરે છે, સત્ત્વને તત્ત્વ માની તેની રક્ષા કરે છે, સત્ત્વને છોડતાં પહેલાં પ્રાણને છોડવા તૈયાર થાય છે અને તેથી સત્ત્વની સાથે રહેનાર લક્ષ્મી અને કીર્તિ તેની દાસીઓ બનીને રહે છે. પરિણામે સમગ્ર લોક પણ તેની સેવા કરવા માટે પ્રેરાય છે.

સુમન ! જીવ જ્યારે પોતાના જીવનથી–સત્ત્વથી રક્ષા કરશે તથા લક્ષ્મી અને કીર્તિની મહત્તાને ઓછી સમજશે, ત્યારે તેને મળશે તે ધન અને કીર્તિ પૂર્ણ-ન્યાયસમ્પન્ન હશે. તે તેના સર્વ સુખોનું કારણ બનશે, માટે સત્ત્વને મહત્ત્વ આપી તેની રક્ષા કરવી જોઇએ, લક્ષ્મી અને કીર્તિનો મોહ તજવો જોઇએ. ન્યાયસમ્પન્ન વૈભવની પ્રાપ્તિનો એ જ સાચો ઉપાય છે.

સુમન ! ટૂંકમાં કહું તો ન્યાય એ જ્ઞાન છે, દર્શન છે અને ચારિત્ર છે, એ વિનય છે, તપ છે, જિનપૂજા છે અને ધર્મનું સર્વસ્વ છે. સત્ત્વથી ન્યાયનું પાલન કરીને મેળવેલું ધન સર્વ સુખોને પ્રાપ્ત કરાવે છે, માટે તેને માર્ગાનુસારિતામાં પ્રથમ ગુણ તરીકે વર્ણવ્યો છે. આ વિષયમાં તું જેમ જેમ સૂક્ષ્મ બુદ્ધિથી મધ્યસ્થભાવે વિચારીશ, તેમ તેમ તને ઘણું તત્ત્વજ્ઞાન પ્રગટ થશે.

હવે પછી આપણે 'શિષ્ટાચારપ્રશંસા' નામના માર્ગાનુસારિતાના બીજા ગુણ અંગે અનુપ્રેક્ષા કરીશું.

卐

# [૯]

સુમન ! જીવ અનાદિકાળથી જે સુખ માટે પ્રયત્નો કરે છે, તેની પ્રાપ્તિના પ્રથમ ઉપાયરૂપ માર્ગાનુસારિતાનો બીજો પ્રકાર શિષ્ટાચારપ્રશંસા છે. આ ગુણ ન્યાયસમ્પન્ન વૈભવનો અલંકાર છે. તેને સમજવા માટે શિષ્ટ–આચાર–પ્રશંસા,–એ ત્રણેયને જુદા જુદા અને સમુદિત સમજવાની જરૂર છે.

સુમન ! આ ગુણમાં 'પ્રશંસા' વિધેય છે અને 'શિષ્ટાચાર' અનુવાદ્ય છે. એથી તત્ત્વથી પ્રશંસાને સમજવાની છે, તો પણ જેની પ્રશંસા કરવી હોય તેનું મહત્ત્વ સમજ્યા વિના તેની પ્રશંસા યથાર્થરૂપે થઈ શકતી નથી, માટે પ્રશંસા પૂર્વે આપણે આચારનું મહત્ત્વ વિચારીએ.

સંસ્કૃત ભાષાના નિયમ પ્રમાણે 'चर' ધાતુને 'यञ' પ્રત્યય તથા પૂર્વે 'आ' ઉપસર્ગ આવવાથી 'आ+चर=आचार' શબ્દ બને છે. તેમાં 'आ' નો અર્થ અભિવિધ અને મર્યાદા છે, તેથી મર્યાદામાં અને પૂર્ણ ચાલવું તેને આચાર કહેવાય છે. આપણી ભાષામાં 'ઈષ્ટપ્રાપ્તિ સુધી માર્ગે ચાલ્યા કરવું'–એ અર્થ થયો. અહીં ચાલવું એટલે 'વર્તન કરવું'–એમ સમજવું, કારણ કે–આચાર, આચરણ, વર્તન, ચારિત્ર વગેરે શબ્દોનો સમાન અર્થ થાય છે.

સુમન ! એ રીતે આચાર શબ્દમાં 'માર્ગે-સતત-ચાલવું' -એ ત્રણ અંશો છે, તેથી અખંડ-સતત વિધિપૂર્વક શુભ વર્તન કરવું તેને આચાર કહેવાય છે.

ધીમી ગતિએ પણ શક્તિ-સંયોગ પ્રમાણે જે પ્રતિદિન માર્ગે ચાલતો રહે, તે હજારો માઈલ દૂર રહેલા પણ ઇષ્ટસ્થાને પહોંચે છે, તેમ પ્રતિદિન યથાશક્ય શુભ વર્તન કરતો રહે, તે છેક મુક્તિ સુધી પહોંચી શકે છે.

ચાલનાર ભૂલો ન પડે અને કાંટા-કાંકરાથી બચી સુખપૂર્વક ઈષ્ટસ્થળે પહોંચે તે માટે લોકો માર્ગનો આશ્રય લે છે, તેમ ભવમાં ભટકયા વિના નિર્વિઘ્ને સુખપૂર્વક મોક્ષમાં પહોંચવા માટે આચારનું પાલન કરવું જોઇએ. આચારના આશ્રય વિના કદી મુક્તિ થતી નથી. જ્ઞાનીઓએ સંસારને અટવી કહી અને તેમાંથી પાર ઉતારનાર આચારને માર્ગ કહ્યો છે. અર્થાત્ આચાર એ મુક્તિપુરીનો માર્ગ છે.

સુમન ! આ આચારરૂપ મોક્ષનો માર્ગ એ જ જીવનું સર્વસ્વ છે. તેનું પાલન કરનારા, ઉપદેશદ્વારા દાન કરનારા, તેના પાલકને સહાય કરનારા જે કોઈ છે, તે જ આ જગતમાં સાચા ઉપકારી છે. આપણે શ્રી અરિહંતદેવ વગેરે પરમેષ્ઠિ ભગવંતોને કે તેઓની આજ્ઞાના પાલક બીજાઓને ઉપકારી માનીએ છીએ, તેનું કારણ તેઓ આ આચારનો ઉપદેશ, પાલન, દાન અને સહાય કરે છે તે છે.

સુમન ! આત્માનો શુદ્ધ સ્વભાવ તે તેનો ધર્મ છે અને તેને પ્રગટ કરવાનું સાધન આચાર છે, તેથી કાર્યનો કારણમાં

ઉપચાર કરીને આચારને પણ ધર્મ કહ્યો છે. શ્રી જિનેશ્વરદેવોએ જ્ઞાનાચારાદિ પાંચ આચારોનું અને બીજા લૌકિક આચારોનું પણ દાન જગતને કર્યું છે. તેમાં જ્ઞાનાચાર વગેરે પાંચને લોકોત્તર આચારો કહેવાય છે અને તે આચારોને આત્મસાત્ કરવાની શક્તિને પ્રગટ કરાવનારા દેશાચાર, કુળાચાર, લોકાચાર વગેરેને લૌકિક આચારો કહેવાય છે. પાલન કરનાર વ્યક્તિની અવસ્થાના ભેદે અને વિષયના ભેદે આચારના અનેક ભેદો કહ્યા છે, તો પણ તત્ત્વથી તે સઘળા આચારો મુક્તિના સાધનરૂપ હોવાથી એક જ ધર્મરૂપ છે, અર્થાત સઘળા સદાચારો તે ધર્મ છે. સુમન ! અહીં આપણે સદાચારને ધર્મ કહીશું અને એ આચારરૂપ ધર્મનો કેટલો ઉપકાર છે, વગેરે વિચારીશું.

સુમન ! આચારરૂપ ધર્મનો વિશ્વ ઉપર એટલો મોટો ઉપકાર છે કે-તેનું વર્ણન પૂર્ણતયા કરી શકાય તેમ નથી. છતાં ટૂંકમાં એમ કહી શકાય કે-એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જાતિમાં ઉત્પન્ન થતા જીવો તે તે જાતિમાં અને તે તે યોનિમાં જીવ્યા છે, જીવે છે કે જીવશે, તે સર્વ પ્રત્યે ધર્મનો મોટો ઉપકાર છે; કારણ કે-સર્વ જીવોને જીવનસામગ્રી આહાર-પાણી-વાયુ વગેરે ધર્મીઓના ધર્મના પ્રભાવે મળે છે અને તેથી આચારધર્મ સર્વ જીવોનો પ્રાણાધાર છે-પ્રાણ છે.

સુમન ! કોઈ જીવ આહાર-પાણી-વાયુ વગેરે વિના જીવી શકે નહિ, પ્રત્યેકને તેની જરૂર રહે. યોગ્ય આહારાદિ ન મળે કે પ્રતિકૂળ મળે તો જીવનનો અંત આવે. ધન, સ્ત્રી, કુટુંબ કે વસ્ત્ર-પાત્રાદિ વિના જીવી શકાય, પણ માફકસરના આહારાદિ વિના કોઇથી જીવી ન શકાય.

સુમન ! પૃથ્વી ઉપર પ્રત્યેક જીવને યોગ્ય આહાર ઉત્પન્ન થાય છે અને મળી રહે છે તથા લટકતી ખૂલ્લી તલવારની જેમ મસ્તક ઉપર ઝઝુમી રહેલાં મરણાન્ત સંકટો પણ નડતા નથી, તેમાં એક ધર્મ કારણ છે. જ્ઞાનીઓ કહે છે કે–વિવિધ સંકટોથી ભરેલા આ સંસારમાં જીવોનું રક્ષણ કરનાર જો કોઇ હોય, તો બંધુની જેમ સદા સાથે રહેનાર અતિ વત્સલ એક માત્ર ધર્મ છે.

સુમન ! આ ધર્મના પ્રભાવથી પૃથ્વીની સપાટીથી ઊંચું રહેલું પણ સમુદ્રનું પાણી રેલાઇને પૃથ્વીને ડૂબાવતું નથી અને તાપથી અતિ તપી જતી પૃથ્વીને વરસાદ આશ્વાસન આપી તૃપ્તિ કરે છે. અર્થાત્ ધર્મના પ્રભાવે જીવો પૃથ્વી ઉપર રહી શકે છે, જવું–આવવું કરી શકે છે અને જીવી શકે છે.

અગ્નિનો સ્વભાવ બાળવાનો છે. તે જો તિર્છું ગમન કરે તો સઘળું બાળી મૂકે, છતાં તેમ થતું નથી અને અગ્નિ ઉર્ધ્વદિશામાં ગમન કરે છે.

વાયુ સ્વેચ્છાચારી છે, તેને રોકવાનું કોઈમાં સામર્થ્ય નથી, તે જો ઊંચે ચાલ્યો જાય તો કોઈ શ્વાસોચ્છ્વાસ પણ લઈ શકે નહિ, છતાં તેમ બનતું નથી અને વાયુ તિર્છું ગમન કરે છે.

નીચે આધાર વિના અને ઉપર આલંબન વિના પણ જગતનો આધાર પૃથ્વી સ્થિર ટકી રહી છે અને પ્રાણીઓને આધાર આપી રહી છે.

જેના પરિભ્રમણથી અનાજ, ઔષધિઓ અને ઘાસ પાકે છે, આરોગ્ય સચવાય છે અને બીજા પણ વિવિધ લાભો

જીવોને મળે છે, તે સૂર્ય-ચંદ્ર ધર્મના પ્રભાવે નિયમિત ઉદય પામે છે અને સતત પરિભ્રમણ કરે છે.

સુમન ! જો ધર્મ ન હોય, તો તે તે સમુદ્ર અગ્નિ, વાયુ વગેરેની સહાય મળવાને બદલે ઉપદ્રવો થાય. એક એકમાં એટલી તાકાત છે કે-પૃથ્વીનો પ્રલય કરે, કોઈ બચી શકે નહિ. તેમ સૂર્ય-ચંદ્રનું પરિભ્રમણ જો ન હોય, તો આહારાદિ જીવન-સામગ્રી મળી શકે નહિ. ધર્મ અને ધર્મીઓનું અસ્તિત્વ અનાદિકાળથી છે અને તેના પ્રભાવે જીવોને તે તે જીવનસામગ્રી મળતી રહે છે, ઉપદ્રવોથી રક્ષણ થાય છે.

સુમન ! તને પ્રશ્ન થશે કે-અનેક ઉપદ્રવોથી ભરેલો સંસાર છે. જો ધર્મ સર્વના ઉપદ્રવો અટકાવતો હોય, તો અગ્નિ, જળ કે દુષ્કાળ વગેરેના ઉપદ્રવો કેમ હોઈ શકે ? તેનું સમાધાન એ છે કે-ધર્મ સદાય સર્વનું રક્ષણ કરતો હોય છે, પણ તેનો અનાદર કરીને જીવો પોતે પોતાના અજ્ઞાનથી-મૂઢતાથી ધર્મનો દ્રોહ કરીને સ્વયં દુઃખી થાય છે. એવા જીવોને પણ તે તે પ્રસંગે ધર્મ તો ઉપકાર કરતો જ હોય છે.

જીવ, અજ્ઞાન અને મોહથી ધર્મનો દ્રોહ કરે છે, તો પણ ધર્મ તેના પ્રત્યે ઉપકાર કરતો હોય છે. સુમન ! નવા નવા જન્મો અને નવા નવા કર્મોના ઉદય આખરે તેના જન્મોનો અને સર્વ કર્મનો નાશ કરવા માટે છે, એમ યોગી-જ્ઞાની-પુરુષો સમજે છે, તેથી તેઓ વિષમ કર્મોના ઉદયમાં અને મરણમાં પણ મુંઝાતા નથી-પ્રસન્ન રહે છે. સામાન્ય જીવો જ્ઞાન અને સત્ત્વરહિત હોય છે, એથી આપત્તિ-સમ્પત્તિ કે મરણ-જીવન સર્વ પ્રસંગોમાં ગભરાતા અને મુંઝાતા હોય છે.

સુમન ! આજે ભલે આપણે ન કરી શકીએ, પણ આખરે તો આપણે એ સત્ત્વ કેળવવાનું જ છે. આપણી જવાબદારી આપણે છોડીને કર્મના ઉદયને શરણે જવાનું જ છે. કર્મ બાંધવા માટે મનસ્વીપણે આપણે તેનો બદલો ભોગવવા માટે તૈયાર નથી રહી શકતાં એ આપણો ગુન્હો છે અને એ ગુન્હાની શિક્ષા ભોગવવા માટે આપણે નવા નવા જન્મો લેવા પડે છે. જ્યારે આપણે આપણાં બાંધેલાં કર્મોને સમતાપૂર્વક, ગભરાયા કે મુંઝાયા વિના, પ્રસન્નતાથી ભોગવી લઇશું, ત્યારે આપણું ભવભ્રમણ અટકશે.

સુમન ! જેમ હિતબુદ્ધિએ પણ શિક્ષા કરવી પડે છે, તેમ કર્મો પણ આપણને પીડે છે તેમાં એ તત્ત્વ સમાયેલું છે. જો એમ ન હોય, તો કર્મના ઉદયનો વિરોધ કરવારૂપ આર્ત્ત-રૌદ્રધ્યાનને તજવાનું અને શુભાશુભ કર્મોના ઉદયમાં સમાધિ કેળવવારૂપ ધર્મધ્યાનને સેવવાનું વિધાન જ્ઞાનીઓ ન કરે. આપણે જ્યારે સૂક્ષ્મબુદ્ધિ અને માધ્યસ્થ્યભાવ કેળવીને તત્ત્વની શોધ કરીશું, ત્યારે આ રહસ્ય સમજાશે અને ત્યારે જ પરખાશે કે–હું મારા અજ્ઞાન અને મોહથી ધર્મનો દ્રોહ કરી રહ્યો છું; છતાં ધર્મ મારી રક્ષા કર્યા જ કરે છે.

એમ સુમન ! ધર્મ એ તો ધર્મ જ રહે, કદી પણ આપણી રક્ષાને એ ન છોડે. આપણે ભલે તેનો વાર વાર દ્રોહ કરીને આપત્તિઓ ઊભી કરીએ. એ તો એનું કાર્ય કર્યા જ કરે છે અને કર્યા જ કરશે. આપણે માનવું જોઈએ કે–અનાદિકાળથી ધર્મ મારું રક્ષણ કરી રહ્યો છે અને મને જીવાડી

રહ્યો છે. મને ઊંચે લઈ જવાના-સુખી કરવાના પ્રયત્નો તે કરે જ છે.

સુમન ! એ રીતે ધર્મને નહિ પામેલા જીવોનું પણ રક્ષણ અન્ય જીવોના ધર્મથી થાય છે. શાસ્ત્રો કહે છે કે-એક પર્યાપ્તા-જીવની નિશ્રાએ બીજા અસંખ્યાતા અપર્યાપ્તા જીવો જીવે છે. લોકમાં પણ આપણે જોઇએ છીએ કે-એક પુણ્યવંતના પુણ્યના પ્રભાવે અનેક નિષ્પુણ્યક જીવો જીવતાં હોય છે. એક શ્રી જિનેશ્વરદેવની સિદ્ધ અહિંસાના પ્રભાવે જાતિવૈરવાળા જીવો પણ વૈર ભૂલી જાય છે. શ્રી જિનેશ્વરદેવના પુણ્યપ્રાબલ્યથી પ્રગટેલા અતિશયોથી સવાસો યોજન સુધી ઉપદ્રવો ટળે છે, રોગ-મારી-મરકી વગેરે થતાં નથી, વગેરે. એક આત્માના ધર્મથી અન્ય આત્માઓને થતા ઉપકારોનાં દૃષ્ટાન્તો છે. આ કારણે જ્ઞાનીભગવંતો કહે છે. કે-ધર્મ અનાથનો નાથ છે, અબંધુનો બંધુ છે, અમિત્રનો મિત્ર છે અને સમગ્ર વિશ્વ પ્રત્યે વાત્સલ્ય ધરાવે છે. જીવ અજ્ઞાન અને મોહથી આપત્તિઓ સર્જે છે અને ધર્મ તે આપત્તિઓને દૂર કર્યા જ કરે છે.

સુમન ! જીવ ભલે ગમે તેવા અપરાધ કરે અને ગમે તેવી આપત્તિઓ સર્જે, પણ ધર્મ એ જીવોમાંથી ઓછામાં ઓછા છ મહિને એક આત્માને તો પૂર્ણ સુખી કરે જ છે; અર્થાત્ છ મહિને ઓછામાં ઓછો એક જીવ તો મોક્ષને પામે જ છે.

સુમન ! સૂર્યની સામે ધૂળ ફેંકનારની આંખો ભલે ધૂળથી ભરાય, સૂર્ય તો તેને પ્રકાશ જ આપે છે. એમ અજ્ઞાની મૂઢ

જીવો ભલે ધર્મનું કે ધર્મીઓનું અપમાન કરે, તે તો અપમાન કરનારનું પણ હિત ઈચ્છે છે અને હિત કરતો રહે છે.

સુમન ! અપમાનને ગણીને ઉપકાર કરવો છોડી દે તે સાચો ઉપકારી નહિ, ધર્મ સાચો ઉપકારી છે. તે દ્રોહીનું પણ હિત જ કરે, તેની રક્ષા જ કરે અને તેને સુધારવાનું કાર્ય કર્યા જ કરે.

સુમન ! તને આશ્ચર્ય થશે કે-આ હકીકતની પાછળ અનેક વિકલ્પો અને તર્કો જાગશે, પણ આશ્ચર્ય પામવાનું કે વિકલ્પો અને તર્કો કરવાનું કોઈ કારણ નથી. એ માટે તારે વસ્તુના સ્વભાવને-સ્વરૂપને સમજવું પડશે. પ્રત્યેક વસ્તુ પોતાના સ્વભાવને છોડતી નથી. ધર્મનો સ્વભાવ જ એવો છે કે-સર્વનું કલ્યાણ કરવું. હું તને પૂછું છું કે-જે સમગ્ર વિશ્વનું કલ્યાણ ન કરે, તે ધર્મ કહેવાય ? અને સર્વ જીવોનો હિતકર કહેવાય ? તારે કહેવું જ પડશે કે-ન કહેવાય. જો એમ છે, તો શ્રી જિનેશ્વરદેવોને જગત્ચિંતામણિ, જગન્નાથ, જગદ્ગુરુ, જગદ્રક્ષણ, જગદ્બંધુ વગેરે કહ્યા છે, તે તેઓ તેવા છે માટે કહ્યા છે. અને એ બધાં વિશેષણો તેઓનો ધર્મ જગતને તે તે પ્રકારે ઉપકાર કરે છે, માટે જ તેમને આપ્યાં છે. એ રીતે ધર્મ વિશ્વનો ઉપકારક છે.

સુમન ! ધર્મનો સ્વભાવ જ એવો છે કે-તેનાથી વિશ્વને ઉપકાર થાય. અપકાર ન કરવો તે પણ એક ઉપકારનો જ પ્રકાર છે. ધર્મ કોઈનો અપકાર કરતો નથી, ઉપરાંત અપકારીનો પણ ઉપકાર કરે છે. એ એનો સ્વભાવ છે. આ હકીકત જરા સ્પષ્ટ કરીએ. આપણે માર્ગે ચાલતાં બીજાઓથી બચવા માટે

તેને રસ્તો આપીએ તો જ આગળ ચાલી શકીએ છીએ, દાન બીજાને આપીએ છીએ, સેવા બીજાની કરીએ છીએ, અહિંસા માટે અન્ય જીવોને મારતા નથી પણ જીવાડવાના શકય પ્રયત્નો કરીએ છીએ, જો વીંછી કરડે અને પકડાય તો પણ મારતા નથી, તેને કોઈ મારે તો પણ મારવા દેતા નથી, જો તેને મારે તો પાપ માનીએ છીએ, ક્રોધીને પણ ક્ષમા આપીએ છીએ અને અભિમાનીની પણ દયા ચિંતવીએ છીએ. આવો અનેક પ્રકારે આપણે ધર્મ કરીએ છીએ, તેનાથી તે તે વ્યક્તિઓને ઉપકાર થાય છે કે નહિ ? જો થાય છે, તો એ ઉપકાર આપણા ધર્મથી તેને થાય છે, એમ માનવું જોઈએ.

સુમન ! આ તો સામાન્ય હકીકત કહી. તત્ત્વથી ધર્મના પ્રાણસ્વરૂપ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય—એ ચારેય ભાવનાઓ પરસાપેક્ષ છે. વિશ્વના સર્વ જીવોના હિતની ચિંતા અને દુઃખમુક્ત કરવાની ભાવના તે મૈત્રી, યથાર્થ તાત્ત્વિક ગુણને પામેલા ગુણવંતના ગુણનો પક્ષપાત તે પ્રમોદ, દુઃખીઓનાં દુઃખના પ્રતિકારની બુદ્ધિ તે કરુણા અને અયોગ્ય-સુધરી ન શકે તેવા જીવોની ઉપેક્ષા તે માધ્યસ્થ્ય. આ ચારેય ભાવનાઓ જો પરના હિતરૂપ છે અને એ ધર્મનો પ્રાણ છે, તો ધર્મ સર્વ જીવોનું હિત કરનાર છે, એમ માનવું જ જોઈએ.

સુમન ! અંધ સ્વયં સૂર્યના પ્રકાશને પામતો નથી, પણ દેખતા મનુષ્યદ્વારા સૂર્યનો પ્રકાશ તેને ઉપકાર કરે છે. ઉદાહરણ તરીકે આપણને માર્ગે ચાલતાં કોઈ અંધ મળે, તે આપણને ન દેખી શકે, પણ આપણે સૂર્યના પ્રકાશના બળે

તેને દેખી શકીએ અને તેને તેના માર્ગે ચાલવા દેવા માટે આજુના માર્ગે આપણે ચાલીએ; એથી એ અથડાતો બચી જાય.

સુમન ! જો સૂર્યનો પ્રકાશ ન હોય, તો આપણે તેને બચાવી ન શકીએ. એ રીતે જેમ આપણા દ્વારા સૂર્યના પ્રકાશથી તેને ઉપકાર થાય છે, તેમ ધર્મીદ્વારા ધર્મ અધર્મીઓને પણ ઉપકાર કરે છે.

વળી સુમન ! મન વિનાના જીવોને ધર્મ હોય નહિ, કારણ કે-ધર્મનો આધાર મન છે. છતાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના અસંજ્ઞી જીવો ઊંચે આવે છે, તેમાં કાળ, સ્વભાવ, ભવિતવ્યતાદિ કારણો છતાં ધર્મીઓના ધર્મનો પ્રભાવ વિશિષ્ટ કારણરૂપ છે, કારણ કે-ધર્મી જીવો અન્ય સર્વ જીવોના કલ્યાણની ભાવનાવાળા હોય છે. તેઓની એ ભાવનારૂપ ધર્મના બળે અન્ય જીવો ઊંચા આવે છે. જો એમ ન હોય અને એક ધર્મીની ભાવના બીજાને ઉપકાર ન કરતી હોય, તો આપણે શ્રી અરિહંતભગવાન વગેરે પરમેષ્ઠિઓને કે બીજા પણ ધર્મ આરાધકોને ઉપકારી કયી રીતે માની શકીએ ? એમ માતા-પિતાદિની પણ શુભ લાગણીઓ જો આપણા હિતને ન કરતી હોય, તો તેઓનો ઉપકાર કયા કારણે આપણે માનીએ ?

સુમન ! શ્રી જિનભક્તિને મુક્તિની દૂતી કહી છે. એ ભક્તિના પ્રભાવે જીવ મોક્ષ માટે પ્રયત્ન કરી શકે છે અને જિનાજ્ઞાને પાળી શકે છે. જો ભક્તિ ન હોય, તો તેઓની આજ્ઞા પાળી શકાય નહિ. આ ભક્તિ પણ જીવમાં તેઓની કલ્યાણકર-વિશ્વહિતકર ભાવનાને બળે જાગે છે. તેઓની એ ભાવના એટલે વિશ્વને સર્વથા દુઃખમુક્ત કરી શાશ્વત સુખની

પ્રાપ્તિ કરાવવાની ભાવના. ક્ષમાદિ ધર્મો અને આ ભાવનામાં ભિન્નતા નથી, અપેક્ષાએ તે બધા ધર્મસ્વરૂપ છે અને તે ભાવનાથી આપણને લાભ થયો જ છે. 'હે જિનેશ્વરદેવ ! આપના પ્રસાદથી જ હું આટલે ઊંચે આવ્યો છું અને એ પ્રસાદથી જ આગળ વધી શકવાનો છું, માટે હવે મારી ઉપેક્ષા ન કરશો !'–એમ શ્રી વીતરાગસ્તોત્રમાં પૂ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજા પ્રભુને વિનવે છે.

સુમન ! એમ વિવિધ રીતે તું સમજી શકીશ કે-ધર્મ વિશ્વનો આધાર છે, તેનો પ્રાણ છે અને તેનું સર્વસ્વ છે. એ ધર્મ આચારમાં રહેલો છે અને આચારનો વારસો ક્રમશઃ આપણા સુધી આવ્યો છે. પૂર્વપુરુષોએ, શ્રી જિનેશ્વરદેવોએ સર્વ જીવના હિત માટે કરેલું આ આચારરૂપ ધર્મનું દાન શક્ય પ્રયત્નોથી સાચવ્યું છે, આપણને તે વારસામાં આપ્યું છે અને આપણે તેનું પાલન કરી ભાવિ પેઢીને આપવાનું છે. મનુષ્યજીવન પામીને જો કોઈ મુખ્ય કાર્ય કરવાનું હોય, તો સર્વ જીવોના પ્રાણસ્વરૂપ આ આચારોનું પાલન કરવાનું છે અને તે ભાવિ પેઢીને આપવાનું છે મનુષ્યજીવન પામીને જો કોઈ મુખ્ય કાર્ય કરવાનું હોય, તો સર્વ જીવોના પ્રાણસ્વરૂપ આ આચારોનું પાલન કરવાનું છે અને ભાવિ પેઢીને એ સોંપવાનું છે. તે માટે પ્રશંસાની કેટલી જરૂર છે, આચાર અને પ્રશંસાનો પરસ્પર કેવો સંબંધ છે, શિષ્ટપુરુષોનો આચારની રક્ષામાં કેવો ફાળો છે ? વગેરે હવે પછી વિચારીશું. તે પહેલાં આજે કરેલી વાતોનું જો તું ચિંતન કરીશ, તો આચારનું મહત્ત્વ અને ઉપકારો કેટલા છે તે તને જરૂર સમજાશે.

સુમન ! દરેક વસ્તુને સમજવામાં સમજનારની દૃષ્ટિની મુખ્યતા છે. એથી કદાચ તને આજની વાતોમાં તર્ક-કુતર્ક થશે, પણ જો કૃતજ્ઞતા, ભક્તિ વગેરે ગુણોને પ્રગટાવવા હશે, તો પ્રત્યેક ભાવોને ગુણાનુરાગની દૃષ્ટિએ સમજવા પડશે. ધર્મના ઉપકારોને સમજવા માટે અને કૃતજ્ઞતા કેળવવા માટે આપણી યોગ્યતાની વાતને ગૌણ કરીને ધર્મના પ્રભાવનું મહત્ત્વ સ્વીકારવું જ જોઇએ. આ જે વાતો કહી છે. તેમાં સર્વત્ર જીવની યોગ્યતાને સ્થાન છે જ. છતાં સર્વ જીવોના અનન્ય આધારરૂપ આચારને જો જગતમાં જીવતા રાખવા હોય, તો જે જે અપેક્ષાએ તેનું મહત્ત્વ છે, તે તે અપેક્ષાને મુખ્ય બનાવીને તેનું મહત્ત્વ વિચારવું જોઇએ. અને એ દૃષ્ટિએ જો તું વિચારીશ, તો મેં કહ્યું છે તેનાથી પણ કેઈગુણું અધિક આચારનું મહત્ત્વ તને સમજાશે.

卐

# [૧૦]

સુમન ! ન્યાયસમ્પન્ન વૈભવ શિષ્ટાચારના પાલનથી પ્રાપ્ત થાય છે, અથવા ન્યાયસમ્પન્ન વૈભવનું ફળ શિષ્ટાચારની પ્રાપ્તિ છે, માટે માર્ગાનુસારિતાનો બીજો ગુણ શિષ્ટાચારની પ્રશંસા કહ્યો છે. તેમાં શિષ્ટાચારના પાલનરૂપ આચારધર્મનું મહત્ત્વ કંઇક માત્ર ગઈ વખતે તને જણાવ્યું હતું. તેનું ચિંતન તેં કર્યું હશે અને આચારધર્મ એ જીવોનું સર્વસ્વ છે, એ તત્ત્વ તને સમજાયું હશે.

સુમન ! દેવદુર્લભ માનવજીવનની સફળતા સર્વ જીવોના એક માત્ર પ્રાણાધારરૂપ આચારધર્મની રક્ષામાં છે, કારણ કે-પ્રત્યેક સદાચારમાં જીવોનું કલ્યાણ કરવાની અચિન્ત્ય શક્તિ છૂપાયેલી છે અને તેથી સદાચારનો રક્ષક યા પાલક તત્ત્વથી અન્ય જીવોનું કલ્યાણ કરે છે, એ જ તેનું મોટામાં મોટું અને શ્રેષ્ઠ કર્ત્તવ્ય છે-મોટો ઉપકાર છે.

સુમન ! આજે આપણે શિષ્ટચારનું મહત્ત્વ સમજવા માટે શિષ્ટ અંશનો વિચાર કરીશું. અહીં 'શિષ્ટ' એટલે જેઓએ સદાચારી અને જ્ઞાનવૃદ્ધ (વિશિષ્ટ અનુભવી) એવા ગૃહસ્થ વડીલો, જેવાં કે-માતા-પિતા, વિદ્યાગુરુઓ કે જ્ઞાતિ-સમાજ વગેરેના અગ્રેસરો પાસેથી તથા ત્યાગી-વિરાગી-જ્ઞાની

પરહિતકારી એવા ધર્મગુરુઓ પાસેથી, તેઓનો વિનય અને સેવા કરવાપૂર્વક હિતશિક્ષા પ્રાપ્ત કરી હોય તેવા પુરુષો. આવા પુરુષોએ સદાચારનો વારસો મેળવ્યો છે અને પોતાની પછીના જીવોને તે આપ્યો છે. એમ સર્વ જીવોના સુખના એક અનન્ય સાધનરૂપ સદાચારનો પ્રવાહ અખંડ વહેવડાવવામાં આ શિષ્ટપુરુષોનો અમૂલ્ય ફાળો છે.

સુમન ! શ્રી જિનેશ્વરદેવો સુખપ્રાપ્તિના ઉપાયોનો ઉપદેશ કરે છે, તેને શિષ્ટપુરુષો ઝીલે છે અને તેનું યથાશક્ય પાલન કરવાપૂર્વક અન્ય જીવોને વારસારૂપે આપે છે. એ રીતે શિષ્ટાચારનું અસ્તિત્વ શિષ્ટપુરુષોને આભારી છે. તેથી શિષ્ટાચારનું જેટલું મહત્ત્વ છે, તેટલું કે અપેક્ષાએ તેથી પણ અધિક મહત્ત્વ શિષ્ટપુરુષોનું છે. તેઓનો જગત ઉપર આ અસાધારણ ઉપકાર છે કે-તેઓએ શિષ્ટાચારનું દાન કર્યું છે. આપણે સૌ તેઓના ઋણી છીએ.

સુમન ! મનુષ્યના દેહની અપવિત્રતાના યોગે પ્રતિદિન ઉકરડા સર્જાય છે અને તેની દુર્ગંધથી હવામાન બગડતું રહે છે. તેની અસરમાંથી બચવા માટે બીજી બાજુ બાગ-બગીચામાં ફૂલ-ઝાડોનો ઉછેર કરવામાં આવે છે અને તેના આલંબનથી આરોગ્યનું રક્ષણ કરાય છે. એ રીતે અનાદિકાળથી સંસારી જીવોની અપવિત્રતારૂપ કામ-ક્રોધ-મદ-મોહ-માયા-લોભ-ઇર્ષ્યા-અહંકાર વગેરે દોષોથી જગતમાં દૂષિત વાતાવરણ સર્જાતું રહે છે અને તેની અસરથી અન્યાન્ય જીવો પાપવૃત્તિમાં પ્રેરાય છે. તેની સામે શિષ્ટપુરુષોના આચારો, જેવાં કે-વૈરાગ્ય, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, પ્રેમ, વાત્સલ્ય,

પરોપકારવૃત્તિ વગેરેનું પવિત્ર વાતાવરણ અનેક જીવોને પાપ-પ્રવૃત્તિથી બચાવે છે. અપવાદ તરીકે અલ્પ જીવોને બાદ કરતાં ત્રણેય કાળમાં જે કોઈ જીવો સદાચારનું પાલન કરી શક્યા છે, કરે છે કે કરશે, તે સર્વના ઉપર આ શિષ્ટપુરુષોનો વિશિષ્ટ ઉપકાર છે, કારણ કે–તેઓના જીવનનો અચિંત્ય પ્રભાવ તેમાં કારણભૂત છે.

સુમન ! માતા–પિતા કે તેવા અન્ય પાલકની સહાય વિના જેમ બાળકનો ઊછેર થાય નહિ, તેમ શિષ્ટપુરુષોના આલંબન વિના કોઈ શિષ્ટાચારને પ્રાપ્ત કરી શકે નહિ.

સુમન ! એ કારણે શિષ્ટપુરુષોના ઉપકારને સ્વીકારવો જોઈએ. તત્ત્વથી જે શિષ્ટપુરુષોના ઉપકારને માને છે, તેઓ પ્રત્યે કૃતજ્ઞતા ધારણ કરે છે અને તેઓના વિનય–બહુમાન–સેવા કરે છે, તે જ ધન્યપુરુષ સદાચારને પ્રાપ્ત કરી શિષ્ટ બની શકે છે. એ કારણે જ જ્ઞાનીઓએ વિનયને મોક્ષનું મૂળ કહેલ છે. માર્ગાનુસારિતાનો પણ એક પ્રકાર 'वृत्तस्थज्ञानवृद्धानां पूजकः।' અર્થાત્ 'સદાચારી જ્ઞાનવૃદ્ધ પુરુષોની સેવા–પૂજા કરવી'–એ પ્રમાણે કહ્યો છે. તેમાં પણ એ જ હેતુ છે કે–કોઈ પણ ગુણની પ્રાપ્તિ ગુણીના વિનય, બહુમાન અને સેવા વગેરેથી જ કરી શકાય છે.

સુમન ! તત્ત્વથી આવા શિષ્ટપુરુષો એ માતા–પિતા–ગુરુ–બંધુ–મિત્ર વગેરેની ઉપમાને ધારણ કરે છે અને તેઓના આચારો એ જ મનુષ્યનું સાચું ધન છે. શિષ્ટપુરુષોના ઉપ-કારોનું શત–સહસ્રમુખે ક્રોડો કલ્પો સુધી વર્ણન કરવા છતાં પૂર્ણ થાય તેમ નથી. ચારેય ગતિમાં મનુષ્યગતિને જો સર્વાધિક

માન મળ્યું હોય અને તેને કામધેનુ, કલ્પવેલી કે ચિંતામણીથી પણ અધિક મહત્ત્વ આપ્યું હોય, તો તે આ શિષ્ટાચારને કારણે છે, અને તેના દાતા શિષ્ટપુરુષો છે. જે શિષ્ટાચારોના અભાવે મનુષ્યભવ વિવિધ અનર્થોનું કારણ બને છે અને શિષ્ટાચારયુક્ત મનુષ્યભવ બાહ્ય–અભ્યંતર સર્વ સંપત્તિનું કારણ બને છે, તે શિષ્ટાચારના પાલક અને દાતા શિષ્ટપુરુષોના ઉપકારોનું વર્ણન સુમન ! કયા શબ્દોમાં કરી શકાય ?

સુમન ! જે શિષ્ટાચારના બળે મનુષ્ય પોતાના જીવનને સ્વ–પરહિતકર બનાવી શકે છે, તે શિષ્ટાચારની પ્રાપ્તિ અને પાલન મનુષ્ય કરી શકે છે, માટે જ તેનો મોક્ષ થઈ શકે છે.

સુમન ! શિષ્ટાચારનું પાલન કરનારા શિષ્ટપુરુષો દાનાદિ ધર્મના પાલક અને પ્રચારક છે, કારણ કે–શિષ્ટાચારનું પાલન એ સર્વશ્રેષ્ઠ દાન છે, એ શિયળ છે, એ તપ છે અને એ જ તત્ત્વથી ભાવ છે. શાસ્ત્રોમાં દાનાદિ ચાર પ્રકારના કે ક્ષમાદિ દશ પ્રકારના ધર્મનું જે કોઈ વર્ણન કર્યું છે, તે સર્વ તત્ત્વથી શિષ્ટાચારરૂપ છે.

તો પણ અહીં લોકાપવાદનો ભય, દીન–દુઃખીઆઓનો ઉદ્ધાર કરવાની વૃત્તિ, કૃતજ્ઞતા, સત્કાર્યોને અંગે દાક્ષિણ્ય, સર્વની નિંદાનો ત્યાગ, સાધુ–શિષ્ટપુરુષોની પ્રશંસા, આપત્તિમાં દીનતાનો અભાવ, સંપત્તિમાં સવિશેષ નમ્રતા, પ્રસંગે અલ્પભાષણ, વચનમાં પરસ્પર અવિસંવાદ, પ્રાણાન્તે પણ અંગીકાર કરેલી પ્રતિજ્ઞાનું પાલન, કુળાચારનું પાલન, અસદ્ વ્યયનો ત્યાગ, સર્વ ક્રિયા યોગ્ય દેશ–કાળે કરવી, ઉત્તરોત્તર શ્રેષ્ઠ કાર્યો કરવાનો આગ્રહ, પ્રમાદ–દુર્વ્યસનનો ત્યાગ, લોકાચારનું પાલન, સર્વત્ર

ઔચિત્યનું પાલન અને પ્રાણાન્તે પણ ગર્હિત કાર્ય ન કરવું, વગેરે સર્વજનસામાન્ય શિષ્ટાચારોની પ્રશંસાને અંગે વિચારવાનું છે, કે જે શિષ્ટાચારો સર્વ ગુણોના આધારભૂત છે.

સુમન ! આ શિષ્ટાચારો અને માર્ગાનુસારિતાના ગુણો તત્ત્વથી અભિન્ન છે, એટલે માર્ગાનુસારિતાના વર્ણનમાં એ સર્વ આચારોનું મહત્ત્વ સમજાશે. અહીં તેની પ્રશંસાને ગુણ કહ્યો છે, તેથી આપણે પ્રશંસાને અંગે જે વિચારવાનું છે તે હવે પછી વિચારીશું.

卐

## [૧૧]

સુમન ! જીવના અનાદિ કુતૂહલપ્રિય સ્વભાવને કારણે તેને શિષ્ટાચારનું પાલન દુષ્કર કે દુઃખદ લાગે એ સંભવિત છે, છતાં શિષ્ટાચારની જીવનમાં એટલી મોટી આવશ્યકતા છે કે–તેના પાલન વિના મનુષ્ય આ જન્મનાં પણ શારીરિક-માનસિક-અર્થિક-સામાજીક વગેરે સુખોની સામગ્રી મળવા છતાં તેનો આનંદ અનુભવી શકે તેમ નથી. પછી લોકોત્તર સુખની પ્રાપ્તિ તો સંભવે જ કઈ રીતે ? કારણ કે–લોકોત્તર ધર્મની–આત્મધર્મની પ્રાપ્તિ શિષ્ટાચારના પાલન દ્વારા યોગ્યતા પ્રાપ્ત કરનારને જ થાય છે, અને એ લોકોત્તર ધર્મથી જ લોકોત્તર સુખનો અનુભવ કરી શકાય છે. મનુષ્ય જ્યાં સુધી શિષ્ટાચારનું પાલન કરે નહિ, તે યોગ્યતા પ્રગટાવે નહિ, ત્યાં સુધી તેને અનાદિ જન્મ–મરણની કે વિષય–કષાયોની પીડાઓ છોડતી નથી અને આત્મસુખનો સહજ આનંદ અનુભવવા મળતો નથી.

એ કારણે સુમન ! દરેક મનુષ્યે પોતાની શકયતા અને ભૂમિકાને અનુસારે શિષ્ટાચારનું પાલન અવશ્ય કરવાયોગ્ય છે, એટલું જ નહિ, બીજાઓને પણ તેનું દાન કરવું આવશ્યક છે. શ્રીમંત બીજા જીવોના હિતાર્થે જેટલો દ્રવ્યવ્યય કરે, તેટલું જ

દ્રવ્ય સફળ થાય છે, બીજું ભોગ કે નાશરૂપે નિષ્ફળ થાય છે; તેમ શિષ્ટાચાર માટે પણ છે. પોતે જ શિષ્ટાચાર પાળે અને બીજાને તેનું દાન કરવાનો જો ઉદ્દેશ કે પ્રવૃત્તિ ન હોય, તો તત્ત્વથી તેનું શિષ્ટાચારનું પાલન નિષ્ફળ નીવડે છે, આત્મ-વિકાસના માર્ગે તેને આગળ વધારી શકતું નથી અને સંસારનાં બંધનોથી છોડાવી શકતું નથી.

સુમન ! શ્રી જિનેશ્વરદેવોએ શાસનની સ્થાપના કરીને ઉપદેશ આપ્યો અને એનો પ્રવાહ આર્યાવર્તમાં ચાલુ છે. સર્વ લોક અને સર્વ દર્શનો ઉપદેશની આવશ્યકતા સ્વીકારે છે, તેનું કારણ શિષ્ટાચારનું-સદાચારનું દાન કરવું એ જ છે.

સુમન ! ધર્મનું તત્ત્વ સુખ પામીને પ્રસન્ન થવાનું નથી, પણ સુખ આપીને પ્રસન્ન થવાનું છે. પોતાના સુખ માટે આ જગતમાં કોણ પ્રયત્ન નથી કરતું ? જે પરના સુખ માટે જન્મે છે, જીવે છે કે પ્રયત્ન કરે છે, તે જ મહાન્ છે અને તે જ મહાત્મા બની પરમાત્મા પણ બની શકે છે. એટલે શિષ્ટાચારનું પાલન પોતે જ કરીને સંતોષ માનવો ઉચિત નથી. જીવ માત્ર શિષ્ટાચારની ભૂમિકાને પામે, શિષ્ટાચારને પાળે અને સુખી થાય, એ ભાવનાપૂર્વક શિષ્ટાચારનું પાલન અને તેનું દાન પણ કરવું જ જોઇએ.

છતાં સુમન ! જે પોતાની જ ચિંતામાં ડૂબેલો છે, પરને સુખ આપવા જેટલી કે બીજાને સુખી જોઇ પ્રસન્ન થવા જેટલી વિશાળ દૃષ્ટિ જેની ઉઘડી નથી, માત્ર પોતાનાં જ સુખ માટે પ્રયત્નો કરે છે, તે સ્વાર્થપરાયણ જીવને પણ બીજાને સુખ આપ્યા વિના છૂટકો જ નથી. સુખ એક એવો ભાવ છે કે-

બીજાને આપવાથી જ તે આપણને મળે છે. ઘરમાં જો બીજા દુઃખી હોય, તો પોતે ભલે નીરોગી હોય, બુદ્ધિમાન હોય અને રળતો-કમાતો હોય, પણ સુખ ભોગવી શકતો નથી. જેમ બીજાના દુઃખની અસર તેને વ્યથા કરે છે, તેમ સર્વ વિષયમાં સમજવાનું છે. દાનધર્મની, સેવાધર્મની, પરોપકાર વગેરેની મહત્તા આ કારણે જ છે. જો એમ ન હોત, તો વિશ્વવત્સલ શ્રી જિનેશ્વર ભગવંતો કદાપિ એકની સંપત્તિ બીજાને આપી દેવાની કે એક સજ્જન સુખી આત્માને બીજા દુઃખી વગેરે જીવોની સેવા કરવાની ભલામણ ન કરત! અગર તો એ ભલામણ ધર્મરૂપ નહિ પણ અન્યાયરૂપ મનાત.

સુમન ! જો એ રીતે છદ્મસ્થ જીવોનું સુખ પરસાપેક્ષ છે, બીજાના સુખે તેને સુખ મળે છે, તો જ સુખનો અનુભવ કરી શકાય છે, તો જીવ માત્રના સુખના હેતુભૂત શિષ્ટાચારનું દાન અનિવાર્ય થઈ પડે છે.

બીજાં દાન આપણે ગમે તેટલાં કરીએ, પણ સામાને સુખી કરવા માટેનું સર્વશ્રેષ્ઠ દાન એ તો માત્ર શિષ્ટાચારનું દાન જ છે. અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર, ધન, દોલત, આશ્રય, આપણે કેટલુંય આપીએ, પણ તે લેનારને અલ્પકાળ માટે અમુક પ્રકારનું જ સુખ આપી શકે; જ્યારે સર્વ કાળ માટે સર્વ પ્રકારનું સંપૂર્ણ સુખ તો જીવ પોતે જ સદાચાર દ્વારા પ્રાપ્ત કરી શકે: અને એવું સુખ પ્રાપ્ત થયા પછી જ એની સુખની ભૂખ ભાગી શકે; માટે તેને સદાચારનું દાન કરવું, એ શાશ્વત-સંપૂર્ણ-સર્વદેશીય સુખના દાનરૂપ છે.

સુમન ! દરિદ્ર-દીન-દુઃખી વગેરે લાચાર મનુષ્યોને કે

પશુ-પક્ષી વગેરેને દાન કરીએ, તેના કરતાં એ જ વસ્તુનું દાન સંત-સાધુઓને કરીએ, તો તેનું ફળ ધર્મશાસ્ત્રોમાં ઘણું મોટું કહ્યું છે. તેનું કારણ પણ એ છે કે-સંતપુરુષોને દીધેલું દાન સદાચાર કે શિષ્ટાચારનું પોષક, વર્ધક અને પ્રચારક બને છે. એક સંતને દીધેલા દાનનું ફળ હજારો, લાખો કે ક્રોડો અથવા અગણિત જીવોના હિત સુધી પહોંચે છે. પશુ, પક્ષી કે લાચાર મનુષ્યને દીધેલું દાન પ્રાયઃ તેને જ અલ્પ ઉપકાર કરે છે.

એનો અર્થ એ નથી થતો કે-દીન-દુઃખીઆને દાન નહિ આપતાં કેવળ સંત-સાધુઓને જ આપવું. સંત-સાધુઓને દાન કરતાં પણ જગતના સર્વ દુઃખી જીવોને એનો લાભ મળશે, એ ભાવના રાખવી; અને પોતાની શક્તિને અનુસારે દીન-દુઃખી-લાચાર વગેરે મનુષ્યોને કે અનાથ પશુ-પક્ષી આદિ જીવોને પણ દાન કરવું.

સુમન ! જ્યારે કોઈ દર્દથી પીડાતું બાળક રડે છે અને રૂદન દ્વારા પોતાની અવ્યક્ત વેદનાને જાહેર કરવા માટે પ્રયત્ન કરે છે, ત્યારે તેના દર્દને નહિ સમજતી માતા પ્રથમ તો તેને સ્તનપાન કરાવીને કે રમકડાં આપીને રડતો અટકાવવાના પ્રયત્નો કરે છે, પરંતુ જ્યારે દર્દથી પીડાતું બાળક સ્તનપાન કે રમકડાંની પણ અવગણના કરીને રડ્યા જ કરે છે, ત્યારે કોઈ રોગાદિનું અનુમાન કરીને વૈદ્ય-ડૉક્ટરની સલાહ લેવા દોડે છે. પછી રોગ થયો છે એમ સમજે છે, ત્યારે તે શાણા-નિષ્ણાત વૈદ્ય-ડૉક્ટરને ધન આપીને તેના દ્વારા બાળકને સાજો કરવાના પ્રયત્નો કરે છે.

એ રીતે સુમન ! પ્રાથમિક કક્ષાની દયામાં મનુષ્ય દીન-દુઃખી વગેરેને અન્ન-જળ વગેરે જીવનસામગ્રીનું દાન કરવામાં ઇતિકર્ત્તવ્યતા સમજે છે, એને જ શ્રેષ્ઠ ધર્મ માને છે અને દીન-દુઃખી વગેરેને અન્ન-જળ વગેરેનું દાન કરી પોતાને કૃતકૃત્ય માની લે છે. એટલું જ નહિ, એની દૃષ્ટિએ શિષ્ટાચાર કે શિષ્ટાચારના પાલક-પ્રચારકોની સેવા કિંમત વિનાની દેખાય છે અને તેથી તેના પ્રત્યે કદાચ તે અણગમો પણ કરી નાંખે છે.

પણ સુમન ! તે તેની અધુરી સમજનું પરિણામ છે. એક દાંતનો ડૉકટર દાંતના રોગોની સેવા કરવામાં દાંતને અંગે ખૂટતાં કે સડતાં તત્ત્વોનો વિચાર કરી તેટલા જ પ્રયત્નો કરશે, પણ આયુર્વેદના નિષ્ણાતને તેથી સંતોષ નહિ થાય. તે તો દાંતના રોગના મૂળ કારણ સુધી પહોંચી તેના પેટને અને હોજરીને તપાસશે, તેમાં ખૂટતાં કે બગડતાં તત્ત્વોને પૂર્ણ કરવા કે સુધારવા માટે પ્રયત્ન કરશે અને એ રીતે દાંતના રોગને મૂળમાંથી નાશ કરવાના પ્રયત્નો કરશે.

એ રીતે સુમન ! તાત્ત્વિક દયાને સમજનારો જ્ઞાની દીન-દુઃખીઆઓની અશરણ, અનાથ અને લાચાર દશાને જોઈ તેના મૂળ કારણો સુધી પહોંચે છે. પૂર્વે તેણે સેવેલા 'અસદાચારો અને કરેલાં પાપોનું આ પરિણામ છે'-એમ સમજે છે. તે પછી અન્ન-જળ વગેરે આપીને અટકતો નથી. તેના અસદાચારોને દૂર કરવા માટે ઇચ્છે છે, અન્નાદિ આપતાં પણ તેનાં પાપોથી-અસદાચારોથી બચવાનો ઉદ્દેશ રાખે છે અને એ ઉદ્દેશથી તે સદાચારના પિતા શ્રી અરિહંતદેવો તથા તેના પાલક અને પ્રચારક સંત-સાધુઓની સેવાને પણ સર્વ દુઃખી-

આઓની સેવા જેટલી જ કે તેથી પણ અધિક હિતકર માનીને કરે છે.

મા જ્યારે પોતાના રોગી બાળકની સેવા કરે છે ત્યારે અને વૈદ્ય કે ડૉકટરનું સન્માન કરે છે કે તેને ધન આપી સંતોષે છે ત્યારે પણ એની દૃષ્ટિમાં પોતાના બાળકનું આરોગ્ય રમતું હોય છે. તેમ સુમન ! જ્યારે જ્ઞાનીપુરુષો દીન–દુઃખી-આઓને દાન કરતા હોય છે ત્યારે અને દેવ-ગુરુ વગેરેની સેવા કરતા હોય છે ત્યારે પણ તેઓની ભાવનામાં જગતના સર્વ દુઃખી જીવોનું હિત રમતું હોય છે. સર્વ દુઃખોનો મૂળથી નાશ કરનારા અને સદાચારના પાલન અને પ્રચાર માટે તેઓનો તે પ્રયત્ન હોય છે.

સુમન ! સમજ ટૂંકી હોવાના કારણે અથવા જડસુખની લાલસા વધી જવાના કારણે વર્ત્તમાનમાં આ તત્ત્વને સમજનાર વર્ગ ઓછો મળશે. પરંતુ સદાચારના દાન વિના સાચો ઉપકાર થઈ શકતો નથી જ, એમ તત્ત્વથી જે કોઈ સમજશે, તેને શિષ્ટાચારના પાલક–પ્રચારકોની સેવાનું મૂલ્ય ઘણું અધિક છે એમ અવશ્ય સમજાશે.

સુમન ! આજ પર્યન્ત આર્યાવર્તમાં સદાચારી પુરુષો પ્રત્યે અને તેઓની સેવા પ્રત્યે અધિક માન સચવાઈ રહ્યું છે, તેનું મૂળ કારણ હવે તું સમજી શકીશ કે–એ દ્વારા જગતના દુઃખી જીવોને શિષ્ટાચારનું દાન કરી તેઓનાં દુઃખોનો નાશ કરાવી શકાય છે.

સુમન ! કોઈ એક વ્યક્તિ કે વ્યક્તિઓને જ સુખી કરવાના ઉદ્દેશથી કરાતું દાન, એ તત્ત્વથી ધર્મરૂપ બનતું નથી. જેમાં એક યા અનેક પણ અમુકને જ સુખી કરવાની ભાવના હોય, તે સિવાયના અન્ય જીવોની ઉપેક્ષા કે અનાદર હોય, તે ભાવનામાં તત્ત્વથી ધર્મ નહિ પણ મોહની જાળ હોય છે. પરિણામે એવો પણ સંભવ છે કે-પરિણામ દયાના હોવા છતાં અમુકને જ સુખી કરવાના ઉદ્દેશથી બીજા જીવોને દુઃખ થાય તેવા હિંસક માર્ગે પણ જીવ ચઢી જાય. એ જ કારણે શ્રી અરિહંતદેવાએ 'વિશ્વના હિતમાં એકનું હિત અને એકના હિતમાં પણ સમગ્ર વિશ્વનું હિત હોય' તેને તાત્ત્વિક ધર્મ કહ્યો છે. એ સંભવિત છે કે-સમગ્ર વિશ્વનું હિત કરવું શકય ન બને, પણ જ્ઞાની-દયાળુ-ધર્મી આત્માની ભાવના તો સમગ્ર વિશ્વને સુખી કરવાની-સુખી જોવાની હોય અને હોવી જોઈએ.

સુમન ! હું જ્યારે 'સદાચાર' શબ્દ બોલું છું, ત્યારે પણ તારે તેને 'શિષ્ટાચાર' સમજવાનો છે, કારણ કે-તત્ત્વથી સદાચાર અને શિષ્ટાચાર ભિન્ન નથી. પ્રત્યેક સદાચાર શિષ્ટાચાર રૂપ છે, અથવા તેમાં અંતર્ગત શિષ્ટાચાર રહેલો હોય છે.

સુમન ! એ રીતે સદાચારના દાન વિના અન્ય જીવોને સાચો ઉપકાર થઈ શકતો નથી, માટે તેનું દાન એ સર્વશ્રેષ્ઠ દાન છે; અને તેથી તે કરવું-કરાવવું જોઈએ. તે માટે સદાચારના પાલક-પ્રચારક સંત-સાધુ વગેરેને પણ અન્ન-જળ વગેરેનું દાન કરવું જોઈએ. સુપાત્રદાનનો મહિમા પણ આ કારણે જ અધિક છે.

એમ સુમન! જ્યારે તત્ત્વજ્ઞ પુરુષ કોઈને પણ જે કંઈ દાન કરે છે, ત્યારે તેના અંતરમાં વિશ્વકલ્યાણની ભાવના અને સદાચારની પરમપાવની પ્રશંસનીય પ્રભાવના રહેલી હોય છે. તેવી ઉચ્ચ અને વિશાળ દૃષ્ટિ ન ઉઘડવાના કારણે આપણે દાન કરતાં આવો અનુભવ ન કરી શકીએ, તો પણ આ એક હકીકત છે, પરમ સત્ય છે અને આત્માની પવિત્ર અવસ્થાનું આ એક સ્વાભાવિક સ્વરૂપ છે, કે જેને આપણે સ્વીકારવું જ જોઈએ.

સુમન! જેમ જેમ આત્માનો વિકાસ વધે છે, તેમ તેમ તેને જડપદાર્થોની અને જડસુખની આસ્થા ઘટતી જાય છે, ચૈતન્યનું મૂલ્ય અધિકાધિક સમજમાં આવે છે અને તેથી તે અન્ન-જળ-વસ્ત્ર-ઔષધ વગેરેનું દાન કરવા છતાં તેમાં સંતોષ પામતો નથી. એથી આગળ વધીને સદાચારનું દાન કરવાની તેની દૃષ્ટિ ખૂલે છે અને તે માટેની તમન્ના પણ જાગે છે. જેમ અન્ન, જળ કે વસ્ત્રાદિના અભાવે ટળવળતા દુઃખી જીવોને જોઇને તેને દુઃખ થાય છે, તેમ સદાચારવિહોણા-વિલાસી-પાપી જીવનને જીવતા જીવોને જોઈ ને પણ તે દુઃખી થાય છે. એની દૃષ્ટિએ દરિદ્રતા, રોગ વગેરેથી પીડાતા કે ધન-સમ્પત્તિ પામીને પાપાચરણ કરતા સર્વ જીવો દુ ખી દેખાય છે અને તેથી તે સર્વના ઉદ્ધાર માટે શિષ્ટાચારનું દાન કરવા-કરાવવાની દિશામાં તે આગળ વધે છે.

સુમન! 'શિષ્ટાચારની પ્રશંસાને' ગુણ કહ્યો છે, એનું કારણ એ છે કે-શિષ્ટાચારનું દાન કરવાનો ઉપાય તેની 'પ્રશંસા' કરવી તે છે. એ પ્રશંસાની અગત્યતા અને મહત્ત્વ

તું સમજી શકે, એ ઉદ્દેશથી મેં તને આજે દાન અને તેમાં પણ શિષ્ટાચારનું દાન કેટલું મહત્ત્વનું છે તે કંઈક સમજાવ્યું છે. એનું તું શક્ય-ચિંતન કરજે. હવે પછી આપણે જ્યારે મળીશું, ત્યારે પ્રશંસાથી શિષ્ટાચારનું દાન કેવું થાય છે, પ્રશંસકને અને પ્રશંસા સાંભળનારને એથી કયી જાતના કેટલા લાભ થાય છે તથા પ્રશંસકે એ પ્રશંસાને સફળ બનાવવા માટે શું શું કરવાયોગ્ય છે, વગેરેની અનુપ્રેક્ષા કરીશું.

卐

# [૧૨]

સુમન ! 'શિષ્ટાચારની પ્રશંસા' નામના બીજા માર્ગાનુસારિતાના ગુણની પૂર્વે કરેલી અનુપ્રેક્ષામાં તને શિષ્ટાચારનું મહત્ત્વ સમજાયું હશે. જીવ માત્રના કલ્યાણનો આધાર શિષ્ટાચાર અથવા સદાચારનું પાલન છે, માટે તેનું દાન સર્વોત્તમ દાન છે અને તે માટે 'શિષ્ટાચારોની પ્રશંસા' કરણીય છે.

શાસ્ત્રોમાં જ્ઞાનદાનને સર્વશ્રેષ્ઠ દાન કહ્યું છે, તેનું કારણ પણ શિષ્ટાચારની મહત્તા, અનિવાર્યતા અને દુર્લભતા કે દુષ્કરતા જ છે. જ્ઞાનદાન અને શિષ્ટાચારનું દાન તત્ત્વથી એક જ છે. જ્ઞાનદાન દ્વારા શિષ્ટાચારની સમજણ, મહત્તા, અનિવાર્યતા, દુર્લભતા વગેરેનું જ જ્ઞાન કરાવાય છે. જે જ્ઞાનદાનમાં સામાને સદાચાર પ્રાપ્ત કરાવવાનું ધ્યેય ન હોય કે અસદાચારથી બચાવવાની ભાવના ન હોય, તેને જ્ઞાનદાન કહી શકાય જ નહિ.

શાસ્ત્રમાં જ્ઞાન અને અજ્ઞાનનો ભેદ કહેલો છે, તેમાં પણ આ કારણ જ છે. જ્ઞાન એટલે સદાચારનું પ્રેરક તત્ત્વજ્ઞાન. જે બોધ સદાચારની પ્રેરણા ન આપે, તે તત્ત્વથી અબોધ છે-અજ્ઞાન છે-મિથ્યાજ્ઞાન છે.

સુમન ! સ્વ-સ્વ કર્મોદયને યોગે પોતાને પ્રાપ્ત થયેલી અવસ્થામાં, તે તે અવસ્થાને યોગ્ય નીતિનું પાલન કરવું અને અન્ય જીવો પણ એ રીતે અવસ્થાને ઉચિત જીવન જીવે, તે માટે પોતાના જીવનને દૃષ્ટાન્તરૂપ બનાવવું, તે શિષ્ટાચારનો તત્ત્વથી એક જ પ્રકાર છે. સર્વ સદાચારો તેમાં અંતર્ગત રહેલા છે, છતાં જીવોનાં કર્મોની વિચિત્રતાને કારણે તે તે જીવોની અવસ્થાઓ અને જીવનસામગ્રી વિચિત્ર હોય છે. તેથી પ્રત્યેક મનુષ્યના આચારો ભિન્ન ભિન્ન-વિચિત્ર હોય છે. તેમાંના કેટલાક સાધારણ આચારોને અહીં શિષ્ટાચાર તરીકે જણાવીને તેની પ્રશંસા માટે ઉપદેશ કરેલો છે.

સુમન ! પ્રત્યેક આર્ય આચારો શિષ્ટાચારરૂપ છે, તેના પાલનથી જીવન ઊર્ધ્વગામી બની શકે છે, માટે મોક્ષની-ધર્મની સામગ્રી તરીકે મનુષ્યભવ પછી આર્યદેશની આવશ્યકતા વર્ણવી છે. આર્યદેશમાં જન્મેલો મનુષ્ય આર્ય આચારોનું પાલન કરી શકે છે. આર્ય આચારોમાં કેવું તત્ત્વ છે, એ જાણવા માટે આપણે એક-બે વાતોનો વિચાર કરીએ.

એક શ્રીમંત પોતાનો સામાન મજુર પાસે ઉપડાવે છે, તો તે અનુચિત મનાતું નથી, જો ન ઉપડાવે તો લોકદૃષ્ટિએ અનુચિત છે અને લોકમાં અપવાદરૂપ બને નહિ તેમ વર્તવું એ શિષ્ટાચાર કહ્યો છે; એથી તેણે પોતાનો સામાન મજુર પાસે ઉપડાવવો એ કર્ત્તવ્ય ગણાય છે.

સુમન ! સ્થૂલ દૃષ્ટિએ તો આ વ્યવહાર અનુચિત લાગશે. પોતાનું કાર્ય બીજા પાસે કરાવવું તે ઉચિત નથી, છતાં એવા

કેટલાય વ્યવહારો છે, કે જેમાં પોતાનું કામ બીજા પાસે કરાવાય છે, જો ન કરાવે તો અનુચિત ગણાય છે. ત્યારે એમાં કંઈક રહસ્ય છે અને તે આપણે શોધવું જોઈએ.

શ્રીમંત બીજા પાસે બોજો ઉપડાવે અને મજુર તેનો બોજો ઉપાડે, તેમાં બન્ને શિષ્ટાચારનું પાલન કરે છે. બોજો ઉપડાવનાર શ્રીમંત જો વિશ્વવ્યવસ્થાને, તેની સંચાલક ધર્મમહાસત્તાને અને તે મહાસત્તાના નિયમોરૂપ શિષ્ટાચારને તથા તેના રહસ્યને સમજેલો હોય અને તેથી જે મજુર પાસે પોતાનો બોજો ઉપડાવે છે, તેમાં તેની દરિદ્રતાનું તથા તેને હલકી મજુરની અવસ્થા પ્રાપ્ત થવાનું જે મૂળ કારણ છે તેને દૂર કરવાનું ધ્યેય હોય, પોતાની સુખશીલતાને પોષવાની વૃત્તિ કે શ્રીમંતાઈનો ગર્વ—અહંકાર ન હોય, મજુર પ્રત્યે પણ તિરસ્કારવૃત્તિ ન હોય, પરોપકારની ભાવના હોય, તો તે શિષ્ટાચાર બને છે; કારણ કે—બોજો ઉપડાવવામાં પોતાના સ્વાર્થને બદલે તે મજુરે અજ્ઞાન અને મોહથી પૂર્વે તેને મળેલી સંપત્તિ, જાતિ, કુળ, ઐશ્વર્ય વગેરેનો અહંકાર કરીને, કે બીજી કોઈ રીતે તેનો દુરુપયોગ કરીને, અથવા તેવા પુણ્યને પામેલા શ્રીમંત—જાતિવંત—કુલીન વગેરેની ઈર્ષ્યા કરીને, નિંદા કરીને કે ધન વગેરે ઈષ્ટ વસ્તુઓને મેળવવા માટે અન્યાય—અનીતિનો આશ્રય કરીને, શિષ્ટાચારનો ભંગ કરીને, અથવા જે જે વર્તનથી ભવિષ્યમાં દરિદ્રતા, હલકું કુળ વગેરે મળે તેવું કોઈ પણ વર્તન કરીને, પોતાને દરિદ્રતા પ્રાપ્ત કરાવનારું જે પાપકર્મ બાંધ્યું છે, તે કર્મને અને અહંવૃત્તિને દૂર કરાવી વિનય શીખવવાનું અને સુખી કરનારૂપ પરોપકારનું ધ્યેય છે. તેથી બીજાને

કષ્ટ આપવારૂપે અનુચિત નહિ, પણ પરોપકાર કરવારૂપ તે શિષ્ટાચાર કહ્યો છે.

એ રીતે સુમન ! તે મજુર પણ વિશ્વવ્યવસ્થાને, ધર્મ-મહાસત્તાને અને તેના શાશ્વત નિયમોરૂપ આર્ય આચારોને-કર્ત્તવ્યોને સમજે અને તેથી પૂર્વે મેં ધર્મમહાસત્તાની વિશ્વ-વ્યવસ્થાનો ભંગ કરવારૂપ તેના નિયમોરૂપ આચારોનું પાલન કરવામાં કરેલી ભૂલના ફળરૂપે આ દરિદ્રતા, હલકું જીવન વગેરે મને મળ્યું છે, માટે તેના પ્રાયશ્ચિત્તરૂપે વર્ત્તમાનમાં મારી અવસ્થાને ઉચિત શ્રીમંતની સેવાદ્વારા તે ભૂલ મારે સુધારવી જોઈએ, મારા અહંકારને તજવો જોઈએ, દીનતા તજીને કર્ત્તવ્ય બજાવવું જોઈએ અને નીતિપૂર્વક બીજાની સેવા–મજુરી કરવી જોઈએ, એમ સમજીને મજુરી કરવારૂપ કર્ત્તવ્યપાલન કરે, તો તેને પણ સદાચાર મનાય છે.

સુમન ! જગતમાં સદાચાર તરીકે મનાતા લૌકિક-લોકોત્તર સર્વ વ્યવહારો સેવ્ય–સેવક ભાવરૂપ હોવા છતાં તત્ત્વથી તે સેવારૂપ છે–પરોપકારરૂપ છે. સેવા કરનાર જેમ સેવ્યની સેવા કરે છે, તેમ સેવ્યપદે રહેલો સેવા લેવા છતાં સેવકનું હિત કરી શકે છે. માત્ર આ વ્યવહારોનું સૌ ઓછા–વત્તા પ્રમાણમાં પાલન કરવા છતાં, તેમાં રહેલા સ્વ–પરહિતના આ પરમાર્થને ન સમજવાથી અને અજ્ઞાનને કારણે કેવળ સ્વાર્થ-વૃત્તિમાં ડૂબેલા હોવાથી, માનવભવ પામવા છતાં મોટો વર્ગ તેનું સાચું ફળ મેળવી શકતો નથી.

સુમન ! એક શ્રીમંત અને મજુરના પારસ્પરિક વ્યવ-હારમાં જેમ આ આધ્યાત્મિક તત્ત્વ રહેલું છે, તેમ રાજા–

પ્રજાના, શેઠ-નોકરના, પિતા-પુત્રના, પતિ-પત્નીના, દાતા અને યાચકના તથા ગુરુ અને શિષ્યના પારસ્પરિક વ્યવહારોમાં-કર્ત્તવ્યોમાં પણ એ તત્ત્વ રહેલું છે. સેવ્યપદે રહેલો રાજા, શેઠ, પિતા, પતિ, દાતા કે ગુરુ વગેરે પોતાની સેવા કરનારનું તે તે રીતે જો કલ્યાણ કરવાના આશયથી સેવા લે, તો તત્ત્વથી તે પરોપકાર કરે છે અને સેવકપદે રહેલી પ્રજા, નોકર, પુત્ર, પત્ની, યાચક કે શિષ્ય વગેરે સેવ્યની સેવાદ્વારા તેની યોગ્યતાને-આધ્યાત્મિક બળને અધિકાધિક વિકસાવવામાં નિમિત્ત બનવારૂપે હિત કરે છે.

એમ છતાં સુમન ! પરાર્થ અને સ્વાર્થ બન્ને એવાં તત્ત્વો છે કે-તે એકબીજાને સિદ્ધ કર્યા વિના રહેતાં નથી. અને તેથી પરોપકાર માટે કરેલું શિષ્ટાચારનું પાલન સેવ્ય-સેવક બન્નેનું પણ હિત કરે છે. જો એમ ન હોય, તો જગતની સર્વોચ્ચ કક્ષાને પામેલા શ્રી અરિહંતદેવો વગેરે આ વ્યવહારનું પાલન અને પ્રરુપણા કરે જ નહિ. શાસ્ત્રો કહે છે કે-શ્રી તીર્થંકરદેવના છેલ્લા ભવમાં તેઓની સઘળી પ્રવૃત્તિ ઔચિત્યને અનુસરતી હોય છે અને તેઓ પણ લૌકિક-લોકોત્તર સર્વ વ્યવહારોમાં આ સેવ્ય-સેવકભાવને અનુસરે છે. તો એ વ્યવહારરૂપ શિષ્ટાચારોમાં આ આધ્યાત્મિક તત્ત્વ રહેલું જ છે, એમ માની આપણે તેનું પાલન કરવું-કરાવવું એ અનિવાર્ય છે.

સુમન ! કોઈ પણ મનુષ્યના જીવનમાં આ બંને ભાવો કેળવ્યા વિના તેનું ઊર્ધ્વીકરણ શક્ય નથી. એક મનુષ્ય પોતાના માતા-પિતાદિ ગુરુવર્ગની સામે જ્યારે સેવકભાવે અને પત્ની-પુત્ર વગેરેની સામે સેવ્યભાવે વર્તે, ત્યારે જ તેનો વ્યવહાર

પૂરું મનાય છે. જો માત્ર માત-પિતાદિની સેવા કરે પણ પત્ની-પુત્રાદિને સંભાળે નહિ અને તેઓની ચિંતા કરે નહિ, તે તેની એક બાજુ અધુરી રહે છે, તેમ જો માત્ર પત્ની-પુત્રાદિની ચિંતા કરે, માતા-પિતાદિની સેવા-વિનયાદિ ન કરે, તો પણ એક બાજુ અધુરી રહે છે. એમ જો એક રાજા પ્રજાને જ સંભાળે, માતા-પિતા કે ધર્મગુર્વાદિ ઉપકારીઓની સેવા ન કરે અથવા માતા-પિતા કે ધર્મગુર્વાદિની સેવા કરે અને પ્રજાનું રક્ષણ કરવાનું છોડી દે, તો તે પણ રાજ્યધર્મને ચૂકે છે. જો એક પત્ની પણ માત્ર પુત્રાદિનું રક્ષણ કરે, પતિ વગેરેની સેવા ન કરે; અથવા પતિ વગેરે વડિલોની સેવા કરે પણ પુત્રાદિનું રક્ષણ ન કરે, તો તે પોતાના સ્ત્રીધર્મને ચૂકે છે. જો એક ગુરુ પણ શિષ્યાદિની રક્ષા છોડીને કેવળ ગુર્વાદિની સેવા કરે, કે દેવ-ગુર્વાદિ વડિલોની સેવા છોડીને કેવળ શિષ્યોને સંભાળે, તો તે પણ પોતાનો ધર્મ ચૂકે છે.

એ રીતે સુમન ! માનવજીવનને પોતાથી નીચેની કક્ષાના જીવોની રક્ષા અને વિશિષ્ટ પુણ્યવંતોની સેવા કરીને જ કૃતાર્થ કરી શકાય છે.

સુમન ! આર્યદેશમાં પ્રાપ્ત થતા આર્યકુળોના આચારોમાં પૂર્વબદ્ધ અશુભ કર્મોને ખપાવવાની અને વિશિષ્ટ પુણ્ય ઉપાર્જન કરાવવાની વ્યવસ્થા છે, તેમજ એ આચારો સૌ પોતાના કર્માનુસાર યથાયોગ્ય પાળી શકે એ માટે તેમાં વર્ણવ્યવસ્થા છે. તે તે વર્ણમાં જન્મ પામીને પણ જીવ પોતાનાં શુભાશુભ ઉદયમાં આવેલાં કર્મોને અનુસરતું જીવન જીવી આત્માનો વિકાસ સાધી

શકે છે, માટે શાસ્ત્રકારોએ 'લોકાચારને અનુસરવું', કુળધર્મનું પાલન કરવું', એને પણ શિષ્ટાચારો કહ્યા છે.

સુમન ! એક ભંગી પાસે ગટરને સાફ કરાવવાનો આપણે ભાવ કે હક્ક ન કરી શકીએ, પણ તે ગટરોને સાફ કરે તેને અયોગ્ય ન માની શકીએ. જો એને યોગ્ય બદલો આપીને તેનું હિત થાય તે રીતે તેના કર્ત્તવ્યમાં તેને નિષ્ઠ બનાવીએ, તો તે આપણે માટે અયોગ્ય નથી: કારણ કે–પૂર્વજન્મોમાં તેણે તેવું કર્મ બાંધેલું હોવાથી આજે તેને ભંગીનું કુળ મળ્યું છે. તેમાંથી મુક્ત થઈ ઉત્તમ કુળમાં જન્મ લેવાની યોગ્યતા, તેને દીનતા વિના એ કર્ત્તવ્ય બજાવવાથી પ્રાપ્ત થાય છે.

સુમન ! અન્ય વર્ણોના આચારો અંગે પણ આ જ ન્યાય સમજવાનો છે.

સુમન ! ધર્મમહાસત્તાના નિયમોનું પાલન કરાવનારી કર્મસત્તાને વશ જીવ પોતાની યોગ્યતાને અનુરૂપ ભૂમિકાએ ઉપજે છે અને તે ભૂમિકાને ઉચિત કર્ત્તવ્યો કરવાથી તે દુઃખ-મુક્ત થઈ શકે છે. પરંતુ અજ્ઞાન જીવ મોહને વશ થઈ તે તે ઔચિત્યનું પાલન કરતો નથી, તેથી તેનું દુઃખ ટળતું નથી. જ્ઞાનીઓએ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનને દુષ્ટ કહ્યાં છે તેનું કારણ પણ એ જ છે.

સુમન ! એનો અર્થ એ નથી કે–કર્મસત્તાને ઉપાદેય માનવી. જેમ તત્ત્વથી કર્મબંધનરૂપ છે, આત્માની સ્વતંત્ર-તામાં બાધક છે, પણ ઔષધ દુઃખદાયી છતાં રોગી અવસ્થામાં તેનો ઉપયોગ કરવાથી અને પરેજી પાળવાથી રોગમુક્ત થઈ

શકાય છે માટે તે આવશ્યક છે, તેમ આત્માના ભાવરોગરૂપ કર્મોને નાશ કરવા માટે તે તે કર્મોના ઉદય અનુસાર પ્રાપ્ત થએલી ભૂમિકાને અનુરૂપ કર્ત્તવ્યો કરવા એ ઔષધ છે અને તેમાં દીનતા કે અહંકારને વશ ન થવું એ પરેજી છે. માટે તે ઔષધ અને પરેજી દ્વારા રોગમુક્ત થવું એમાં આત્માનું હિત છે. સકળ શાસ્ત્રોપદેશનો સાર પણ એ જ છે અને તેથી કવિવર પંડિત શ્રી વીરવિજયજી મહારાજ બહુ સાદા શબ્દમાં કહી ગયા છે કે–

"બંધ સમય ચિત્ત ચેતીયે, ઉદયે શો સંતાપ સલુણે;
શોક વધે સંતાપથી, શોક નરકથી છાપ સલુણે." બંધ.

સુમન ! જ્ઞાનીભગવંતોએ આ કારણે જ કર્માનુસાર પ્રાપ્ત થએલા અનિષ્ટ ભાવોને દૂર કરવાની ચિંતાને, તે તે અનિષ્ઠ સંયોગો ન થાય તેની ચિંતાને તથા ઈષ્ટ પ્રાપ્ત કરવાની કે પ્રાપ્ત થએલું હોય તે ચાલ્યું ન જાય તેની ચિંતાને આર્ત્ત-ધ્યાન કહ્યું છે; તથા તેવા ઉપાયો ચિંતવવા તેને રૌદ્રધ્યાન કહ્યું છે, અને તે બંને ધ્યાનો નહિ કરવાનું ઉપદેશ્યું છે.

સુમન ! વાતનો સાર એ છે કે–તત્ત્વથી જીવે નવાં કર્મોનાં બંધનો વધારવાં ન જોઈએ, પણ બાંધેલાં કર્મોને તો તે જ્યારે ઉદયને પામે, ત્યારે તેને અનુસાર પ્રાપ્ત થએલી અવસ્થાને ઉચિત કર્ત્તવ્યપાલન કરવાથી જ તોડી શકાય છે; માટે તે કર્ત્તવ્યપાલનને શિષ્ટાચાર કહ્યો છે.

સુમન ! એ રીતે મધ્યસ્થભાવે વિચારતાં સમજાશે કે–લોકાચારો અને કુળધર્મો જીવનું હિત કરનારા છે, એટલું જ નહિ પણ સુમન ! તે તે કુળધર્મોને અનુસરવાનું સત્ત્વ પણ

જીવમાં તે તે કુળના નિમિત્તે પ્રગટે છે. દરિદ્રતા કે હલકું કુળ વગેરે અધિક પુણ્યવાળા જીવોની સેવા કરવાની તથા શ્રીમંતાઈ કે ઉચ્ચ કુળ વગેરે અલ્પ પુણ્યવાળા કે દીન-દુઃખી નિષ્પુણ્યક જીવોની રક્ષા કરવાની પ્રેરણા આપે છે, શક્તિ આપે છે અને નિષ્ઠા પ્રાપ્ત કરાવે છે.

સુમન ! તેના કુળના બળે ભંગી સૂગ કે સંકોચ વિના ગટરો સાફ કરી શકે છે. એ રીતે ક્ષત્રિયકુળના બળે ક્ષત્રિય કર્ત્તવ્યનિષ્ઠ બનીને દુઃખીઆઓની રક્ષા કરી શકે છે, નિર્ધન વગેરે પણ નિર્ધનતાના બળે લક્ષ્મીવંત વગેરેનો વિનય વગેરે કરી શકે છે અને શ્રીમંત પણ શ્રીમંતાઈના બળે દીન-દુઃખીઆઓનાં દુઃખ ટાળવાની કે હળવાં કરવાની વૃત્તિ તથા તદનુરૂપ પ્રયત્નો કરી શકે છે.

સુમન ! એ રીતે કૌટુંબિક આચારો પણ પોતાથી વૃદ્ધોની સેવા અને સ્ત્રી-પુત્રાદિ આશ્રિતોની રક્ષા શીખવે છે. એક જ જીવનની વિવિધ અવસ્થાઓ પણ એ જ શિક્ષણ આપે છે. બાલ્યાવસ્થા સેવા-વિનય વગેરેથી અને યૌવનાદિ અવસ્થાઓ વધારામાં આશ્રિતોની રક્ષાથી કૃતાર્થ થાય છે.

સુમન ! એ રીતે લોકાચારો, કુળધર્મો અને બીજા પણ શિષ્ટાચારો જીવને સેવા અને રક્ષાનું શિક્ષણ, પ્રેરણા તથા સત્ત્વ આપી તેના કર્ત્તવ્યોમાં નિષ્ઠ બનાવે છે અને એ કર્ત્તવ્યો કરતો જીવ કૃતકૃત્ય બને છે.

સુમન ! તત્ત્વજ્ઞો કહે છે કે-માતા-પિતાદિ કે દેવ-ગુર્વાદિ પૂજ્યોની સેવા કરવાથી જીવનમાં સેવાવૃત્તિ પ્રગટ થાય છે

અને તેથી પોતાના આશ્રિતવર્ગનું રક્ષણ કરવાની તેનામાં યોગ્યતા પ્રગટે છે, જે પૂજ્યોની સેવામાં ઉપેક્ષા કે અનાદર સેવે છે, તેનામાં આશ્રિતોનું રક્ષણ કરવાની વૃત્તિ, શક્તિ કે નિષ્ઠા કદાપિ પ્રગટતાં નથી.

સુમન ! શ્રી નમસ્કાર મહામંત્ર અને નમસ્કારભાવનું મહત્ત્વ સમજવા માટે આટલી હકીકત તને કહી છે. જૈન-અજૈન શાસ્ત્રોમાં પ્રાણને ભોગે બીજા જીવોની રક્ષા કરનારા સત્ત્વશાળી મહાત્માઓનાં જે દૃષ્ટાન્તો મળે છે, તે સત્ત્વ ખીલવવા માટે તેઓએ કરેલી પૂજ્યવર્ગની સેવાનું પરિણામ છે. શ્રી મેતારજ મુનિએ એક પક્ષીની રક્ષા માટે પ્રાણ આપ્યો, શ્રી શાન્તિનાથ પ્રભુના જીવે દશમા ભવમાં રાજા છતાં શરણે આવેલા એક પારેવાના રક્ષણ માટે કાયાનું બલિદાન કર્યું, કે મહારાજા કુમારપાળે એક મંકોડાની દયા કરતાં પોતાની ચામડી કાપી, વગેરે જે આપણે સાંભળીએ છીએ, તેમાં તેઓએ કરેલી પૂજ્યોની સેવાથી પ્રગટેલા સત્ત્વનું એ ફળ હતું, એમ આપણે માનવું જોઈએ.

સુમન ! સેવા અને રક્ષારૂપ આ શિષ્ટાચારો એવા છે કે-તેના પાલનથી જીવમાં વિનય-સેવારુપ નમસ્કારભાવ અને અહિંસારક્ષારૂપ સામાયિકધર્મ પ્રગટે છે. સેવા અને રક્ષા એવા સંકલિત છે કે-એકની સિદ્ધિમાં બીજાની સિદ્ધિ થાય છે અને એકના અભાવે બીજાનો અભાવ થાય છે. તેમાંથી પ્રગટ થતો નમસ્કારભાવ અને સામાયિકધર્મ પણ એ રીતે સંકલિત છે. પરસ્પરના બળે વૃદ્ધિ પામતા તે આત્માને શાશ્વત સુખનો ભોગી બનાવે છે.

સુમન ! એ રીતે ધર્મના મૂળમાં રહેલા શિષ્ટાચારોમાં ધર્મના ફળરૂપ મોક્ષને આપવાનું સામર્થ્ય છે. તેના પાલન વિના લૌકિક-લોકોત્તર એક પણ સુખને પામી શકાય નહિ.

સુમન ! માર્ગાનુસારિતાના પાંત્રીશ ગુણો એ શિષ્ટાચારનું પાલન છે અને શિષ્ટાચારની પ્રશંસારૂપ તેનો બીજો પ્રકાર તે શિષ્ટાચારનું દાન છે.

સુમન ! અન્ય જીવોને શિષ્ટાચારી બનાવવાની વૃત્તિ વિનાનું કેવળ શિષ્ટાચારનું પાલન અપૂર્ણ રહે છે, યથાર્થ-ભાવને પામતું નથી. માટે શિષ્ટાચારનું દાન કરવાનો ઉપાય જે તેની પ્રશંસા, તે આવશ્યક હોવાથી અહીં તેને કહ્યો છે. એ પ્રશંસા અંગે આપણે હવે પછી વિચારીશું.

卐

# [૧૩]

સુમન ! શિષ્ટાચાર એ જગતમાં સર્વ આસ્તિકદર્શન-માન્ય સાધારણ ધર્મ છે, સર્વ ધર્મની ભૂમિકા છે, આત્મધર્મ રૂપી કલ્પવૃક્ષનું બીજ છે, લૌકિક–લોકોત્તર સર્વ સુખોનો આધાર છે, જીવોનો રક્ષક છે, ગુણ માત્રનો પિતા છે, સર્વ દુઃખોમાંથી છૂટવાનો અનન્ય અસાધારણ ઉપાય છે, અથવા જીવ માત્રનો સાચો પ્રાણ છે. એમ જીવનું જે કંઈ હિતકર કહો, તે શિષ્ટાચારનું પાલન છે. એને માતા કહો, પિતા કહો, બંધુ કહો, મિત્ર-કહો, સર્વ વિદ્યાની વિદ્યા કહો, કે સર્વ પ્રકારનું ધન કહો, જીવનું સર્વસ્વ એક જ શિષ્ટાચારનું પાલન છે.

સુમન ! ત્રણેય કાળમાં જીવનું હિત કરનાર શિષ્ટાચારને જગતમાં જીવંત રાખવો, એ જ એક મનુષ્યનું કર્ત્તવ્ય છે. સર્વ કર્ત્તવ્યોનું તે એક કર્ત્તવ્ય છે, તેથી તેની પ્રશંસા કરવી અનિવાર્ય છે, કારણ કે-શિષ્ટાચારનું દાન કરવાનો અને તેનું પાલન અખંડ રાખવાનો ઉપાય એક જ તેની પ્રશંસા છે.

સુમન ! પોતાના કે બીજાઓના શિષ્ટાચારના પાલને આપણા ઉપર વિવિધ અને વિશિષ્ટ ઉપકારો કર્યા છે, તેથી તેની સેવા અથવા તેને જીવંત રાખવાનો વિધિપૂર્વકનો યથા-

શક્ય પ્રયત્ન જો આપણે ન કરીએ, તો કૃતઘ્ન બનીએ. કૃતઘ્નતા એ મોટામાં મોટું પાપ છે.

સુમન ! જન્મ દેનારી જનેતાના ઉપકારો કરતાંય શિષ્ટાચારોના ઉપકારો આપણા ઉપર ઘણા છે. એનું વર્ણન કયા શબ્દોમાં કરી શકાય ?

સુમન ! ભૂતકાળમાં અજ્ઞાન–મોહ વગેરે આપણા દોષોથી શિષ્ટાચારનો દ્રોહ કરીને આપણે જયારે જયારે દીન–દુઃખી–આંધળા–બ્હેરા–બોબડા–અનાથ–રાંક–નિરાધાર બની અસહ્ય દુઃખોના ભોગ બન્યા, ત્યારે ત્યારે એ દુઃખોથી બચાવવા કે દિલાસો આપી દુઃખમાં સમાધિ કેળવવા માટે જે શિષ્ટાચારીઓએ આપણને ઓછા–વધુ પ્રમાણમાં ઉપકાર કર્યો; અથવા કોઈ તથાવિધ પુણ્યના બળે આપણને વિવિધ વૈભવ અને ભોગસામગ્રી કે ગુણસમ્પત્તિ મળી હશે, ત્યારે પણ અહંકારને વશ થયા વિના તેના બળે સ્વ–પરહિત કર્યું હશે, તે સઘળો ઉપકાર તત્ત્વથી શિષ્ટાચારોનો જ છે, એમ હવે તને સમજાયું હશે.

સુમન ! જો જગતમાં શિષ્ટાચારો કે તેના પાલકો ન હોત, તો આપણી દયા કોણ કરત ? અથવા આપણે સુખના પ્રસંગે અહંકારથી બચીને સદાચારનું પાલન કયી રીતે કરી શકત ? એમ સુખ–દુઃખનાં આકરાં આક્રમણોમાંથી આપણને બીજું કોણ બચાવી શકત ?

આજે મળેલો મનુષ્યભવ, આર્યદેશ, ઉત્તમ કુળ, દીર્ઘ આયુષ્ય, થોડી–ઘણી બુદ્ધિ, જ્ઞાન, વિવેક કે વિનય તથા આરોગ્ય અને જીવન માટે જરૂરી ધનસંપત્તિ ઉપરાંત આત્મહિતની

પણ સામગ્રી વગેરે જે કંઈ સારૂં મળ્યું છે, તે પૂર્વે શિષ્ટાચારનું પાલન કર્યાનો જ પ્રભાવ છે.

એ રીતે સુમન ! વર્ત્તમાનમાં પણ આપણે શિષ્ટાચારની કૃપાથી જીવીએ છીએ. જો દુનિયામાંથી શિષ્ટાચારો મટી જાય અને દુરાચારોનું સામ્રાજ્ય વર્તે, તો એવો ઉલ્કાપાત પ્રગટે કે-કોઈ સુખે ખાઈ પણ શકે નહિ. ત્રણેય કાળમાં-ત્રણેય લોકમાં જેટલે અંશે શિષ્ટાચારનું પાલન નબળું પડે, તેટલે અંશે દુઃખોની વૃદ્ધિ થાય છે.

સુમન ! આજનો માનવી જે વિવિધ કષ્ટો ભોગવી રહ્યો છે, તે કષ્ટો શિષ્ટાચારરૂપ કર્ત્તવ્યપાલનની સ્વ-પરની જવાબદારીને ભૂલીને અસદાચારોનું સેવન કરવાનું પરિણામ છે. એમ છતાં સુમન ! અજ્ઞાન અને મોહની નાગચૂડમાં ફસાએલો માનવી જેમ પોતાના પાલકનો દ્રોહી બને, તેમ તે શિષ્ટાચારોનો વિરોધી બનતો જાય છે. તુચ્છ એવા કૃત્રિમ સુખના લેશની પાછળ ઘેલો બનીને, તે પોતાના સાચા પાલક અને રક્ષક એવાં અહિંસા, સત્ય, નીતિ, બ્રહ્મચર્ય, શીયળ, ઔદાર્ય, પરોપકાર, દાન, દયા, ક્ષમા, વિનય, સરળતા, સંતોષ વગેરેનું અપમાન કરી રહ્યો છે; ઉપરાંત જીવનું સર્વસ્વ હરણ કરનારા અને દુઃખોની ખાડીમાં ફેંકનારા હિંસા, અસત્ય, અનીતિ, અબ્રહ્મ, લોભ, કાર્પણ્ય, ક્રોધ, કલહ, ઈર્ષ્યા, અસૂયા, અહંકાર, કૂડ-કપટ અને ક્રૂરતા વગેરે અસદાચારોનો પક્ષકાર બની રહ્યો છે. તે કાળે તેને શિષ્ટાચારનું મહત્ત્વ સમજાવવા માટે પ્રશંસા કરવી અને તેને સન્માર્ગે વાળવો, તે અતિ આવશ્યક છે.

સુમન ! આ એક અટલ સત્ય છે કે-જેમ જેમ શિષ્ટાચારોનું પાલન ઘટે-તૂટે, તેમ તેમ દુઃખોની વૃદ્ધિ થાય અને જેમ જેમ શિષ્ટાચારનું પાલન વધે અને સુદૃઢ બને, તેમ તેમ ચારેય ગતિના જીવોનાં દુઃખો ઓછાં થાય-સુખની વૃદ્ધિ થાય; કારણ કે-બાહ્ય-અભ્યંતર સર્વ સુખોની જનેતા શિષ્ટાચારની રક્ષા છે. જેમ માતા વિના પુત્ર ન જ જન્મે, તેમ શિષ્ટાચારના પાલન વિના સુખ કદાપિ ન મળે.

એમ સુમન ! ભવિષ્યનું સુખ પણ શિષ્ટાચારના પાલનથી જ મળી શકે છે.

સુમન ! સર્વ જીવોના સુખને જોઈ પ્રસન્ન થવું, એ પણ શિષ્ટાચાર છે. તેથી અન્ય જીવોને સુખી જોવાની જ્યાં સુધી આપણી ભાવના ન જાગે કે તેઓનું સુખ આપણને ન ગમે, ત્યાં સુધી આપણે કદાપિ સુખી થઈ શકીએ નહિ. માટે સર્વ સુખી થાય, તે માટે સર્વ સદાચારી બનો ! કોઈ પાપ ન કરો ! અને સર્વનાં દુઃખ નાશ પામો !-એવી વૃત્તિ આપણે સેવવી જોઈએ. જ્યાં સુધી આ પરાર્થવૃત્તિ ન પ્રગટે, ત્યાં સુધી આપણામાં રહેલા માનનો નાશ થાય નહિ.

સુમન ! અનુપકારવૃત્તિને પણ જ્ઞાનીઓ માન કહે છે. *જીવમાં જ્યાં સુધી માન છે-અહંવૃત્તિ છે, ત્યાં સુધી સ્વાર્થ-વૃત્તિ રહે છે અને એ સ્વાર્થવૃત્તિના ફળરૂપે અનુપકારવૃત્તિ પ્રગટે છે. એથી ફળમાં હેતુનો ઉપચાર કરીને અનુપકારવૃત્તિને માન કહેલું છે.

* " हीला निरुपकारित्वं निरवमानता अविनय परगुणप्रच्छादनता एतान्यपि मानर्ध्वानिनाऽभिधीयन्ते "
(ઉપદેશમાળા ગા. ૩૦૬ની શ્રી સિદ્ધર્ષિ કૃત ટીકા.)

સુમન ! એ આપણી અનુપકારવૃત્તિને-માનને દૂર કરવા માટે પણ જગતના જીવો સુખી થાય, એવી પરાર્થવૃત્તિપૂર્વક તેઓને શિષ્ટાચારી બનાવવા માટે શિષ્ટાચારની પ્રશંસા કરવી અનિવાર્ય છે.

સુમન ! મનુષ્યને મળેલી મન, વચન અને કાયારૂપ મૂલ્યવાન સામગ્રીનું અને તેની અચિંત્ય શક્તિનું જો કોઈ પણ તાત્ત્વિક ફળ હોય, તો તે ત્રણેય યોગો દ્વારા શિષ્ટાચારનું પાલન અને પ્રશંસા કરવી તે છે. મનથી શિષ્ટાચારોનો પક્ષ કરવો, તેના પ્રત્યે આદર-બહુમાન-પ્રિતિ-સદ્ભાવ પ્રગટાવવો, વચનથી શિષ્ટચારપાલનનાં ઉત્તમ ફળો અને તેના ઉપકારો વર્ણવવા તથા તેના પાલન વિના થતી બાહ્ય-અભ્યંતર હાનિ વગેરેનું વર્ણન કરી અન્ય જીવોને શિષ્ટાચારના પક્ષકાર બનાવવા ઉપરાંત કાયાથી પણ યથાશકચ વિધિપૂર્વક શિષ્ટાચારનું પાલન કરવું. એમ મન, વચન તથા કાયા-એ ત્રણેય યોગોને શિષ્ટચારના પાલન તથા પ્રાચારમાં પ્રવર્તાવવા, એ શિષ્ટાચારની ત્રિવિધ સેવા છે.

સુમન ! શિષ્ટાચારનો પક્ષ જાગ્યા વિના તેના લાભનું વર્ણન કરવું કે તેના પાલનનો ઉપદેશ કરવો, તે શુષ્ક હોવાથી સાચી પ્રશંસારૂપ બનતો નથી. એ રીતે પક્ષ હોવા છતાં તેના પાલન વિના કરાતો ઉપદેશ પણ પ્રાયઃ બીજાને અસર ઉપજાવી શકતો નથી. તેથી શિષ્ટાચારની પ્રશંસા માટે સૌથી પ્રથમ તેના પ્રશંસકમાં શિષ્ટાચારનો પક્ષ પ્રગટવો જોઈએ અને તેની સાથે યથાશકય પાલન પણ કરવું જોઈએ. જે જે આચારોનું પાલન ન કરી શકાય, તે પણ કરવા માટેની શ્રદ્ધા

હોવી જોઈએ. ઉપરાંત વચનથી તેની પ્રશંસા અને અસદાચારોની નિંદા કરવી જોઈએ. શિષ્ટાચારની પ્રશંસાનો આ ઉત્સર્ગ અથવા રાજમાર્ગ છે.

એમ છતાં સુમન ! એમાં એકાન્ત નથી. શિષ્ટાચારનો પક્ષ કે પાલન ઈચ્છા માત્રથી શકય નથી. તે માટે જ્ઞાનવરણીયાદિ કર્મોનો તથાવિધ ક્ષયોપશમ પણ જરૂરી છે. એથી જેનામાં તેવો ક્ષયોપશમ ન પ્રગટયો હોય, તેણે પણ તેની વાચિક પ્રશંસા કરવી જોઈએ. ઉપરાંત પક્ષ વિના પણ કુળાચાર કે કર્ત્તવ્ય સમજીને પણ તેનું પાલન કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. એમ કરવાથી શિષ્ટાચારના પાલનમાં નડતા વિરોધી કર્મો નબળા પડે છે અને ક્ષયોપશમના પ્રમાણમાં શિષ્ટાચારપાલન પ્રત્યે આદર તથા પાલનનું સત્ત્વ પ્રગટે છે. એમ શિષ્ટાચારની માત્ર વાચિક પ્રશંસા પણ સ્વ–પર હિતકર બને છે.

સુમન ! 'महाजनो येन गतः स पन्थाः'–એ ઉક્તિને અનુસાર મનુષ્યનો એવો સ્વભાવ છે કે–મોટા માણસો જે વર્તન કરે, તેવું વર્તન કરવા તે પ્રેરાય છે. તેથી મનુષ્ય જેમ જેમ અધિક પુણ્યના બળે મહાન્ બનતો જાય, તેમ તેમ સ્વ–પરહિતની દૃષ્ટિએ શિષ્ટાચારનું પાલન કરવાની તેની જવાબદારી વધતી જાય છે. તત્ત્વથી ઉંમર કે પ્રાપ્તસંપત્તિ વગેરેના કારણે મનુષ્ય મોટો બનતો નથી, કિન્તુ જેની શિષ્ટાચારપાલનની જવાબદારી અધિક બને છે અને એ જવાબદારીને સમજીને જે તેનું પાલન કરે છે, તે પુરુષ તત્ત્વથી મહાન્ બને છે.

સુમન ! ચારેય ગતિના જીવોમાં મનુષ્યભવની કિંમત જે અધિક છે, તે મનુષ્યની શિષ્ટાચારપાલનની જવાબદારીને

કારણે છે. મનુષ્યમાં પણ જે ઉચ્ચ કુળ વગેરે પામ્યો છે, તેની જવાબદારી અન્ય મનુષ્યોની અપેક્ષાએ અધિક છે. અને તેમાં પણ સર્વ જગતનું કલ્યાણ કરનાર શ્રી વીતરાગદેવનું શાસન જેને મળ્યું છે, તે સર્વ ધર્મીઓ કરતાં અધિક પુણ્યવાન હોવાથી શિષ્ટાચારપાલનની અને પ્રચારની જવાબદારી તેની ઘણી વધારે છે. એ કારણે શ્રી જૈનદર્શનમાં શ્રાવકના અને સાધુના આચારોના પાલન ઉપર ઘણો ભાર મૂકાયો છે.

સુમન ! વાચકપ્રવર શ્રી ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થ જેવા ગંભીર અને સર્વમાન્ય ગ્રન્થની આદિમાં 'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः'-એ સૂત્રથી જે મંગલ કર્યું છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન તથા ચારિત્રની જે ઉપાદેયતા જણાવી છે, તેની સાથે શિષ્ટાચારપાલનનો અને પ્રશંસાનો કેવો ગાઢ સંબંધ છે, તે હવે પછી વિચારીશું.

卐

## [૧૪]

સુમન ! 'શિષ્ટાચારની પ્રશંસા'-એ એક એવો ગુણ છે કે-તેનું ચિંતન જેમ અધિક થાય, તેમ તેનું મહત્ત્વ અધિકાધિક સમજાય છે.

તું જાણે છે કે-વિશ્વના સકળ જીવોમાં શ્રી અરિહંત દેવોનો આત્મા ઉત્તમોત્તમ હોય છે, આરાધનાના ફળરૂપે તેઓને સર્વશ્રેષ્ઠ શ્રી તીર્થંકરપદની પ્રાપ્તિ થાય છે અને આ તીર્થંકરપદનું શ્રેષ્ઠતમ કાર્ય શાસનની સ્થાપના છે. એથી એમ સ્વીકારવું જ પડશે કે-શ્રી જૈનશાસન એ વિશ્વમાં એવું કલ્યાણપ્રદ શાસન છે કે-તેની તુલનામાં કોઈ ન આવે.

સુમન ! આવા કલ્યાણપ્રદ-સર્વશ્રેષ્ઠ શ્રી જૈનશાસનનો ઉદ્દેશ કેવળ જીવોને સદાચાર પળાવવાનો અને પ્રચારવાનો છે. જો તેના સર્વ વિધિ-નિષેધો આચારનું આદાન-પ્રદાન કરવા-કરાવવા અને અનુમોદવાની પ્રેરણા આપે છે, તો આચાર એ વિશ્વની કેટલી મૂલ્યવાન વસ્તુ છે, તે તારે સમજવું જોઈએ.

સુમન ! આચારના પાલન અને પ્રદાન વિના મુક્તિના પંથે પ્રયાણ કરવું કોઈ રીતે શક્ય નથી, માટે તો મોક્ષ-માર્ગરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ આત્માના ત્રણેય

ગુણોમાં આચારનું પાલન અને પ્રશંસા વ્યાપક છે. અથવા આચાર એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે.

સુમન ! સમ્યગ્દર્શનના આઠ આચારો પૈકી નિઃશંકતાદિ ચાર આચારો નિશ્ચયનયપ્રધાન છે અને ઉપબૃંહણ, સ્થિરીકરણ, વાત્સલ્ય તથા પ્રભાવના–એ ચાર વ્યવહારનયપ્રધાન છે. વ્યવહાર અને નિશ્ચય બન્ને તત્ત્વો પરસ્પર એવાં સાપેક્ષ છે કે–એકના અભાવે બન્નેનો અભાવ થાય. એટલું જ નહિ, સુમન ! અપેક્ષાએ નિશ્ચય કરતાં વ્યવહારનું મૂલ્ય અધિક છે. નિશ્ચય સ્વ–ઉપકારક છે અને વ્યવહાર સ્વ–પર ઉપકારક છે. માટે સમ્યગ્દર્શનગુણની આરાધના માટે ઉપબૃંહણાદિ વ્યવહાર અનિવાર્ય છે.

સુમન ! આ ઉપબૃંહણ અન્યને આચાર પ્રત્યે આદર વધે એવા પ્રયત્નો કરવાથી થાય છે. આચારપાલન માટે સામાનો ઉત્સાહ જેમ વધે તેમ આચારનું મહત્ત્વ સમજાવવું, તેના ફળોનું વર્ણન કરવું અને આચારપાલન પ્રત્યે તેની પ્રીતિ વધે એ રીતે તેનું માન–સન્માન–બહુમાન વગેરે કરવું. તે સઘળું ઉપબૃંહણ છે અને તે આચારની પ્રશંસારૂપ છે.

સ્થિરીકરણ પણ એવો જ ગુણ છે. આચારપાલન પ્રત્યે અસ્થિર–ચલવિચલ બનેલા જીવોને તેનાથી થતા લાભો સમજાવીને કે જરૂરી સહાય કરીને આચારમાં સ્થિર કરવા, તેને સ્થિરીકરણ કહેવાય છે. આમાં પણ બીજાને આચારમાં સ્થિર કરવા કરાતા વિવિધ પ્રયત્નો તત્ત્વથી આચારની પ્રશંસારૂપ જ છે.

દર્શનાચારનો ત્રીજો અથવા સાતમો પ્રકાર છે વાત્સલ્ય ! આ વાત્સલ્ય અન્ય સદાચારી જીવો પ્રત્યે મમતારૂપ છે.

તેઓના સદાચરણથી પ્રસન્ન થવું, વગેરે ભાવવાત્સલ્ય છે અને વિવિધ રીતે તેઓની સેવા–ભક્તિ કરવી તે દ્રવ્યવાત્સલ્ય છે. આ વાત્સલ્ય પણ તત્ત્વથી આચારના બહુમાનરૂપ હોવાથી માનસિકી આચારપ્રશંસા છે.

અને સુમન! દર્શનાચારનો આઠમો પ્રકાર પ્રભાવના છે, કે જેનું મૂલ્ય ભાવનાથી પણ અધિક કહ્યું છે. તે તો આચારનું દાન કરવા માટે જ છે. શ્રી જૈનશાસનનો પ્રભાવ વધે, તેના પ્રત્યે અન્ય જીવોને આકર્ષણ થાય, તેની આરાધનામાં જોડાય, તેની પ્રશંસા કરે અને તેના પ્રત્યે બહુમાનવાળા બને, તેવાં વિશિષ્ટ કાર્યો કરવાદ્વારા જગતમાં શ્રી જૈનશાસનનું અર્થાત્ સદાચારનું મહત્ત્વ વધારવું, તેને પ્રભાવના કહેવાય છે. શ્રી જૈનશાસનની પ્રભાવના જેવું સુમન! કોઈ પુણ્યકાર્ય નથી અને તેની અપભ્રાજના જેવું બીજું પાપ નથી. આ પ્રભાવના પણ અન્ય જીવોને શ્રી જૈનશાસન પ્રત્યે અર્થાત્ આચાર પ્રત્યે સન્માન પ્રગટાવવાના ઉદ્દેશથી કરાતી હોવાથી, તે પણ શિષ્ટાચારની પ્રશંસારૂપ છે.

એ રીતે સુમન! સમ્યગ્દર્શનની આરાધનામાં શિષ્ટાચાર-પ્રશંસા વ્યાપક છે, તેમ સમ્યગ્જ્ઞાન પણ સદાચારના પક્ષરૂપ અને અસદાચારના પ્રતિપક્ષરૂપ હોવાથી, તત્ત્વથી તે સદાચારનું પ્રશંસક છે. જે જ્ઞાન કે શાસ્ત્ર સદાચારનું પ્રેરક અને અસદાચારનું અવરોધક ન હોય, તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન નથી અને એવું શાસ્ત્ર સમ્યગ્શાસ્ત્ર નથી. શાસ્ત્રો ભણવાં, બીજાને ભણાવવાં કે ભણનારને સહાય કરવી, વગેરે શ્રુતજ્ઞાનની સઘળી ઉપાસના સદાચારના આદાન–પ્રદાનરૂપ છે, પાળવા–પળાવવારૂપ છે. જો

શાસ્ત્રના પઠન-પાઠન વગેરેમાં સદાચારને પ્રાપ્ત કરવા-કરાવવાનું ધ્યેય ન હોય, તો તે તત્ત્વથી શ્રુતની ઉપાસના જ નથી. એથી તને સમજાશે કે-શ્રુતની-જ્ઞાનની નાની-મોટી સઘળી ઉપાસના, એ તત્ત્વથી સદાચારની જ ઉપાસના છે અને તેથી તે શિષ્ટાચારપ્રશંસારૂપ છે.

સુમન ! મોક્ષસાધનામાં ત્રીજો નંબર ચારિત્રનો છે. આ ચારિત્ર એટલે સદાચારનું પાલન ! અને તેના પાલનપૂર્વક બીજા જીવોને સદાચારનું દાન કરવાનો પુણ્ય-પવિત્ર પ્રયત્ન, એમ ચારિત્ર પણ સદાચારની પ્રશંસારૂપ છે જ.

સુમન ! એ રીતે મોક્ષપ્રાપ્તિના ઉપાયોરૂપ આત્માના દર્શન-જ્ઞાન અને ચારિત્રગુણોની આરાધના તત્ત્વથી શિષ્ટાચારની માનસિકી, વાચિકી અને કાયિકી પ્રશંસારૂપ છે; અને તેથી મોક્ષની સાધના માટે શ્રી જિનેશ્વરોએ સ્થાપેલું શ્રી જિનશાસન પણ તત્ત્વથી શિષ્ટાચારનું પ્રશંસક છે.

સુમન ! મૃષાવાદ, કલહ, અભ્યાખ્યાન, પૈશૂન્ય, પરપરિવાદ અને માયામૃષાવાદ-એ છ દોષો અસદાચારના પોષક અને સદાચારના ઘાતક-નિંદક હોવાથી તેને પાપસ્થાનકો કહ્યાં છે. પુણ્યપ્રાપ્ય જીહ્વાઈન્દ્રિયનું ફળ શિષ્ટાચારની પ્રશંસા કરવી તે છે અને તેનું પાપ અન્ય જીવોને સદાચાર પ્રત્યે અનાદર જન્મે-અસદાચારનો પક્ષ વધે તે રીતે બોલવું તે છે. એ જ કારણે સુમન ! ચારિત્રની માતા તરીકે વર્ણવેલી અષ્ટપ્રવચનમાતામાં ભાષાસમિતિ અને વચનગુપ્તિનું વિધાન કરી જીહ્વાઇન્દ્રિયને પુણ્યાનુબંધી પુણ્યનું સાધન બનાવવાની વ્યવસ્થા

છે. એના પાલન વિના મૃષાવાદ વગેરે જીહ્વાનાં પાપોથી બચી શકાય તેમ નથી. વ્રતોમાં મૃષાવાદવિરમણરૂપ સત્ય વ્રતનું વિધાન પણ જીહ્વાનાં પાપોથી બચી તેને પુણ્યાનુબંધી પુણ્ય-સ્વરૂપ બનાવવા માટે છે.

સુમન ! અન્ય ઇન્દ્રિયો માત્ર પોતાના શબ્દાદિ વિષયોને ગ્રહણ કરી આત્માને તેના ગુણ–દોષનું જ્ઞાન કરાવે છે, જ્યારે જીહ્વા સ્વવિષયનું જ્ઞાન કરાવવા ઉપરાંત પાંચેય ઇન્દ્રિઓથી પ્રાપ્ત થયેલા જ્ઞાનનું બીજાને દાન કરવામાં પણ સાધન બને છે. એ અપેક્ષાએ જીહ્વાનું કાર્ય ઘણું મહત્ત્વનું છે અને તત્ત્વથી તે શિષ્ટાચારની પ્રશંસારૂપ જ છે. જેઓ પોતાને પુણ્યથી પ્રાપ્ત થયેલી જીહ્વાદ્વારા સદાચારની પ્રશંસા થાય તેવું બોલે છે, તેઓ પુણ્યાનુબંધી પુણ્યના ભાગી બની ઉત્તરોત્તર આત્મ-વિકાસની અધિકાધિક સામગ્રીને પામી શકે છે અને તેનો સદુપયોગ કરી સ્વ–પરકલ્યાણ સાધી શકે છે.

માટે સુમન ! જીવનું કર્ત્તવ્ય છે કે–તેણે પોતાને પુણ્યથી મળેલી જીહ્વાદ્વારા શિષ્ટાચારની પ્રશંસા કરી અન્ય જીવોને શિષ્ટાચારના પક્ષકાર, પાલક અને પ્રચારક બનાવવા જોઈએ.

સુમન ! જેમ શિષ્ટાચારની પ્રશંસાથી અન્ય જીવોને ઉપકાર કરી શકાય છે, તેમ શિષ્ટાચારના પ્રશંસકને પણ ઘણો લાભ થાય છે. શિષ્ટાચારપ્રશંસા કરનારને એવું પુણ્ય બંધાય છે કે–તેના બળે તે સદાચારનો પક્ષ, પાલન અને પ્રચાર કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. આ યોગ્યતા એ જ જીવની ચારિત્રની યોગ્યતા છે; અને તેના પરિણામે સમ્યગ્દર્શન, જ્ઞાન

અને ચારિત્રનો આરાધક બની જીવ ઉત્તરોત્તર મુક્તિનાં સુખોને પણ મેળવે છે.

સુમન ! ગુણનો પક્ષ પ્રગટ્યા વિના તત્ત્વથી ગુણો પ્રગટતા નથી અને ગુણનો પક્ષપાતી ગુણ-ગુણીની યોગ્ય પ્રશંસા કર્યા વિના રહી શકતો નથી. એથી સમજવું જોઈએ કે-ગુણની-સદાચારની પ્રશંસા જે કરતો નથી, તે તત્ત્વથી ગુણ કે સદાચારી નથી. જેનામાં ગુણનો પક્ષ જન્મે છે, તે તેની યોગ્ય પ્રશંસા કરે જ છે અને એ પ્રશંસાથી પ્રાપ્ત થએલા પુણ્યના બળે ઉત્તરોત્તર વિશિષ્ટ ગુણોનું ભાજન બને છે.

એમ સુમન ! ગુણપ્રાપ્તિનો પ્રબળ ઉપાય ગુણની પ્રશંસા છે અને શિષ્ટાચાર એ ગુણસ્વરૂપ છે, તો તેની પ્રશંસા અનિવાર્ય છે.

સુમન ! શિષ્ટાચારની પ્રશંસા, એ તત્ત્વથી શ્રી અરિહંતાદિ પંચપરમેષ્ઠિ ભગવંતોની ભક્તિ છે, તેઓને નમસ્કારરૂપ છે, જગતના કલ્યાણ માટે તેઓએ સ્થાપેલા શાસનની સેવા છે, સદાચારના પાલક અને પ્રચારક ગુરુવર્ગની ઉપાસના છે, તેમજ ગુણપ્રાપ્તિના ઉપાયરૂપે ધર્મની સાધના છે.

એમ શિષ્ટાચારપ્રશંસા દેવ-ગુરુ અને ધર્મની સેવારૂપ છે. તેથી તે જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનારૂપ પણ છે, અનાદિ અસદાચારનો પક્ષ અને પ્રચાર કરી બાંધેલા પાપકર્મોને તોડવાનો તે ઉપાય પણ છે, અહંકારને દૂર કરી નમસ્કારભાવને પ્રાપ્ત કરવાનો પુણ્ય પ્રયત્ન છે અને આ રીતે આત્માનું શ્રેયઃ કરનાર હોવાથી માર્ગાનુસારિતારૂપ પાયાના ધર્મમાં શિષ્ટાચારની પ્રશંસા કરવાનું વિધાન છે.

એ રીતે સુમન! તું જેમ જેમ ચિંતન કરીશ, તેમ તેમ ગૃહસ્થના સામાન્યધર્મરૂપે ઉપદેશેલી માર્ગાનુસારિતા અને તેના પ્રત્યેક પ્રકારોમાં રહેલી મોક્ષપ્રદાયક શક્તિઓનો તને ખ્યાલ આવશે, તેમજ તે પછી ધર્મઆરાધનનું પવિત્ર સત્ત્વ પ્રગટશે.

સુમન! શિષ્ટાચારપ્રશંસાને પુણ્યાનુબંધી પુણ્ય સાથે કેવો સંબંધ છે, વગેરે વાતો આપણે હવે પછી વિચારીશું.

卐

## [૧૫]

સુમન ! આજે આપણે ત્રણ માસ પછી મળીએ છીએ. તેમાં તારી જિજ્ઞાસા વધારવાનો ઉદ્દેશ હતો અને તે સફળ થયો છે. જેમ મયૂર મેઘની રાહ જુએ, તેમ આપણી મુલાકાતને અન્ય જિજ્ઞાસુઓ પણ જોઈ રહ્યા છે.

સુમન ! છેલ્લી મુલાકાતને અંતે મેં તને શિષ્ટાચાર-પ્રશંસાની સાથે પુણ્યાનુબંધી પુણ્યનો કેવો ઘનિષ્ઠ સંબંધ છે, તે સમજવા કહ્યું હતું તે તને યાદ હશે.

સાંભળ સુમન ! સામાન્ય રીતે તો જડ–બંધનરૂપ હોવાથી આઠેય કર્મો હેય છે પણ તેમાં એકાન્ત નથી. પુણ્યકર્મ એ કર્મનો જ એક પ્રકાર છે અને છતાં શાસ્ત્રોમાં તેને ઉપાદેય પણ કહ્યો છે.

સુમન ! લોકમાં લોખંડના કડાંને બેડી કહેવાય છે પણ સોનાના કડાંને અલંકાર માનવામાં આવે છે. બન્ને કડારૂપે સામાન્ય છે છતાં એક બેડી છે અને એક અલંકાર છે. અલંકાર મનાતો હોવાથી માણસ તેને હરખે હરખે પહેરે છે. તેમ આશ્રવ (નવાં કર્મોનો બંધ) સામાન્યરૂપે હેય છે, છતાં અશુભ આશ્રવરૂપ પાપ લોખંડની બેડીતુલ્ય હોવાથી લોકને તે ગમતું નથી પણ તેનાથી બચવા માટે પ્રયત્ન કરે છે. જ્યારે પુણ્ય

સોનાની બેડીતુલ્ય છતાં સોનાના કડાની જેમ લોકને ગમે છે અને તેથી લોક તેનો આદર કરે છે. એમાં કારણ એ છે કે-બેડીરૂપ છતાં સોનાનું કડું જીવનોપયોગી બને છે. તેમ પુણ્યકર્મ જીવને જીવનસામગ્રી આપે છે, પાપથી મુક્ત કરે છે અને આખરે આત્માને સર્વ બંધનોથી મુક્ત કરીને પોતે પણ છૂટી જાય છે. આવા પુણ્યને જ જ્ઞાનીઓએ ઉપાદેય કહ્યું છે.

સુમન ! એવા પણ દુર્જનો હોય છે કે-જેઓ સજ્જનના લેબાશમાં રહીને દુર્જનનું કામ કરી લોકોને ઠગે છે. તેમ એક પુણ્ય એવું પણ હોય છે, કે જે દેખાવમાં પુણ્ય છતાં જીવને પાપનો પક્ષકાર બનાવી, અનેક પાપાચરણો કરાવી, તે દ્વારા અનેકવિધ પાપકર્મનો બંધ કરાવી પોતે ખસી જાય છે અને એના વિશ્વાસે પડેલો જીવ દુઃખી થાય છે. એવા પુણ્યને જ્ઞાની-ઓએ ઉપાદેય માન્યું નથી, કિન્તુ તત્ત્વથી પાપ માન્યું છે.

સુમન ! મિત્રો બે પ્રકારના હોય છે. એક મિત્ર ઉપકાર કરીને સુખસામગ્રી પ્રાપ્ત કરાવી, પછી 'રખે, પોતાને તેનો પ્રત્યુ-પકાર લેવાનો પ્રસંગ આવી પડે'-એવા ભયથી ભાગી જાય છે. આવા મિત્રને ધર્મમિત્ર કહેવાય છે. બીજો એવો પણ મિત્ર હોય છે, કે જે ઉન્માર્ગે ચઢાવી, ધન-સંપત્તિ વગેરે સુખસામગ્રીનો પાપાચરણ દ્વારા દુરુપયોગ કરાવી દરિદ્ર બનાવીને, પછી 'રખે મારે સેવા આપવી પડે'-એ ભયથી ભાગી જાય છે. આવા મિત્રને પાપમિત્ર કહેવાય છે.

એ રીતે સુમન ! પુણ્ય પણ એક ધર્મમિત્રની જેમ ઉપકારક અને બીજું પાપમિત્રની જેમ અપકારક હોય છે. જે ઉપકારક છે તેને શાસ્ત્રકારોએ પુણ્યાનુબંધી પુણ્ય કહ્યું છે

અને અપકાર કરે છે તેને પાપાનુબંધી પુણ્ય કહ્યું છે. પહેલાને ઉપાદેય અને બીજાને હેય કહ્યું છે.

સુમન ! આ બન્ને પ્રકારનું પુણ્ય જીવન માટે જરૂરી સામગ્રીને તો આપે છે, પણ પુણ્યાનુબંધી પુણ્યનો એ સ્વભાવ છે કે–તે જીવન માટે જરૂરી સઘળી સામગ્રી પૂરી પાડે છે. તેની સાથે એ સામગ્રીનો સદુપયોગ કરી શકાય તે માટે ચિત્તશુદ્ધિ પણ કરે છે. પાપાનુબંધી પુણ્ય તેથી ઉલટું કામ કરે છે. તે જીવન માટે જરૂરી સામગ્રી તો આપે છે, પણ ચિત્તને મલિન કરે છે. રાગ–દ્વેષ–મોહ–અજ્ઞાન વગેરે દોષોથી ચિત્તને તે એવું દૂષિત કરે છે કે–તે દૂષણોદ્વારા પ્રાપ્તસામગ્રીનો દુરુપયોગ કરી નૂતન પાપકર્મોને બાંધી આત્મા સંસારરૂપી અટવીમાં રખડતો થઈ જાય છે. એ રીતે બન્નેમાં મોટું અંતર છે. એક ઉપકારી છે, બીજું અપકારી છે.

સુમન ! આમ હોવાથી જીવ પાપને વશ પડી જેટલું ઠગાયો નથી અને જેટલો દુઃખી થયો નથી, તેથી અધિક તે પાપાનુબંધી પુણ્યથી ઠગાયો છે. પાપને વશ પડવામાં પણ બહુધા પાપાનુબંધી પુણ્ય કારણભૂત છે. આ અપેક્ષાએ એમ કહી શકાય કે–જીવ આ પુણ્યના વિશ્વાસે દુઃખી થયો છે.

એ કારણે સુમન ! પુણ્યાનુબંધી પુણ્યની આવશ્યકતા છે, કારણ કે–તે ચિત્તશુદ્ધિ કરે છે. તેથી પ્રાપ્ત થયેલી મનુષ્યજન્મ, આર્યદેશ, ઉત્તમ કુળ વગેરે જીવનસામગ્રીથી સુખ ભોગવી શકાય છે; ઉપરાંત ધર્મ–સદાચારનું પાલન વગેરે પણ કરી શકાય છે. અર્થાત્ એમ કહી શકાય કે–આવા પુણ્યાનુબંધી પુણ્યના સહકારથી જીવ પોતાની સઘળી જીવનપ્રવૃત્તિમાં પરાર્થ-

પરાયણ બની, મૈત્રી-પ્રમોદ-કરુણા તથા માધ્યસ્થ્યભાવના બળે રાગ-દ્વેષ-કામ-ક્રોધ-મદ-મોહ-ઇર્ષ્યા વગેરે અંતરંગ શત્રુઓનો પરાજય કરી, ઉત્તરોત્તર આત્મશુદ્ધિ કરતો સર્વ કર્મથી મુક્તિ પણ થઈ શકે છે.

સુમન ! 'પાપ દુષ્ટ છે'-એ તો આબાલવૃદ્ધ સૌ સમજે છે, પણ પુણ્ય દ્રોહ કરે છે એ વાતને વિરલ વ્યક્તિઓ સમજે છે. સૌ સામાન્ય રીતે પુણ્યને ઇચ્છે છે અને તે માટે સત્કાર્યો પણ કરે છે. તથાપિ પુણ્યાનુબંધી અને પાપાનુબંધી-એવો ભેદ ન સમજવાને કારણે સત્કાર્ય કરવામાં જરૂરી શુભ ભાવને (ચિત્તશુદ્ધિને) મહત્ત્વ આપી શકતા નથી. એથી એ સત્કાર્યથી બંધાએલું પાપાનુબંધી પુણ્ય ઉદય વખતે પાપમિત્રનું કામ કરી આત્માને સવિશેષ દુઃખનું પાત્ર બનાવી મૂકે છે.

હવે સુમન ! તને સમજાશે કે-સત્કાર્ય કરવાની જેટલી જરૂર છે તેટલી અથવા તો તેથી ઘણી અધિક જરૂર ચિત્તશુદ્ધિની છે. ચિત્તશુદ્ધિ વિના કરેલું પુણ્યકાર્ય પણ પ્રાયઃ પાપમિત્રની ગરજ સારે છે. જ્યારે સંયોગ-સામગ્રીના અભાવે કે પ્રતિકૂળતાએ પુણ્યકાર્ય ન કરી શકાય કે સદાચાર ન પાળી શકાય, તો પણ ચિત્તશુદ્ધિના બળે પુણ્યકાર્યોની કે સદાચારોની અનુમોદના-પ્રશંસા કરવામાં આવે તો પણ તેથી બંધાએલું પુણ્યાનુબંધી પુણ્ય ધર્મમિત્રનું કામ કરે છે.

સુમન ! જીવને ધર્મના પ્રારંભકાળે જ્યારે ક્ષમાદિ ધર્મો કે મૈત્રી આદિ ગુણો પ્રગટેલા ન હોય, વિષય-કષાયોનું આકર્ષણ હોય અને અહંકાર-ઇર્ષ્યા-દ્રોહ વગેરે પાપોનું જોર હોય, ત્યારે તો એ પાપવૃત્તિઓના નાશ માટે અને મૈત્રી આદિ

શુભ ભાવોને પ્રગટાવવા માટે શિષ્ટાચારની પ્રશંસા અતિ અગત્યની છે; કારણ કે-તેથી ચિત્તશુદ્ધિ સાથે પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત થાય છે.

સુમન ! શિષ્ટાચારોનું પાલન ગુણસ્વરૂપ છે અને ગુણની કે ગુણના લક્ષ્યથી કરેલી ગુણીની પ્રશંસાથી આત્મામાં ક્ષમાદિ ધર્મનાં બીજ વવાય છે. પછી તેના અંકુરરૂપે ચિત્તમાં જ્યારે મૈત્રી આદિ ભાવો પ્રગટે છે, ત્યારે તે અનાદિ વિષય-કષાયોના આકર્ષણરૂપ ચિત્તની મલિનતાને દૂર કરી ચિત્તશુદ્ધિ કરે છે. આ ચિત્તશુદ્ધિના બળે કર્ત્તવ્યનિષ્ઠાથી કરેલાં નાનાં-મોટાં લૌકિક સર્વ કાર્યો શિષ્ટાચારરૂપ બની જાય છે અને સર્વ લોકોત્તર કાર્યો ધર્માચરણરૂપ બની જાય છે. આ શિષ્ટાચરણ અને ધર્માચરણથી બંધાતું પુણ્ય પુણ્યાનુબંધી બનવાથી, તેના ઉદયે મળેલી ધન-શરીર-કુટુંબ વગેરે સઘળી સામગ્રી ધર્મ-સામગ્રી બની આત્માને જિનાજ્ઞાનો પાલક બનાવી ઉત્તરોત્તર પવિત્ર કરે છે.

એમ સુમન ! ધર્મના પ્રારંભ(આદિ)કાળથી માંડીને ધર્મની છેલ્લી-ઊંચી ભૂમિકાએ પહોંચતાં સુધી સઘળી જીવનસામગ્રીને ધર્મસામગ્રી બનાવવા માટે અથવા લૌકિક-લોકોત્તર સર્વ પ્રવૃત્તિઓને ધર્મસ્વરૂપ બનાવવા માટે પુણ્યાનુબંધી પુણ્યની આવશ્યકતા છે અને તે માટે શિષ્ટાચારની-સદાચારની પ્રશંસા જરૂરી છે.

સુમન ! જેમ દરિદ્રને પ્રથમ ધન મેળવવા માટે ધનિકની સેવા કે તેનું ધન વ્યાજે લઇને ધંધો કરવો પડે છે, તેમ ગુણદરિદ્ર-નિર્ગુણી આત્મા અન્ય ગુણવાનોની સેવા તથા તેઓના ગુણની-સદાચારની પ્રશંસાદ્વારા ધર્મસંપત્તિની પ્રાપ્તિ કરી શકે છે.

સુમન ! જે આત્મા કુલાદિના આલંબને સદાચારનું પાલન કરવા છતાં ગુણાનુરાગના અભાવે ગુણ–ગુણીની અનુમોદના કે પ્રશંસા વગેરે કરી શકતો નથી, તે આવું નિર્મળ પુણ્ય પ્રાપ્ત કરી શકતો નથી, કારણ કે–પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ માટે સદાચારના પાલનની સાથે શુભ ભાવની જરૂર રહે છે. માટે સદાચારનું પાલન કરતાં કે તેનું પાલન ન કરી શકાય ત્યારે પણ ગુણાનુરાગ કેળવવો જોઇએ અને તેના બળે ગુણ–ગુણીની અનુમોદના, પ્રશંસા વગેરે કરવાં જોઇએ.

માર્ગાનુસારિતાના પ્રત્યેક ગુણમાં સુમન ! પુણ્યાનુબંધી પુણ્યને પ્રાપ્ત કરાવવાની શક્તિ છે અને તેથી જ તેને પાયાનો ધર્મ કહ્યો છે. તત્ત્વથી પુણ્યાનુબંધી પુણ્યની સહાય વિના જીવના અંતરંગ શત્રુઓનો પરાજય થતો નથી, માટે શિષ્ટાચારપ્રશંસા દ્વારા તેવા પુણ્યને પ્રાપ્ત કરવું જોઈએ. માર્ગાનુસારિતાના આ બીજા પ્રકાર અંગે તને જે કાંઈ કહ્યું છે, તેનું તું જેમ જેમ અધિક ચિંતન–મનન કરીશ, તેમ તેમ તને તેમાં રહેલું તત્ત્વ અધિકાધિક સમજાશે.

卐

# [૧૬]

સુમન ! શિષ્ટાચારની પ્રશંસા પછી માર્ગાનુસારિતાના ત્રીજા ગુણમાં જ્ઞાનીઓએ આર્યકુળોની વિવાહવ્યવસ્થાનું પાલન કરવાનું કહ્યું છે. અર્થાત વિવાહ કરવો જો અનિવાર્ય બને, તો પણ તે આર્યકુળોની વિવાહવ્યવસ્થાને અનુસરીને કરવો જોઈએ.

સુમન ! પહેલાં આપણે વિચાર્યું છે કે-તત્ત્વથી ધન મેળવવાની બુદ્ધિ એ પાપ છે, તથાપિ ગૃહસ્થને ધન વિના વ્યવહારો ચાલે નહિ. એ કારણે જો લૌકિક વ્યવહારો અટકી પડે, અથવા પરિણામે ધાર્મિક વ્યવહારોથી પણ વંચિત થવાનો પ્રસંગ આવે, તો ગૃહસ્થને ધન મેળવવું જોઈએ; પણ તે ન્યાયપૂર્વક મેળવવું જોઈએ, કે જેથી સંસારવૃદ્ધિનું કારણ ન બને. સુમન ! ધન મેળવવામાં પણ ન્યાયનું પાલન કરવું તે ધર્મ છે અને તેથી તેને માર્ગાનુસારીધર્મનો પ્રથમ પાયાનો ગુણ કહ્યો છે.

એ રીતે સુમન ! આર્યકુળોની વિવાહવ્યવસ્થા માટે પણ સમજવાનું છે. ચિંતામણી અને કલ્પવૃક્ષ વગેરેની ઉપમા પણ જેને ઓછી પડે, તેવું મહામૂલ્ય મનુષ્યજીવન પામીને આત્માએ મુખ્યતયા બ્રહ્મચર્ય વગેરે આત્મગુણોની સિદ્ધિ

કરવી જોઈએ, કારણ કે-તેમાં જ માનવતાનું મૂલ્ય છે અને તે જ મનુષ્યજીવનનું સાચું ફળ છે.

એમ છતાં સુમન ! સર્વ કોઈ મનુષ્યો તેવી યોગ્યતાને પામેલા જ હોય તેમ બને નહિ અને યોગ્યતાને પામેલા પણ સર્વ બ્રહ્મચર્યની સિદ્ધિ કરી જ શકે તે પણ નિયમ નહિ. મોંઘા માનવજીવનને પામેલા પણ જીવોમાં ઘણા જીવો આત્મગુણનાં ઘાતક મોહનીયાદિ કર્મોથી ઘેરાયેલા હોય છે, તેથી પાપને પાપરૂપે સમજવા છતાં છોડી શકતા નથી.

તેથી સુમન ! એવા જીવો પણ પાપક્રિયા કરવા છતાં પાપવૃત્તિના પોષક ન બને, પાપની પરંપરારૂપ અનુબંધને ન કરે અને પરિણામે તે પાપક્રિયાથી છૂટવાનું સત્ત્વ કેળવે, એવા શુભ આશયથી જ્ઞાનીઓએ પાપક્રિયા ન છૂટે તો પણ ધર્મની સિદ્ધિ કરી શકાય તેવો માર્ગ બતાવ્યો છે. એ માર્ગને શાસ્ત્રમાં માર્ગાનુસારિતા નામનો ગૃહસ્થનો સામાન્યધર્મ કહેલો છે.

સુમન ! તેના ત્રીજા ગુણમાં બ્રહ્મચર્યના પાલનમાં અસમર્થ જીવ પણ ઉત્તરોત્તર કામવાસનાનો વિજય કરી બ્રહ્મચર્યપાલનનું સત્ત્વ કેળવી શકે, તે માટે વિવાહ કેવી રીતે કોની સાથે કરવો તે વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થાની મર્યાદા એવી છે કે-જેઓ કુળ અને આચારથી સમાન હોય અને ગોત્રથી ભિન્ન હોય, તેવા ગૃહસ્થના પુત્ર-પુત્રીનો વર-કન્યા તરીકે સંબંધ તેના વાલીઓએ ધર્મબુદ્ધિથી કરવો. અર્થાત્ પોતાનાં સંતાન કામવાસનાથી પીડાઈને સ્વચ્છંદી બની ન જાય, કિન્તુ વાસનાનો વિજય કરવાનું સત્ત્વ પ્રગટ કરે અને

તેના બળે દુરાચારથી બચી જીવનને પવિત્ર બનાવે, એવી બુદ્ધિથી વિવાહ કરવો જોઈએ.

સુમન ! એ ઉપરાંત પણ વિવાહ કરવામાં બંને પક્ષે વૈભવ, વેષ અને ભાષાની સમાનતા, વર-કન્યાનાં ઉત્તમ લક્ષણો, અંગોપાંગની અવિકળતા, માતા-પિતા, ધર્મગુરુ વગેરે પ્રત્યે કૃતજ્ઞતા, પૂજ્યભાવ, વિનય, આજ્ઞાધીનતા તથા વિદ્યા-વય વગેરે બીજા પણ ગુણો જોવા જોઈએ.

સુમન ! આ મર્યાદાપૂર્વક વિવાહ કરવાનાં લૌકિક-લોકોત્તર વિવિધ ફળો નીતિશાસ્ત્રમાં તથા ધર્મશાસ્ત્રોમાં પણ વર્ણવેલાં છે. તેમાં મુખ્ય ફળ શુદ્ધ અર્થાત્ સદાચારિણી (પતિવ્રતા-સતી) પત્નીની પ્રાપ્તિ થાય તે છે. તેવી પત્નીથી સુજાત-ઉત્તમ પુત્રની પ્રાપ્તિ થાય તે એનું બીજું ફળ છે. અને એવા ઉત્તમ પરિવારથી ચિત્તપ્રસન્નતા, ઘરનાં કાર્યોમાં નિર્વિઘ્નતા, કુલાચાર તથા ધર્માચારનું રક્ષણ-પાલન, વગેરે બીજા પણ ઘણા લાભો થાય છે.

તેમાં સુમન ! ઉત્તમ પુત્રથી માતા-પિતાદિને, જ્ઞાતિજનોને, સમગ્ર મનુષ્યજાતિને અને દેવાદિ અન્ય ગતિવાળા જીવોને પણ કેવો લાભ થાય છે તે સમજવાની જરૂર છે. પૂર્વે આપણે વિચાર્યું હતું કે-સદાચાર એ વિશ્વના સર્વ જીવોનું અને વિશેષતયા મનુષ્યનું સાચું ધન છે, તેમજ તેના રક્ષણ અને પાલનથી સર્વ જીવોનું હિત થાય છે. જીવનમાં ભોગોપભોગાદિ સામગ્રી ગમે તેવી અને ગમે તેટલી મળી હોય, પણ તેનાથી સાચા સુખનો અનુભવ કરવો તે તો કોઈ જ્ઞાની વિરલ આત્મા કરી શકે છે. એ માટે આવડત જોઈએ છે અને

એ આવડત ક્ષમાદિ ગુણસ્વરૂપ-ધર્મરૂપ છે. આ ગુણોને પ્રગટાવવાનું, રક્ષણ કરવાનું કે વધારવાનું બળ સદાચારમાં રહેલું છે. સદાચારથી ન હોય તે ગુણો પ્રગટે છે, હોય તે સુદૃઢ અને વિશુદ્ધ બને છે તથા તે ઉત્તરોત્તર વધતા જાય છે. આ સદાચારનો આધાર મુખ્યતયા મનુષ્યજીવન છે. મનુષ્ય જેટલા સદાચારી દેવો પણ બની શકતા નથી.

એમ છતાં સુમન ! બધા જ મનુષ્યો સદાચારનું યથાર્થ કે પૂર્ણ પાલન કરી શકે તે શક્ય નથી. કોઈ ઉત્તમ-કુલીન માતા-પિતાથી જન્મેલા પુણ્યવાન મનુષ્યો જ સાચા સદાચારી બની શકે છે. આવા એક સદાચારીથી હજારો, લાખો કે તેથી અધિક જીવો સદાચારનો પાઠ શીખી શકે છે અને સદાચારી બની શકે છે.

સુમન ! શાલિભદ્રજી કે તેવા બીજા ધન્નાજી જેવા ઉત્તમ આત્માઓના જીવનને દૃષ્ટાન્ત બનાવીને આજ પૂર્વે લાખો જીવો દાનધર્મનું પાલન કરતા થયા છે. મહાત્મા સ્થૂલિભદ્રજી, વિજય શેઠ અને વિજયા શેઠાણી તથા સુદર્શન શેઠ વગેરે અને શ્રીમતી સીતાજી વગેરે અનેક મહાસતીઓના પવિત્ર બ્રહ્મચર્ય અને શીયળનું આલંબન લઈને અગણિત આત્માઓ મૈથુનના પાપથી બચ્યા છે. એ રીતે મહા તપસ્વીઓના તપનું આલંબન લઈને અનેક આત્માઓ તપદ્વારા સ્વ-પરકલ્યાણ સાધી શક્યા છે. શત્રુ પ્રત્યે પણ પરોપકાર કરવાની બુદ્ધિવાળા, મૈત્રી આદિ ભાવના ભંડારભૂત અને સમતાના સાગર ખંધકજી, ગજસુકુમાર, મેતારજ મુનિ વગેરે મહાત્માઓના દૃષ્ટાન્તોને અનુસરીને

અનેક જીવો મત્રી આદિ ભાવોને અને ક્ષમાદિ ધર્મોને સિદ્ધ કરી શક્યા છે.

સુમન ! જેઓ તેવી દાનાદિની શક્તિ–યોગ્યતા પામ્યા નથી, તેવા અનેક દેવો અને તિર્યંચો પણ તેવા સદાચારીઓની સેવાભક્તિ અને પ્રશંસા–અનુમોદના વગેરેથી સ્વજીવનને ઉર્ધ્વ-ગામી બનાવી શકે છે. એટલું જ નહિ નરકાદિગામી અન્ય જીવો પણ તેઓની દયાનું–અનુગ્રહનું પાત્ર બની વિશેષ દુઃખોથી–દુર્ગતિથી બચી જાય છે. એમ એક સાચો ધર્મી–સદાચારી આત્મા વિશ્વનો ઉપકારી બની શકે છે.

એક સાચા સદાચારી મનુષ્યના આલંબનથી સમગ્ર માનવજાતિને પણ કેટલા લાભ થાય છે અને તેનાં માતા-પિતાદિ કે જ્ઞાતિજનોને કેવા લાભ થાય છે, તે તો તું સ્વયં સમજી શકે તેવું પ્રગટ છે.

સુમન આરોગ્ય માટે પથ્યાપથ્યનો વિવેક કરનારા મળી આવશે, ઉત્તમ ધાન્ય નીપજાવવા માટે બીજ અને ક્ષેત્રના ગુણો જોનારા ઘણા મળશે, રહેવાના મકાનમાં સુખી થવાના ધ્યેયથી તેના ગુણ–દોષને શોધનારા–સમજનારા પણ મળશે અને ભાવિ સુખ માટે શરીરનાં લક્ષણો વગેરેની આવશ્યકતા માન-નારા જડશે, પણ એ સર્વથી અધિક જેની જરૂર છે તેવા ગુણોના આધારભૂત ઉત્તમ સદાચારી સંતતિની પ્રાપ્તિ માટે વર–કન્યાના વિવાહની–ઉત્તમ કુળોની શાસ્ત્રીય મર્યાદાના મર્મને સમજનારા અને પાળનારા બહુ ઓછા મળશે.

સુમન ! પૂર્વકાળમાં આ મર્યાદાનું પાલન આર્યકુળોમાં સારૂં થતું હતું, કે જેથી માનવજાતિની શ્રેષ્ઠતા અખંડ રહી

શકી હતી. ઉત્તરોત્તર કાળની વિષમતા, જીવની નિઃસત્ત્વતા, વિકારનો આવેગ વિગેરે વધતાં ગયા અને આત્મીય સુખનું લક્ષ્ય ઘટતું ગયું, કે જેના પરિણામે આજે માનવતા ઘટી રહી છે, માનવજીવન મળવા છતાં માનવતા અવિકસિત બની રહી છે અને એથી માત્ર માનવનું જ નહિ, વિશ્વના સઘળા જીવોનું હિત ઘવાઈ રહ્યું છે. આ બધું વિચારતાં તને સમજાશે કે–આર્યકુળોની વિવાહવ્યવસ્થા કેટલી મહત્ત્વની છે, એમાં આત્મવિકાસ કરવાની કેટલી શક્તિ છે અને તેથી તેને સાચવવાની કેટલી અગત્ય છે.

સુમન ! તત્ત્વથી અબ્રહ્મસેવન પાપ છે, પણ તેમાંથી છૂટવાનું સામર્થ્ય–સત્ત્વ જ્યાં સુધી આત્મામાં ન પ્રગટે, ત્યાં સુધી માર્ગાનુસારિતાના આ ગુણની અતિ આવશ્યકતા છે. એના પાલનથી જે વિવિધ લાભો થાય છે, તે અંગે વિશેષ વિચાર આપણે હવે પછી કરીશું.

卐

## [૧૭]

સુમન ! માર્ગાનુસારિતાના ત્રીજા ગુણમાં આર્યકુળોની વિવાહવ્યવસ્થાને અનુસરવાનું વિધાન છે. આ વિવાહવ્યવસ્થાના રહસ્યને જાણવાથી તને સમજાશે કે-ગૃહસ્થજીવનમાં માર્ગાનુસારિતાની પ્રાપ્તિ માટે તેની કેટલી મહત્તા છે ?

સુમન ! આર્યકુળોમાં પત્નીને સુધર્મચારિણી અને પતિને આર્યપુત્ર તરીકે સંબોધવામાં આવે છે. પતિ અને પત્નીનાં આ વિશેષણો તને વિવાહનું તત્ત્વ સમજવા માટે ઉપયોગી થઈ પડશે.

સુમન ! 'સધર્મચારિણી' એટલે પતિની સાથે અથવા પતિના સમાન ધર્મને આચરનારી સુશીલ પત્ની. એથી એ સમજવાનું છે કે-પત્નીનો ધર્મ પતિની સાથે-તેના સમાન ધર્મને આચરવાનો છે. એનો અર્થ એ નથી કે-પતિ ગમે તેવા ખરાબ માર્ગે દોરે, તો પણ પત્નીએ તેની આજ્ઞાને અનુસરવું ! કારણ કે-પતિનું વિશેષણ 'આર્યપુત્ર' છે. 'આર્ય' તેને કહેવાય છે, કે જે સર્વ અસદાચારોથી દૂર રહી યથાશક્ય સ્વ-પરહિતકર સદાચારોને અનુસરે. એવા આર્યનો પુત્ર સર્વ અસદાચારના ત્યાગપૂર્વક શક્ય સદાચારનું પાલન કરનાર હોય, તેથી તેની આજ્ઞા અસદાચાર સેવવાની કદી ન હોઈ શકે.

સ્ત્રીઓને પતિ એ પતિદેવ તરીકે આરાધવાનું નીતિશાસ્ત્ર કે ધર્મશાસ્ત્રનું ફરમાન પણ આ કારણથી છે કે–આર્યપતિ કદાપિ પોતાની નિશ્રામાં જીવનસમર્પણ કરનાર પત્નીને અસદાચારના માર્ગે ન દોરે, કિન્તુ અસદાચારથી રક્ષણ કરી સદાચારપાલનમાં સહાય કરે.

સુમન ! પુરુષરૂપે કે સ્ત્રીરૂપે પણ મનુષ્યનો જન્મ ઘણા પુણ્યના બળે મળે છે. આવું પુણ્ય ધર્મ કરવાથી બંધાય છે અને તેના ફળરૂપે મળેલા માનવભવને વિશિષ્ટ ફળદાયક બનાવવા માટે પુનઃ ધર્મ કરવો અનિવાર્ય છે.

સુમન ! એમ છતાં જ્ઞાનીઓએ આચરેલો અને ઉપદેશેલો રૂપે ધર્મ પ્રાપ્ત કરવો સહેલો નથી. તેના નિશ્ચય અને વ્યવહાર–એમ બે પ્રકારો છે. તેમાં નિશ્ચયધર્મ, કે જે આત્મશુદ્ધિ રૂપ છે, તેને માટે વ્યવહારધર્મ, કે જે અપેક્ષાએ શુદ્ધિ માટેના ઔષધ રૂપ છે, તેને જીવનમાં જીવવો પડે છે. આ વ્યવહારધર્મમાં વિવિધ બાહ્ય આલંબનોનો આશ્રય લેવો પડે છે. તે આલંબનોમાં મનુષ્યભવ પ્રથમ નંબરે છે, તેથી તેનું મહત્ત્વ છે. એથી પણ ઉત્તરોત્તર અધિક મહત્ત્વ આર્યદેશ–ઉત્તમ કુળ–પંચેન્દ્રિયપાટવ વગેરેનું છે. જે દેશ, જ્ઞાતિ કે કુળ વગેરેમાં જન્મ લેવા માત્રથી પણ વિવિધ અસત્પ્રવૃત્તિઓથી બચી જવાય છે અને કુળાચાર, લોકાચાર તથા દેશાચારને અનુસરીને સદાચારને પાળવાની સગવડ મળે છે, તે કુળ, જ્ઞાતિ, દેશ વગેરે પણ ધર્મની સામગ્રી રૂપે ધર્મનાં આલંબનો ગણાય છે, કારણ કે–તેમાં જન્મ પામેલા જીવને ઉત્તરોત્તર સદાચારમાં–ધર્મમાર્ગમાં પ્રેરનારા સ્વજનો, સંબંધીઓ, જ્ઞાતિજનો, વૃદ્ધ પ્રજાજનો અને

ધર્મગુરુઓનો યોગ મળે છે અને તેઓ દ્વારા જીવને ધર્મમાર્ગમાં પ્રવૃત્ત થવાનું પ્રેરક બળ મળે છે.

સુમન ! આ પુણ્યપવિત્ર સહયોગથી બાલ્યકાળ સદાચારમય પસાર થવા છતાં, યૌવનવયે કામોન્માદને વશ બનતાં, અનાદિ અભ્યાસથી જીવ એવો પામર બની જાય છે કે-બાલ્યવયના સંસ્કારો તેમાંના કોઈકને જ બચાવી શકે છે. પ્રાયઃ સર્વ જીવો ઈન્દ્રિયોને વશ બની વિવિધ પાપોને સેવે છે. શાસ્ત્રો કહે છે કે-નિર્દય કામ ચંડાળ પંડિતોને પણ પીડે છે. અર્થાત્ યૌવનના ઉન્માદની સામે પાંડિત્ય પણ પ્રાયઃ અકિંચિત્કર બની જાય છે. તે અવસ્થામાં સદાચારનું રક્ષણ કરવા માટે સત્ત્વશાળી પતિ અને પત્ની પરસ્પર સહાયક બની શકે છે. માટે પત્નીને સધર્મચારિણી અને પતિને આર્યપુત્ર તરીકે સંબોધવામાં આવે છે.

વળી સુમન ! આ વિવાહવ્યવસ્થાના બળે વિષયવાસનાની વૃત્તિને મર્યાદિત બનાવી શકાય છે. જેમ પરિગ્રહવિરમણ, દિશિપરિમાણ, ભોગોપભોગવિરમણ, અનર્થદંડવિરમણ કે દેશાવગાસિક વગેરે વ્રતો દ્વારા અમર્યાદિત પાપવૃત્તિને મર્યાદિત કરી જીવ નિરર્થક પાપવૃત્તિજન્ય કર્મના નવા બંધથી બચી જાય છે, તેમ વિવાહની આ વ્યવસ્થાથી સ્ત્રી સર્વ પુરુષોની અને પુરુષ સર્વ સ્ત્રીઓની અભિલાષાને મર્યાદિત કરી, વિવાહ જેની સાથે થાય તે સ્ત્રી અને તે પુરુષ સિવાયના સઘળા અન્ય સ્ત્રી કે પુરુષોની અભિલાષાથી બચી જાય છે. એમ કામવાસનાની અમર્યાદિત વૃત્તિને મર્યાદિત કરવા માટે વિવાહવ્યવસ્થા સ્વ-પરહિતકર ઉપાય છે.

સુમન ! પાપી મનોવૃત્તિને અંકુશમાં લેવી અતિ દુષ્કર છે. તે માટે નવવિધ બ્રહ્મગુપ્તિનું પાલન વગેરે બીજા પણ વિવિધ ઉપાયોનું સતત સેવન કરવું આવશ્યક છે, કારણ કે-અનાદિ અભ્યાસને ટાળવો અતિ દુષ્કર છે. શાસ્ત્રકારો કહે છે કે-પૂર્વજન્મમાં રાગાદિપૂર્વક આચરેલી શુભાશુભ પ્રવૃત્તિનો અભ્યાસ જીવને ઉપયોગ વિના પણ કેટલોય કાળ સુધી સાથે રહે છે. ત્યાં જીવની અનંતાનંત જન્મોથી પોષાયેલી કામવાસના માટે તો કહેવું જ શું ? તે એટલી દૃઢ બની જાય છે કે-અન્ય ભવોમાં તો તેને તોડવાનું સામર્થ્ય જીવને પ્રાપ્ત થતું જ નથી. એક જ મનુષ્યભવ અને તેમાં આર્યદેશ, કુળ, જાતિ વગેરેને પ્રાપ્ત કરીને કોઈ વિરલ આત્માઓ જ તેનો પરાભવ કરી શકે છે.

સુમન ! વિવિધ રૂપોને ધારણ કરતી પાપવાસના જીવને પાપથી ભારે કરી વિવિધ દુઃખોનું ભાજન બનાવી દે છે. વૈર-વિરોધ, તેજોદ્વેષ-ઈર્ષ્યા-અસૂયા, ક્રૂરતા-નિર્દયતા અને દુરાગ્રહ-વિગ્રહ-અહંકાર-મદ વગેરે સઘળાં પાપવાસનાનાં જ વિવિધ રૂપો છે. તેને દૂર કરવા માટે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય જેવી સ્વ-પરહિતકર ભાવનાઓ અને તેને અનુરૂપ પરોપકારવૃત્તિ વગેરે વસ્તુઓ જ સમર્થ છે. માટે જ્ઞાનીઓએ ધર્મ માટે તેની ઉપયોગીતા વર્ણવી છે.

સુમન ! મૈત્રી આદિ ભાવોને પામેલો જીવ અબ્રહ્મ આદિ સેવવામાં મહા કંપને અનુભવે છે, કારણ કે-એક વાર અબ્રહ્મ સેવવાથી અસંખ્યાતા બેઇન્દ્રિય જીવો, અસંખ્યાતા સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવો અને નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય જીવોની

હિંસાનો સંભવ છે, એમ શાસ્ત્રકારો કહે છે. એ શાસ્ત્રવચન જાણ્યા પછી કોણ આત્મવૈરી જીવ ભોગના ક્ષણિક, કૃત્રિમ અને વિરસ એવા સુખને માટે આટલા જીવોની હિંસાનું કાર્ય આચરે ? અન્ય જીવોના હિતની થોડી પણ સંજ્ઞાને પામેલો જીવ, પોતાના ક્ષણિક ભોગ-સુખ માટે થતી આ જાતની ઘોર હિંસા રૂપ મૈથુનકર્મને તજવાનું જ પસંદ કરે અને એને માટે પોતાને એવા પાપમાંથી બચાવવા સારૂ સમર્થ સહાયક સાધનોનો સાથ મેળવે.

સુમન ! એવા સહાયકોમાં પ્રથમ નંબર ઉત્તમ ધર્મગુરુ-ઓનો છે. મૈથુનાદિ સર્વ પાપોથી બચવાના ધ્યેયપૂર્વક તેઓની નિશ્રામાં જીવનને સંપૂર્ણ સમર્પિત કરનાર સદાને માટે પાપોથી બચી જાય છે, પણ સર્વ મનુષ્યો એટલું સત્ત્વ પામેલા હોતા નથી. તેથી અલ્પ સત્ત્વવાળા જીવો ગૃહસ્થ તરીકે જીવવા છતાં, ઉત્તરોત્તર મૈથુનસંજ્ઞાના પાપથી બચી જાય એ ઉદ્દેશથી યોગ્ય સ્ત્રી-પુરુષના વિધિપૂર્વકના વિવાહની વ્યવસ્થાને અનુસરે છે તેથી આર્યદેશોમાં તે અનાદિકાળથી ચાલી આવી છે. તેને અનુસરનારા પુણ્યાત્માઓ પાણિગ્રહણ કરવા છતાં, મૈથુનવૃત્તિનો નાશ કરવાની અને બ્રહ્મચર્યગુણને પ્રગટ કરવાની ભાવનાવાળા હોવાથી ચીકણાં પાપકર્મોથી લેપાતાં નથી, કિન્તુ ઉત્તરોત્તર ભોગકર્મનો ક્ષય કરી સંપૂર્ણ બ્રહ્મચર્યનું સત્ત્વ પ્રગટ કરી શકે છે. જૈન-અજૈન શાસ્ત્રોમાં એવા સત્પુરુષોનાં અને મહા-સતીઓનાં અગણિત દૃષ્ટાન્તો છે.

સુમન ! જેમ રોગી રોગ પ્રત્યે અણગમો ધરાવી આરોગ્ય મેળવવાના લક્ષ્યથી યોગ્ય ઔષધનું વિધિપૂર્વક સેવન કરે તો

નિરોગી બને છે, તેમ કુલિન સદાચારનો પક્ષપાતી આત્મા વિવાહવ્યવસ્થાના પાલનપૂર્વક લગ્ન કરી, ઔષધની જેમ ગૃહવાસ સેવવા છતાં, ક્રમશઃ આત્મવિશુદ્ધિ કરતો આત્માના આરોગ્ય રૂપ સંપૂર્ણ બ્રહ્મચર્યનું સત્ત્વ પ્રગટ કરી શકે છે.

સુમન ! ગૃહસ્થજીવનમાં ધર્મ કરતાં અધર્મનું પલ્લું ભારે નમતું હોય છે. જ્ઞાનીઓએ ઊંચામાં ઊંચા ગૃહસ્થધર્મને પણ સાધુધર્મની અપેક્ષાએ સવા વસો (રૂપિયામાં એક આના જેટલો) કહ્યો છે. પંદર આના પાપપ્રવૃત્તિ અને એક આનો નિષ્પ્રવૃત્તિ કરી શકે છે, તો પણ તેનામાં પ્રગટ થએલી માર્ગાનુસારિતા અને સમ્યગ્દૃષ્ટિરૂપ એવી શક્તિ પ્રગટ કરી શકે છે, કે જેના બળે એક આના જેટલા ધર્મથી પંદર આના જેટલા પાપનો નાશ કરી સોળે સોળ આના ધર્મ કરવાની શક્તિ મેળવી શકે છે.

સુમન ! જેમ નિરોગીને ઔષધ અનાવશ્યક છે, તેમ પૂર્વજન્મોમાં વિવિધ સદાચારસેવનથી ભોગવૃત્તિને નિર્માલ્યપ્રાયઃ બનાવી દીધી હોઈ ભોગના સર્વત્યાગનું સત્ત્વ પામેલા હોય છે. તે આત્મા આજન્મ બ્રહ્મચર્યવ્રત પાળી સ્વ-પરહિત સાધી શકે છે. જ્યારે તેવી કક્ષાએ નહિ પહોંચેલો-ભોગવૃત્તિને પરાધીન જીવ, ભોગવૃત્તિનો નાશ કરવાના લક્ષ્યપૂર્વક આર્યકુળોની વિવાહવ્યવસ્થાને અનુસરવાથી, ઉત્તરોત્તર ભોગવૃત્તિને ક્ષીણ કરી સંપૂર્ણ બ્રહ્મચર્યનું સત્ત્વ પ્રગટ કરી શકે છે.

સુમન ! વિવાહવ્યવસ્થા ભોગ-સુખ માટે છે, એમ માનવું તે અજ્ઞાન છે. ભોગ એ રોગ છે અને તેને ટાળવા માટે વિવાહવ્યવસ્થાદિ આર્ય આચારો એક વિશિષ્ટ ઉપાય

રૂપ છે, એવી સમજ એ તાત્ત્વિક સમજણ છે. ગૃહસ્થાશ્રમ સેવવા છતાં નૈષ્ઠિક બ્રહ્મચર્યને પામેલા સત્પુરુષો અને મહાસતીઓ ત્રણેય લોકમાં પૂજાયા છે. દેવો પણ તેઓના દાસ બની સેવા કરતા હોય છે.

સુમન ! આવા પવિત્ર સંતો અને સતીઓના ધર્મથી જગતના જીવો શાતાને પામે છે. તેઓના નામસ્મરણ માત્રથી પાપીઓનાં પાપો નાશ પામે છે. એ રીતે અન્ય જીવોનું પણ હિત થાય છે.

સુમન ! મુક્તિનું અનંતર કારણ ચારિત્ર છે, એ ચારિત્ર સર્વ સદાચારોનું કુલઘર છે અને તે ચારિત્રનું મૂળ બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યની સિદ્ધિ કેવળ મનુષ્યજન્મમાં વિધિપૂર્વકની વિવાહ-વ્યવસ્થાને અનુસરવાથી થાય છે, માટે માર્ગાનુસારિતાનો આ ત્રીજો ગુણ બીજા ગુણોને પ્રગટાવવા માટે ઘણો મહત્ત્વનો છે, એ તને હવે સમજાયું હશે. એને અનુસરવાથી સ્વ-પરકલ્યાણ થાય છે એ સુનિશ્ચિત છે.

સુમન ! જેઓ પોતાના કર્મોદયને અનુસાર જે જ્ઞાતિ, કુળ, દેશ કે ધર્મમાં જન્મ્યા હોય, તેઓ તે તે જ્ઞાતિ, કુળ, દેશ કે ધર્મ વગેરેના નિયમોને ( આચારોને ) પાળવા માટે જવાબદાર હોય છે. એમ છતાં મોહાદિને વશ થઈ જેઓ એ નિયમોને અનુસરતા નથી, તેઓ કેવળ પોતાને જ નહિ પણ તે તે સમગ્ર જ્ઞાતિ, કુળ, દેશ, ધર્મ અને પરંપરાએ સમગ્ર વિશ્વને પણ હાનિ પહોંચાડે છે, અન્યાય કરે છે અને તેથી પોતાનું સંસારભ્રમણ વધારી મૂકે છે. એ વાત આપણે હવે પછી વિચારીશું.

卐

# [૧૮]

સુમન ! માર્ગાનુસારિતાના ત્રીજા ગુણમાં આર્યકુળોની વિવાહવ્યવસ્થાના પાલનનું વિધાન છે. આ ગુણ વિવાહિત પતિ-પત્નીને હિત કરે છે; ઉપરાંત તેના કુટુંબને, સ્વજનોને, સંબંધીઓને, જ્ઞાતિજનોને, તે તે સમાજને, રાષ્ટ્રને અને સમગ્ર વિશ્વને પણ હિત કરે છે.

સુમન ! આ હકીકતને સમજવા માટે દૃષ્ટિને વિશાળ અને સૂક્ષ્મ બનાવવી પડશે. એકાગ્રતાથી શ્રવણ, મનન અને ચિંતન કરવું પડશે.

સુમન ! મોંઘા મનુષ્યભવને પામીને માણસ કેવળ જીવન જીવી જતો નથી. પોતે વિવિધ પ્રકારે લાભ કે હાનિ કરી જાય છે અને પાછળ વિવિધ પ્રકારનો વારસો મૂકતો જાય છે.

સુમન ! કોઈ લક્ષ્મીનો વારસો મૂકી જાય છે, તો કોઈ દેવાનો મૂકી જાય છે એ જાણીએ છીએ, પણ એ ઉપરાંત બીજો વિવિધ વારસો મૂકી જાય છે, જે તરફ આપણે લક્ષ્ય ઓછું આપીએ છીએ. કોઈ સદાચારનો તો કોઈ અસદાચારનો, કોઈ રાગનો તો કોઈ વૈરાગ્યનો, કોઈ ત્યાગનો તો કોઈ ભોગનો, એમ વિવિધ વસ્તુઓને માણસો વારસામાં મૂકી જાય છે.

સુમન ! મનુષ્ય પોતાના વારસામાં એક એવો જીવનનો ઈતિહાસ પણ મૂકી જાય છે કે-પાછળના જીવો તેમાંથી પોતાની યોગ્યતા પ્રમાણે ગુણ કે અવગુણને પણ ગ્રહણ કરે છે. એની પ્રશંસા કે નિંદા દ્વારા, સદ્ભાવ કે અસદ્ભાવ દ્વારા અથવા અનુકરણ કે અનનુકરણ દ્વારા પોતાનું હિત અને અહિત પણ

કરે છે. આજે આપણે પણ જીવનઘડતર માટે બહુધા પૂર્વપુરુષોના જીવનને દૃષ્ટાંત તરીકે સ્વીકારીને તે તે પ્રવૃત્તિ કરીએ છીએ, એ કોને અનુભવસિદ્ધ નથી ?

સુમન ! એ ઉપરાંત ગૃહસ્થાશ્રમ સેવનાર મનુષ્ય વારસામાં પોતાની સંતતિને મૂકી જાય છે. એનાથી કેવળ તેનો વંશ ચાલુ રહે છે એમ નહિ. એ સંતતિ જો ઉત્તમ હોય, તો તેના આલંબનથી અને સહકારથી તેના કુટુંબ, જ્ઞાતિ અને યાવત્ સમગ્ર વિશ્વને પણ હિત થાય છે; અને જો સંતતિ અધમ હોય, તો તેનું, તેના કુટુંબનું, સ્વજન–સંબંધીઓનું કે જ્ઞાતિ, સમાજ, રાષ્ટ્ર યાવત્ સમગ્ર વિશ્વનું અહિત પણ થાય છે.

સુમન ! વિશ્વના સમગ્ર જીવોના જીવનનો એવો સંબંધ છે કે–તેમાંથી પરસ્પર હિતાહિત થાય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે–'परस्परोपग्रहे जीवानाम्।' અર્થાત્ જીવો પોતાના જીવનથી પરસ્પર હિતાહિત કરે છે.

માટે સુમન ! સુખનો અર્થી મનુષ્ય જો પૂર્ણ બ્રહ્મચર્યને પાળીને પોતાના જીવનનો એવો ઉત્તમ ઈતિહાસ ન રચી શકે, તો પણ તેણે આ વિવાહવ્યવસ્થાનું ધોરણ પાળીને લગ્ન કરવું જોઈએ, કે જેથી સંતતિ થાય તો પણ સુજાત વગેરે ગુણવાળી ઉત્તમ થાય; અને તેનાથી પોતાને, તે સંતતિને, તેના કુટુંબને, સ્વજન–સંબંધીઓને, જ્ઞાતિને, સમાજને, રાષ્ટ્રને અને યાવત વિશ્વને પણ હિત થાય.

સુમન ! અપવાદને બાજુમાં રાખી સામાન્ય ધોરણે વિચારતાં સમજાશે કે–જે મનુષ્ય પોતાના જીવનમાં સંયુક્ત કૌટુંબિક જીવનના, જ્ઞાતિના, સમાજના કે રાષ્ટ્ર વગેરેના લૌકિક કાનુનોનું પાલન કરવાનું શિક્ષણ આપતો હોય છે અને એથી વિપરીત

જે તે કાનુનોનો અનાદર કે ભંગ કરે છે, તે બીજાઓને પણ અનાદર અને ભંગ કરવાનું શીખવે છે.

સુમન ! બીજા જીવોનું હિતાહિત જેટલું હિતકર-અહિતકર ઉપદેશ આપવાથી થાય છે, તેથી કેઈગુણું અધિક અને શીઘ્ર તેનું હિતાહિત તે તે પ્રકારના વર્તનથી થાય છે. ઉપદેશથી બીજાને જે અસર થાય છે, તે કરતાં ઘણી, સચોટ અને શીઘ્ર અસર સારા-નરસા આચરણને જોવાથી થાય છે. અજ્ઞાન એવા પણ બાળકને માતા ઉપદેશ વિના કેવળ પોતાના આચરણ દ્વારા શિક્ષણ આપી શકે છે.

સુમન ! મનુષ્યોનો મોટો વર્ગ બાળક જેવો છે. તેને ઉપદેશની અસર નહિવત્ થાય છે. તેવા જીવોના હિત માટે કેવળ ઉપદેશ નહિ પણ તેવું વર્તન કરવું જરૂરી છે.

સુમન ! લૌકિક કે લોકોત્તર પ્રત્યેક ઉત્તમ આચાર સમગ્ર વિશ્વના હિત માટે છે, એ વાત તને પહેલાં યુક્તિપૂર્વક સમજાવી છે એટલે એ વિષયમાં હવે તને સમજાવવાની જરૂર નથી. તું સમજી શકીશ કે-એક નાનામાં પણ નાના સદાચારનો અનાદર કરી જે તેનું પાલન કરતો નથી, તે પોતાનો અને યાવત્ સમગ્ર વિશ્વનો પણ દ્રોહ કરે છે. એ જ તેના સંસાર-પરિભ્રમણનું મૂળ કારણ છે. શાસ્ત્રમાં અસદાચારના ત્યાગને અને સદાચારના પક્ષને ધર્મ કહ્યો છે અને એની વિરુદ્ધ સદાચારના તિરસ્કારને તથા અસદાચારના પક્ષને અધર્મ કહ્યો છે, તેનું રહસ્ય પણ આ જ છે.

સુમન ! મનુષ્યનું જીવન અન્ય સર્વ જીવોના જીવન કરતાં વધુ જવાબદારીવાળું છે. તેનું કારણ પણ એ જ છે કે-તેના સારા-નરસા આચરણની અસર અન્ય જીવોને મોટી થાય છે.

સુમન! એ જ કારણે એક અસદાચાર તિર્યંચ સેવે, તેવો જ અસદાચાર જો મનુષ્ય સેવે, તો તેને તિર્યંચ કરતાં પાપકર્મનો બંધ ઘણો મોટો થાય છે. દેવો અને નારકો માટે પણ તારતમ્ય છતાં એ જ ન્યાય કહ્યો છે. અર્થાત્ સમાન પાપ આચરવા છતાં તેનાથી મનુષ્યને જેટલો પાપકર્મનો બંધ થાય છે, તેટલો દેવોને, તિર્યંચોને કે નારકોને થતો નથી.

સુમન! માનવજાતિમાં જન્મેલા માટે આ ન્યાય છે. એક ઉચ્ચ કુળને પામેલો-ઉત્તમ તરીકે પંકાએલો મનુષ્ય જે પાપ કરે તેવું જ તે પાપ હલકા જીવનને પામેલો સામાન્ય મનુષ્ય કરે, તો તેને સમાન શિક્ષા કે સમાન કર્મબંધ થતો નથી.

સુમન! જેમ જેમ જીવન ઊંચું અને કીર્તિ વધારે, તેમ તેમ તેના સારા-નરસા કાર્યોથી તેને અને બીજાને પણ લાભ કે હાનિ મોટી. એક ચોર જ્યારે ચોરી કરે, ત્યારે તેને જે શિક્ષા થાય છે, તેનાથી કોઈગુણી અધિક શિક્ષા-દંડ વગેરે એક ન્યાયાધીશને નાનકડી લાંચ-રૂશ્વત લેવાથી થાય છે.

સુમન! એથી તને સમજાશે કે-વિશ્વવ્યવસ્થાના ધોરણે ચારેય ગતિમાં મનુષ્યજીવનનું મૂલ્ય અને મહત્ત્વ ઘણું છે, તો તેની જવાબદારી પણ ઘણી મોટી છે. અને તેથી વિશ્વવ્યવસ્થાના લૌકિક કે લોકોત્તર નાના-મોટા કાનુનો પૈકી જે જે કાનુનો માટે પોતે પાળવાને જવાબદાર છે, તે તે કાનુનોને તેને પૂર્ણ વફાદારીપૂર્વક પાળવા જોઈએ. એથી વિરુદ્ધ જો જે જે કુટુંબ, જ્ઞાતિ, સમાજ, રાષ્ટ્ર કે વિશ્વની એક વ્યક્તિ પણ એમાં ભૂલ કરે છે, તો તે પોતાને, તે તે કુટુંબ, જ્ઞાતિ, સમાજ, રાષ્ટ્ર અને યાવત્ વિશ્વને પણ હાનિ પહોંચાડે છે. આ હકીકતને સમજવા એક દૃષ્ટાન્ત છે તે સાંભળ!

શ્રી કૃષ્ણવાસુદેવની આયુધશાળામાં ચામડાની દેવાધિષ્ઠિત 'ભેરી' નામનું એક વાજિંત્ર (નગારૂં) હતું. તેને વગાડતાં એવો શબ્દ થતો કે—તેને સાંભળવાથી સાંભળનારના સર્વ જાતિના રોગો નાશ પામે અને છ માસ સુધી નવો રોગ થાય નહિ.

પ્રજાવત્સલ કૃષ્ણવાસુદેવે પ્રજાના હિતાર્થે તે ભેરીને છ છ માસના અંતરે વગડાવવાની વ્યવસ્થા કરી અને તેને વગાડવાનો દિવસ વગેરેની સર્વત્ર જાહેરાત કરી. ઉપરાંત ભેરીના રક્ષણ માટે એક માણસને રક્ષક તરીકે નીમ્યો.

સુમન ! વ્યવસ્થા પ્રમાણે દૂર દૂર દેશ—વિદેશથી રોગીઓ આવતા અને નિયત દિવસે ભેરી વાગતી. તેનો અવાજ સાંભળવાથી દરેક રોગીના વિવિધ રોગો શમી જતા.

સુમન ! પુદ્ગલના ગુણ—ધર્મરૂપ તેના શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શમાં એવી વિવિધ શક્તિ હોય છે કે—અમુક પુદ્ગલના સેવનથી તે તે રોગો જન્મે છે અને તેથી વિરુદ્ધ ધર્મવાળા પુદ્ગલના સેવનથી તે તે રોગો શમી પણ જાય છે. વૈદ્યો—ડૉકટરો ઔષધ આપે છે તે પણ વિવિધ પુદ્ગલોના મિશ્રણથી જ તૈયાર થયેલાં હોય છે. રોગો આહારમાંથી જન્મે છે અને આહારથી શમે છે, એમ વૈદકશાસ્ત્ર માને છે. સૌને પ્રાયઃ એનો અનુભવ પણ છે. ઔદારિક શરીરને માફક ન આવે તેવો કે તેટલો ઔદારિક પુદ્ગલનો આહાર લેવાથી રોગ પ્રગટે છે અને તેના શમન માટે લેવાતાં ઔષધો પણ ઔદારિક પુદ્ગલો જ હોય છે. કોઈ પુદ્ગલનો રસ તો કોઈનો ગંધ, કોઈનો સ્પર્શ કે કોઈનું રૂપ રોગોને પ્રગટ કરે છે તેમ નથી. વિરુદ્ધ રસ વગેરેથી રોગ શમે પણ છે. એ રીતે તેના શબ્દમાં પણ રોગ પ્રગટાવવાની અને શમાવવાની શક્તિ હોય છે.

સુમન ! આજની વૈજ્ઞાનિક શોધથી પણ આ હકીકત સિદ્ધ થઈ છે અને વિવિધ સંગીતના પ્રયોગથી વિવિધ રોગોને શમાવવાની યોજના પણ અમુક સ્થળોમાં ચાલુ થઈ છે.

સુમન ! કૃષ્ણવાસુદેવે કરેલી વ્યવસ્થા પ્રમાણે એક વખત તેના નિયત દિવસે ભેરી વગાડવામાં આવી અને એક રોગી આવવામાં એક દિવસ મોડો પડ્યો. તેણે જાણ્યું કે-ભેરી તો કાલે વાગી અને હવે છ મહિના પછી જ વાગશે, ત્યારે તેને ભારે આંચકો લાગ્યો. 'આ રોગ છ મહિના સુધી કયી રીતે સહન થશે ?'-એ ચિંતાથી તેણે ઉપાય શોધવા માંડ્યો અને તેને સૂઝ્યું કે-જે ભેરીના શબ્દશ્રવણ માત્રથી પણ રોગ શમે છે, તો તે ભેરીનું ચામડું રોગ શમાવવા માટે સમર્થ કેમ ન બને ? પછી તો તેણે ભેરીના રક્ષકને સાધ્યો, લક્ષ્મીની લાલચમાં સપડાવ્યો અને મોંમાગ્યા દામ આપી ભેરીના ચામડામાંથી એક ટૂકડો કપાવી લીધો.

સુમન ! બસ, પહેલ કરનારની રાહ માણસ જુએ છે. તે પછી તો તે વાત ગુપ્ત રીતે પણ કર્ણોપકર્ણ બીજા દર્દીઓ સાંભળતા ગયા અને શ્રીમંત દર્દીઓ શીઘ્રપણે રોગનો નાશ કરવા માટે લાંચ આપી આપીને ભેરીમાંથી ચામડાના ટૂકડાને મેળવતા રહ્યા. ભેરીના રક્ષકે પણ લક્ષ્મીની લાલચે મૂળ ચામડાને આપી, તેની જગ્યાએ બીજા ચામડાનાં કૃત્રિમ સાંધા જોડવા માંડ્યા. પરિણામ એ આવ્યું કે-છ મહિનામાં તો તે ભેરીમાંથી મૂળ ચામડું કપાઈ ગયું અને કૃત્રિમ સાંધાથી ભેરી ભરાઈ ગઈ. જ્યારે છ મહિને એને વગાડી, ત્યારે તેના અવાજથી કોઈને રોગનાશની અસર ન થઈ અને હંમેશને માટે રોગીઓ નિરાશ થયા.

સુમન ! કિલ્લાની એક પહેલી ઇંટ તૂટ્યા પછી સમગ્ર કિલ્લાનો નાશ સરળ થઈ જાય છે. નાવડીમાં એક નાનું છિદ્ર કરવાથી સમગ્ર નાવડીને સહજમાં ડૂબાવી શકાય છે. ભેરીના પ્રથમ ટૂકડાને લેનારે એવો માર્ગ ચાલુ કર્યો કે-પાછળ ઘણા માણસોએ તેનું અનુકરણ કર્યું અને ભેરીની શક્તિ નાશ પામવાથી રોગીઓ હંમેશને માટે નિરાશ થયા.

એ રીતે સુમન ! સમગ્ર વિશ્વનું જેમાં હિત છે, તે વિશ્વવ્યવસ્થાના નાના-મોટા લૌકિક કે લોકોત્તર આચારને અજ્ઞાન કે મોહને વશ થઈને જે મનસ્વીપણે ભાગે છે કે તેનું મૂળ સ્વરૂપ બદલી નાંખે છે, તે સમગ્ર વિશ્વને હાનિ કરે છે, અન્ય જીવોને એ આચારપાલનમાં અનાદર ઉપજાવે છે, શિથિલ બનાવે છે અને આચારભંગનો માર્ગ ખૂલ્લો કરે છે.

સુમન ! અબ્રહ્મ હેય છે, તથાપિ બ્રહ્મચર્યપાલનની વિશિષ્ટ શક્તિ જેનામાં નથી, તેના માટે આ આર્યકુળોની વિવાહવ્યવસ્થાનું પાલન ઘણું અગત્યનું છે. માનવજાતિ એ ઉચ્ચ ગણાય છે. તે પ્રમાણે તેની ઉચ્ચતા અખંડ રહે એવી સંતતિ માટે આ વ્યવસ્થા કયી રીતે ઉપકારક બને છે, એ તો તને હવે પછી સમજાવીશ. પરંતુ આજે એટલું તારે સમજી લેવું જોઈએ કે-વિશિષ્ટ પુણ્યથી પોતાના ઘેર માનવ તરીકે જન્મ લેનાર ભાવિ પુત્ર-પુત્રીના જીવનને સુંદર બનાવવા માટે અને એ રીતે પોતાની ઉત્તમ સંતતિનો વારસો જગતને આપવા માટે, મનુષ્યે આ આર્યકુળોની વિવાહવ્યવસ્થાને ખૂબ મહત્ત્વની સમજી તેનું પાલન કરવું-કરાવવું, તે માનવનો એક ધર્મ છે. અપેક્ષાએ તે એક વિશિષ્ટ સેવા છે.

卐

## [૧૯]

સુમન ! માનવજીવન અન્ય જાતિઓની અપેક્ષાએ ઘણું ઉચ્ચ છે, એમ સર્વ દર્શનકારો કહે છે અને સૌ કોઈ એ પ્રમાણે સ્વીકારે છે. તેનું કારણ માનવજીવનમાં મુખ્યતયા શિષ્ટાચાર, સદાચાર કે ધર્માચારરૂપ આચારધર્મના પાલન દ્વારા વિશિષ્ટ સાધના કરવાની હોય છે.

સુમન ! મનુષ્યના આ આચારધર્મના પાલનથી અન્ય જીવોનું હિત થાય છે, એથી એનું પોતાનું પણ હિત થાય છે અને અન્ય જીવોને આચારપાલનની હિતકર પ્રેરણા મળે છે. તેથી એમ કહી શકાય કે-એક સદાચારી ઉત્તમ મનુષ્ય જગતના જીવોને સંસારસમુદ્રથી પાર ઉતારનાર નાવિક છે.

સુમન ! નાવિકનું કાર્ય બીજાને તારવાનું હોય છે. તે બીજા મુસાફરોને તારે છે, છતાં બીજાને તારતાં પોતે પણ તરે છે.

સુમન ! બધાં નાવિક બની શકતા નથી, નાવિક તો કોઈ અમુક જ હોય છે, બીજા તો તરનારા તરીકે મુસાફરો હોય છે, પણ નાવિક અને મુસાફરો બધાંની બુદ્ધિ 'નાવડી નિર્વિઘ્ને પાર ઉતરે અને સૌ તરે-પાર ઉતરે-એવી હોવાથી બધાં પાર ઉતરે છે. નાવડીની રક્ષામાં સર્વની રક્ષા સમજતા હોય છે.

સુમન ! સદાચારને નાવડી, તેના પ્રરૂપક તથા પ્રચારકને નાવિક અને પાલકને તરનારા મુસાફરો કહી શકાય.

સુમન ! જેમ સઘળાં મનુષ્યો નાવિક કે મુસાફરો બની શકતા નથી, તેમ સર્વ જીવો આચારધર્મનું પાલન કરી શકતા નથી, પણ યથાયોગ્ય આચારધર્મનું પાલન કરનાર તો મનુષ્ય જ હોય છે. એ કારણે જ માનવજીવનની ઉચ્ચતા સૌ કોઈએ સ્વીકારી છે.

સુમન ! જેમ મુસાફર નાવડીની સલામતી માટે બેદરકાર બને તો તે સર્વ મુસાફરોનો દ્રોહી ઠરે છે, તેમ મનુષ્ય પણ પોતાના જીવનને યોગ્ય એવા શક્ય સદાચારના પાલનમાં બેદરકાર બનવાથી દ્રોહી ઠરે છે. માટે માનવજીવન પામેલા સૌ કોઈએ આચારધર્મના પાલનની અને રક્ષણની પોતાની જવાબદારીને સમજવી જોઈએ અને એનું પાલન-રક્ષણ કરવું જોઈએ.

સુમન ! પોતાના જીવનને અનુરૂપ સદાચારનું પાલન કરવું અને અસદાચારનો ત્યાગ કરવો, એ જ માનવજીવનનું મુખ્ય કર્ત્તવ્યબિંદુ છે. એમ સર્વ કર્ત્તવ્યોનો સમાવેશ થઈ જાય છે. શાસ્ત્રોમાં કહેલા સમગ્ર વિધિનિષેધોનું તાત્પર્ય એક જ આ કર્ત્તવ્યપાલનમાં રહેલું છે.

સુમન ! આ કર્ત્તવ્યપાલનરૂપ આચારધર્મના પાલનથી પોતાને મળેલા દુર્લભ માનવજીવનની સેવા થાય છે. અને જે પોતે માનવજન્મની આવી નિષ્કલંક સેવા કરે છે તેની સેવા તેનો માનવજન્મ કરે છે. એમ સુમન ! મનુષ્ય માનવતાની સેવા કરે છે, તો માનવતા તે મનુષ્યને ઉચ્ચ બનાવે છે.

સુમન ! હવે તું સમજી શકીશ કે-પોતાનું હિત કરનારા દુર્લભ માનવજન્મને અસદાચારથી દૂષિત કરવો એનાથી બીજું બેરવર્તન કયું હોઈ શકે ? અને એની સર્વમાન્ય ઉચ્ચતા નિષ્કલંક અને અખંડ રહે તે રીતે આચારધર્મના પાલન દ્વારા તેની સેવા કરવાથી વિશેષ સુંદર બીજું કયું કર્ત્તવ્ય હોઈ શકે ?

સુમન ! નાવડી જેમ અનેકને તરવાનું સાધન હોવાથી એક મનુષ્ય તેનો નાશ થાય તે રીતે યથેચ્છ ઉપયોગ કરી શકે નહિ, તેમ સદાચારોરૂપ આચારધર્મ પણ સર્વના હિતનું સાધન હોવાથી તેની મર્યાદાનો ભંગ કરી શકાય નહિ. માટે સ્વ-સ્વયોગ્ય આચારોની મર્યાદામાં રહીને જીવવું એ ધર્મ છે અને એ મર્યાદાઓને તોડીને યથેચ્છ જીવવું એ અધર્મ છે. કારણ એ છે કે-સદાચારની મર્યાદાના પાલનથી સ્વ-પર સર્વ જીવોનું હિત થાય છે અને એ મર્યાદા તોડવાથી સ્વ-પર સર્વ જીવોનો દ્રોહ થાય છે.

સુમન ! જેમ એક કુટુંબના કુળાચારોને નહિ પાળનારો સમગ્ર કુટુંબનો, જ્ઞાતિના આચારોને નહિ પાળનારો સમગ્ર જ્ઞાતિનો કે દેશના આચારોને નહિ પાળનારો સમગ્ર દેશની પ્રજાનો દ્રોહી છે, તેમ શ્રી જિનશાસનના જિનકથિત નાના-મોટા આચારો પૈકી જે આચારોને પાળવા માટે પોતે જવાબદાર છે. પુણ્યના બળે તેના પાલનની યોગ્યતા તથા સામગ્રી જેને મળી છે, તે જીવ એ આચારોનું પાલન ન કરવાથી સમગ્ર વિશ્વનો દ્રોહી બને છે, કારણ કે-શ્રી જૈનશાસન એ સમગ્ર વિશ્વનું હિતકર શાસન છે. તેમાં એક પણ જીવના હિતની ઉપેક્ષા નથી. એના પ્રરૂપક વીતરાગ શ્રી અરિહંતદેવ છે. તેઓ વિશ્વના

પિતા છે અને ત્રણેય જગતના નાથ છે, તેથી તેઓના શાસનમાં વિશ્વના સમગ્ર જીવોના હિતનું અમૃત છે.

આ કારણે સુમન ! આર્યકુળમાં જન્મેલા સૌ કોઈએ આર્યકુળોની વિવાહવ્યવસ્થાને અનુસરવું જોઈએ. એ વિવાહ-વ્યવસ્થા તેના પાલકને સંપૂર્ણ બ્રહ્મચારી બનાવવાની ક્ષમતા ધરાવે છે. આર્યકુળોમાં મળેલા જન્મને પણ પ્રાયઃ આર્ય આચારોના પાલન દ્વારા આત્મવિકાસ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરી હોય તે સફળ કરી શકે છે, તેથી કલ્યાણના અર્થીએ આ વિવાહવ્યવસ્થાના પાલનપૂર્વક સંપૂર્ણ બ્રહ્મચર્યપાલનની યોગ્યતા, સત્ત્વ અને સામગ્રી પ્રાપ્ત કરવાના ધ્યેયથી વિષયોના પાશમાંથી છૂટવાનો અભ્યાસ કરવો જોઈએ.

સુમન ! બ્રહ્મચર્યપાલન માટેના આ અભ્યાસથી–પ્રયત્નથી જીવ પુણ્યાનુબંધી પુણ્યનો ભાગી બનીને, એ પુણ્યના બળે સંપૂર્ણ બ્રહ્મચર્યપાલનની યોગ્યતા, સત્ત્વ અને સામગ્રી પ્રાપ્ત કરી શકે છે અને પરિણામે સ્વ–પરકલ્યાણ સાધી શકે છે.

સુમન ! પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલા પુણ્યનો આત્મ-હિતાર્થે સદુપયોગ કરીને સફળ બનાવવાનું સ્થાન આર્યકુળો છે. ત્યાં જન્મ લેવાથી આર્ય આચારોના પાલનદ્વારા પુણ્યને સફળ કરતો જીવ ઉત્તરોત્તર આત્મવિકાસ દ્વારા સ્વ–પરકલ્યાણ કરી શકે છે અને આર્યકુળમાં જન્મ ન મળવાથી કે મળવા છતાં તે કુળના આચારોનું યથાયોગ્ય પાલન કરવાથી, જીવ પૂર્વોપાર્જિત પુણ્યનો દુરુપયોગ કરી, પાપનો સંચય કરી, ભવચક્રમાં ભટકતો થઈ જાય છે. એમ મહા મુશીબતે મળેલા માનવજન્મને દૂષિત કરી અનર્થની પરંપરા સર્જે છે.

સુમન ! જેમ મનુષ્યપણામાં અને ઉત્તમ કુળોમાં જન્મ મળવો એ ઉત્તમ ગણાય છે, તેમ તેની જવાબદારીઓ પણ આકરી હોય છે. માનવજન્મની ઉત્તમતા તે જવાબદારીઓને પૂર્ણ કરવાથી અખંડ અને નિષ્કલંક રહે છે અને એથી જીવની યોગ્યતામાં પણ વધારો થાય છે. પુનઃ તેને વિશિષ્ટ અને પવિત્ર એવી જીવનસામગ્રીવાળો દેવ-મનુષ્યનો ભવ પ્રાપ્ત થાય છે અને ઉત્તરોત્તર આત્મા વિશુદ્ધ બનતો પરમપદનો અધિકારી થાય છે.

એ રીતે સુમન ! આ આચારના પાલનથી જીવને પોતાને લાભ થાય છે, પોતાના જીવનના પવિત્ર ઈતિહાસથી ભાવિ પ્રજાને પણ લાભ થાય છે અને સંતતિ થાય તો પણ માતા-પિતાના સદાચારનો વારસો પ્રાયઃ તેના જીવનમાં ઊતરે છે, તેથી તેના બળે માતા-પિતાદિના હિતમાં તે સદા તત્પર રહી સહાય કરે છે, પોતાના જીવનથી તે પણ અન્ય જીવોને સન્માર્ગમાં પ્રેરે છે અને એનો ઇતિહાસ પણ પુનઃ ભાવિ જીવોનું હિત કરે છે. એમ આ આચારના પાલનથી પોતાના આત્માનું હિત કરવાપૂર્વક માનવજન્મની ઉચ્ચતાની નિષ્કલંક રક્ષા થઈ શકે છે. જે સ્થાને પોતાનો જન્મ થાય, તે સ્થાનને (કુળ-જ્ઞાતિ-ધર્મ વગેરેને) પોતાના જીવનથી દૂષિત ન કરતાં પવિત્ર બનાવવું અને તેનું મહત્ત્વ વધારવું, એ જ તત્ત્વથી સદાચારી જીવન છે. એથી વિશ્વનું હિત થાય છે અને વિશ્વના હિતથી પોતાનું હિત થાય છે.

સુમન ! આ વિવાહવ્યવસ્થાની મર્યાદા શું છે અને તે મર્યાદાના મૂળમાં કયા શુભ હેતુઓ છે ? એ વગેરે આપણે હવે પછી વિચારીશું. મારું મુખ્ય લક્ષ્ય તને પ્રત્યેક વાતમાં

આચારનું મહત્ત્વ અને તેના પાલનની અનિવાર્યતા સમજાવવાનું છે તેથી વાર વાર એ વાતને કરૂં છું, કારણ કે-પ્રત્યેક આચારના પ્રરૂપક કરૂણાસમુદ્ર અને વીતરાગ એવા નિષ્કારણ ઉપકારી શ્રી અરિહંતદેવો છે, તેથી તેઓએ પ્રરૂપેલા પ્રત્યેક આચારોમાં સમગ્ર વિશ્વનું હિત કરવાની શક્તિ છે અને એ શક્તિ તે આચારના યથાર્થ પાલન દ્વારા અખંડ રહી શકે છે. તેથી સુખના અર્થી જીવનું કર્ત્તવ્ય છે કે-તે આચારના પાલન દ્વારા સ્વ-પરકલ્યાણ સાધે અને એ આચારોને લેશ પણ દૂષિત બનાવ્યા વિના ભાવિ જીવોને એનો ઉત્તમ વારસો આપે.

સુમન ! આજ સુધી આપણે મુખ્યતયા ન્યાયસમ્પન્ન વૈભવ અને શિષ્ટાચારની પ્રશંસા અંગે વિચાર્યું છે. તેમાં સુખનો આધાર ન્યાય અને દુઃખોનું મૂળ અન્યાય, આટલી જ વાત મૌલિક છે. એને જ વિશેષ સમજવા જ્ઞાનીઓએ વિવિધ ગુણોનું વર્ણન કર્યું છે. તત્ત્વથી તો કોઇપણ ગુણની ઉપાસના એ ન્યાય છે અને કોઈ પણ દોષનું સેવન એ અન્યાય છે.

એમ છતાં સુમન ! સર્વની બુદ્ધિ સમાન હોતી નથી, તેથી બાળ જીવોને પણ સમજાવવા માટે એ જ વાતનો વિસ્તાર વિવિધ શાસ્ત્રોરૂપે કરેલો છે.

સુમન ! સર્વ શાસ્ત્રોનો સાર એ જ છે કે-આત્મા ચેતન છે, તો તેણે પોતાની સમ્પત્તિ રૂપે ગુણોના આધારે જીવવું જોઇએ. એ ગુણો જ્યાં સુધી પ્રગટ ન થાય, ત્યાં સુધી તેને પ્રગટ કરવાના ધ્યેયથી ભલે તે જડ સાધનોનો ઉપયોગ કરે, પણ અંતે તો તેણે જડની સહાય છોડવી જ જોઇએ, કારણ કે-જડ પદાર્થો એ આત્માની પોતાની વસ્તુ નથી.

સંયોગવશ પરાયી વસ્તુની સહાય લેવી પડે, તો પણ તેમાં મમતા તો ન જ થાય, કારણ કે–પરમાં મમતા તે અન્યાય છે.

સુમન ! એક શાણો વેપારી પોતાની લક્ષ્મીના અભાવે બીજાનું ધન વ્યાજે લઈ જ્યારે વેપાર કરે, ત્યારે તેનું લક્ષ્ય શીઘ્ર દેવું ચૂકવીને છૂટા થવાનું અને પોતાની મુડી ઉપર વેપાર કરવાનું હોય છે. તે જ ન્યાય આત્મા માટે છે. પોતાની શક્તિરૂપ ગુણો જ્યાં સુધી પ્રગટે નહિ, ત્યાં સુધી તે ભલે જડનો આશ્રય કરે, પણ તેનું ધ્યેય તો એ જડની સહાયથી પોતાના ગુણોને પ્રગટાવવાનું અને જડનો આશ્રય છોડવાનું જ હોવું જોઈએ.

સુમન ! ટૂંકમાં એમ સમજવું કે–જે પરાયું છે તેને છોડવામાં ન્યાય અને તેની મમતામાં અન્યાય છે. હા, છોડવાની વૃત્તિપૂર્વક વ્યવહારથી સહાય લેવામાં કે તેનું પાલન વગેરે કરવામાં અન્યાય નથી.

સુમન ! શિષ્ટાચારની પ્રશંસા, એ પણ તત્ત્વથી ન્યાય છે, કારણ કે–આચાર એ આત્માની ગુણરૂપી સમ્પત્તિને પ્રગટ કરવાનો મૌલિક ઉપાય છે. પોતાના ગુણોને પ્રગટ કરવા તે ન્યાય હોવાથી તેના ઉપાયરૂપ આચારોનું પાલન કે પ્રશંસા વગેરે પણ ન્યાય છે.

સુમન ! સદાચારની પ્રશંસાથી પોતાના ગુણોનાં આવારક કર્મોનો હ્રાસ થાય છે અને ગુણો પ્રગટ થાય છે. એમ પોતાના હિત ઉપરાંત બીજા આત્માઓ પણ પ્રશંસાથી સદાચારનો પક્ષ કરી તેને પ્રગટ કરવા માટે પ્રયત્નો કરે છે, તેથી તે પરોપકારરૂપ પણ છે.

સુમન ! શાસ્ત્રોમાં કહેલા પ્રણિધાન-પ્રવૃત્તિ વગેરે પાંચ આશયો પૈકી પાંચમા વિનિયોગ આશયનો જ એક પ્રકાર, આ શિષ્ટાચારની પ્રશંસા છે. પ્રશંસાદ્વારા અન્ય જીવોને તે તે ગુણો પ્રાપ્ત કરાવી શકાય છે.

સુમન ! પોતે ગુણી બનવા છતાં જે બીજાને ગુણી બનાવવા પ્રયત્ન કરતો નથી, તે સાચો ગુણવાન નથી, માટે ગુણી આત્માએ પણ પરહિત માટે સદાચારોની પ્રશંસા કરવી, એ કર્ત્તવ્ય જ નહિ, ન્યાય પણ છે, પ્રશંસા ન કરવી તે અન્યાય છે.

સુમન ! સામાન્ય લોક તો સજ્જનો જે કરે તે કરવા પ્રેરાય છે. કહ્યું પણ છે કે-" महाजनो येन गत: स पन्था " મોટા માણસો જે માર્ગે ચાલે તે માર્ગ ! લોકસ્વભાવ બહુધા અનુકરણશીલ હોય છે, તેથી મહાજન એટલે સજ્જનો-સંતો જે કરે કે કહે, તેમ કરવા પ્રેરાય છે, તેથી ધર્મનું એ કર્ત્તવ્ય છે કે-પોતે શિષ્ટાચારનું પાલન કરવું જોઇએ અને તેના પ્રચાર માટે પ્રશંસા પણ કરવી જોઇએ.

સુમન ! વધારે શું કહું ? દુર્ભાગ્યે સદાચાર પ્રત્યે જો પોતાને આદર ન હોય, તો જગતના કલ્યાણ માટે બાહ્ય વૃત્તિથી પણ તેણે સદાચારનું પાલન અને પ્રશંસા કરવી જોઇએ. એમ કરવાથી પોતાને આદર અને આદર પ્રગટવાથી ગુણો પણ પ્રગટે છે. વિશેષમાં અન્ય જીવો તેનું અનુકરણ કરી હિત સાધે છે.

સુમન ! એથી પણ અધિક વિચારીશ તો સમજાશે કે-માત્ર પોતાના ગુણો પ્રગટ કરવાથી કર્ત્તવ્ય પૂર્ણ થતું નથી. બીજાને પણ તે તે ગુણો પ્રગટાવવા માટે તેની પ્રશંસા કરવી જરૂરી છે. શ્રી તીર્થંકર ભગવંતો પણ પોતાને સંપૂર્ણ ગુણો પ્રગટ

થવા છતાં અન્ય જીવોના હિત માટે આચારનું પાલન અને પ્રશંસા કરે છે, તો આપણું તો તે વિશેષતયા કર્ત્તવ્ય બની રહે છે.

માટે સુમન ! શિષ્ટાચારનું પાલન અને પ્રશંસા, એ ન્યાય છે. જો કેવળ પ્રશંસા પણ સ્વ-પરહિતકારી બને છે, તો પાલનપૂર્વક કરેલી પ્રશંસા તો વિશેષતયા હિતકર બને તેમાં પ્રશ્ન જ ક્યાં છે. ?

સુમન ! એક શ્રીમંત જો બીજાને ધનવાન બનાવવા માટે ઈચ્છે નહિ કે પ્રયત્ન કરે નહિ, તો તેની શ્રીમંતાઇનું કંઈ ફળ નથી, તે ભારભૂત છે. તેમ ગુણી જો બીજાને ગુણી બનાવવા માટે પ્રયત્ન ન કરે, તો તેના ગુણો ભારભૂત છે, તાત્ત્વિક નથી. માટે પોતાના અને પરના હિત માટે પણ સદાચારની પ્રશંસા અનિવાર્ય છે.

સુમન ! અનાદિકાળથી જીવને પાપનો પક્ષ છે, તેથી તેણે આજ સુધી પાપોની પ્રશંસા કરીને પાપો વધાર્યાં છે. તેના પરિણામે તે આજ સુધી વિવિધ દુઃખોને ભોગવી રહ્યો છે. તેમાંથી છૂટવાનો સાચો ઉપાય સદાચારનું પાલન અને પ્રશંસા છે, એમાં જ સ્વ પરકલ્યાણ હોવાથી તે ન્યાય છે.

સુમન ! આજ સુધી આપણે આ બે ગુણો અંગે થોડું ચિંતન કર્યું, હવે ત્રીજો ગુણ આર્યસંસ્કૃતિના લગ્નના વિધિનો છે. તેનું રહસ્ય ઘણું ગંભીર છે. તે હવે પછી કોઇ પ્રસંગે આપણે વધુ તાત્ત્વિક વિચારીશું. આજે તો જે કંઈ વાતો કરી છે, તેનું વાર વાર મનન-ચિંતન કરજે, કે જેથી તેનાં ગંભીર રહસ્યોને તું સ્વયં પામી શકીશ.

卐